કથાભારતી

# ઉર્દૂ વાર્તાઓ

આંતરભારતીય પુસ્તકમાળા

કથાભારતી

# ઉર્દૂ વાર્તાઓ

કૃશન ચં
રાજેન્દ્રસિંહ
ઈસ્મત ચુ...

અનુવાદક

જ્યોતિષ જાની

નેશનલ બુક ટ્રસ્ટ, ઈન્ડિયા

ISBN 81-237-3300-3

પ્રથમ આવૃત્તિ 1975 (શક *1896*)
બીજી આવૃત્તિ 2000 (શક *1922*)
© કૃશ્ન ચંદર, રાજેન્દ્રસિંહ બેદી, ઈસ્મત ચુગતાઈ
ગુજરાતી અનુવાદ © નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા
Gujarati Title : Kathabharti-Urdu Vartao
Anthology of Urdu Short Stories *(Gujarati)*

**રૂ. 55.00**

નિયામક, નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા
એ-5 ગ્રીન પાર્ક, નવી દિલ્હી-110 016 દ્વારા પ્રકાશિત

# અનુક્રમ

# ભૂમિકા

ઉર્દૂ સાહિત્યના ત્રણ સ્ત્રોત છે : સંસ્કૃત અને પ્રાકૃતનો સ્ત્રોત, અરબી અને ફારસીનો સ્ત્રોત તથા અંગ્રેજી અને અન્ય યુરોપીય ભાષાઓનો આધાર. ઉર્દૂ સાહિત્યની એશિયાઇ પરંપરામાં લોકવાર્તાઓ, સાહિત્યિક કથાઓ અને દીર્ઘ કાવ્યાત્મક તેમ જ ગદ્યકથાઓમાં વણાઇ ગયેલી નાની નાની ઉપકથાઓનો અમૂલ્ય ખજાનો મળે છે.

જીવન અને સાહિત્યમાં પરંપરા અને નવાં પરિવર્તનોનો એક ક્રમ હંમેશા હોય છે. આ બંને વચ્ચે ક્યારેક ઘર્ષણ પ્રગટે છે તો ક્યારેક સાયુજ્ય અને સમન્વય હોય છે. આજની ઉર્દૂ વાર્તાઓમાં પરંપરા અને નવાં પરિવર્તનો એમ બંને વહેણ જોવા મળે છે.

સંશોધનની દ્રષ્ટિએ જોવા જઇએ તો 1857 પહેલાં ઉત્તર અને દક્ષિણ ભારતના મહત્ત્વના સ્થળેથી પ્રસિદ્ધ થતાં ઉર્દૂના સાપ્તાહિક અખબારોમાં પ્રગટ થતા સમાચારોને પણ વાર્તાઓનું રૂપ આપવામાં આવતું હતું.આવા સમાચારોમાં નાના નાના પ્રસંગો પણ પ્રગટ થતા. આવા અખબારોમાં માસ્ટર રામચંદ્ર દેહવલીના સંપાદન હેઠળ પ્રગટ થતા 'ફવાયદુલનાઝરીન'ની સેવાઓ વિશેષ ઉલ્લેખનીય છે.

ઉર્દૂ વાર્તાઓની રજૂઆત અને આકૃતિરચના ઉપર પશ્ચિમી વાર્તાઓનો ચોખ્ખો પ્રભાવ પડ્યો છે એ વાતમાં તો શંકા જ નથી. આ સદીના આરંભમાં રોમાન્ટિસિઝમનું જોર રહ્યું. આમ તો પશ્ચિમમાં પણ રોમાન્ટિક આલેખનની પ્રવૃત્તિ પહેલેથી વિકસી હતી અને ઉર્દૂ વાર્તાઓમાં એની અસર ઝિલાઇ હતી. બીજી વાત એ કે ઉર્દૂ સાહિત્યના સામાન્ય લક્ષણોમાં અને ખાસ કરીને ઘટનાઓ અને પ્રસંગવાર્તાઓમાં રોમાન્ટિસિઝમનો પ્રધાન સૂર હતો. રોમાન્ટિસિઝમ પછી યુરોપમાં વાસ્તવવાદનો આરંભ થયો અને ઉર્દૂની ટૂંકી વાર્તાઓ પર એનું તરત પ્રતિબિંબ પડ્યું. જોકે વાસ્તવવાદે રોમાન્ટિસિઝમને જડમૂળથી દૂર કર્યું એમ તો  ન જ કહી શકાય. વીસમી સદીમાં ઘણા લાંબા સમય સુધી રોમાન્ટિસિઝમ અને વાસ્તવાદના પ્રવાહો સાથે સાથે સમાંતર રૂપે વહેતા રહ્યા અને ક્યારેક તો એવુંય બન્યું કે એકનો પ્રભાવ બીજા ઉપર પડ્યો. સાહિત્ય અને જીવન્‌ની વચ્ચે એવી કોઇ લોખંડી દીવાલ તો હોતી જ નથી ને કે જેને પાર ન કરી શકાય ! એક વ્યાપક દ્રષ્ટિકોણ એવો પણ છે કે જો કલાકાર વાસ્તવિકતાના ઊંડાણમાં ડૂબકી મારે તો એને રોમાન્ટિસિઝમના નવીનતમ પ્રવાહોનાં દર્શન પણ થાય. વાસ્તવમાં ઊંડી ખાઇ પોતાની ભીતરમાં રોમાન્ટિક વિસ્મયને ગોપવી રાખે છે અને નવી જ અભિવ્યક્તિ વાચકની રોમાન્ટિક ભાવનાને જગાડે છે. અને રોમાન્ટિસિઝમનું એક અટલ સત્ય એ છે કે વ્યાપક દ્રષ્ટિ ધરાવતો કલાકાર રોમાન્ટિક સ્થિતિમાં પણ વાસ્તવિકતાનો ચમત્કાર જોઇ શકે છે અને રજૂ કરી શકે છે.

ઉર્દૂ વાર્તાઓની દુનિયાને બીજી એક મહત્ત્વની અને વિશ્વવ્યાપી ચળવળે પણ પ્રભાવિત કરી છે. એને પ્રગતિશીલ આંદોલન કહે છે. સાચું પૂછો તો આ ચળવળનો આરંભ વિશ્વસાહિત્યમાં રશિયન ક્રાંતિ પહેલાં થઇ ચૂક્યો હતો. રશિયન, ફ્રેંચ, અંગ્રેજી અને ઉર્દૂ સાહિત્યમાં ૧૯૧૮ની આગળ પણ પ્રગતિશીલ સાહિત્ય જોવા મળે છે, પરંતુ એ વાતેય સાચી કે પ્રગતિશીલ સાહિત્યની રીતસરની ચળવળનો વિધિપૂર્વક ને સામૂહિક આરંભ રશિયાની સામ્યવાદી લોકક્રાંતિ પછી જ થયો. આ ચળવળના પડઘા ૧૯૩૬ ની આસાપાસ પૂરા જોરશોરથી સંભળાવા લાગ્યા અને આજ સુધી પ્રગતિશીલ વાર્તાકારો આ પ્રકારના સર્જનાત્મક કાર્યમાં જોડાયેલા રહ્યા છે. ૧૯૩૬ થી ૧૯૪૬ સુધીમાં પ્રગતિશીલ સાહિત્યમાં કેટલીક ઉલ્લેખનીય રચનાઓ મળી. એ દરમિયાન અને એ પછી આવા પ્રગતિશીલ સાહિત્યનો જુદી જુદી દિશાએથી વિરોધ પણ થયો. પ્રગતિશીલ સાહિત્યની ચળવળમાં જોડાયેલા બધા વાર્તાકાર કંઇ સામ્યવાદી કે સમાજવાદી નહોતા. ઉર્દૂની પ્રગતિશીલતાનું ફલક વિવિધતાથી ભર્યું છે છતાં આવા લેખક-કવિની કૃતિઓમાં કેટલાંક સામાન્ય લક્ષણો પણ નજરે પડે છે. પ્રગતિશીલ સર્જક રાષ્ટ્રપ્રેમી હોવા સાથે ફાસિસ્ટવિરોધી અને સામ્રાજ્ય વિરોધી પણ હતો.આ જ રંગ આપણા ઉર્દૂ વાર્તાકાર પર પણ ચડ્યો છે.

પ્રગતિશીલતાની ચરમ સીમાના કાળમાં જ ઉર્દૂ વાર્તાઓમાં મનોવૈજ્ઞાનિક વિશ્લેષણની સાહિત્યપ્રવૃત્તિ પણ વિકસતી ગઇ. અને પાછળથી આવા મનોવિશ્લેષણાત્મક સાહિત્ય સાથે રહસ્યવાદ ભળ્યો ત્યારે ‘આધુનિકતાવાદ’ નો જન્મ થવા માંડ્યો.આધુનિકતા એક રીતે જોઇએ તો પ્રગતિશીલ સાહિત્યના પ્રત્યાઘાત રૂપે પણ નજરે પડે છે. આજકાલ મોટી સંખ્યાના નવયુવાન ઉર્દૂ સાહિત્યકારો પર આધુનિકતાનું ભૂત સવાર થઇ ગયું છે, પણ એમાંથી થોડાક જ વાર્તાકાર ઉપર્યુક્ત પ્રવૃત્તિઓ અને ચળવળોનું રચનાત્મક પરિણામ લાવી શક્યા છે.

ઉર્દૂના રોમાન્ટિક વાર્તાકારોની યાદીમાં આપણે સજ્જાદ હૈદર ‘યલદરમ’, ન્યાઝ ફતેહપુરી, લતીફ અહમદ અકબરાબાદી, હિજાબ, ઇમ્ત્યાઝ અલી તાજ, મજનૂ ગોરખપુરી, મીરઝા અદીબ, કુર્રતુલ ઐન હૈદર વગેરેના નામ મૂકી શકીએ. આ ઉપરાંત અન્ય વાર્તાકારો પણ રોમાન્ટિક રંગઢંગથી લખે છે.વાસ્તવવાદના અગ્રેસર છે પ્રેમચંદ. એમની જોડે જોડે સુદર્શન, આઝમ, કુરૈવી,અલી અબ્બાસ હુસૈની અને બીજા ઘણા સારા વાર્તાકારો આવ્યા. મજાની વાત તો એ છે કે વાસ્તવવાદની ચળવળે રોમાન્ટિસિઝમને પણ પ્રભાવતિ કર્યું અને એમાંથી કેટલાય અમુક હદ સુધી સામાજિક વાસ્તવવાદ તરફ ઢળ્યા. પ્રેમચંદ અને અલી અબ્બાસ હુસૈનીની અનેક વાર્તાઓએ પુરવાર કર્યું છે કે પ્રગતિશીલતાના પ્રવાહમાંય આ બંને કલાકારોએ પોતાની નાવ ચલાવ્યે રાખી.ઉર્દૂ વાર્તાઓની દુનિયામાં પ્રગતિશીલ સાહિત્યની ચળવળે ઘણા સારા સારા કલાકારોને જન્મ આપ્યો, જેમા સઆદત હસન મંટો, અખતર હુસૈન રાયપુરી,

રશીદ જહાં, કૃશ્ન ચંદર, રાજેન્દ્રસિંહ બેદી, ઈસ્મત ચુગતાઇ, અહમદ નદીમ કાસિમી, મુમતાઝ મુફ્તી, હયાતુલ્લાહ, અંસારી વગેરે આવે છે. પ્રગતિશીલતાની ટોચના આ કાળમાં કેવળ ઉર્દૂ સાહિત્ય કે કાવ્ય પર જ નહીં, પણ મારી જાણ મુજબ તો અન્ય ભાષાઓમાં પણ સાહિત્ય અને સર્જનની ભૂમિ પર પ્રગતિશીલ સાહિત્યની ઘટાઓ ઘેરાઈ હતી.

સાહિત્ય અને જીવનમાં પ્રવૃત્તિઓ, યુગો કે ધારાધોરણોમાં નિશ્ચિત સીમા આંકવાનું શક્ય નથી. મારા મત મુજબ ઉર્દૂ વાર્તાઓમાં મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ તેમ જ સમન્વય અને અમુક હદ સુધી આધુનિકતાની સાહિત્ય પ્રવૃત્તિ પ્રગતિશીલતાના ચરમોત્કર્ષ કાળમાં જ આરંભાઈ ચૂકી હતી. એટલું જ નહીં, કેટલાય લબ્ધપ્રતિષ્ઠિત, પ્રગતિશીલ વાર્તાકારો માનવીય સંવેદનાઓના વિવિધ દ્રષ્ટિકોણ,ઊંડાણ અને ભૂમિકઓનાં આલેખનને પ્રકાશમાં લાવી રહ્યા છે. આના સંદર્ભમાં રાજેન્દ્રસિંહ બેદી, સઆદત હસન મંટો, કૃશ્ન ચંદર, ઈસ્મત ચુગતાઇ અને મુમતાઝ મુફ્તીની કેટલીક વાર્તાઓમાં મનોવૈજ્ઞાનિક વિશ્વલેષણનો સફળ વિનિયોગ તરી આવે છે. મનોવૈજ્ઞાનિક વિશ્લેષણની વિશેષ પ્રવૃત્તિના પ્રેરક હસન અસ્કરી અને મોહસિન અઝીમાબાદી ગણાવી શકાય.હસન અસ્કરી અવિવેકને કારણે થનારી પ્રવૃત્તિઓની લહેરોને વિવેકના સ્તરે લઇ જઇને વહેતી રજૂ કરી શકે છે. એમની એક વાર્તા 'હરામજાદી' આનું સચોટ ઉદાહરણ છે.મોહસિન અઝીમાબાદી મનોવૈજ્ઞાનિક સમસ્યાઓને જ પોતાની વાર્તાઓનું શીર્ષક બનાવી દે છે. એમની એક જાણીતી વાર્તા 'અનોખી મુસ્કુરાહટ' શહીદ અહમદ દેહલવીના એક સંગ્રહ 'રેજા-એ-મીના'ની મહત્ત્વપૂર્ણ અને પ્રતિનિધિરૂપ વાર્તા ગણાય છે. એમ તો કુર્રતુલ ઐન હૈદરની આરંભની વાર્તાઓમાં અજ્ઞાત માનસિક દ્વંદ્વ અને વિવેકપૂર્ણ માનસિકતાની સ્વાભાવિક સાંકળો જોવા મળે છે, પણ એ ઉન્માદમાંથી ચેતના જન્માવીને આગળ વધી શકતી નથી.

પ્રત્યેક સારો વાર્તાકાર પાર્થિવ અને અપાર્થિવ વાતાવરણથી સારી રીતે પરિચિત હોય અને એનો કલાત્મક વિનિયોગ ચરિત્રચિત્રણ, પ્રસંગનિરૂપણ અને વાતાવરણ સંયોજનમાં કરે તો જ સફળ થઇ શકે, એ સ્પષ્ટ છે. મારા મત પ્રમાણે રાજેન્દ્ર સિંહ બેદીને મનોવૈજ્ઞાનિક વિશ્લેષણમાં સર્વશ્રેષ્ઠ જ્ઞાન છે અને એમની વાર્તાઓમાં તેઓ આ જ્ઞાનનો અત્યંત કલાત્મક રીતે પ્રયોગ કરી જાણે છે. હા, એમની કોઇ કોઇ વાર્તાઓમાં આ વિશ્લેષણ કેવળ નિબંધ બની જાય છે. મોહસિન અઝીમાબાદીની કલા પર ઘણી વાર મનોવિજ્ઞાન સવાર થઇ જાય છે, પરંતુ મંટો,મુમતાઝ મુફ્તી, કૃશ્ન ચંદર અને ઇસ્મત ચુગતાઇ ક્યારેક જ આ નબળાઇના સકંજામાં ફસાય છે.

પ્રસ્તુત સંકલનમાં કૃશ્ન ચંદર, રાજેન્દ્ર સિંહ બેદી અને ઇસ્મત ચુગતાઇની વાર્તાઓનો સમાવેશ થયો છે એટલે એમના વિશે વિસ્તારથી વાત કરવા માગું છું. આ અગાઉ એક વાતની સ્પષ્ટતા મારે કરવી જોઇએ કે ઉર્દૂના અન્ય વાર્તાકારોની સર્જનશક્તિ મરી

પરવારી નથી તેમ જ એમની પરંપરાનો ઊંડો પ્રભાવ ઊર્દૂ વાર્તાઓની દુનિયામાંથી અસ્ત પણ થયો નથી જ. હજુ આજેય તાજગીભરી રીતે, પોતપોતાની રીતે કુર્રતુલ ઐન હૈદર, કાજી અબ્દુસ્સત્તાર, ગયાસ અહમદ ગદ્દી સાથે બીજા અનેક નવા અને સશક્ત વાર્તાકારો ઉર્દૂ વાર્તાઓનું ફલક વિસ્તારી રહ્યા છે.આધુનિકતાવાદી જૂથમાંથીય કેટલાક સારા સારા વાર્તાકારો તરી આવ્યા છે. તેઓ પ્રતીકાત્મક અને વિશ્લેષણાત્મક નવી વાર્તાઓનાં નવાં નવાં રૂપો અને પ્રકારો રચી રજૂ કરી રહ્યા છે.

કૃશ્ન ચંદરે વિપુલ પ્રમાણમાં લખ્યું છે અને એમની આરંભની રચનાઓ રોમાન્ટિસિઝમમાં ગળાડૂબ હતી, પરંતુ એમની રચનાઓમાં પહેલેથી જ એક વાત જણાઈ આવે છે કે આ રોમાન્ટિક કલાકાર વાસ્તવની ઊંડી સૂઝ ધરાવે છે. તો હું તો માનું છે કે શ્રેષ્ઠ ને સમર્થ લેખક રોમાન્ટિસિઝમ અને વાસ્તવવાદનો સમન્વય કરીન ેજ ચમત્કાર સર્જતો હોય છે.

કૃશ્ન ચંદર માત્ર ઉર્દૂના જ વિખ્યાત વાર્તાકાર છે એવું નથી. એમની સર્વશ્રેષ્ઠ વાર્તાઓને સ્તરે પહોંચેલી વાર્તાઓની સંખ્યા પણ ઓછી નથી. કૃશ્ન ચંદર અત્યંત સૂક્ષ્મ દ્રષ્ટિવાળા, વિચારશીલ, માનવતાવાદી અને વાસ્તવવાદી વાર્તાકાર છે. એમની શૈલીમાં એક અદ્ભૂત પ્રવાહિતા છે.એમાં મધુરિમા છે, ઓજ છે અને મહેક પણ. છતાંય જીવનની અંધારી બાજુનું ચિત્રણ કુશળતાથી કરવાનું એ ભૂલી જતા નથી.

રાજેન્દ્ર સિંહ બેદીની કલા અત્યંત ઘડાયેલી અને નાજુક છે. એમની વાર્તાઓમાં ગાંભીર્ય ને ઊંડાણ જોવા મળે છે. તેઓ પણ ઉચ્ચ કોટિના વાસ્તવવાદી કલાકાર છે. એમનો પ્રગતિશીલ માનવતાવાદી સંદેશ એટલો સંયમિત છે કે  કલાનો મધુકળશ છલકાઈને પ્યાલા સુધી અજાણ્યે પણ અતિક્રમણ નથી કરતો. બેદીની વાર્તાઓની કલા એમના વ્યક્તિત્વ અને એમની નિજી કલા અભિરુચિ મુજબ હોય છે. એમનું મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ અત્યંત કલાત્મક હોય છે. કૃશ્ન ચંદરની શૈલી બેદીની શૈલી કરતાં તદ્દન નિરાળી છે અને છતાંય બંને કલાકારો કલાના શાસનમાં રહીને વાર્તાઓના નિરૂપણ સાયુજ્યની પ્રસ્થાપના કરવાની શરતને પૂરી કરે છે.

ઇસ્મત ચુગતાઇ પણ એક ઉચ્ચકોટિનાં કલાકાર છે અને એમણે ઉર્દૂને અત્યંત મૂલ્યવાન વાર્તાઓ આપી છે. એમની સામાજિક દ્રષ્ટિ ઘણી જ ઊંડી છે અને મનોવિજ્ઞાનની સમસ્યાઓથી, એની જટિલતાઓથી તેઓ પરિચિત છે. એમની શૈલીમા પોતાપણું છે અને એ રીતે સ્ત્રીઓની વાણીને વાચા આપવામાં તેઓ અદ્વિતીય છે.

કૃશ્ન ચંદર, રાજેન્દ્ર સિંહ બેદી અને ઇસ્મત ચુગતાઇ ઉર્દૂ ટૂંકી વાર્તાઓના ઉદ્યાનનાં સર્વશ્રેષ્ઠ પુષ્પો છે. એમની સર્વશ્રેષ્ઠ વાર્તાઓની પસંદગીમાં મતભેદ હોઇ શકે પણ આ સંકલનમાં રજૂ કરવામાં આવેલી વાર્તાઓ ઉર્દૂનાં અમારા ત્રણ મહાન કાલકારોની પ્રથમ પંકિતની વાર્તાઓ છે.

**- અખતર ઔરેન્વી**

# પૂર્ણચંદ્રની રાત

કૃશ્ન ચંદર

એપ્રિલ મહિનો હતો. બદામનાં વૃક્ષોની ડાળીઓ ફૂલોથી લચી પડી હતી અને હવામાં બરફ જેવી ઠંડક હોવા છતાંય જાણે વસંત ઋતુની સુંદરતા આવી ગઈ હતી. ઊંચાં ઊંચાં શિખરોની તળેટીમાં મખમલ જેવા ઘાસ પર ક્યાંક ક્યાંક બરફના ટુકડા સફેદ ફૂલો ખીલી ઊઠ્યાં હોય એમ નજરે પડતા હતા. આવતે મહિને તો આ સફેદ ફૂલો આ જ ઘાસમાં અલોપ થઈ જશે અને ઘાસનો રંગ પણ ઘેરો લીલો બની જશે. અને બદામડીની ડાળીઓ પર લીલી લીલી બદામ પોખરાજનાં ઘરેણાંની જેમ ઝગમગ ઝગમગ થવા લાગશે. ભૂરા ભૂરા પર્વતોના ચહેરા પર ધુમ્મસ છંટકાવ કરતું ચાલ્યું જશે અને આ તળાવના પુલની પેલી બાજુની કેડી પરની ધૂળ મુલાયમ ઘેટાંઓની પરિચિત બૂમ 'બાઆ'થી રણઝણી ઊઠશે અને પછી આ ઊંચાં ઊંચાં શિખરોની તળેટીમાં ચરતાં ઘેટાંઓના શરીર પરથી શરદ ઋતુએ પોષેલું જાડું ઊન ઉતરડી લેવામાં આવશે અને ગીતો ગવાતાં રહેશે.

પણ હાલ તો આ એપ્રિલ મહિનો છે. હજી શિખરો પર પર્ણો ફૂટ્યાં નથી. પર્વતો પર હજીય બરફનું ધુમ્મસ છે. હજી પગદંડીનું હૈયું ઘેટાંઓના સ્વરોથી ગુંજી ઊઠ્યું નથી. તળાવનાં ઊંડાં, લીલાછમ પાણીએ હજી એ લાખો રૂપોને પોતાના અંતરમાં છુપાવ્યાં નથી કે જે વસંતનું આગમન થતાં જ સરળ, મૃદુ હાસ્યની માફક એકાએક એની સપાટી પર લઈ આવીને ખીલી ઊઠે. પુલના કિનારે કિનારે બદામનાં વૃક્ષોની ડાળીઓ પર કૂંપળો ચમકવા લાગી. એપ્રિલની છેલ્લી રાતે જ્યારે બદામનાં ફૂલ ફૂટે છે અને વસંતના એંધાણ બની તળાવનાં પાણીમાં પોતાની નૌકાઓ તરતી મૂકે છે ત્યારે પુષ્પોની આ નાની નાની નૌકાઓ પાણીની સપાટી પર નૃત્ય કરતાં કરતાં વસંત ઋતુની પ્રતીક્ષામાં હોય છે.

પુલના થાંભલાને અઢેલીને હું ક્યારનો એની રાહ જોતો હતો. ત્રીજો પ્રહર વીતી ગયો અને સાંજ ઢળી ગઈ હતી. વુલર સરોવર જનારી હાઉસબોટ પુલની ખડકાળ ખાડીમાંથી પસાર થઈ ગઈ હતી અને હવે ક્ષિતિજની રેખા પર કાગળની હોડી જેવી કમજોર ને લાચાર લાગતી હતી. સંધ્યાની લાલાશ શ્યામ બનતી ગઈ. તે એટલે સુધી કે પગદંડી પણ બદામનાં વૃક્ષોની હારની ઓથે લપાઈ ગઈ. રાતની ચુપકીદીમાં

પહેલો તારો કોઈ પથિકના ગીતની જેમ ચમકી ઊઠ્યો. હવાની ઠંડક કાતિલ બનતી ગઈ અને નસકોરાં એના ઠંડાગાર સ્પર્શથી ઠરી ગયાં.

પછી ચંદ્ર ખીલી ઊઠ્યો.

અને એ આવી.

ઝડપભેર પગલાં ભરતી ને પગદંડીના ઢાળ પર લગભગ દોડતી એ તદ્દન મારી સામે આવીને અટકી ગઈ. પછી ધીમેથી બોલી, 'હાય!'

એના શ્વાસ ઝડપથી ચાલતા હતા. વચ્ચે વચ્ચે એ થંભી જતા અને ફરી ઝડપથી ચાલતા હતા. એની આંગળીઓથી એ મારા ખભાને સ્પર્શી અને એનું મુખ ત્યાં ઢાળી દીધું. અને એના શ્યામ કેશની ઘટા મારા હૃદયમાં દૂર દૂર સુધી વિસ્તરતી ગઈ. મેં એને કહ્યું :

'ત્રીજા પહોરથી તારી વાટ જોઉં છું.'

'હવે રાત થઈ ગઈ. ઘણી જ સારી છે આ રાત,' એણે હસીને કહ્યું. ફૂલોથી લચી પડેલી ડાળ મારા ખભા પર ઝૂકીને સૂઈ ગઈ.

ઘણી વાર સુધી એ કંઈ બોલી નહીં. હું પણ ચૂપ રહ્યો. પછી તે મનમાં ને મનમાં કંઈક હસી પડી. પછી બોલી, 'મારા અબ્બા પગદંડીના વળાંક સુધી મારી જોડે હતા. કારણ મેં એમને કહ્યું કે મને બીક લાગે છે. આજે મારે સહેલી રજ્જાને ઘેર સૂવાનું છે, સૂવાનું નહીં જાગવાનું છે. બદામનાં પહેલાં ફળોની ખુશીમાં અમે બધી બહેનપણીઓ આખી રાત ગીતો ગાઈશું. એટલે જ ત્રીજા પહોરથી હું અહીંયા આવવાની તૈયારી કરતી હતી. પણ અનાજ સાફ કરવાનું હતું. કપડાંની આ જોડી કાલની ધોયેલી પણ સુકાઈ નહોતી. અને આગની મદદથી સુકાવવી પડી. અમ્મા જંગલમાં લાકડાં લેવા ગઈ હતી તે આવી નહીં. ને જ્યાં સુધી એ આવે નહીં ત્યાં સુધી હું તમારે માટે મકાઈના ડોડા અને જરદાળુ શી રીતે લાવું ? આ જુઓ, બધું જ લઈ આવી છું તમારે માટે. તમે તો સાચ્ચે નારાજ થઈ ગયા. આમ મારી સામે જુઓ ! હું આવી ગઈ છું. આજે પૂનમની રાત છે. ચાલો, આ કિનારે નાંગરેલી હોડી છોડીને તળાવમાં સહેલ કરીએ.' એણે મારી આંખોમાં નજર પરોવી. મેં એની પ્રેમ અને પરેશાનીમાં ગરકાવ કીકીઓમાં જોયું તો એમાં ચંદ્ર ચમકી રહ્યો હતો અને મને કહી રહ્યો હતો, 'જા, હોડી છોડીને સહેલ કરી આવ. આજે બદામનાં પહેલાં પુષ્પોનો આનંદોત્સવ છે. આજે એણે માત્ર તારે માટે જ પોતાની સખીઓ, પોતાના અબ્બા, નાની બહેન, મોટો ભાઈ–બધાંને છેતર્યાં છે, કારણ આજે પૂનમ છે અને બદામનાં શ્વેત અને શીતલ પુષ્પો બરફનાં કપોલની જેમ ચોમેર ખીલી ઊઠ્યાં છે. એની ડોકમાં તેં મોતીઓની માળા જોઈ ? આ રાતી માળા એના ગળામાં આરોપીને એને કહેવામાં આવ્યું છે કે તું આજે આખી રાત જાગજે. આજે કાશ્મીરની વસંતની પ્રથમ રાત્રિ છે. ચાંદની રાતમાં ખીલતાં કેસરનાં ફૂલની જેમ કાશ્મીરનાં ગીતો આજે તારા કંઠમાં ગુંજી ઊઠશે–લે આ રાતી માળા પહેરી લે.'

ચંદ્રે આ બધું એની બેચેન કીકીઓમાં ડોકિયું કરીને જોયું. અચાનક કોઈ વૃક્ષ પર બુલબુલ જાગી ઊઠ્યું. દૂર દૂર નૌકાઓના દીપક ઝગમગી રહ્યા. અને ટેકરીઓ પરની વસ્તીમાંથી હળવાં હળવાં ગીતોના સ્વરો રેલાઈ રહ્યા. ગીતો, શિશુઓનો કલબલાટ, પુરુષોના ઘેરા અવાજો અને ભૂલકાંઓની મીઠી મીઠી બૂમો. છાપરા પરથી ધીરે ધીરે જાગતા જીવનની હવા અને સાંજના ખાણાની મહેક. માછલી, ભાત અને કડમના શાકનો હળવો ને મીઠો સ્વાદ અને પૂનમની રાતનું ખીલતું યૌવન. મારો રોષ ઊતરી ગયો. મેં એનો હાથ હાથમાં લઈ લીધો ને કહ્યું, 'ચાલ, જઈએ તળાવ પર.'

પુલ પસાર થઈ ગયો. પગદંડી પૂરી કરી. બદામનાં વૃક્ષોની હાર વટાવી. તળેટી ગઈ. હવે અમે તળાવને કિનારે કિનારે ચાલતાં હતાં. ઝાડીઓમાં દેડકાંઓ ડ્રાંઉ ડ્રાંઉ કરતાં હતાં. દેડકાં, તમરાં અને ભમરી. એમનો ઢંગધડા વગરનો અવાજ પણ જાણે સંગીત બની ગયો હતો. એક સ્વપ્નમય વાતાવરણ, સૂતેલા સરોવરની વચ્ચોવચ ચંદ્રની હોડી ઊભી હતી, નિશ્ચેષ્ટ, ચૂપચાપ. પ્રેમની પ્રતીક્ષા કરતી–હજારો વર્ષથી એ આમ જ ઊભી હતી, મારી અને મારા પ્રેમીના પ્રેમની પ્રતીક્ષા કરતી. તમારી ને તમારા પ્રેમીના સ્મિતની પ્રતીક્ષા કરતી. માનવીની માનવીને ચાહવાની અભીપ્સાની પ્રતીક્ષા કરતી. આ પૂર્ણચંદ્રની સુંદર, નિર્મળ રાત્રિ કોઈ કન્યાના અસ્પર્શ્ય દેહની જેમ પ્રેમના પવિત્ર સ્પર્શની પ્રતીક્ષા કરે છે.

તળાવના કિનારાને અડીને ઊભેલા એક વૃક્ષ સાથે હોડી બંધાઈને પડી હતી. અહીં જમીન પોચી હતી. ચાંદની પર્ણોની ઘટામાંથી ચળાઈને આવતી હતી. દેડકાં ધીમે ધીમે ગાતાં હતાં. તળાવનું પાણી વારંવાર કિનારાને ચૂમતું હતું. અને વારે વારે એનાં ચુંબનોનો એ સ્વર અમારા કાને પડતો હતો. મેં બંને હાથ એની કમરે વીંટી એકદમ મારી છાતીએ વળગાડી દીધી. સરોવરનું પાણી વારંવાર કિનારાને ચૂમી રહ્યું હતું. પહેલાં મેં એની આંખોને ચુંબન કર્યું અને તળાવની સપાટી પર લાખો કમળ ખીલી ઊઠ્યાં. પછી મેં એના ગાલ ચૂમ્યા ત્યારે નિર્મળ હવાની લહેરો એકાએક અધ્ધર થઈને સેંકડો ગીતો ગાવા લાગી. ને જ્યારે મેં એના હોઠને ચુંબન કર્યું ત્યારે લાખો મંદિરો, મસ્જિદો અને દેવળોમાં પ્રાર્થનાઓનો નાદ સંભળાયો ને ધરતી પરનાં ફૂલ, આકાશના તારકો ને હવામાં ઊડનારાં પક્ષીઓ એકી સાથે નૃત્ય કરી રહ્યાં. પછી મેં એની હડપચી ને પછી ગળાને ચૂમી લીધું ત્યારે કળીઓની જેમ કમળ ઉઘાડબંધ થતાં ગયાં. ગીતો ગુંજી ગુંજીને મૌન થતાં ગયાં અને નૃત્યો ધીમા પડતાં ગયાં ને થંભી ગયાં. હવે એ જ દેડકાંનો અવાજ હતો, એ જ સરોવરનાં હળવાં ચુંબન હતાં અને મારી છાતીએ વળગીને કોઈ ડૂસકાં ભરવા લાગ્યું.

મેં ધીરે રહીને હોડી છોડી. એ હોડીમાં બેસી ગઈ. મેં હલેસું હાથમાં લીધું, હોડી હંકારી ને તળાવની મધ્યમાં લઈ ગયો. અહીં હોડી એની મેળે થંભી ગઈ. ને આમ વહે કે ન તેમ. મેં હલેસું હોડીમાં મૂકી દીધું. એણે પોટલી ખોલી. એમાંથી જરદાળુ કાઢીને મને આપ્યાં ને પોતેય ખાવા લાગી.

જરદાળુ સૂકાં ને ખટમીઠાં હતાં.

'આ ગઈ વસંતનાં છે,' એ બોલી.

મેં જરદાળુ ખાધા કર્યાં, એની સામે જોયા કર્યું -

'ગઈ વસંતે તમે નહોતાં,' એ ધીમું બોલી.

ગઈ વસંતે હું નહોતો. જરદાળુનાં વૃક્ષ ફૂલોથી લદાઈ ગયાં હતાં ને જરાક ડાળી હલાવતાં ખરીને મોતીની જેમ વીખરાઈ જતાં. ગઈ વસંતમાં હું નહોતો, પણ જરદાળુનાં વૃક્ષ ફળોથી લચી પડ્યાં હતાં. લીલાં લીલાં જરદાળુ. મીઠુંમરચું ભભરાવી બહુ જ જરદાળુ ખવાતાં અને જીભ સિસકારા કરતી ને નાક વહેવા લાગતાં છતાંય ખાટાં જરદાળુ ખવાતાં હતાં, ગઈ વસંતમાં હું નહોતો અને આ લીલાં લીલાં ખાટાં જરદાળુ પાકીને પીળાં, સોનેરી અને લાલ બનતાં ગયાં. ડાળીએ ડાળીએ પ્રસન્નતાનાં લાલ ફુલ ઝૂલી રહ્યાં હતાં અને પ્રસન્નતાપૂર્ણ આંખો, ચકમતી સરળ આંખો એમને ઝૂલતાં જોઈ જાણે નાચી ઊઠતી. ગઈ વસંતે હું નહોતો...અને રૂપાળા હાથોએ લાલ લાલ જરદાળુ એકઠાં કરી લીધાં. રૂપાળા હોઠોએ એનો તાજો રસ ચૂસ્યો અને પોતાના ઘરની છત પર લઈ જઈ સૂકવવા રાખી દીધાં. જ્યારે આ જરદાળુ સુકાઈ રહેશે, જ્યારે એક વસંત ઋતુ જશે અને બીજી વસંત ઋતુ આવશે ત્યારે હું આવીશ, એનો સ્વાદ લઈને ખુશ થઈશ.

જરદાળુ ખાઈ લીધા પછી અમે ખારેક ખાધી. એ પહેલાં તો કંઇ બહુ મીઠી લાગી નહીં, પણ જ્યારે મોંમાં રહેલી લાળ સાથે ભળી ગઈ ત્યારે તો મધ અને સાકરનો સ્વાદ આપવા લાગી.

'પોચી પોચી, ઘણી મીઠી છે,' મેં કહ્યું.

એણે દાંતેથી એક ખારેક તોડી અને એનો ઠળિયો કાઢીને મને આપી, 'ખાઓ !'

એના બી બદામ જેવા મીઠાં હતાં.

'આની ખારેક તો મેં ક્યારેય નથી ખાધી.'

એણે કહ્યું, 'આ અમારા આંગણાનું ઝાડ છે. અમારે ત્યાં ખારેકનું એક જ ઝાડ છે પણ એટલી મોટી અને એટલી મીઠી ખારેક હોય છે, કે હું કેટલે મોઢે એનાં વખાણ કરું ! જ્યારે ખારેક પાકે ત્યારે તો મારી બધી જ બહેનપણીઓ ભેગી થઈ જઈને ખારેક ખવડાવવાનું કહે છે. ગઈ વસંતમાં...'

મને થયું, 'ગઈ વસંતે હું નહોતો પણ ખારેકનું વૃક્ષ તો આંગણામાં આ જ રીતે ઊભું હતું. ગઈ વસંતે એ કુમળાં કુમળાં પાંદડાંઓથી ભર્યું ભર્યું હતું, પછી એના પર કાચી ખારેકનાં લીલાં અને અણીદાર ફળ પાક્યાં હતાં. હજી તો એમાં કાચાં ફળ આવ્યાં હતાં ત્યારે એ ખાટાં ફળ બપોરનાં ખાણામાં ચટણીનું કામ આપતાં. ગઈ વસંતે હું નહોતો અને આ ખારેકમાં ગોટલીઓ જન્મી ચૂકી હતી અને એનો રંગ પોતાના સ્વાદમાં લીલી બદામને પણ આંટી જતો હતો. ગઈ વસંતે હું નહોતો ત્યારે

આ લાલ ખારેક જે પોતાની રંગતમાં કાશ્મીરી યુવતીઓ જેટલી જ સુંદર અને રસીલી હતી, એ લીલાં લીલાં પાંદડાંઓની અટારીએથી ચમકતી નજરે પડતી હતી. પછી અલ્લડ છોકરીઓ આંગણામાં નાચવા લાગી અને નાનો ભાઈ ઝાડ પર ચડી ગયો અને ખારેકો તોડી તોડીને પોતાની બહેનની સખીઓ માટે ફેંકવા લાગ્યો. ગઈ વસંતની ખારેકો કેટલી મીઠી હતી...જ્યારે હું નહોતો...ખારેક ખાઈ લીધા પછી એણે મકાઈના ડોડા કાઢ્યા. મંદ મંદ મીઠી સુગંધ...શેકેલા સોનેરી ડોડા અને મોતીઓ જેવું રૂપ, કડક કરકરા દાણા અને તેય કેટલા મીઠા !'

'આ મિસરી મકાઈના ડોડા છે,' તે બોલી.

'ખૂબ જ મીઠા,' ડોડા ખાતાં ખાતાં મેં કહ્યું.

'ગઈ વસંતનો રસ છે આ ડોડામાં, અમ્માની નજરથી છુપાવીને...'એ બોલી.

મેં એક બાજુએથી ડોડો ખાધો. દાણાની કેટલીક હાર રહેવા દીધી ને એણે એ જ બાજુએથી કેટલીક હાર ખાધી અને થોડીક હાર મારા માટે રહેવા દીધી, એ હું ખાવા લાગ્યો. આમ અમે બંને એક જ ડોડાને ખાતાં ગયાં. મને થયું કે મિસરી મકાઈના ડોડા કેટલા મીઠા છે ! આ ગઈ વસંતના ડોડા, જ્યારે તું તો હતી પણ હું નહોતો. જ્યારે તારા પિતાએ હળ જોડ્યું હતું, ખેતર ખેડ્યું હતું, બી વાવ્યાં હતાં, વાદળાઓએ પાણી પાયું હતું. ધરતીએ લીલા રંગના નાના નાના છોડવા ઉગાડયા હતા, જેમાં તેં પાણી પાયું હતું. પછી તો છોડવા વધતા ગયા. એમના શિરે ડોડા ઊગવા માંડ્યા અને હવામાં ઝૂલવા લાગ્યા. અને તું મકાઈના છોડ પર ભરચક દાણા કે જેની કોમળ ત્વચા પર જો જરાક પણ નખ લાગી જાય તો દૂધ નીકળી આવે એવા કોમળ અને નાજુક ડોડા લેવા માંડતી, જેને આ ધરતીએ ઉગાડ્યા હતા-અને હું ત્યારે ન હતો. અને આ ડોડા પછી જુવાન અને તગડા બની ગયા. એમનો રસ પણ પાકી ગયો. હવે તો નખ ખૂંચાડવાથી પણ કશું થતું ન હતું. ઊલટાના આપણા જ નખ તૂટવાનો ભય રહેતો. ડોડાનો રંગ પહેલાં પીળો હતો તે હવે સોનેરી બની ગયો અને આખરે કાળો પડતો ગયો. મકાઈના ડોડાનો રંગ જમીનની જેમ ભૂરો બનતો ગયો. હું ત્યારે પણ આવ્યો નહોતો અને પછી તો ખેતરોમાં ખળાં થયાં, ખળામાં બળદો ફર્યા અને ડોડાના દાણા વિખૂટા પડી ગયા. તેં તારી સખીઓ સાથે પ્રેમનાં ગાણાં ગાયાં. થોડાક ડોડા છુપાવીને શેકીને અલગ રાખી દીધા. જ્યારે હું નહોતો, ધરતી હતી, ઊપજ હતી, પ્રેમનાં ગાણાં હતાં, આગ પર શેકેલા ડોડા હતા પરંતુ હું જ નહોતો.

પ્રસન્નતાથી મેં એની તરફ જોયું અને કહ્યું, 'આજ પૂર્ણચંદ્રની રાતે જાણે બધી જ વાતો પૂરી થઇ છે. ગઈ કાલ સુધી અધૂરી વાતો હતી પણ આજે પૂરી થઇ ગઇ છે.'

એણે ડોડો મારા મોઢામાં મૂકી દીધો. એના હોઠોનો ગરમ ગરમ સહજ સ્પર્શ હજી ડોડા પર હતો. મેં કહ્યું, 'હું તને ચૂમી લઉં ?'

એ બોલી, 'શીશ્ - હોડી ડૂબી જશે.'

'તો શું કરીએ ?' મેં પૂછ્યું.

એ બોલી, 'ડૂબવા દો.'

એ પૂર્ણચંદ્રની રાત હું આજેય નથી ભૂલી શક્યો. મારી ઉંમર હવે સિત્તેરની થઈ ગઈ પણ એ પૂર્ણચંદ્રની રાત મારા ચિત્તમાં જાણે ગઈ કાલે જ ગઈ હોય એ રીતે ચમકી રહી છે. એવો પવિત્ર પ્રેમ મેં આજ સુધી નથી કર્યો. એણે પણ નહીં કર્યો હોય. એ જાદુ જ કંઈ ઓર હતું. જાણે પૂર્ણચંદ્રની એ રાતે મારી જોડે અહીંથી ત્યાં ને ત્યાંથી અહીં પાંચ-છ દિવસ પ્રેમમાં ખોવાયેલાં, બાળકની જેમ અહીંથી ત્યાં ને ત્યાંથી અહીં એમ જંગલમાં, નદીસરોવરના કિનારે ઊભેલા અખરોટની છાયામાં ઘૂમતાં રહ્યાં. પછી તો મેં તળાવને કિનારે એક નાનું સરખું મકાન ખરીદી લીધું અને એમાં અમે બંને રહેવા લાગ્યાં. એકાદ મહિના પછી હું ત્રીજે દિવસે આવી જઈશ એમ કહી શ્રીનગર ગયો. ત્રીજે દિવસે હું પાછો ફર્યો. પણ આવીને મેં જોયું તો તે એક યુવાન સાથે હસી હસીને વાતો કરતી હતી. તે બંને એક રકાબીમાં ખાઈ રહ્યા હતાં. એકબીજાના મોંમાં કોળિયો આપતાં હતાં અને હસાં જતાં હતાં. મેં એમને જોયાં, પણ એ લોકો મને જોઈ શક્યાં નહીં. તો પોતામાં એટલાં મશગૂલ હતાં કે અન્ય કશામાં એમનું ધ્યાન હતું જ નહીં. મને થયું કે આ ગઈ વસંત વેળાનો અથવા તો એનાથી પણ આગળની વસંતનો એ પ્રેમી લાગે છે, જ્યારે હું નહોતો અને કદાચ ભવિષ્યમાં પણ કેટલીય આવી વસંતો આવશે. કેટલીય પૂનમની રાતો કે જ્યારે મહોબત એક વંઠેલ સ્ત્રીની માફક બેકાબૂ બનીને નગ્ન થઈ નૃત્ય કરવા લાગશે. તારા ઘરમાં આજ પાનખર આવી ગઈ છે, જે બધી વસંતો પછી આવે જ છે. હવે તારું અહીં શું કામ છે ? એમ વિચારીને હું એમને મળ્યા વિના જ પાછો ચાલ્યો ગયો અને પછી મારી પ્રથમ વસંતને ક્યારેય મળ્યો નહીં.

અને હવે હું અડતાળીસ વર્ષે પાછો આવ્યો છું. મારા દીકરાઓ મારી સાથે છે. મારી પત્ની મૃત્યુ પામી છે, પરંતુ મારા દીકરાઓની પત્નીઓ અને એમનાં છોકરાંઓ મારી સાથે છે. અમે લોકો ફરતાં ફરતાં સમલ સરોવરને કિનારે આવી ચૂક્યાં છીએ. એપ્રિલ મહિનો છે અને ત્રીજા પહોરની સંધ્યા ઢળી ગઈ છે. પુલને કિનારે ક્યારનો ઊભો ઊભો હું બદામનાં વૃક્ષોની હાર જોઈ રહ્યો છું અને ઠંડી હવામાં સફેદ ફૂલોના ગુચ્છા ઝૂલી રહ્યા છે. પગદંડીની ધૂળમાં કોઈ પરિચિત પગલાંનો અવાજ સંભળાતો નથી. એક સુંદરી હાથમાં એક નાનીશી પોટલી ઝાલી પુલ પરથી દોડતી પસાર થઈ જાય છે ને મારું હૃદય થંભી જાય છે. દૂર દૂર ટેકરીઓની પાર રહેલી વસ્તીમાં કોઈ પત્ની પોતાના પતિને સાદ દઈ રહી છે. તે એને વાળુ કરવા બોલાવે છે. ક્યાંક કોઈ દરવાજો બંધ થવાનો અવાજ સંભળાય છે. ને એક રડતું બાળક અચાનક ચૂપ થઈ જાય છે. છતો પરથી ધુમાડો નીકળે છે અને કલબલાટ કરતાં પંખીઓ વૃક્ષની ગાઢ ડાળીઓમાં પોતાની પાંખો ફફડાવી રહ્યાં છે ને એકદમ શાંત પડી જાય છે.કોઈ નાવિક ગાઈ રહ્યો

છે. એનો સ્વર ગુંજતો ગુંજતો ક્ષિતિજની પેલે પાર લીન થઈ જાય છે.

હું પુલ વટાવી આગળ વધું છું. અલગ અલગ જૂથમાં મારા દીકરા, એમની પત્નીઓ અને બાળકો મારી પાછળ આવી રહ્યાં છે. હવે બદામ વૃક્ષોની હાર પૂરી થઈ, તળેટી પસાર થઈ ગઈ અને તળાવનો કિનારો આવી ગયો. આ ખારેકનું ઝાડ, પણ કેટલું મોટું થઇ ગયું ! ને આ હોડી...આ હોડી તો ખરી પણ શું એ પેલી જ હોડી છે ? સામે પેલું ઘર છે. મારી પહેલી વસંતનું ઘર. મારો પૂર્ણચંદ્રની રાત્રિનો પ્રેમ.

ઘરમાં પ્રકાશ છે. બાળકોનો કલબલાટ છે. કોઈ રુક્ષ અવાજે ગાવા લાગે છે. કોઈ વૃદ્ધા એને તતડાવીને ચૂપ કરી દે છે. મને થાય છે, એ ઘર તરફ મેં જોયું નથી ને અરધી સદી વીતી ગઈ છે. જોઈ લેવામાં કંઈ ખોટું તો નથી ? છેવટે તો મેં જ એ ખરીદ્યું હતું ને ? આમ જુઓ તો હું હજી એનો માલિક છું, જોઈ લેવામાં ખોટું શું ? હું ઘરમાં પ્રવેશું છું.

ઘણાં સુંદર મજાનાં બાળકો છે. એક યુવાન સ્ત્રી પોતાના પતિ માટે ખાણું ઢાંકી રહી છે. બે બાળકો લડી રહ્યાં છે. મને જોતાં જ નવાઈ પામી ચૂપ થઈ જાય છે. હમણાં તો ક્રોધે ભરાઈને એમને ધમકાવતી ડોસી થાંભલા પાસે ઊભી રહી જાય છે. કહે છે, 'તમે કોણ ?'

મેં કહ્યું, 'આ ઘર મારું છે.'

એણે પૂછ્યું, 'એટલે તમારા બાપુનું છે ?'

મેં કહ્યું, 'મારા બાપનું નહીં, મારું છે. લગભગ અડતાળીસ વર્ષ પહેલાં મેં આ વેચાતું લીધું હતું. અત્યારે હું અમસ્તો જોવા જ આવ્યો છું, તમને લોકોને કાઢી મૂકવા નહીં. આ ઘર તો હવે તમારું જ છે, હું તો એમ જ...'વૃદ્ધાની આંગળીઓ થાંભલા સાથે સખત રીતે જડાઈ ગઈ. એણે ઊંડો શ્વાસ લીધો. બોલી, 'તો તમે છો...હવે આટલાં વર્ષે કઇ રીતે ઓળખાય...?' પછી થાંભલાને ટેકે ઘણી વાર લગી ચૂપચાપ ઊભી રહી. હું નીચે ઉંબરામાં ઊભો ઊભો એની તરફ તાકી રહ્યો. પછી તે આપોઆપ હસી પડી. બોલી, 'આવો તો ખરા. હું તમને આ બધાંની ઓળખાણ કરાવું...જુઓ, આ મારો મોટો દીકરો, એનાથી નાનો આ. આ મોટાની વહુ. આ મોટો પૌત્ર. સલામ કર, બેટા. આ પૌત્રી...આ...આ એ. શીશ્ ! એમને જગાડતા નહીં. પરમ દિવસથી તાવ ચડ્યો છે. સૂવા દો...!'

પછી એ બોલી, 'બોલો, તમારી શી સેવા કરું ?'

મેં દીવાલથી ખીલી પર લટકાવેલા મકાઈના ડોડા તરફ જોયું...શેકેલા ડોડા, સોનેરી મોતીઓ જેવા ચમકતા દાણા.

અમે બંને મલકાઈ ઊઠ્યાં.

એણે કહ્યું, 'મારા તો કેટલાય દાંત પડી ગયા છે તે પણ નકામા.'

મેં કહ્યું, 'મારી પણ એ જ દશા છે. ડોડા નહીં ખાઈ શકું.'

મને ઘરમાં પ્રવેશેલો જોઈ ઘરનાં પણ બધાં અંદર ઘૂસી આવ્યાં હતાં. હવે ઠીક ઠીક અવરજવર થવા લાગી. છોકરાંઓ પણ તરત જ એકબીજા સાથે હળી મળી ગયાં.

અમે બંને ધીમે રહીને બહાર નીકળી ગયાં. ધીરે ધીરે તળાવને કિનારે ચાલતાં ગયા.

તે બોલી, 'છ વરસ સુધી મેં તમારી વાટ જોઈ, તમે ત્યાં સુધીમાં કેમ આવ્યા નહીં ?'

મેં કહ્યું, 'હું આવ્યો હતો. પણ તને કોઈ બીજા યુવાન જોડે જોતાં પાછો જતો રહ્યો હતો.'

'શું કહો છો ?' એ બોલી.

'હા, તું એની સાથે જમતી હતી. એક જ થાળીમાં અને એ તારા મોમાં અને તું એનાં મોમાં કોળિયા દઈ રહી હતી.'

તે એકદમ ચૂપ થઈ ગઈ ને પછી ખડખડાટ હસી પડી.

'કેમ ?' મેં નવાઈ પામતાં પૂછ્યું.

તે બોલી, 'અરે એ તો મારો સગો ભાઈ હતો.'

ને પછી જોર જોરથી હસવા લાગી. 'એ મને તે જ દિવસે મળવા આવ્યો હતો. તે જ દિવસે તમેય આવવાના હતા. એ પાછો જવાનો હતો. મેં જ એને રોક્યો કે તમને મળીને જાય...પણ તમે તો આવ્યા જ નહીં.'

એ એકદમ ગંભીર બની ગઈ. 'છ વરસ સુધી મેં તમારી વાટ જોઈ. તમે ગયા પછી ઈશ્વરે મને પુત્ર આપ્યો. તમારો દીકરો. એ પણ એક વરસ પછી ઊકલી ગયો. પછી બીજાં ચાર વરસ મેં રાહ જોઈ, પણ તમે ન જ આવ્યા.' રમતમાં ને રમતમાં એક બાળક બીજી બાળકીને મકાઈનો ડોડો ખવરાવતો હતો.

એણે કહ્યું, 'એ મારો પૌત્ર છે.'

મેં કહ્યું, 'એ મારી પૌત્રી છે.'

એ બંને દોડતાં દોડતાં તળાવને કિનારે ઠીક ઠીક દૂર નીકળી ગયાં. અમે ઘણી વાર સુધી એમને જોઈ રહ્યાં. એ મારી નજીક આવી. બોલી, 'આજે તમે આવી ગયા તો મને સારું લાગ્યું. મેં હવે તો મારો સંસાર બનાવી લીધો છે, એનાં સુખદુઃખો પણ ભોગવી લીધા. મારું ભર્યુંભાદર્યું આ ઘર, અને આજે તો તમેય આવ્યા. મને જરા પણ મનમાં દુઃખ નથી, રંજ નથી.'

મેં કહ્યું, 'મારું પણ એમ જ છે. મને તો હતું કે જિંદગીભર નહીં મળું. એટલે જ આટલાં વરસ આ તરફ ફરક્યો પણ નહીં. ને આવ્યો છું ત્યારે પણ જરાય ખેદ નથી.'

અમે બેઉ ચૂપ થઈ ગયાં. બાળકો રમતાં રમતાં અમારી પાસે પાછાં આવી ગયા. એણે મારી પૌત્રીને તેડી લીધી, મેં એના પૌત્રને; એણે મારી પૌત્રીને બચીઓ ભરી, મેં એના પૌત્રને, અને અમે બંને પ્રસન્નતાથી એકબીજાને જોઈ રહ્યાં. એની કીકીઓમાં

ચંદ્ર ચમકી રહ્યો હતો. અને એ ચંદ્ર આશ્ચર્ય અને પ્રસન્નતાથી જાણે કે કહી રહ્યો હતો, 'મનુષ્ય મરે છે, પણ જીવન મરતું નથી. વસંત પૂરી થઈ જાય છે, પરંતુ જીવનનો મહાન ને સાચો પ્રેમ સદાય સ્થિર રહે છે. તમે બંને ગઈ વસંતે નહોતાં. આ વસંત તમે જોઈ, પછીની વસંતમાં તમે નહીં હો પરંતુ જીવન હશે અને પ્રેમ પણ હશે. અને યુવાની પણ હશે અને સૌંદર્ય, માધુર્ય અને સરળતા...'

બાળકો અમારા ખોળામાંથી ઊતરી પડ્યાં. કેમ કે જુદાં રમવું હતું એમને. એ દોડતાં દોડતાં ખારેકનાં વૃક્ષ હેઠળ ગયાં, જ્યાં હોડી બાંધેલી હતી.

મેં પૂછ્યું, 'શું આ એ જ વૃક્ષ છે?'

એણે હસીને કહ્યું, 'ના આ બીજું વૃક્ષ છે.'

# કચરાબાબા

કૃશ્ન ચંદર

હૉસ્પિટલમાંથી એ બહાર નીકળ્યો ત્યારે એના ટાંટિયા ધ્રૂજતા હતા અને ભીજાયેલા રૂ જેવું એનું આખુંય શરીર લોચો વળી ગયું હતું. એને ચાલવાનું જરાય શક્ય લાગ્યું નહીં. ફૂટપાથ પર ત્યાં ને ત્યાં બેસી જવાનું મન થયું.

નિયમની દૃષ્ટિએ એણે હજી એક મહિનો હૉસ્પિટલમાં રહેવું જોઈએ. પણ હૉસ્પિટલમાંથી એણે રજા આપવામાં આવી. સાડા ચાર મહિના એ હૉસ્પિટલના પ્રાઈવેટ વૉર્ડમાં અને પછી દોઢ મહિનો જનરલ વોર્ડમાં રહી આવ્યો. એ દરમ્યાન તો એના પર એટલી શસ્ત્રક્રિયા થઈ કે આંતરડાં કાપીને સરખાં કરવાં પડ્યાં. હજી એનું હૃદય બરાબર ચાલતું ન હતું, ત્યાં તો એને હૉસ્પિટલમાંથી રવાના થવું પડ્યું કારણ બીજા લોકો રાહ જોઈ રહ્યા હતા અને એમની હાલત તો આના કરતાંય ખરાબ હતી.

ડૉક્ટરે એના હાથમાં એક લાંબુ ફરફરિયું પકડાવી દીધું અને કહ્યું, ' ટૉનિક પીજો અને પૌષ્ટિક ખોરાક લેજો. તદ્દન સારું થઈ જશે. હવે હૉસ્પિટલમાં રહેવાની જરૂર નથી.'

'પણ મારાથી ચલાતુ નથી, ડૉક્ટર સાહેબ,' એણે મુડદાલ અવાજે કહ્યું.

'ઘરે જશો ને થોડાક દિવસ પત્ની સેવા કરશે એટલે તરત સાજા થઈ જશો.'

ખૂબ ધીમે ધીમે લથડાતે પગલે ફૂટપાથ પર ચાલતાં ચાલતાં એને થયું, 'ઘર - પણ મારું ઘર છે ક્યાં ?'

કેટલાક મહિના પહેલાં મારું એક ઘર જરૂર હતું- એક પત્ની હતી, જેને બાળક આવવાનું હતું - અને બંને જણાં આવનાર બાળકની કલ્પના કરીને કેટલા ખુશ હતાં ! દુનિયામાં ભલેને આબાદી હોય પણ એમને તો આ પહેલું જ સંતાન હતું.

દુલારીએ પોતાના બાળકને માટે સુંદર સુંદર કપડાં સીવ્યાં હતા. હૉસ્પિટલમાં લાવીને એને બતાવ્યાં હતાં. એ કપડાં પર હાથ ફેરવતાં એને થતું કે જાણે પોતાના દીકરાને એ બાથમાં લઈને પ્રેમ કરી રહ્યો હતો.

પણ પછી થોડા જ મહિનાઓમાં ઘણું લૂંટાઈ ગયું. જ્યારે એના પેટનું પહેલું ઑપરેશન થયું ત્યારે દુલારીએ પોતાના ઘરેણાં વેચી નાખ્યાં, જે આવા સમય માટે જ હોય છે. લોકો નાહકનાં સમજે છે કે ઘરેણાં સ્ત્રીની સુંદરતા વધારવા માટે હોય છે.

ખરી રીતે તો એ કોઈના દર્દની દવા જ હોય છે. પતિનું ઑપરેશન, છોકરાનું ભણતર કે દીકરીનાં લગ્ન-એવા જ અવસરે આ બૅન્ક ખૂલે છે અને પછી ખાલી થઈ જાય છે. સ્ત્રી તો એની રખેવાળ હોય છે અને જિંદગીમાં માંડ ચારપાંચ વાર એ પહેરવા મળે છે.

બીજા ઑપરેશન વખતે દુલારીનો છોકરો ખલાસ થઇ ગયો. રાતદિવસ દુલારીને જે મહેનત થતી એમાં આ ભય તો હતો જ. દુલારીના કુમળા શરીરને માથે આટલી બધી મહેનત તો શાપ જ હતી. એટલે જ પેલું અક્કલવાન બાળક વચ્ચેથી જ અલોપ થઇ ગયું. વાતાવરણની અને પોતાનાં માબાપની આ હાલત જોઇને એણે પોતે જ કદાચ પેદા થવાનું માંડી વાળ્યું હતું. કેટલાંક બાળકો આટલાં બુધ્ધિમાન હોય છે. દુલારી કેટલાય દિવસ હૉસ્પિટલ આવી શકી નહીં અને આવી ત્યારે આવા સમાચાર લઇને આવી એટલે એ કેટલું રડ્યો ! અને આના પછીયે એણે ક્યાંક વધારે રડવાનું છે એ વાત જો એ જાણતો હોત તો ત્યારે રડવાને બદલે પ્રસન્નતા વ્યક્ત કરત.

એ બીજા ઑપરેશન પછી એની નોકરી ગઇ. લાંબી માંદગીમાં આવું જ બને. કોઇ પણ ક્યાં સુધી રાહ જોયા કરે ? બીમારી એ મનુષ્યનો અંગત સવાલ છે અને જો આપણે નોકરીએ ચાલુ જ રહેવુ હોય તો ઘણા દિવસ માટે બીમાર ન પડી જઇએ તે જોવાનુ કામ આપણું જ છે. મનુષ્ય તો યંત્ર જેવો છે. જો એક મશીન બગડી જાય તો તરત એની જગ્યાએ બીજું આવી જ જાય. કારણ કે કામ અટકાવી શકાય નહીં, ધંધો બંધ કરી શકાય નહીં. અને સમય ઉભો રહેતો નથી. જ્યારે ખબર પડી કે નોકરી ગઇ છે ત્યારે એને એવો ધક્કો લાગ્યો કે જાણે એનું બીજું ફેફસું પણ કોઇએ કાઢી લીધું ન હોય ! આ ધક્કાથી એની આંખમાં આસું પણ આવ્યા નહીં. એણે પોતાના દિલમાં એક પ્રકારની શૂન્યતા અનુભવી. જમીન પગ નીચેથી સરકી જતી હોય એમ લાગ્યુ અને નસોમાં લોહીને બદલે ભય દોડી રહ્યો.

કેટલાય દિવસ તો એ આવનારા દિવસોના ડરથી સૂઇ શક્યો નહીં. લાંબી બીમારીના ખર્ચા પણ લાંબા ધીરે ધીરે કરતાં ઘરની પ્રત્યેક કીમતી વસ્તુ વેચાઇ ગઇ, પણ દુલારી હિંમત હારી નહીં. એણે સાડા ચાર મહિના લગી પોતાના પતિને પ્રાઇવેટ વૉર્ડમાં રાખી જોયો. એનો સારામાં સારો ઇલાજ કરાવ્યો. ઘરની બધી ચીજો વેચાઇ ગઇ અને પોતે નોકરીએ પણ લાગી ગઇ. એ કંપનીના માલિકને એક વાર હૉસ્પિટલમાં પણ લાવી હતી. એકવડા બાંધાનો આધેડ ઉમરનો શરમાળ લાગે એવો એ પુરુષ હતો. વાતો ઓછી અને મીઠું હાસ્ય કરતો. દેખાવ પરથી તો એ કોઇ કંપનીના માલિક કરતાં ચોપડીઓની દુકાનનો માલિક લાગતો હતો. દુલારી એની કંપનીમાં બસો રૂપિયાના પગારે હતી અને બહુ ભણીગણી ન હોવાને લીધે ઘણું કરીને એનું કામ પરબીડિયાઓ પર ટિકિટ ચોંટાડવાનું રહેતું.

'એ તો ખૂબ જ સહેલું કામ છે,' દુલારીના પતિએ કહ્યું.

'કામ તો સહેલું છે, પણ દિવસમાં પાંચસો-છસો પરબીડિયાં પર ટિકિટ ચોંટાડવાની હોય. લાગતું કામ પણ મુશ્કેલ બની જાય,' કંપનીનો માલિક બોલ્યો.

દુલારીએ હસતાં હસતાં કહ્યુ, 'સાચે જ એવી થાકી જાઉં છું ને .'

'તમે સારાં થઇ જાઓ તો એની બદલીમાં તમે જ ટિકિટ લગાવજો, એનું કામ હું તમને સોંપી દઇશ,' કંપનીનો માલિક બોલ્યો.

અને એ જ્યારે ગયો ત્યારે દુલારી એની સાથે જ ગઇ. એને થયુ કે દુલારીનાં પગલાંમાં એક જાતનું સ્વાભિમાન તરવરી રહ્યું હતું. એનું શરીર કોઇ ફૂલ ભરેલી ડાળની જેમ લચકી રહ્યું હતું. રૂમની બહાર નીકળતી વખતે માલિકે એને માટે દરવાજો ખોલ્યો પછી એ આદરપૂર્વક દુલારીને દરવાજાની બહાર નીકળી જવા દેવા માટે ઝૂક્યો, અને એક ક્ષણ માટે એનો બીજો હાથ દુલારીની કમર પર અટક્યો. દુલારીના પતિને એના પહેલા હાથની હરકત તો પસંદ આવી ગઇ, પણ બીજા હાથની રીત એને ગમી નહી. પછી એણે પોતાના દિલને દિલાસો આપ્યો કે ક્યારેક એક હાથ જે કરે છે તે બીજા હાથને ખબર પણ ન પડે તેમ કરે છે. અને એમ પણ બને કે આ એનો ભ્રમ હોય. એટલે જ એણે વિશ્વાસથી આંખો મીચીં દીધી અને નર નરમ તકિયા પર માથું ટેકવીને ગ્લુકોઝના ઇન્જેક્ષનની રાહ જોવા લાગ્યો.

એનું ત્રીજુ ઓપરેશન હૉસ્પિટલના જનરલ વૉર્ડમાં થયું. ત્યાં સુધીમાં તો દુલારી કંપનીના માલિક સાથે દાર્જિલિંગ પહોંચી ગઇ હતી. આખરે કોઇ ક્યાં સુધી રાહ જોઇ શકે ? જીવન જ કેટલું ટૂંકું છે અને એની વસંત તો એથીયે ટૂંકી ! જ્યાં ભાવના પ્રબળ બની જાય, આંખોમાં ચાંદ ઉતરવા લાગે, આંગળીના ટેરવામાં આગ જેવી જ્વાળા જાગે અને છાતીમા મીઠું શૂળ ઊપડે અને ચુંબન ભમરાની જેમ હોઠની પાંખડીઓ પર ઊડાઊડ કરવા લાગે અને ગરદનના પાસાદાર ભાગને કોઇના ગરમ ગરમ શ્વાસોની મદ્વિમ આંચની તરસ લાગે ત્યારે કોણ, ક્યાં સુધી ફિનાઇલ અને પેશાબની બૂ સૂધ્યા કરે, લોહી પરુના રંગ જોયા કરે અને મૃત્યુના બારણાં ખખડાવીને પાછા આવતાં સણકા સાંભળ્યા કરે ?આખરે સહનશક્તિની પણ હદ હોય છે. અને વીસ વરસની છોકરીની સહનશક્તિ કેટલી ? જેનાં લગ્નને હજુ બે વરસ પણ વીત્યાં નહોતાં અને જેણે પોતાના પતિ સાથે મુશ્કેલીઓ સિવાય કશું જ ભોગવ્યુ ન હતું એ કદાચ સપનાના લોભે ખેચાઇને દાર્જિલિંગ ચાલી જાય તો એમાં એનો દોષ કેટલો ?

એ તો એવી સ્થિતિમાં હતો કે જ્યારે એ કોઇને પણ દોષિત ઠેરવી શકતો હતો. એટલી ચોટ એણે એક પછી એક ખાધી હતી કે પોતે બિલકુલ ઢોર થઇ ગયો હતો, એની ઇન્દ્રિયો બહેર મારી ગઇ હતી, પોતે મૂઢ ગયો હતો. હવે એની મુશ્કેલી કે તકલીફમાં એ ભાવશૂન્ય અને આંસુ વિનાનો થઇ ચૂક્યો હતો. વારંવાર પિટાઇને એનું દિલ ધાતુના પતરાની જેમ ઠરી ગયું હતું. એટલે જ અત્યારે જ્યારે એને હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી ત્યારે એણે ડૉક્ટરને કોઇ પણ પ્રકારની માનસિક

પીડાની ફરિયાદ કરી નહી. એણે કહ્યુ નહી કે પોતે આ હૉસ્પિટલમાંથી નકળીને ક્યાં જશે. હવે એનું કોઇ ઘર નહોતું કોઇ પત્ની નહોતી, બાળક નહીં, નોકરી પણ નહીં. એનું દિલ ખાલી ખાલી હતું. એનાં ખિસ્સા પણ ખાલી હતા. એની સામે આવીને ઊભું હતું સપાટ અને ખાલી ભવિષ્ય.

પણ એણે આમાનું કશું જ કહ્યું નહીં. એણે માત્ર એટલું જ કહ્યુ હતું, 'ડોક્ટર સાહેબ, મારાથી ચલાતું નથી.'

કેવળ આટલુ જ સત્ય એને યાદ હતું. બાકીની બધી વાતો એના અંતરમાંથી ભૂંસાઇ ગઇ હતી. અત્યારે ચાલતાં ચાલતાં એને એમ જ થતું હતું કે એનું શરીર ભીના રૂનું પૂમ્ડું છે, એનાં હાડકાં ટકોઇ જુનાપુરાણા ખાટલાના પાયાની જેમ ખખડી રહ્યા છે, તાપ ખૂબ જ છે, પ્રકાશ ભાલાની જેમ ખૂંચે છે. આકાશ પર મેલા પીળા રંગનું વાર્નિશ કર્યું છે અને વાતાવરણમાં ગંદી માખીઓની જેમ કાળાશ બણબણી રહી છે. અને લોકોની નજરો એના ગંદા લોહીપરુની જેમ થપથ થઇ રહી છે. એણે ભાગી જવું જોઇએ. ક્યાંક દૂર દૂર આ ગંદા, લાંબા, ગૂંચભર્યા વીજળીના તારોના થાંભલાઓ અને એની નીચે ફેલાયેલા રસ્તાથી ક્યાંક દૂર દૂર એણે ભાગી જવું જોઇએ. એને એની મરી ગયેલી મા અને બાપ યાદ આવ્યા. એનો ભાઇ યાદ આવ્યો. એ આફ્રિકા હતો. સન્ સન્ સન્ એક ટ્રામ એની નજીકથી પસાર થવા લાગી. ટ્રામની વીજળીનો સઢ વીજળીના ઓવરહેડ તાર સાથે ઘસાઇને જાણે એના શરીરમાં એ વીજળી પ્રવેશી જતી હોય એમ એને લાગ્યુ. એને લાગ્યું ટકે એના શરીરમાં એક આખી ટ્રામ ચાલતી હતી. એને થયું કે પોતે કોઇ માણસ નહીં પણ ઘસાઇ ગયેલો એક રસ્તો હતો.

ઘણી વાર સુધી એ ચાલ્યા કર્યો, હાંફતો ગયો અને ચાલતો ગયો. આશરે આશરે ચાલતો ગયો, જ્યાં એનું ઘર હતું. એને ખબર હતી કે હવે તો એને માટે કોઇ જ ઘર નથી તો પણ છતાં પણ એ તરફ એ ગયો, ઘરે જવાની ટેવથી મજબૂર થઇને. પણ તાપ ઘણો હતો અને એના શરીરમાં ચટકા નીકળતા હતા. એ રસ્તો પણ ભૂલી ગયો. કોઇ રાહદારીને રસ્તો પૂછવા જેટલી શક્તિ પણ એનામાં નહોતી. ધીમે ધીમે એના કાનમાં ટ્રામ અને બસના અવાજો ઘૂસવા લાગ્યા, આંખોમાં બધુ ત્રાસું દેખાવા લાગ્યુ ઇમારતો પડવા માંડી, વીજળીના થાંભલા સળગવા લાગ્યા, એની આંખોએ અંધારાં આવી ગયા, પગ નીચે ધરતીકંપ થયો ને એ ધડામ દઇને રસ્તા પર પટકાઇ પડ્યો.

હોશમાં આવ્યો ત્યારે રાત પડી ગઇ હતી. એક ઠંડક આપતું અંધારું એની ચારે કોર ફેલાયેલું હતું. એણે આંખો ખોલીને જોયું તો એ જ ઠેકાણે પડી ગયો હતો ત્યા જ અત્યારે પણ હતો. આ ફૂટપાથનો એક એવો વળાંક હતો કે જેની પાછળ બંને બાજુ બે દિવાલો હતી. એક દીવાલ આશરે ચારેક ફૂટ ઊંચી હતી અને એની પાછળ વાંસના ઝૂંડ હતાં, વેલ હતી, જમરૂખ ને જાંબુના ઝાડ હતાં અને એની પેલે પાર શુ ંહતું તે અત્યારે દેખાયુ ંનહી આ બાજુ પશ્ચિમની દિવાલ સામે પચીસ ત્રીસ ફૂટ દુર એક જૂના

મકાનનો પાછળનો ભાગ હતો. ત્રણ માળ પર પાછલી તરફ એક બારી અને પાંચ-છ મોટા મોટા પાઈપ હતા. પાછળના એ પાઈપ અને પશ્ચિમની દીવાલની વચ્ચે એક પચીસ-ત્રીસ ફૂટ પહોળી અંધારી ગલી બની ગઈ હતી. એની ત્રણ બાજુએ દીવાલ અને એક તરફ સડક પડ્યો પડ્યો પોતાની કોણીને આધારે થોડો ઊંચો થઈને આમતેમ જોવા લાગ્યો. સડક તદ્દન ખાલી હતી. સામેની દુકાનો બંધ હતી અને રસ્તાની ઝાંખી બત્તીઓ ફૂટપાથના અંધારાને દૂર કરવા ટમટમી રહી હતી. થોડી ક્ષણ માટે એને ઠંડ આપતો અંધકાર ગમી ગયો. એણે થોડી વાર પોતાની આંખો બંધ કરીને વિચાર્યું એ કોઈ કૃપાળુ સમુદ્રના ઠંડા પાણીમાં ઊતરી રહ્યો છે.

પણ આ અનુભવથી એ પોતાની જાતને વધારે છેતરી શક્યો નહીં. એને અત્યંત ભૂખ લાગી હતી. થોડી વારની આ શીતળતા અનુભવ્યા પછી એને થયું કે પોતાને ખાધા વગર ચાલવાનું નથી. જ્યારથી એનાં આંતરડાનું ઑપરેશન થયું હતું ત્યારથી એને સખત ભૂખ લાગતી હતી. એને થયું કે ડૉક્ટરોએ એનાં આંતરડાને સાજાં કરીને એની સાથે કોઈ ભલાઈ કરી નથી. એને મોઢામાં માળ આવતી હતી અને આંતરડાં તરફડીને રોટલી માંગતાં હતાં. અત્યારે એનાં નસકોરાં કોઈ ઇન્સાનની જેમ નહીં પણ જંગલી પશુઓનાં નસકોરાની જેમ કામ કરતાં હતાં. જાતજાતની વાસ અને આવવા લાગી હતી. સુગંધનું એક સામ્રાજ્ય એની ચેતના પર ફેલાઈ ગયું હતું અને નવાઈની વાત તો એ હતી કે એ પ્રત્યેકવસ્તુની સુગંધ જાણતો હતો ! આ જાંબુની, આ જમરૂખની, આ અમુક ફળની, આ તેલમાં તળેલી પૂરીની, આ કાંદાની, આ લસણમાં વારેલા બટેટાની, આ મૂળાની, આ ટમેટાની, આ કોઈ સડેલા ફળની, આ પેશાબની, આ પાણીમાં ભીની થયેલી માટીની સુગંધ છે, એ અનુભવી શકતો હતો. એચાનકત એને સમજાયું કે ભૂખની શક્તિએ એનામાં છુપાયેલી શક્તિને કેટલી સજાગ કરી દીધી હતી. એ પ્રત્યેક રૂપ, ભાવ, ગતિ અને ઉગ્રતા સુધીનો અનુભવ કરી રહ્યો હતો. પણ એ વાત પર એણે વધારે ધ્યાન આપ્યું નહી. જે બાજુથી એને તેલમાં તળેલી પૂરીની અને લસણમાં વઘારેલા બટેટાની વાસ આવતી હતી એ તરફ એણે સરકવા માંડ્યું. એ અંધારી ગલીમા જ ધીમે ધીમે સરકવા લાગ્યો. એ જાણતો હતો કે એના શરીરમાં જરાક પણ શક્તિ નહોતી. પ્રત્યેક ક્ષણ એને થતું કે જાણે પોતે કોઈ ઊંડા પાણીમાં ડૂબતો રહ્યો હતો. અને થતું કે જાણે કોઈ ધોબી એના આંતરડાં કાઢીને કપડાંની જેમ નિચોવી રહ્યો હોય. ફરી એનાં નસકોરામાં પૂરીબટેટાની વાસ આવી અને એ મરણિયો થઈને એ તરફ પોતાના શરીરને પૂરેપૂરી શક્તિતી ઘસડવા લાગ્યો.

કેટલીયે વાર પછી જ્યારે એ ત્યાં પહોચ્યો ત્યારે એણે જોયું તો પશ્ચિમી દિવાલની સામેના મકાનના પાછલાં પાઇપો વચ્ચે પચ્ચી -ત્રીસ ફૂટ દૂર કચરાનું એક મોટું ખુલ્લુ ટબ પડ્યું હતું. એ ટબ આશરે પંદર ફૂટ પહોળું અને ત્રીસ ફૂટ લાંબું હશે, એમાં જાતજાતનો કચરો હતો. સડેલાં, ગળી ગયેલાં ફળોની છાલ, ડબલરોટીના ગંદા ટુકડા

અને ચાના કચરા, એક જૂની જાકીટ, બળોતિયાં, ઇંડાની છાલ, છાપા, સામાયિકોનાં પાનાં, રોટલીના ટુકડા, લોઢાના સળિયા, પ્લાસ્ટિકના રમકડાં, વટાણાની છાલ, ફુદીનાનો કૂચો અને કેળની એક પતરાવળીમાં પૂરી અને બટેટાનું શાક હતાં. પૂરીબટેટા જોતાં જ એની આંતરડી કકળી ઊઠી. એણે થોડી ક્ષણ માટે પોતાના અધીરા હાથ રોકી લીધા. પણ બીજી બધી સુગંધની સરખામણીમાં એના નાકમાં પૂરભાજીની વાસ જોર જોરથી આવવા લાગી, જાણે કોઇ સિમ્ફનીમાં અચાનક કોઇક સ્વર એકદમ ઊંચો આવી જાય. અચાનક સભ્યતાની અંતિમ દીવાલ પડી ભાંગી અને કાંપતા અધીરા હાથે એ કેળની પતરાવળીને ઝાલી લીધી. અમાનુષી ભૂખ્યો જીવ અધીરાઇથી એ પૂરીઓ પર તૂટી પડ્યો. પૂરીભાજી ખાઇ લીધા પછી પણ કેળનાં પાંદટાને એણે એવું તો ચાટીને સાફ કરી નાખ્યું કે એ પ્રકૃતિએ બનાવ્યું હતું ત્યારે હતું એવુ થઇ ગયું. પાન ચાટી લીધા પછી એણે પોતાની આંગળી ચાટી અને લાંબા નખમાં ફસાયેલું બટેટાનું શાક જીભને ટેરવેથી ચાંટી ચાટીને ગળે ઉતાર્યું. આટલા થી ભરાયું નહી એટલે એણે હાથ લાંબો કરીને ઢગલો ફંફોસ્યો. એમાંથી ફુદીનાનાં પાંદડાં ખાધા અને મૂળાના ટુકડા ખાધા. એક અરધુપરધુ ટમેટું મોંમા નાખ્યું અને મજાથી એનો રસ પીધો. જ્યારે એણે લગભગ ખાવા જેવું બધું જ ખાઇ લીધુ ત્યારે આખા શરીરમાં આળશભરી ઊંઘની એક લહેર દોડી આવી. એ ત્યાં ને ત્યાં જ ટબની પાસે લથડીને સૂઇ ગયો.

આવી જ આળસભરી ઊંઘ અને અર્ધચેતનાની અવસ્થામાં આઠ-દસ દિવસ પસાર થિ ગયા. એ સરકી સરકીને ટબને કિનારે જતો અને જે મળે તે ખાઇ લેતો. ને ભૂખ લગાડવાવાળી વાથી તૃપ્ત થઇ જતો ત્યારે એ ઘસડાઇને ટબની પાર ફૂટપાથના વળાંક પાસે આવી જતો અને પાછળની દિવાલ સાથે પીઠ અઢેલીને બેસી રહેતો અથવા સૂઇ જતો.

પંદર-વીસ દિવસ પછી એના શરીરમાં શક્તિ આવવા લાગી. ધીરે ધીરે એ આ વાતવરણથી પરિચિત પણ થઇ ગયો - આ જગ્યા કેટલી સારી હતી, અહીં તાપ નહીં, ઝાડની છાંય હતી. ક્યારેક પાછળના મકાનની કોઇ બારી ખૂલતી અને કોઇ હાથ લંબાવીને ટબમાં કચરો નાખતું. એવો કચરો જે એને માટે અન્નદાતા હતો, રાત દિવસ એનું પેટ ભરતો અને એના જીવનનું રક્ષણ કરતો. દિવસે સડક ભરાયેલી રહેતી, દુકાનો ખૂલી જતી, લોકો ફરતાં, બાળકો કિલ્લોલ કરતાં રસ્તામાંથી પસાર થઇ જતાં, સ્ત્રીઓ રંગીન પતંગિયાની જેમ ડોલતી ડોલતી પસાર થઇ જતી, પણ એ એક બીજી જ દુનિયા હતી. આ દુનિયા સાથે એનો કશો સંબંધ નહોતો. એ દુનિયામાં હવે એનું કોઇ નહોતું અને એ પોતે પણ કોઇનો નહીં. આ દુનિયાની એને ઘૃણા હતી તો એ દુનિયાથી એણે મોં ચફેરવી લીધું હતું. શહેરની ગલીઓ, બજાર, રસ્તાઓ એના માટે ધૂંધળો આભાસ બની ગયાં હતાં. એની બહારનું મેદાન, ખેતરો, ખુલ્લું આકાશ પણ એક વ્યર્થ કલ્પના બની ગયાં હતા. ઘર, કામકાજ, જીવન, સમાજ

સંઘર્ષ એ બધા અર્થહીન શબ્દો સડીગળી જઇને આ કચરાના ડબ્બામાં ફેંકાઇ ગયા હતા. એ દૂરની દુનિયાથી એણે મોં ફેરવી લીધુ હતું અને હવે આ જ એની દુનિયા હતી – પંદર ફૂટ લાંબી અને ત્રીસ ફૂટ પહોળી.

મહિનાઓ અને વર્ષો વહેતાં રહ્યાં અને નાકા પર બેઠો બેઠો પુરાણા ખંડેરની જેમ કે કોઇ જૂની સ્મૃતિની જેમ બધાની નજરમાં નોંધાઇ ગયો. એ કોઇની જોડે વાત કરતો નહીં, કોઇને ફાયદો ન કરી આપતો, કોઇની પાસે ભીખ માંગતો નહીં છતાં જો કોઇ દિવસ એ અહીં દેખાય નહીં તો એ વિસ્તારના ઘણા માણસોને નવાઇ લાગતી અને કદાચ થોડીક તકલીફ પણ પડતી.

બધા એને કચરાબાબા કહેતા. બધા જાણતા હતા કે એ કેવળ કચરાના ડબ્બામાંથી જ પોતાનો ખોરાક મેળવતો હતો અને જે દિવસે એમાંથી એને કશું જ ન મળે ત્યારે એ ભૂખ્યો સૂઈ રહેતો. વર્ષોથી રાહદારીઓ અને ઇરાની રેસ્ટોરાંવાળાઓ એની ટેવ જાણતા અને ઘણી વાર એને જે કંઇ આપવા માગતા એ કચરાના ઢગલા ઉપર ફેંકતા. અને મકાનની પાછલી બારીમાથી હવે કચરા સિવાય ખાવાપીવાની વસ્તુઓ પણ ફેંકવામાં આવતી હતી. પૂરી અને શાક, માંસના ટૂકડા, અધચૂસી કેરીઓ, ચટણી અને કબાબના ટુકડા, ખમીસ બનાવેલાં પાતરાં. ખાવાપીવાની બધી વસ્તુ કચરાબાબાને આ ટબમાંથી મળી રહેતી. ક્યારેક કોઇક ફાટેલો પાયજામો, ગળી ગયેલું પાટલૂન, કોઇ ફાટેલું ખમીસ તો પ્લાસ્ટીકનો પ્યાલો. આ કચરાનો ડબ્બો હતો જ નહી, એને માટે એક એવું બજાર હતું જ્યાંથી ધોળે દિવસે બધાની આંખોની સામે ઉઠાવગીરી કરતો. જે દુકાન હાથ આવે ત્યાંથી જે જોઇએ તે મફતમાં ઉઠવતો. આ બજારનો એ એક માત્ર સ્વામી હતો. શરૂ શરૂમાં કેટલીક ભૂખી બિલાડીઓ અને કૂતરાઓએ એનો વિરોધ કર્યો હતો પણ એણે મારી મારીને એક એકની ખબર લઇ નાખી હતી. હવે એ આ ટબનો એકલો માલિક હતો એ એના આ અધિકારને જાણે કે બધાએ માન્ય રાખ્યો હતો. મહિનામાં એકાદ વાર મ્યુનિસિપાલિટીવાળા આવતા અને ટબ ખાલી કરીને ચાલ્યા જતા પણ કચરાબાબા એનો વિરોધ કરતા નહીં, કારણ કે એમને ખબર હતી કે બીજે જ દિવસે એ ટબ પાછું ભરાઇ જવાનું છે. અને એને ખાતરી હતી આ દુનિયામાંથી નીતિ ખલાસ થશે, વફાદારી ખતમ થઇ જશે, મિત્રતા નાશ પામશે પણ ગંદકી ક્યારેય નાશ પામવાની નથી. આખી દુનિયાથી મોં ફેરવીને એણે જીવન જીવવાની રીત શીખી લીધી હતી.

એનો અર્થ એવોયે નહોતો કે એને બહારની દુનિયા વિશે કશી ગતાગમ નહોતી. શહેરમાં ખાંડ મોંઘી થઇ જતી ત્યારે મહિનાઓ સુધી ટબમાં મીઠાઇના ટુકડા દેખાતા નહીં. ઘઉં મોંઘા થઇ જતા ને ડબલરોટીનો એક ટુકડોયે જોવા મળતો નહીં. ને સિગારેટ મોંઘી થઇ જતી ત્યારે ઠૂંઠાનો ટુકડો એટલો નાનો મળતો કે એને સળગાવીને પિવાય જ નહીં. ભંગીઓએ હડતાળ પાડી ત્યારે બે મહિના લગી કોઇએ ટબને સાફ કર્યું

નહોતું. અને ઊલટું દિવસ ન મળે એટલુ ગોશ્ત બકરી ઇદના દિવસે મળતું. અને આખા ટબના અલગ અલગ ખૂણામાંથી દિવાળીને દિવસે મીઠાઇના ઘણા ટૂકડા મળી જતા. બહારની દુનિયાની એવી કોઇ જ ઘટના નહોતી જેનો ખ્યાલ એને આ કચરાના ડબ્બામાંથી ન આવી જાય. પાછલા વિશ્વયુદ્ધથી લઇને સ્ત્રીઓની ગુપ્ત બીમારી સુધીનું એ બધું જ જાણતો. પણ એને બહારની એ દુનિયામાં કશો જ રસ હતો નહીં.

આ કચરાના ટબના કાંઠે બેસીને એણે પચ્ચીસ વરસ વીતાવ્યાં. દિવસ, રાત ને મહિના એના માથા પરથી હવાની લહેની જેમ પસાર થઇ ગયાં. એના માથાના વાળ સુકાઇને વડલાની ડાળની જેમ લટકવા લાગ્યા. એની કાળી દાઢી ઘટ્ટ થઇ ગઇ. એના શરીરનો રંગ રાખોડી, મેલો અને લીલો થતો ગયો. એ પોતાના ગંદા વાળ, ચીથરેહાલ અને બદબૂદાર શરીરને લીધે રસ્તે જતા લોકોને પોતે પણ એક કચરાના ટબ જેવો લાગવા માંડ્યો. એક એવું ટબ જે ક્યારેક જરા હલનચલન કરતું, જે બોલતું, પણ કોઇ બીજા સાથે નહીં. પોતા સાથે અથવા તો ટબ સાથે.

લોકો કચરાબાબાને આ કચરાના ટબ જોડે વાતચીત કરતાં જોઇ ચકિત થઇ જતા.વાસ્તવમાં એમાં નવાઇ પામવા જેવું કાંઇ જ નથી. કચરાબાબા લોકોને ભલે કાંઇ કહેતા નહીં પણ એમના આશ્ચર્યને જોઇને મનમાં જરૂર વિચારતા કે આ સંસારમાં બીજા સાથે વાત કરવા તૈયાર કોણ છે ? કોઇ જ નથી. ખરેખર તો આ સંસારમાં જે કંઇ વાતચીત થાય છે તે માણસ માણસની વચ્ચે નહીં પણ પોતાની જાત સાથે અને કાં તો કશાક સ્વાર્થ સાથે થાય છે. બે મિત્રો વચ્ચે પણ જે વાત થાય છે તેવાસ્તવમાં એક સ્વગત કથન જ હોય છે. આ દુનિયામાં એક બહુ મોટો કચરાનો ઢગલો છે જેમાંથી પ્રત્યેક માણસ પોતાના સ્વાર્થનો ટુકડો, વ્યક્તિગત લાભ કે કાંદાનું એકાદ પતીકું હોય કે એકાદ ચીંથરું આંચકી લેવા હર પળ તૈયાર હોય છે. ઓહ - આ લોકો જે મને સાધુ સંન્યાસી કે નકામો સમજે છે એ જરા પોતાના જ અંતરમાં ડોકિયું કરીને તો જુએ કે ત્યાં કેટલી ગંદકી ભરી પડી છે. એ તો માત્ર યમરાજા જ ઉઠાવી જશે.

આમ ને આમ દિવસ પર દિવસ વીતતા ગયા. કેટકેટલાં રાજ્યો પડ્યાં, કેટલા જીત્યાં, કેટલી હકૂમતો બદલાઇ પણ કચરાનું આ ટબ યથાસ્થાને જ રહ્યું. એની આડશે બેસનારો કચરાબાબા પણ એ જ રીતે દુનિયાથી મોં ફેરવીને અર્ધ ચેતનાવસ્થામાં મનમાં ને મનમાં ગણગણ્યા કર્યો. અને કચરાના ટબને ફંફોસતો રહ્યો.

એક રાતે અંધારી ગલીમાં જ્યારે એ ટબથી થોડે દૂર દીવાલને અઢેલીને બેઠો હતો અને પોતાના ચીંથરાંમાં શરીર લપેટીને ઊંઘતો હતો ત્યાં એણે એક જોરથી આવેલી તીણી ચીસ સાંભળી અને એ દોડતો જ્યાંથી ચીસ આવી ત્યાં ટબ તરફ ગયો.

કચરાના ડબામાં હાથ નાખીને એણે ફંફોસ્યું તો નરમ નરમ માંસનો લોચો અડ્યો અને ફરી મોટી મોટી ચીસો સંભળાવા લાગી. કચરાબાબાએ જોયું તો એ ટબમાં ડબલરોટીના ટુકડા, ચુસાઇ ગયેલા હાડકાં, જુના બૂટ, કાચના ટુકડા, કેરીની ચીર,

વાસી વેણી અને તૂટેલી બાટલીઓની વચ્ચે એક નવજાત શિશુ નગ્ન પડ્યું છે. અને પોતાના હાથ અને પગ પછાડી પછાડીને જોર જોરથી ચીસો પાડે છે.

કચરાબાબા તો આશ્ચર્યમાં ગરકાવ થઇને પોતાની નાનકડી છાતીમાં ભરેલી પૂરેપૂરી શક્તિતી ચીસો પાડતા આ નાનકડા માનવીને પોતાના આગમનનું એલાન કરતું જોઇ રહ્યા. પછી તો એકદમ આગળ ઝૂકીને કચરાના ટબમાંથી એ બાળકને ઉઠાવી લીધું અને પોતાની છાતી સરસું ચાંપી દીધું. પછી ઝડપથી પોતાના ચીંથરામાં છુપાવી દીધું.

પણ બાળક એની ગોદમાં જઇનેય કોઇ રીતે ચૂપ રહ્યું નહીં. એ આ જીવનમાં નવું જ આવ્યું હતું અને ટળવળી ટળવળીને પોતાની ભૂખ પ્રદર્શિત કરી રહ્યું હતું. હજી એને ખબર નથી કે ગરીબી શી ચીજ છે અને મમતા કઇ રીતે કાયર બની જતી હોય છે ! જીવન કઇ રીતે રવડી જાય છે. કેવી મેલી, ચીકણી ને ગંદી બનાવીને જિંદગીને કચરાના ડબ્બામાં ફેંકી દેવામાં આવે છે. અત્યારે એને કશી જ ખબર ન હતી, અત્યારે તો એ માત્ર ભૂખ્યું હતું. એ રડી રડીને પોતાના પેટ પર હાથ પછાડતું હતું અને પગ ઉછાળતું હતું.

કચરાબાબાને સમજાયું નહીં કે આને ચુપ કઇ રીતે કરવું. એની પાસે તો કાંઇ જ નહોતું. ન દૂધ, ન રોટી. એને તો કોઇ હાલરડુંયે આવડતું નહોતું. એ અસહાયપણે બાળકને ખોળામાં થપથપાવવા લાગ્યો. ઘેરી નિરાશાથી એ રાતના અંધકારમાં આમતેમ જોઇ રહ્યો કે અત્યારે એના માટે દુધ ક્યાંથી લાવવું ? પણ જ્યારે એને કાંઇ ન સૂઝ્યું ત્યારે કચરાની પેટીમાં હાથ નાખીને એણે એક કેરીનો ગોટલો લઇને એનું માથું બાળકના મોંમા મૂકી દીધું.

અધચૂસેલી કેરીનો મીઠો રસ જ્યારે બાળકને ભાવવા લાગ્યો ત્યારે એનું રડવાનું અટકી ગયું. પછી એ ધીમે ધીમે કચરાબાબાના હાથમાં સૂઇ ગયું. કેરીનો ગોટલો લસરીને જમીન પર પડી ગયો અને બાળક હવે કચરાબાબાના હાથમાં નિશ્ચિતપણે સૂઇ ગયું. કેરીનો પીળો રસ હજી એના કોમળ હોઠોએ ચોંટેલો હતો. એના નાનકડા હાથે કચરાબાબાના હાથનો અંગૂઠો જોરથી પકડી રાખ્યો હતો.

એક ક્ષણ માટે કચરાબાબાને થયું કે બાળકને અહીંયા ને અહીંયા ફેંકીને પોતે ભાગી જાય. ધીરે રહીને કચરાબાબએ એના હાથમાંથી પોતાનો અંગૂઠો છોડાવવાની કોશિશ કરી પણ બાળકે એ મજબૂત રીતે પકડ્યો હતો અને કચરાબાબાને થયું કે જાણે જીવને એમને પાછા જકડી લીધા છે અને આ રીતે ધીમે ધીમે પોતાની પાસે બોલાવી રહ્યુ છે. અચાનક એમને દુલારી યાદ આવી ગઇ.એની કૂખમાં જ મૃત્યુ પામેલું બાળક પણ યાદ આવ્યું. અચાનક કચરાબાબા ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા. આજે સમુદ્રના પાણીમાં પણ એટલો કાંપ નહોતો જેટલો કચરાબાબાનાં આંસુંઓમાં હતો. છેલ્લાં પચીસ વર્ષમાં જેટલાં મેલ અને ગંદકી એમના આત્મા પર છવાઇ ગયાં હતા, એ આ તોફનના એક

જ વારમાં નષ્ટ થઇ જશે, એમ એમને લાગ્યું.

કચરાબાબએ આખી રાત એ નવજાત શિશુને પોતાના ખોળામાં લઇ બેચેન બનીને ફૂટપાથ પર આંટા માર્યા કર્યા. સવાર થઇ અને સૂર્ય ઊગ્યો ત્યારે લોકોએ જોયું તો કચરાબાબા આજે કચરાના ટબ પાસે હતા જ નહીં. એ તો સડકની એક તરફ બનનારી નવી ઇમારતને બાંધવા માટે ઇંટો માથા પર લઇને કામે લાગી ગયા હતા અને બાજુમાં ગુલમોરના એક ઝાડ નીચે મુલાયમ કપડામાં લપેટાઇને એક નાનું બાળક મોમાં દૂધની બાટલી લઇને હસી રહ્યુ હતું.

# ગાલીચો

કૃશ્ન ચંદર

હવે તો આ ગાલીચો જૂનો થઈ ગયો છે પણ આજથી બે વરસ પહેલાં મેં જ્યારે એ હજરતગંજની દુકાનમાંથી વેચાતો લીધો ત્યારે સાવ માસૂમ હતો. એનું પડ માસૂમ હતું. એનું સ્મિત માસૂમ હતું, એ દરેક રીતે માસૂમ હતો. આજે નહી, બે વરસ પહેલાં. આજે તો એમાં વિષ ઘોળાયું છે. એનો એક એક રેસો ઝેરી અને બદબૂભર્યો થઈ ચૂક્યો છે. રંગ ફિક્કો પડી ગયો છે.એના સ્મિતમાં આંસુઓની ઝાંખી થાય છે.એના પડ પર સિફિલિસ(ઉપદંશ)ના રોગીની જેમ ઠેકઠેકાણે ખાડા પડી ગયા છે. પહેલાં આ ગાલીચો માસૂમ હતો તો હવે આજે એ નિરાશાવાદી બની ગયો છે. એ ઝેરીલું હાસ્ય કરે છે. ને દુનિયાભરની ગંદકી જાણે પોતાની છાતીમાં છુપાવતો હોય એમ શ્વાસ લે છે.

આ ગાલીચાનું કદ નવ ફૂટ છે. પહોળાઈ પાંચ ફૂટ. જેટલી એ સામાન્ય પલંગની પહોળાઈ હોય એટલી. ચારે બાજુથી કિનાર બદામી છે અને દોઢ ઇંચ સુધી ઘટ્ટ છે. ત્યાર પછી ઘેરા લાલ રંગથી ખરો ગાલીચો શરૂ થાય છે. આ રંગ ગાલીચાની પહોળાઈમાં બધે તો ખરો જ, બે ફૂટ લંબાઈમાં પણ પથરાયો છે. એટલે બે-પાંચ ફૂટમાં ચારે કોર. લાલ રંગનું એક તળાવ બની ગયું. પણ આ તળાવમાં લાલ રંગની ઝલક કેટલાય રંગોની કમાલ બતાવે છે. ઘેરો લાલ, ગુલાબી, ઓછો ગુલાબી અને રાતો - જાણે ગંદું લોહી ! સૂતી વખતે ગાલીચાના આ ભાગ પર હું હંમેશા માથું મૂકું છુ અને ત્યારે મને જાણે મારા માથામા જૂ લાગી હોય અને મારું ગંદું લોહી ચૂસી રહી હોય એવો અનુભવ થયા કરે છે.

આ લોહીયાળ ચોરસની અંદર અલગ અલગ રંગના બીજા પાંચ ચોરસ પણ છે. એ આ ગાલીચાની સમગ્ર પહોળાઈમાં ફેલાયેલા છે. છેલ્લા ચોરસે ગાલીચાની લંબાઈ પણ પૂરી થાય અને ફરી પાછી કિનાર આવી જાય લોહીયાળ ચોરસની છેક અંદર ત્રણ નાના નાના ચોરસ છે - પહેલો ધોળા અને શામળા રંગનો શતરંજી ચોકઠાંઓવાળો, બીજો સફેદ અને નીલ રંગનો, ત્રીજો વાદળી, કાળા અને ખાખી રંગનો. આ શતરંજી ચોકઠાઓ દૂરથી માત્ર શીળીના ડાઘા જેવા દેખાય છે, પણ નજીક આવ્યા પછીય એની સુંદરતામાં વૃદ્ધિ થતી નથી, પણ લિલામ કરવા કાઢેલા કોટના પડ જેવા મેલાં અને કઢંગા દેખાય છે.

પહેલો ચોરસ જો લોહીનું તળાવ છે તો આ ત્રણ નાના નાના ચોરસ પરુના કુંડ જેવી છાપ ઊભી કરે છે. એના શ્વેત, શ્યામ, પીળા, વાદળી-કાળા રંગો પરુના કુંડ માં ખદબદતા હોય એમ લાગે છે. આ કુંડમાં મારા ખભા, મારું અંતર અને પાંસળીઓના ખોખામાં સચવાયેલા મારાં ફેફસાં પડ્યા રહે છે.

ચોથા ચોરસનો રંગ પીળો અને પાંચમાંનો રંગ લીલો - પણ તે ઊંડા સુમદ્રનો હોય એવો લીલો છે. વસંતઋતુના જેવો નહીં. એ એક ખતરનાક રંગ છે. એને જોતાં જ શાર્ક માછલીઓ યાદ આવી જાય છે. ડૂબતા વહાણોના પ્રવાસીઓની ચીસ સંભળાવા લાગે છે. અને ઊછળતાં તોફની મોજાઓનો ઘુઘવાટ ને તેની ગર્જના કંપાવી દે છે. ને પીળો માટી જેવો રંગ તો અપશુકનિયાળ છે જ . આ રંગ કેસરની જેમ વસંતની જેમ પીળો નથી. માટી જેવો જ પીળો છે. ક્ષયના રોગી જેવો પીળો છે. પહેલા પાપની જેમ પીળો છે, જેમા પશ્ચાત્તાપનો ઓછો અણસાર પણ હોય એવો. મને તો લાગે છે કે ચોરસ વારંવાર કહી રહ્યો ન હોય કે 'હું શા માટે ? હું શા માટે ?'

જ્યાં હું મારાપણું અનુભવું છું એને જમણે ખૂણે નીલ અને પીળા રંગની દસ સીધી લીટીઓ છે અને જ્યાં હું સૂતી વખતે મારા પગ લાંબા કરુ છું ત્યાં અગિયાર સીધી લીટીઓ છે. એ પીળા અને પીરોજી રંગની છે. ગાલીચાની વચ્ચોવચ લાલ અને સફેદ રંગની છ લીટીઓ છે અને એની વચ્ચે એક ઘેરું કાળું ટપકું છે... જ્યારે હુ ગાલીચા પર લંબાવું છું. ત્યારે પગથી માથા સુધી કોઇએ મને આ સીધી લીટીઓના હૂકમાં જકડી લીધો હોય એવું લાગે છે. મને શૂળી પર લટકાવી મારા મનમાં એક ઘેરા કાળા રંગનો ખીલો ઠોકી દીધો છે. ચારે કોર ગંદું લોહી છે, પરુ છે અને લીલા રંગનો શાર્ક માછલીઓ અને સામુદ્રી કાનખજૂરાઓથી ભરેલો દરિયો છે. મને આ ગાલીચા પર સૂંતા થાય છે એટલું કષ્ટ ઈસું ખ્રિસ્તિને પણ નહીં થયું હોય. પણ કષ્ટસાધના તો માનવજીવનનો એક નિયમ છે એટલે જ તો આ ગાલીચો હું મારાથી અળગો નથી કરી શકતો. ને આ છે ત્યાં સુધી મારાથી કોઇ બીજો ગાલીચો ખરીદવાનું સાહસ થઈ શકતું નથી. મારી પાસે આ જ એક ગાલીચો છે અને મને થાય છે કે મરતાં સુધી આ જ ગાલીચો મારી પાસે રહેવાનો.

ખરી રીતે તો એક યુવતી આ ગાલીચો ખરીદવા આવી હતી. હજરતગંજની એક દુકાનમાં એને ખોલાવી એ જોતી હતી એટલામાં મને જ એ ઊડીને આંખે વળગ્યો. એ યુવતી કશો નિશ્ચય કરી શકી નહીં ને જેમનો તેમ એને પડતો મૂકી પોતાના બ્લાઉઝ માટે રેશમી કપડું જોવા લાગી.

મેં મૅનેજરને કહ્યું, 'આ ગાલીચો હું લેવા માગું છુ.'

એ યુવતી તરફ સંકેત કરતાં બોલ્યો, 'મિસ રૂપવતી......કદાચ એમણે આ પસંદ કરી લીધો છે. કદાચ .......ઊભા રહો પૂછી જોઉં.'

રૂપવતીએ કહ્યું, 'ગાલીચો ખરાબ નથી !'

'..... ખરાબ નથી ? એટલે તમે કહેવા શું માગો છો ?' મેં છંછેડાઈ જતાં ક્હયું, 'આવો ગાલીચો તો દુનિયામાં નહીં મળે. દાન્તેની કલ્પનામાંય આટલો સુંદર નકશો નહી આવ્યો હોય. આ તો હૉસ્પિટલની ગંદી બાલદી જેટલો સુંદર છે. પાગલપણાના રોગની માફક આત્મવર્ધક છે. આ આગ અને પરુની નદી હાતિમતાઇની યાત્રાની યાદ આપે છે. પ્રાચીન ઉસ્તાદ સંન્યાસી ચિત્રકારોની અનુપમ કૃતિઓની યાદ તાજી કરાવે છે. આ ગાલીચો નથી, ઇતિહાસ છે. માનવતાનો આત્મા છે.'

એ હસી. એના દાંત અત્યંત સફેદ હતા. પણ થોડા વાંકાચૂકા ને એક બીજા સાથે જોડાયેલા. છતાંય એ હસવાનું સારું લાગ્યું. કહે, 'તમે ક્યારેય ઇટાલી ગયા છો ?'

મેં જવાબ આપ્યો, 'ઇટાલી શું, હું તો હજી હજરતગંજની બહાર પણ નથી ગયો. આ વગડામાં જ ઉંમર વીતી ગઇ - આ પાનની દુકાન અને સામે પેલું કૉફી હાઉસ.'

મૅનેજરને લાગ્યું કે હવે અમારો પરિચય એણે કરાવવો જોઇએ. એ બોલ્યો, 'એઓ કલાકાર છે. કાગળ પર ચિત્રો દોરે છે. આ મિસ રૂપવતી અહીની ગર્લ્સ કૉલેજમાં પ્રિન્સિપાલ છે. ઇંગ્લેન્ડથી ભણીગણીને હમણાં જ ....'

એ બોલી, 'ચાલો, આ ગાલીચો તમે જ લઇ લો. મને તો બહુ ગમ્યો નહીં.'

'તમારો આભાર.' મેં ગાલીચાની કિંમત ચૂકવતા કહ્યું, 'તમે મારી સાથે કૉફી પીવાનું પસંદ કરશો ? ચાલોને જરા કૉફી હાઉસ લગી, જો તમને વાંધો ન હોય તો.... એટલે કે ....'

'ધન્યવાદ ! પણ હું જરા બ્લાઉઝ જોઇ લઉં,' એ ફરીથી હસી.

એ હસવાનું ગમી જાય એવું હતું. એ સુંદર ગોળ ચહેરો રંગે પીળો હતો. એના હોઠની આછી લાલી એક વિચિત્ર પ્રકારનું સંમિશ્રણ જેવું કરતી હતી.બ્લાઉઝનું કપડું લઇને એ જ્યારે મારી જોડે ચાલવા ગઇ કે લંગડાવા લાગી. મેં બાવડું ઝાલીને એને ટેકો આપ્યો અને પૂછ્યું, 'શું થયું ? કે પછી હંમેશા .આમ જ ચાલો છો ?'

એણે ક્હ્યું, 'ના..... રે' મેં ધ્યાનથી જોયું તો પગે પાટો બાધ્યો હતો.

'વાગ્યું છે ?' મેં પૂછ્યું.

'હા, અંગૂઠાનો નખ વધતો હતો. અંદરનું પડ.... વહાણનો સર્જન તદ્દન ગધેડો હતો.....' એણે માથે ઓઢેલી સાડી સરકી. એ પહેલી વાર પછવાડે ફરી કે મેં એના વાળમાં ગળાની જમણી બાજુએ ગુલાબના પીળાં ફૂલ ખોસેલાં જોયા. ફરી પાછી એ ફરી તો માથાનું કુમકુમ નજરે પડ્યું. મને થયું,આ પહેલાં એ કુમકુમ આટલું સુંદર કેમ નહીં હોય ?

કૉફી હાઉસમાં થોડી વાર બેસતાં લાગ્યું કે એ સુંદર છે. કંઇક તો અહીં પ્રકાશ યોજના જ એવી હતી કે પુરુષો કદરૂપા લાગે અને સ્ત્રીઓ સુંદર દેખાય. અને - હા, એમ જ હોવું જોઇએ નહીંતર લોકો વારે વારે પાછળ ફરીને કેમ જોઇ લે ? સ્ત્રીઓ ઠપકાભરી નજરે ઘૂરકે શાની ? બૅરા આટલા જલદી મેજ પર કેમ આવતો રહે ?

એ હસતાં હસતાં બોલી, 'જો બૅરા, થોડું ગરમ દૂધ અને પાણી એક અલગ પ્યાલામાં.'

'ગરમ પાણી તો......' બૅરા અચકાતો બોલ્યો.

'જરાક જ. ગરમ પાણી, બસ....' એણે ફરી હસીને કહ્યું અને બેરા પગથી માથા સુધી પલળી ગયો, જાણે એનું શરીર કાચનું બનેલું હોય એમ મને લાગ્યુ હું એને પલળતો જોઇ રહ્યો. એના ચહેરા પર સ્મિત અંકાઇ ગયું. એ સ્મિત એના આખાયે શરીરને ભીંજવતું પસાર થઇ ગયું. એવી તે કેવી આ નજર ? આટલી બધી ચમક ? શું આ કૉફી હાઉસની વીજળીપરીનો ચમત્કાર તો નથી ને ?

'અને બૅરા, ઈંડાં સૅન્ડવિચ.....' એ ફરી બોલી.

બૅરાએ પાછા આવીને કહ્યું, 'જી, ઈંડા સેન્ડવિચ તો ખલાસ થઇ ગયા.'

'થોડાં પણ નથી ?' એની ઘાયલ જેવી વિશાળ મોટી માસૂમ આંખો થોડી ક્ષણો વધુ ને વધુ ખીલતી ગઇ, પછી લાચાર બની ગઇ, 'એક પ્લેટ પણ નહી મળે ?'

સેન્ડવિચીઝ મળ્યાં.

'નહીં, બિલ હું આપું છું.'

'ના એ કેમ બને ? હું પુરુષ છું.'

એ હસી પડી, 'બહુ જુની વાત છે.' અને એ બિલ એણે ચૂકવી દીધું.

ઘરે લઇ ગયો તો ગાલીચો નોકરનેય પસંદ ન પડ્યો. મારે ત્યાં એ દિવસોમાં એક વિચિત્ર સ્વભાવનો કવિ મહેમાન હતો. એ ફુરસદના સમયમાં કવિતાઓ લખ્યા કરતો, દારૂ ઢીચતો અને દિવસમાં પાંચ વાર નમાજ પઢતો. એનેય ગાલીચો ન ગમ્યો. મેં પૂછ્યું તો બસ 'હૂં' એટલો ઊંહકારો કર્યો. એ જેટલી લાંબી કવિતા લખતો એટલી જ વાતો ઓછી કરતો.

'હૂં એટલે ? મેં ચિડાઇને કહ્યું, 'કંઇક તો બોલો, આ રંગોનું આયોજન.....'

'હૂં'

રૂપ એના તરફ ધ્યાનથી જોઇ રહી હતી. એ ખડખડાટ હસી પડી, પછી એ સડેલ કવિને એણે કહ્યું, 'તમારી નવી કવિતા સંભળાવો.......તમને ખબર છે આજકાલ સ્પેન્ડર અને લાડન શેના પર કવિતાઓ લખે છે ?'

'હૂં' એ પોતાની દાઢી પર હાથ ફેરવતાં ઘૂરક્યો.

મેં રૂપને પૂછ્યુ, 'એ લોકો એ તને એમની કવિતાઓ સંભળાવી હતી ?'

'ના. મને તો જૉએ કહ્યું હતું.'

'જૉ કોણ ?'

'જૉ બ્રાઉન. નામ નથી સાંભળ્યું ? આજકાલ ઑક્સફર્ડનો લોકપ્રિય કવિ છે. ભારત સુધી હજી એની કવિતા નથી પહોંચી. લંડનમાં મારા પર મોહિત થયેલો.' એ કંઇક વિચિત્ર કંઇક નિર્લજ્જને થોડું શરમાળ હાસ્ય કરતાં બોલી. એના કપાળમાંનું

કુમકુમ માણેકની જેમ ચમકી રહ્યું.

મેં પૂછ્યું, 'તારું જીવન વિજયપૂર્ણ લાગે છે !'

'નહીં,' એણે નિસાસો નાખતાં કહ્યું. એને જોઇ ભેટી પડવાનું મન થયું.

'હૂં' કવિ બોલ્યો.

રૂપ સ્મિત કરતાં બોલી, 'તમારા કવિ ભારે વાતોડિયા છે.... સાંભળો , હું તમને એક કવિતા સંભળાવું.'

મને નવાઇ લાગી. મેં પૂછ્યું, 'તમે કવયિત્રી પણ છો ?'

'ના, આ કવિતા તો મારી બાએ બનાવી છે.'

'ઊભા રહો, મને આ ગાલીચો પાથરી લેવા દો.'

ગાલીચો પથરાયો. અને રૂપે કવિતા ગાઇ સંભળાવી. બંગાળી કવિતા હતી. ઉદાસ, વિરહરાત્રી સમી બળબળતી.... દીપકની જેમ સુંદર હતી.... સ્વરમાં શોલા જેવો કંપ, પ્રભાવ મદિરાની માફક નશીલો... યુવતીઓની હાર ઘડૂલા લઇ ઘાટ તરફ જઇ રહી હતી. સમુદ્રની લહેરો ઊછળી રહી હતી.... હવે વાતાવરણ મૂક હતું. અને રૂપની આંખોમાં આસું હતાં.... ગાલેથી સરીને એ આંસું ગાલીચા પર પડ્યાં અને એ લાલ ચોપસ જાણે કે આગની જ્વાળા બની ગયો.

'જો બ્રાઉન જોડે તમને પ્રેમ ન થયો ?' મેં પૂછ્યું.

રૂપે આંસું લૂછી નાખ્યાં. એ બોલી, 'મને જે છોકરા સાથે પ્રેમ હતો એને તો લંડનમાં જ ક્ષય થયો હતો. અમે વહાણમાં સાથે આવતાં હતાં ત્યાં રસ્તામાં જ એનું મૃત્યું થયું - એડનથી આગળ લાલ સમુદ્રમાં.'

"લાલ સમુદ્ર." હું વિચારમાં પડી ગયો. અને ગાલીચાનો લાલ ચોરસ 'લાલ સમુદ્ર' બની ગયો. એનો ઊંડા પાણીમાં મને એક ફિક્કો ઉધરસ ખાતો ચહેરો દેખાયો. ને પછી ચકરાવામાં એ અદ્રશ્ય થઇ ગયો. રૂપનો પ્રેમી સ્વપ્નસંસારમાં ચાલ્યો ગયો, લાલ સાગરનાં પાણીમાં ...... અને રૂપના આંસુ મારા ગાલીચા પર ટપકી રહ્યાં...

'હૂં' કવિ બબડ્યો અને મેં એક પુસ્તક એના માથા પર ઝીંક્યું.

રૂપ રોતી રોતી હસી પડી. ઘણી વાર તો આંસુ વહેવડાવવા કરતાંય આંસું પીવાં વધારે દુ:ખદાયક હોય છે.

રૂપ કેવી વિચિત્ર હતી એ છોકરી ! લંડનનો કવિ જા બ્રાઉન એને ચાહતો હતો. અને લખનૌના હજરતગંજનો આ આવારામિજાજ પૈસા વગરનો કલાકાર એના પ્રેમમાં જકડાઇ ગયો હતો. આ વિષ છે એ જાણવા છતાંય એ કેમ આ પ્યાલો પી ગયો? નિરાશા, બેચેની અને પ્રેમનો ઉત્તર સદાયે પ્રેમ કેમ નથી હોતો ? આ તે કેવી આગ કે એકને જલાવે અને બીજાના દિલ પર પથ્થરની શિલા મૂકે ? એકને આંસુઓથી રડાવી મૂકે અને બીજાના હોઠ પર સ્મિતની છાયા પણ નથી લાવી શકાતી ?

ગાલીચાને થપથપાવતાં મેં પૂછ્યું.

ગાલીચાએ જવાબ આપ્યો, હું શૂળી જેવો છું. દુઃખ અને દર્દની મને ખબર છે, પણ દુઃખ અને દર્દી દવા વિશે હું કંઇ જ નથી જાણતો.

અને રૂપે કહ્યું, 'આનું નામ જ નસીબ ને! નસીબ તમને ગાલીચો ખરીદવા લઇ ગયું. એણે જ તમને અને મને મળવાની તક આપી. હવે મને તમારી સાથે પ્રેમ ન થાય તો તે પણ તમારું નસીબ જ ને ! અને હજાર પ્રયત્નો કરો તોય આ મિત્રતા પ્રેમમાં પરિવર્તન ન પામે એય નસીબ નહીં તો બીજું શું ?' અને પછી કહ્યું, 'કવિ !તમારી કવિતા સંભળાવો !'

થોડા દિવસ પછી એકાએક એણે મને કહ્યું, 'મને તમારા કવિ જોડે પ્રેમ થઈ ગયો છે.'

'જુઠ્ઠું...... એવા રેઢિયાળ જોડે.....'

'એની આંખો જોઇ તમે ?' એ નિસાસો નાખતાં બોલી, 'જાણે ઇસુ ખ્રિસ્ત શૂળીએ લટકેલા ન હોય ..... કેટલી વેદના છે એ આંખોમાં !'

મેં કહ્યું, 'તું કહેતી હોય તો હું મારી આંખો ફોડી નાખું.'

કદાચ એ વાતથી એને ખોટું લાગ્યું. ગંભીરતાથી એણે કહ્યું, 'શું કરું ?'

'હા, હવે તું શું કરે ?' મે કટાક્ષમાં કહ્યું.

'હૂં' કવિ બોલ્યો.

એ બંને વિદાય થયાં તે દિવસે મેં ઘરમાં જ એક નાનકડી ઉજાણી જેવું રાખ્યું. રૂપે ઢાકાની શ્યામ સાડી પહેરી હતી. એની આંખોમાં ઘેરું કાજળ હતું. રેશમી બંગડીઓમાંય કાળો રંગ હતો. રોજ તો એને જોતાં જ ઉજાસનો સૂર્યનો, ચંદ્રનો, ચંદ્રનાં કિરણોનો - પ્રકાશનો અનુભવ થતો. કોણ જાણે કેમ આજે એને જોઈને અંધકારનો અનુભવ થાય છે. આજે જ કેમ એ અત્યંત આનંદની ક્ષણોમાં પણ દુઃખ અને નિરાશાની મૂર્તિ બની બેઠી ? નિર્ધન કલાકારના મનનો અંધકાર તો આ નહીં હોય ? એ દિવસે પછી મેં એને પહેલે દિવસે ગાયું હતું એ ગીત સંભળાવવા વિનંતી કરી..... મને યાદ છે, ગાયા પછી એ નાચીય હતી. હું એનો ચહેરો જોઇ શક્યો નહીં, એના પગ તરફ જોઇ રહ્યો હતો. ઝાંખા પડી ગયેલા હોય એવા એ પગમાં મેંદીની રાતી રેખા વીજળીની જેમ ઝબૂકી રહી હતી. એ નાચતી રહી અને હું એ અંધકારમાં મેંદીના રંગની રેખાઓનું નૃત્ય જોઇ રહ્યો. અને જ્યારે નૃત્ય પૂરું થયું ત્યારે એનો પગ ઝાલી મેં છાતી સરસો ચાંપી દીધો. એ પગ આજ લગી અંતરમાં કેમ સુરક્ષિત છે ? શું આ અહરામ (હજ કરવા ગયેલા કાબાના દર્શન કરતાં સુધી અમુક કામો ત્યજી વગર સીવેલા વસ્ત્રો પહેરે છે તે વસ્ત્ર)માં મુરદાઓ સિવાય બીજાકોઇનું સ્થાન નથી ?

એના ગયા પછી પાછો આવીને હું ગાલીચા પર બેઠો. પીળા ગુલાબની એક પાંદડી એના ગજરામાંથી ખરીને ગાલીચા પર પડી હતી... આજે હવે એ સિવાય મારા અંતરમાં રૂપની કોઇ છાપ નથી. માત્ર એના બે પગ અને ગુલાબની પીળી

પાંદડી ..... આ તે કેવું ચિત્ર ? કલાકાર હોવા છતાંય આવું ચિત્ર મેં કદાચ ક્યારેય નથી દોર્યુ..... પછી ?

હું ગાલીચાને પૂછું છું.

ગાલીચો જવાબ આપે છે, હું તો શૂળીએ લટકેલો છું. શૂળી મરણ આપે છે, એને જીવવના ક્રમનું જ્ઞાન નથી.

ઠીક છે, જવા દો. જે થયું તે ખરું. જો કબરથી જ જીવનનો આનંદ લેવાનો હોય તો એને આરામથી કેમ ન મેળવવી ? પ્રવાહીમાં વિષ રેડીને પીવા કરતાં હળાહળ જ કેમ ન પીવું ? સરળતા જો કાયમ ન રહી શકે તો પછી પાપના ખોળામાં જઈને જ કેમ ન બેસવું ? આવો, આ અંતરમાં એક આછી લાય રહી ગઈ છે એનેય ચૂપ કરી દઈએ અને વધતા જતા અંધકારમાં વિસ્તરી રહેલા પાપને જોતાં જોતાં જીવનનો ઉપહાસ કરી લઈએ ને ખડખડાટ હસ્યા કરીએ. પ્રેમ નહીં તો લાલસા.

આ કલાકારે એક બીજી છોકરી જોડે ઓળખાણ કરી લીધી. એ જરા 'વીક' હતી. એનું નામ આશા હતું. પણ તદ્દન નિરાશા આપતી હતી. એવી તો ભૂખ જેવી છોકરી ક્યારેય નહોતી જોઈ. લપુડી કૂતરીની જેમ જોડે ને જોડે વળગતી રહે. કલાકારને કદાચ એના પ્રત્યે દયા જાગતી હતી. એના તરફ એ સ્નેહ રાખવા લાગ્યો. એક પાલક સ્નેહીની માફક એ અને દરેક ઠેકાણે સાથે લઈને ફરવા લાગ્યો. લોકો કટાક્ષમાં એની પસંદગીની પ્રશંસા કરતા અને એ જાણે કે આદરથી એ પ્રશંસા માથે ચડાવતો.કોઈ કહેતું, 'કેટલી કૂબડી છે એ ......શું જોઈને તું......' તો એ વિરોધ કરવા તૈયાર થઈ જતો. કલાકો લગી એની સુંદરતાનું વિવરણ કરવા લાગતો. આશાનું ચિત્ર એણે કોલસાથી દોર્યું અને સ્ટુડિયોમાં રાખ્યું. જાણે એ પોતાના જખમ બતાવતો ....જુઓ ......જુઓ ......જુઓ ..... મને તમારી પરવા નથી ....મારા દિલનો માલિક હું પોતે જ છું.......વિષ.......કોલસા......

પરંતુ હજરતગંજની બહાર ક્યારેય ન ગયેલો આ કલાકાર હવે અહીંથી ભાગવાનો વિચાર કરવા લાગ્યો. ફૂટપાથ પર ચાલતાં એને હજાર જાતના સપનાં જોવાની આદત પડી. રસ્તામાં હર કોઈ પથરા પર એને કોઈના પગના ઝાંખા પગલાં કંપી રહેલા દેખાઈ આવતા. કૉફીના પ્યાલામાં પ્રત્યેક ઘૂંટે એને એના ગરમ શ્વાસનો સ્પર્શ ભાસતો. અને વીજળીના ગોળાના ઉજ્જવળ પ્રકાશમાં એના કુમકુમને તરતું એ જોઈ રહેતો. એ આકર્ષક હાસ્ય એ પાછો ફરીને જોઈ લેતો કે ક્યાંથી આવ્યું હતું ? બુલબુલ પીંજરાના સળિયા તોડીને ઊડી ગયું હોવા છતાં એ પોતે હજી હજરતગંજના વગડામાં શા માટે પુરાઈ રહ્યો હતો ? શા માટે ? શા માટે ? એ મેંદીરંગી રેખાઓ વીજળીની જેમ ઝબકી ઝબકીને એને વારંવાર પૂછી રહી હતી.

અને જ્યારે શહેર છોડીને એ જઈ જ રહ્યો હતો ત્યારે એણે બધા મિત્રોને, એ 'વીક' છોકરીને અને એની સખીઓને ઉજાણી કરાવી. ઉજાણી પૂરી થયા પછી બધાં

જવા લાગ્યા ત્યારે એ 'વીક' છોકરી વિહ્વળતાથી ગાલીચા પર બેસી રહી. પછી એકાએક એની છાતીએ વળગીને રડી પડી. એ ગરમ ગરમ આંસું એનીં છાતીમાં બરફના ફળ જેવા લાગ્યાં. પ્રેમનો ઉત્તર પ્રેમ કેમ નહીં થતો હોય ? આ તે કેવી આગ કે એકને જલાવે અને બીજાના દિલ પર પથ્થરની શિલા મૂકે ?

એક છોકરી ગાલીચા પર લંબાવીને પડી હતી. ભુજાઓ ઉપરની સીધી રેખાઓ તરફ અને પગ નીચેની સીધી રેખાઓ તરફ ગોઠવાયેલા હતા. ગાલીચાએ ધીમે રહીને એના દિલમાં એક કાળું ટપકું ખૂંચાડી દીધું. અહરામને માટે એક વધુ મડદું તૈયાર થઇ ચૂક્યું હતું. પણ ત્યાં હવે જગ્યા નહોતી. છાતીમાં હજુયે પેલા બે પગ નાચી રહ્યા છે .... અને ગુલાબની પાંદડી.....

મેં ગાલીચાને પૂછ્યું, આ શી રમત છે ? મારા આ ડાચિયાં કોની સામે ? આ જખમ શેના ? આ છોકરી રડે છે કેમ ? જો આ બધું નસીબ જ હોય તો પછી મડદાને પણ જીવતું બતાવવા ચાલતી રહેલી આ ક્રિયાત્મક ચેષ્ટા શી છે ?

ગાલીચાએ ઉત્તર દીધો, મને ખબર નથી. હું તો શૂળી છું. જે દિલમાં કાળી ખીલી ખૂંચાડે છે, ઉજ્જવળ પ્રકાશ નથી લાવતી; જે ભાગ્યનો અંત બતાવે છે. એનો આરંભ કે યૌવન નહીં.

તને સળગાવીને રાખ ન કરી નાખું?

એ નવા શહેરમાં.

ચાર આદમી ગાલીચા પર બેઠા બેઠા પાના રમી રહ્યા છે.

બે ઍક્ટર.

અને જે તમાસો બતાવી રહ્યો છે. એ કલાકાર છે.

પાનાં રમતા રમતાં ઍક્ટર અને વેપારી લડી પડ્યા. મારામારીની નોબતે આવી ગયા. ગાલીચો ચિરાઇ જાય છે કે કેમ કે એક ચાલમાં વેપારી ભૂલથી કે પછી જાણીજોઇને આઠ આના વધારે લઇ ગયો. જે માણસ વચ્ચે આવે તે જ મરાય એટલે હું દૂરથી જ જોઇ રહ્યો છું.

પછી મને થાય છે, આ બદમિજાજીને દૂર કરવાની રીત શી હોઇ શકે ? ગપસપ? અશક્ય. ગ્રામોફોન ? નકામું. ચા ? ફટ છે દારૂ ? વાહ વાહ !

બધા દારૂ ઢીંચી રહ્યા છે. કલાકારની આંખો લાલ છે. સદાય હસમુખો અને ખુશ રહેનારો ઍકટર આખો વખત મૂંગો રહેનાર અને થોડા ઓછા સુંદર ઍકટરને કહી રહ્યો છે, 'પ્રેમ ? પ્રેમ ? સાલ્લા તું 'પ્રેમ ને શું જાણે ? હજી કૉલેજનો છોકરો છે તું તો .....હેંઅ.....પ્રેમનો નશો કેવો હોય તે મને પૂછ.........સાલો આ દારૂ તો સાવ ફિક્કો છે.......રાનીને જોઇ છે તેં ?'

'રાની ૧૯૪૪ નંબરની એક્ટ્રેસ છે ને ?' મેં પુછ્યું.

'જી હા, - એ જ - સાલા તું શું જાણે..... એ મારી પ્રેમિકા છે.....સમજ્યો ?

....હેં ? મેં એના માટે મારા માબાપની ગાળો ખાધી ......પ્રતિસ્પર્ધીઓ સાથે લડાઇ કરી...... મારાં ઘરબાર છોડ્યાં ...... આ વીટી.....સાલા જો...... આ ખમીસના બટન......આ કફ બટન........આ બધા સોનાનાં છે........તને શું ખબર એ બધા એણે આપ્યાં છે........ભેટમાં.........પણ હું એને નહીં પરણું, ક્યારેય નહીં પરણું,'એણે નિશ્ચયાત્મક સ્વરે કહ્યું.

'કેમ ?'

'એ મને ચાહે છે એ ખરું પણ એ મારા કરતાં બહુ જ શ્રીમંત છે..... એ મને પરણવાય માગે છે, પણ હું મરી જઇશ પણ એને નહીં પરણું.'

'તું એને ચાહતો નથી ?' એક વેપારીએ પૂછ્યું.

'લક્ષ્મી ચાલ્લો કરવા આવે ત્યારે આમ મોં ધોવા શેનો જાય છે ?' બીજા વેપારીએ પૂછ્યું.

ઍક્ટરે મૂઠીઓ વાળતાં કહ્યું, 'હું જે છું તે જ રહીશ. હું એને પ્રેમ કરું છું. પણ એનો દાસ બનીને ન રહી શકું. હું એનો પ્રેમ ચાહું છું, ધન નહીં.....ઉફ.....' ઍક્ટરે જોરથી ગાલીચા પર મૂઠી પછાડી અને પછી અટ્ટહાસ્ય કર્યું.

ગાલીચો ધ્રુજી ઊઠ્યો. એનો રંગ વિચિત્ર બની ગયો.

'હજી બીજો દારૂ આપ હરામજાદા, !' એ એનો ખાલી પ્યાલો ધરીને બોલ્યો.

હું બોલ્યો, 'રાની. અરે ભાઇ, આજે જ મેં છાપામાં વાંચ્યું કે રાનીએ એક અમેરિકન જોડે લગ્ન કર્યા. '

ઍક્ટરે ધીમેથી દારૂનો પ્યાલો ગાલીચા પર સેરવી દીધો.છતાંય એની આંગળીઓ કાચ પર દ્રઢપણે વળગી રહી. એ આંગળીને વાગતો વાગતો કાચ તૂટીને ચૂરેચૂરા થઇ ગયો.

એ રૂંધાયેલા કંઠે બોલ્યો, 'આ જુઠાણું છે, સરાસર જુઠાણું છે.'

કલાકારે મેજ પર થી છાપું હાથમાં લીધું અને વાંચ્યું.

ઍક્ટરનો ચહેરો..... એ ગાલીચા પર બંને કોણી ટેકવી મારી તરફ જોઇ રહ્યો હતો.... એના ચહેરાનો રંગ બદલાવા લાગ્યો. એ ફિક્કો પડવા લાગ્યો. મડદાની આભા દેખાવા લાગી.

'આ જૂઠ્ઠ છે, બિલકુલ જુઠ્ઠ છે.'

એ ફરીથી ત્રાડી ઉઠ્યો. પછી એકદમ ચૂપ થઇ ગયો. બીજો ઍકટર એના પ્યાલામાં દારૂ રેડવા લાગ્યો. હજુ સુધી એ ચૂપ રહ્યો હતો. પણ પહેલો ઍક્ટર ગાલીચાની લગોલગ આવીને ડૂસકાં ભરતો હતો. પછી એણે ગાલીચા પર લંબાવી દીધું.... મને લાગ્યું કે ગાલીચાનો રંગ ઊડી ગયો... રાતામાંથી સફેદ અને પછી પીળો જાણે આ ગાલીચો નહીં, જીવનનું કફન હોય.

રાની ! રાની ! રાની !

સવારે મેં ગાલીચો ધોવડાવીને સાફ કરાવ્યો. ને જેવો ઓરડામાં પાથર્યો કે તરત જ મારી પ્રેમિકાએ ઓરડામાં પગ મૂક્યો. આ નવા શહેરની મારી પ્રેમિકા હતી. અહીં આવીને કલાકારે ફરી એક વાર પ્રેમ કર્યો હતો. પ્રેમ કરવો કેટલો મુશ્કેલ છે પણ એક વાર પ્રેમનું મૃત્યુ થઇ જાય પછી પ્રેમ કરવો કેટલો સહેલો બની જાય છે ? છે ને ! કેમ બોલતા નથી ? જવાબ દો. મારી પ્રેમિકાના હોઠ જાડા હતા, ગાલ પણ, શરીર પણ અને હાસ્ય પણ, બુદ્ધિ પણ જાડી હતી. એ સ્ત્રી નહોતી, ડબલત્રિબલ ગાલીચો હતી. આજે એ બે ચોટલા વાળીને આવી હતી. એમાં ચમેલીના ફૂલ પણ સજાવ્યાં હતાં.

એ આવીને ગાલીચા પર બેસી ગઇ.

મેં એને ચુંબન કરતાં કહ્યું, 'આજે તો તું ક્લિયૉપેટ્રાનેય હરાવે એમ છે.'

'કિલયૉપેટ્રા શી વસ્તુ છે.?'

'મિસ્રની સમ્રાજ્ઞી.'

'મિસ્ત્ર ?'

'હા, મિસ્ત્ર ! એ દેશ કે જ્યાં મર્યા પછી અહરામ થાય છે અને મરનારની મમી તૈયાર થતી હોય છે..... ભગવાન કરે કે તારું મૃત્યું પણ કિલયૉપેટ્રા જેવું જ થાય.'

'હાય, કેવી વાત કરો છો ? શું થયું'તું એને ?'

'શ્વાસ લેવામાં થાપ ખાઇને મરી ગઇ.'

એક નાનકડો હાયકારો કરતાં એ નજીક આવી મને 'ડરાવો છો, મને ?' કહેતાં મારો હાથ પકડી લીધો.પછી ફરી પાછી એ હસીય, જાણે ભેંસ ભાંભરી રહી ન હોય...... પછી પોતાના હોઠ મારા તરફ લઇ આવી, જાણે કોઇ ઉદાર ખેડૂત રસ્તે જતા અજાણ્યા વટેમાર્ગુને શેરડી ચૂસવા આપતો હોય એમ.

મેં શેરડી ચૂસતાં કહ્યું, 'આ ગાલીચો જીવે છે એકાદ વાર, પણ મરે છે વારંવાર.... આહ.... આ મૃત્યુ વારે વારે કેમ આવે છે ?.....હવે તો છેલ્લું મોત આવેતો સારું.'

'આજે આ તમે વારંવાર મોતનું વર્ણન કેમ કરો છો ?' એ ગણગણી.

'કંઇ નહીં. તું નહીં સમજે.' મેં કહ્યું, 'હા, એ તો કહે, તારા આ તાજા હોઠ, આંખો, વાળ - આ બધામાંથી આટલી સુંદર મહેક શેની આવે છે ?'

'કંઇ નહી,' એ હસતા હસતાં બોલી, 'આજે ખોપરાનું સુગંધી તેલ નાખ્યું છે.'

મેં ગાલીચા તરફ તીરછી નજરે જોઇ લીધું. એનો રંગ ઊડી જઇ રહ્યો હતો. એનુ મૃત્યુ મારાથી જોવાતું નહોતું. હું ગભરાઇને ઓરડાની બહાર નીકળી ગયો.

સીધો સ્ટેશને આવી પહોચ્યો. મનમાં હતું કે ગળા સુધી બીર પીંઉ. માત્ર શરીરને જ નહીં. આત્માનેય એવો તો જુલાબ દઉં કે બધો જ કચરો વહીં જાય, નીકળી જાય. તબિયત હળવી થઇ જાય.

સ્ટેશને બીર પહેલાં જ રૂપ મળી.

'અરે, તમે ક્યાંથી ?'

'જૂનાગઢ ગઇ હતી, પહાડ પર .'

'ને કવિ ?'

એ ઉધરસ ખાતા બોલી, 'એણે મને તજી દીધી.'

'તજી દીધી ? કેમ ?'

'મને ક્ષય રોગ છે. જૂનાગઢ ગઇ હતી ને ?'

એની આંખોમાં લીલો સમુદ્ર હતો અને પીળાશ ભર્યો ફિક્કો ચહેરો ચકરાવામાં ડૂબી રહ્યો હતો. પછી એ ચહેરોય અદ્રશ્ય થઇ ગયો. હવે કવિનો સડેલ ચહેરો લહેરોમાં તરતો દેખાયો. એ માથું હલાવતો જાણે કહી રહ્યો હતો, 'હૂં.'

મેં કહ્યું, 'ક્યાં છે એ હરામજાદો ?'

'જવા દો,' એ વિવેકપૂર્ણ સ્વરે બોલી, 'એને ગાળ ન આપો..... મને હજીય એને માટે પ્રેમ છે....'

'પણ ,.....'

'હા,' એ બોલી, 'પણ પછી - હું મારે પિયર જાઉં છું - આરામથી મરવા હજીય એને માટે પ્રેમ છે......'

'ના-ના,' મેં સખ્તાઇથી કહ્યું, 'હું તને નહી જવા દઉં. જીવને મારી પાસેથી તને છીનવી લીધી. હવે મૃત્યુના દ્વારે બંને સાથે જઇશું અને આ સંસારથી પર જો કોઇ સંસાર હશે તો કદાચ ......'

એ હસી. એ જ ઉજ્જવળ હાસ્ય. એજ ચહેરો. એજ ઝબૂકતુ કુમકુમ. મેં એનો હાથ પકડતાં કહ્યું, 'ઘરે ચાલ, રૂપ ! જીવતાં જીવત તેં મને તારી સાથે ન રહેવા દીધો, હવે મૃત્યુની કેટલીક ક્ષણો તો એવી આપ.'

એના ચહેરા પર સ્મિત ઊપસી આવ્યું. એણે કહ્યું, 'તમને ખબર નથી, જીવન અને મૃત્યુમાં પ્રેમ સરખો વ્યવહાર રાખે છે ?'

ગાડીની સીટી વાગી.

એ બોલી, 'મને આશા નહોતી કે તમે ક્યારેય મળશો. હું રોકાઇ શકતી નથી એનો મને અફસોસ છે. હા, આ પુસ્તક તમને આપું છું, રિલ્કેની કવિતાઓ.'

ગાર્ડે ઝંડી બતાવી.

એ પોતાના ડબ્બા તરફ દોડી. હું એનો ચહેરો જોઇ ન શક્યો. મારી આંખ ફરી એના પગ તરફ જકડાઇ ગઇ. એ પદ ચાલતા રહ્યા, ચાલતા જ રહ્યા, દૂર જતાં જતાંય જાણે નિકટ આવતા રહ્યા. બિલકુલ મારી છાતી પર આવી ગયા અને મેં એ ઝાલીને છાતીની ભીતરમાં છુપાવી દીધા.

જોયું તો ગાડી ઉપડી ગઇ હતી.

પ્રેમિકા મારી વાટ જોઇ રહી હતી. બોલી, 'ક્યાં ગયા'તા ?'

હું ચૂપ રહ્યો.

'આ કઇ ચોપડી છે ?'

'રિલ્કેની.'

'એમાં શું છે ?'

'એક કવિની કવિતાઓ.'

'મને સંભળાવો, શું કહે છે એ ?'

મેં ચોપડી ખોલી. પંદરમું પાનું આંખ સામે આવ્યું. મે ધીમે ધીમે વાંચવા માંડ્યું : 'હે ભગવાન ! તેં જીવન તારી ઇચ્છા મુજબ આપ્યું, હવે મૃત્યુ તો મારી ઇચ્છા પ્રમાણે આપ. બીજું હું કાંઇ નથી માગતો, પ્રભુ !'

'પાછું મૃત્યુ,' એ બોલી, 'ખરાબ શુકન છે.' એણે મારા હાથમાંથી પુસ્તક ઝૂંટવી લીધું. અને પોતાના હોઠ તરત મને ધરી દીધા. ગાલીચો સળગી રહ્યો હતો. લગભગ આગ. જ્વાળાની નદી, પરુનો સમુદ્ર, વિષના મારક ચશ્માં. મેં એને પૂછ્યું, 'તૂ શૂળ છો. મનુષ્યના પુત્રને ખ્રિસ્ત બનાવ્યો બોલ, મને શું બનાવીશ ?'

# ચોરાનો કૂવો

કૃશ્ન ચંદર

મારો દીકરો માંદો હતો. મને તો હતું કે એ મરશે. લોકો તો કહે, 'જો તમે એને ચોરા પરના કૂવે લઇ જઇ એના પાણીનો એક ઘૂંટડો એને ગળે ઉતારી દો તો તમારો છોકરો બચે.'

મેં પૂછ્યું, 'ચોરા પરનો કૂવો ક્યાં આવ્યો ?'

એ લોકો બોલ્યા, 'તે ક્યાંય નહીં ગામમાં છે.'

'ક્યાંય નહીં ગામ ક્યાં આવ્યું ?' મેં પૂછ્યું.

અમારા ગામના સૌથી મોટા વૃદ્ધ વૈદ્યે કહ્યું, 'તમે અહીંથી ત્યાં જાઓ, ત્યાંથી આગળ ત્યાં જાઓ, ને જ્યારે તમે એકદમ ત્યાં પહોંચો ત્યારે ત્યાંથી કયાં આગળ વળી જાઓ અને પછી બરાબર સામ્મું જ તમને ક્યાંય નહીં ગામ જોવા મળશે. એની વચ્ચોવચ ચોરા પરનોકૂવો છે.'

મેં વૃદ્ધનો આભાર માન્યો. દીકરાને છાતીએ વળગાડ્યો ને એને તેડીને ગામની બહાર નીકળી ગયો.

હું અહીંથી ત્યાં ગયો, ત્યાંથી આગળ ત્યાં ગયો, ત્યાંથી એકદમ ત્યાં ગયો અને ત્યાંથી કયાં આગળ જ્યારે હું વળ્યો ત્યારે મારી સામે ચાર રસ્તા ફેલાયેલા નજરે પડ્યા.

એક લાલ રસ્તો હતો.

એક નીલો રસ્તો હતો.

એક કાળો રસ્તો હતો.

એક સફેદ રસ્તો હતો.

અને આ ચારેય રસ્તાઓને ભેદીને મંડલાકાર રૂપે એ ક્યાંય નહીં ગામ વસેલું હતું. એ ગામની વચ્ચે ચોરા પરનો કૂવો હતો.

ચોરા પરના કૂવા આગળ ઘણા માણસો એકઠા થયા હતા. સ્ત્રીઓ અને પુરુષો, બુઢ્ઢાઓ અને બાળકો, ઘણા બધા લોકો જમા થયા હતા, જાણે કે મેળો જામ્યો હતો. એમાં એક ઊંચા ભરાવદાર શરીરવાળો, સફેદ વાળવાળો વૃદ્ધ આમતેમ ફરતો હતો. તે અત્યંત દેખાવડો અને ચારિત્ર્યવાન જણાતો હતો. પ્રત્યેક વ્યક્તિ એને માન આપતી હતી. એ વૃદ્ધ માન સ્વીકારી રહ્યો હતો તે મોટા શાયરની ખુમારીથી પોતાની બાંય

ઉપરનીચે કરતો હતો. એવી શાયરી જે માત્ર ફળવાળી ડાળીઓમાં જ હોય છે.

વૃદ્ધે મને પૂછ્યું, 'તમે આ ગામમાં નવા છો ?'

મેં આદરથી માથું હલાવ્યું.

વૃદ્ધે પૂછ્યું, 'ક્યાંથી આવો છો ?'

'હું અહીંતહીં ગામથી આવું છું. મારો દીકરો બીમાર છે. વૈદ્યરાજે કહ્યું કે જો આને હું ચોરા પરના કૂવાનું પાણી પિવડાવું તો બચી જાય.'

'પાણીથી શું વળે ?' વૃદ્ધે અત્યંત નિરાશ સ્વરે કહ્યું.

'પાણીમાં તો મહાન શક્તિ છે , બાબા.'

'આગમાં મહાન શક્તિ છે, બેટા.'

'આગ અને પાણી બંને ખરેખર મહાન શક્તિઓ છે, બાબા. આગ તો માણસના દિલમાં છે, પાણી એની આંખોમાં છે. જે કામ આગ ન કરી શકે એ પાણી કરી શકે એમ વૈદ્યરાજે તો કહ્યું.'

વૃદ્ધ મારી વાત સાંભળીને હસ્યા. મારા ખભા પર હાથમૂક્તાં બોલ્યા, 'તમારા ગામનો વૈદ્ય ખૂબ સમજદાર લાગે છે. પણ અત્યારે તો આ કૂવાના પાણીનું એકટીપું પણ તમને મળશે નહીં, એ માટે મને અફસોસ છે.'

'શા માટે ?'

'જોતાં નથી, આ કૂવાની સફાઇ ચાલે છે તે ?'

એ જ વેળા એક કૂવો ગાળનારે બહાર નીકળી જાળને ડુબાવી બહાર કાઢી ઊંચી કરી. જાળમાંથી સારો એવો કાદવ જમીન પર આવી પડ્યો. એકદમ ઘણા માણસો દોડી આવ્યા અને પોતાના બંને હાથો કાદવમાં ફંફોળવા લાગ્યા પણ કાદવમાંથી એમને કશુંય હાથ આવ્યું નહીં. કૂવો ગાળનારે ખાલી જાળ હાથમાં લઇ ફરીથી છલંગ મારી.

'આ કૂવો ગાળનાર શું શોધી રહ્યો છે ?' મેં વૃદ્ધને પૂછ્યું.

'કશુંયે ખોળતો નથી,' વૃદ્ધે કહ્યું, 'એ તો કૂવાનો કાદવ બહાર કાઢે છે. બધો કાદવ બહાર આવી રહેશે ત્યારે કૂવો સાફ થઇ જશે. પછી જ તમારા દીકરાને તમે પાણી પિવડાવી શકશો.'

બાળકને લઇ હું કિનારા પર ઊભો રહ્યો કૂવો ગાળનાર ફરી જાળ લઇને બહાર આવ્યો ને કાદવ જમીન પર ખંખેર્યો. કાદવમાંથી એક કાંસકી નીકળી.

એણે પૂછ્યું, 'આ કાંસકી કોની છે ?'

એક નવોઢા છોકરીએ શરમાતાં શરમાતાં એના હાથમાંથી કાંસકી લઇ લીધી અને પોતાના પતિના ખભા પર માથું મૂકી દીધું. એના વાળ સોનેરી અને લાંબા હતા, ચહેરો ઘઉંવર્ણો અને આંખો વિશાળ અને ભૂરી હતી. ક્યારેક તો એ આંખોમાં આંસુ આવે તો મળસકાના આકાશની લાલાશની માફક એ ચમકી ઊઠતી.

'યાદ છે ?' તેણે પોતાના પતિને ધીમેથી કહ્યું અને એની આંગળીઓ કાંસકી પર ફરવા લાગી. કાંસકીનો પ્રત્યેક દાંતો જાણે એક એક મધુર ક્ષણ હોય, જે હવે ક્યારેય પાછી આવવાની ન હોય

'યાદ છે,'એના યુવાન પતિએ કહ્યું અને સ્વપ્નમાં ખોવાઇ ગયો. આ જ કૂવા પર એણે પોતાની શરમીલીને જોઇ હતી. ત્યારે એ સ્નાન કરતાં પહેલાં પોતાના સોનેરી વાળમાં કાંસકી ફેરવી રહી હતી. એ તરસ્યો હતો. એણે પોતાનો અશ્વ આ જ કૂવા પર રોકીને પાણી માગ્યું હતું.

પાણી.

પાણીમાં મહાન શક્તિ છે.

પાણીમાં મહાન પ્રેમ છે.

યુવાન પતિએ પોતાની નવોઢા પાસેથી કાંસકી લઇ લીધી. એને ચૂમી અને ખિસ્સામાં મૂકી. યુવતીએ એને પાણી પાતાં પહેલાં કાંસકી કૂવાના કઠેરા પર રાખી હતી. એના સોનેરી વાળ એના ખભા પર વીખરાયેલા હતા. એ પાણી પિવડાવીને પીઠ ફેરવવા ગઇ ત્યાં યુવાને એનો હાથ પકડી લીધો અને ખેંચાખેંચમાં કાંસકી ઊછળીને કૂવામાં પડી ગઇ હતી.

'યાદ છે ?'

હાથનો એ પ્રથમ સ્પર્શ કોને યાદ ન હોય ? કાંસકી જ્યારે પાણીમાં પડી હતી ત્યારે નજર દિલમાં ઊતરી ગઇ હતી. ત્યારે કેશના એક એક કિરણ સૂર્ય બની ચૂક્યાં હતાં. કોને યાદ ન રહે ?

ડુબકી મારનાર વળી પાછો આવ્યો. એણે ફરીથી જાળ ઠાલી કરી. આ વખતે એમાં એક લાંબી છરી હતી.

ઉજ્જવળ કેશવાળા વદ્ધે છરી હાથમાં લઇ પૂછ્યું, 'આ છરી કોની છે ?'

કેટલીક ક્ષણો એ ભીડમાંથી કોઇ કંઇ બોલ્યું નહીં. બધા જ આ છરીને ઓળખતા હતા. એનો હાથો હાથીદાંતનો હતો. અત્યંત સુંદર. જેની એ છરી હતી તે નવયુવાન પણ એ ભીડમાં ઊભો હતો. સૌ એની તરફ તાકી રહ્યા હતા. બધાને ખબર હતી કે એણે એક અત્યાચારી પોલીસને પૂરો કર્યો હતો. એ પોલીસે એના ગામની વહુ દીકરીઓની ઇજ્જત લૂટી હતી. યુવાનની વિરુદ્ધ કોઇ પુરાવો ન મળ્યો એટલે એના પર કામ ચાલ્યું નહીં. જેણે ગામની ઇજ્જત લૂંટી હતી એનું નામનિશાન આ પૃથ્વીતલ પરથી મિટાવી દેવાયું હતું. પોતાના અપરાધી બાળકને મા જેમ છુપાવી લે તેમ પાણીની એ લહેરોએ પેલી છરીને લોકોની દ્રષ્ટિથી છુપાવી દીધી હતી.

પાણીમાં મહાન શક્તિ છે.

પાણી એ પ્રતિશોધ છે.

એ યુવાનની આંખ લાલ થઇ ગઇ. ઓચિંતા આગળ આવીને એણે વૃદ્ધના

હાથમાંથી છરી લઇ લીધી અને કમરબંધે ખોસી દીધી. એની માએ ગૌરવ અને અભિમાનથી એનો હાથ પકડી લીધો.

ડૂબકી મારનાર ફરી જાળ બહાર લાવ્યો. આ વેળા કાળા રંગના કાદવમાં હાથીદાંતની ઘણી બંગડીઓ હતી.

ગામની સૌથી યુવાન વિધવા ડૂસકાં ભરવા લાગી. લગ્નને દિવસે જ એના પતિએ ઝેર પીધું હતું. તે એટલા માટે કે કોઇ બીજા ગામની છોકરી જોડે એને પ્રેમ હતો - એ છોકરી ક્યારેય એની થઇ શકી નહીં. સુહાગ રાતે જ પોતાના પતિની લાશ જોઇ એ લજ્જાળું ને શરમાળ સ્ત્રી ચીસો પાડતી બહાર દોડી આવી હતી. પછી પોતાની બધી જ બંગડી ઉતારીને કૂવામાં પધરાવી દીધી હતી.

વૃદ્ધ ચુપચાપ ઊભો રહ્યો.....

એ યુવાન વિધવા ધીમે ધીમે આગળ વધી..... વાંકી વળીને એક એક બંગડી અત્યંત કાળજીપૂર્વક લઇ પોતાના પાલવમાં લપેટવા લાગી, જાણે આ બંગડીઓ નહીં પણ પોતાની વણદેખી કામનાઓ ગણી ન રહી હોય ! બધી બંગડીઓ પોતાના પાલવમાં લઇ એ માથું નીચું રાખી ત્યાંથી ચાલી ગઇ. એના ગયા પછી કેટલીય વાર સુધી લોકો ચુપચાપ ઊભા રહ્યા.

વૃદ્ધે કહ્યું, 'આ અમારા પૂર્વજોનો કૂવો છે. એ અમને જીવન આપે અને મૃત્યુ પણ આપે. એના સંકજામાંથી કોઇ બચી ન શકે.'

અચાનક ડૂબકી મારનાર વળી પાછો બહાર આવ્યો. આ વેળા એનો ચહેરો ફિક્કો પડી ગયો હતો. એની છાતી જોરજોરથી ધડકતી હતી. આ વખતે અથાગ ઊંડા પાણીમાંથી છેક ઊંડાણમાંથી કશુંક શોધી લાવ્યો હોય એમ લાગતું હતું.

ડૂબકી મારનારે અત્યંત કાળજીથી જાળ ખોલી. આ વેળા જાળમાં કાદવ આવ્યો હતો. રેતી વધારે હતી. એ રેતીમાં એક નાના બાળકનું શબ હતું.

એકાએક બધા લોકો બે ડગલાં પાછળ ખસી ગયા. ધ્યાનથી બાળકની લાશ જોઇ રહ્યા. એમની આંખો આશ્ચર્યથી પહોળી થઇ ગઇ. ઉજ્જવળ કાંતિવાળા વૃદ્ધે એ મૃત બાળકને પોતાના હાથે ઉપાડ્યું ને કહ્યુ, 'આ બાળક કોનું છે ?'

કોઈ કંઈ બોલ્યું નહીં.

કોઈ આગળ આવ્યું નહીં.

પુરુષોના ચહેરા ફિક્કા હતા. પરણેલી સ્ત્રીઓએ લાજ ખેંચી લીધી. યુવતીઓની નજર નીચી ઢળી ગઈ.

'આ કોનું બાળક છે?' ઉજ્જવળ કાંતિવાળા વૃદ્ધે જરા તીવ્ર સ્વરે ફરી પૂછ્યું.

બધા ચુપચાપ સૂના કૂવાની ચારે તરફ ઘેરો ઘાલી ઊભા હતા. કોઈએ કશો પણ ઉત્તર દીધો નહીં. કોઈએ કહ્યું નહીં કે એ બાળક પોતાનું છે.

વૃદ્ધે એ મૃત બાળકને ડૂબકી મારનારને સોંપતા અત્યંત અફસોસથી કહ્યું, 'ભાઈ,

આને પાછું કૂવામાં નાખી દે.'

અને એ મારા તરફ ખેદ ને દુઃખભરી આંખે જોઈ બોલ્યો, 'અતિથિ! મને ઘણો જ અફસોસ છે કે હવે આ કૂવો સાફ નહીં થઈ શકે. તમે બાળકને એનું પાણી પિવડાવી જિવાડી શકશો નહીં.'

ડૂબકી મારનારે મૃત બાળકને કૂવામાં નાખી દીધું. અચાનક મારા ખોળામાંથી ઊછળીને મારો દીકરો કૂવા તરફ ભાગ્યો, 'થોભો થોભો. હું એ બાળક જોડે રમીશ.'

હું એની પાસે જાઉં તે પહેલાં જ મારા દીકરાએ કૂવામાં કૂદકો માર્યો.

'મારો દીકરો! મારો દીકરો!' કરતો હું આગળ વધ્યો પણ ગામના લોકોએ મને ઝાલી લીધો.

'જોતો નથી?' મેં ખિજાઈને કહ્યું, 'મારું બાળક આ કૂવામાં જતું રહ્યું તે?'

'એ પેલા બાળક જોડે રમવા ગયું છે,' ઉજ્જવળ કાંતિવાળા વૃદ્ધે ધીમેથી કહ્યું.

મેં કૂવા પર ઝૂકીને કહ્યું, 'બેટા! બેટા, પાછો આવ.'

કૂવામાંથી એક ઝેરીલાં હાસ્યનો પડઘો સંભળાયો. જાણે કે કૂવામાં પાણી નહીં પણ ઝેર જ ઝેર ભર્યું હોય એવો એ ઝેરી અવાજ ઊછળીને સારાયે સંસારની તળેટીઓ, શિખરો અને મેદાનોમાં પથરાઈ ગયો.

લોકોએ મને ત્યાંથી ખેંચીને ખસેડયો. મેં બંને ઢીંચણ ટેકવી વૃદ્ધના ઝભ્ભાને પકડી લીધો અને ગળગળા સાદે કહ્યું, 'મારો દીકરો, બાબા! મારો દીકરો મને પાછો આપો -- હું જાતે ચાલીને તારા કૂવા પાસે આવ્યો છું. મને મારો દીકરો પાછો મળે એવું કરો.'

'મળશે', બાબા ટટાર ઊભા રહી ગયા. એમની આંખોમાં એક વિલક્ષણ પ્રકાશનું કિરણ ચમકી ઊઠ્યું. ધીરે ધીરે પણ અત્યંત દૃઢતાથી એ બોલ્યા, 'તારું બાળક તને પાછું મળી જશે. પણ એ ત્યારે જ શક્ય બને કે જ્યારે કોઈ કુમારિકા આ કૂવા પર જાય અને એના કઠેરા પર ઝૂકીને બીજા મૃત બાળકને પોતાનો પુત્ર ગણી બોલાવે.'

હું ત્યાંથી ઊઠ્યો અને ગામની સ્ત્રીઓ પાસે ગયો.

'મારું બાળક મને અપાવી દો.'

પરણેલી સ્ત્રીઓએ પોતાની લાજ લાંબી ખેંચી અને મારા તરફ પીઠ ફેરવી લીધી.

'મારું બાળક મને અપાવી દો.'

કુમારિકાઓએ મોઢાં ફેરવી લીધાં, એમના હોઠ ફિક્કા હતા અને પાંપણો આંસુઓથી કંપી રહી હતી.

'મારું બાળક મને અપાવો.'

ઘરડી ડોસીઓ ધૃણાથી અટ્ટહાસ્ય કરતી હસી પડી. એમની કૂખ આંધળી થઈ ચૂકી હતી એટલે તેઓ ધૃણાથી હસી શકતી હતી.

મેં મારા બંને હાથોમાં મારો ચહેરો છુપાવી લીધો. કારણ કે મારા ગાલેથી ઢળતાં

આંસુ એ લોકો જોઈ ન જાય.

ઘણી વાર પછી મેં મારા ચહેરા પરથી હાથ દૂર કર્યા તો ત્યાં કોઈ નહોતું. મેં જોયું તો એવા ગામમાં હું એકલો ઊભો હતો જે ક્યાંય નથી. એવા કૂવા પર ઊભો છું, જે દરેક ચોરા પર છે અને મારા બાળકને બચાવવા માટે આ કૂવા પર આવે એવી કોઈ કુમારિકાની પ્રતીક્ષા કરી રહ્યો છું.

# નો અને યસ

કૃષ્ન ચંદર

છેલ્લું મહાયુદ્ધ સન ૨૧૬૫માં ખેલાયું. પૃથ્વીનું નિકંદન નીકળી ગયું. બચી ગઈ માત્ર ત્રણ વ્યક્તિ :

૧. પ્રોફેસર મહેતાબ.

૨. ચાર વર્ષનો એક હબસી છોકરો.

૩. એક છ માસની ફ્રેન્ચ છોકરી. એનું નામ મિસ નો હતું.

પ્રોફેસર મહેતાબ પોતાના જમાનાના પહેલેથી જ મહાન જીનિયસ ગણાતા ફોટોન રૉકેટ એમણે શોધી કાઢ્યું હતું. રૉકેટ પ્રકાશની ગતિ ધરાવતું. જે આકાશમાં દરેક ઠેકાણે મળી આવે છે તેવા ઈથરના કાચા તત્ત્વથી ઑક્સિજન, હાઈડ્રોજન અને નાઈટ્રોજનના પરમાણુઓ ઉગાડી શકતું અને એમાંથી ખોરાક પણ પેદા કરી શકતું. એણે ગુરુત્વાકર્ષણનો કોયડો પણ ઉકેલ્યો હતો અને તે બનાવટી ગુરુત્વાકર્ષણ પણ પેદા કરી શકતું.

હમેશાં તાપની જેમ સૂર્યથી અલગ થતાં શ્વેત કિરણોની પણ એણે માહિતી મેળવી હતી, પરંતુ આ કિરણો રાત્રે કે દિવસે દેખાતાં નથી, એ કિરણોને સાત રંગમાં વહેંચી શકાતાં પણ નથી. ઍક્સ-રે, રાડાર, અણુવીક્ષયંત્ર, રેડિયો, ઇલેક્ટ્રોનિક પણ એને સપાટામાં લેવા અસમર્થ હતાં. પ્રો. મહેતાબે એક ઍન્ટિમીટર યંત્રથી આ કિરણોનું અસ્તિત્વ સાબિત કર્યું હતું. એની વિશેષતાઓથી જગતને પરિચિત કર્યું હતું.

પ્રોફેસર મહેતાબે સાબિત કર્યું હતું કે માનવ માનવમાં એકબીજા પ્રત્યે જે ધૃણા પેદા થાય છે તે માટે આ અદશ્ય શ્વેત કિરણ જ જવાબદાર છે. આ કિરણો ધીરે ધીરે સૂર્યના અંદરના ભાગમાંથી નીકળીને મનુષ્યની નસેનસમાં પ્રસરી જાય છે.

પરંતુ પ્રોફેસર મહેતાબ એ સફેદ કિરણોના હાનિકારક પ્રભાવનો કોઈ તોડ લાવી શકે તે પહેલાં જ આ દુનિયા સન ૨૧૬૫ની છેલ્લી લડાઈમાં નેસ્તનાબૂદ થઈ ગઈ. કોઈ કહેતાં કોઈ બચ્યું નહીં. મેં આગળ જણાવ્યું તેમ ત્રણ વ્યક્તિ જ બચી. પ્રોફેસર મહેતાબ, મિસનો અને હબસી છોકરો – જેનું નામ યસ હતું.

પ્રોફેસર મહેતાબે આ દુનિયા છોડી દીધી અને પોતે પૃથ્વી પરથી ઊડી સૂર્યમંડળને છેદી, આકાશગંગાની પેલે પાર રહેલા ડ્રોમેદા ગ્રહ પર ચાલ્યા ગયા. ડ્રોમેદા ગ્રહને બે

સૂર્યો ગરમી આપી રહ્યા હતા, પરંતુ તે ગરમી ઉગ્ર નહોતી, કારણ તે આધેડ વયના સૂર્યની ગરમી હતી. આ ઉપરાંત બંને સૂર્યોમાંથી જુદા જુદા પ્રકારના કિરણો નીકળતાં હતાં. એક સૂર્યમાંથી પૃથ્વીવાળા સૂરજની જેમ અદશ્ય શ્વેત કિરણો નીકળતાં હતાં. તે બીજાં કિરણોને ખતમ કરી નાખતાં હતાં. એટલે જ આ ગ્રહનું ઉષ્ણતામાન સમધારણ રહેતું હતું. અહીં કોઈના દિલમાં ક્રોધ કે નફરત જન્મતાં નહીં. આ નફરતથી માનવ માનવનો દુશ્મન થઈ જાય. ઓછી ગરમી, ઓછી ઠંડી અને ગુરુત્વાકર્ષણ પણ એટલું ઓછું હતું કે આ બંને છોકરાં ગ્રહની સપાટી પરથી કૂદકો મારતાં તો હજાર ગજ ઊંચે પહોંચી જતાં.

માનો કે એ ગ્રહ પૃથ્વી હોત તો ધરતીની સપાટી ઉપરથી ઊછળીને આ બંને છોકરાં માઉન્ટ એવરેસ્ટને સ્પર્શી શક્યાં હોત. પ્રકાશ જાણે કે ધીરે ધીરે એવી રીતે ચળાઈને આવતો હતો કે કુમારી નોએ કિરણોના તાણાવાણાથી સુંદર સ્વેટર ગૂંથી લીધું હોય અને યસકુમાર જો કશી વાત પર ખડખડાટ હસી પડે તો એ હાસ્ય હવામાં આઈસ્ક્રીમ બનીને ઊડી જતું.

આ ગ્રહમાં આખો દિવસ આ છોકરાં પોતાનાં હાસ્યનો આઈસ્ક્રીમ ખાધા કરતાં ને પહાડો તો જોકે માઉન્ટ એવરેસ્ટ કરતાંય ઊંચા જ હતા, પણ સાવ પોચટ તત્ત્વોના એ બનેલા હતા ને જરાક પણ અંગૂઠાથી જોર લગાવો કે તરત જ આખો ને આખો પહાડ જમીન પર ઢળી પડતો. યસકુમાર અને કુમારી નો માટે આ એક મજાની રમત હતી. બંને રોજ એ ગ્રહની ટેકરીઓ પર રમતાં ને એ મુજબ વાતાવરણમાંયે ફેરફાર થયા કરતો.

પ્રોફેસર મહેતાબે અત્યંત વિચાર કરીને આ ગ્રહ પસંદ કર્યો. એમને ખબર પડી ગઈ હતી કે હજારો વર્ષથી માનવીની નસેનસમાં પેસી ગયેલી નફરત એક દિવસ જોર પકડશે અને માનવજાતને ખતમ કરી નાખશે. અલબત્ત, સમય ઘણો જ ઓછો હતો ને એ કિરણનો કોઈ ચોક્કસ ઉકેલ તે લાવી શકે એમ હતો નહીં, એટલે જ એમણે ધીરે ધીરે પોતાના વિશાળ ફોટોન રૉકેટ દ્વારા કેટલીયે વાર સૂર્યમંડળની બહાર ઉડ્ડયનો કર્યાં. માણસજાત બીજી કોઈ જગ્યાએ જઈને એ કિરણોથી બચી શકે એટલે એમણે એવા ગ્રહની શોધમાં ફર્યા કર્યું. ને આ ગ્રહ એમને સદ્ભાગ્યે જલદી મળી ગયો. ત્યાર પછીનાં દસ વરસમાં એમણે માનવીના જ્ઞાન અને કલાવિષયક સમગ્ર સંસ્કૃતિના મૂલ્યવાન અનુભવો અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓ જાસૂસની જેમ જમીન પરથી ઉઠાવી એ ગ્રહ પર ઢાંસી દીધાં પછી બધી વ્યવસ્થા જ્યારે થઈ ગઈ અને એમના વૈજ્ઞાનિક અનુભવોને આધારે આ વિષયમાં એમને ખાતરી થઈ ગઈ ત્યારે ડ્રોમેદા ગ્રહ છોડીને એ આપણી પૃથ્વી પર ખુશખબર આપવા ઊતર્યા કે એમણે એક આવો ગ્રહ શોધી કાઢ્યો છે કે જેમાં રહેવાથી માત્ર માનવી જ નહીં પણ એની સભ્યતા ને

સંસ્કૃતિના વિકાસનું પણ રક્ષણ થાય છે.

પણ અફસોસની વાત છે કે પ્રોફેસર મહેતાબ જ્યારે ડ્રોમેદા ગ્રહેથી પાછા આપણી ધરતી પર આવી રહ્યા હતા ત્યારે છેલ્લા મહાયુદ્ધના અંતિમ શ્વાસ ચાલતા હતા. માનવજાત ખતમ થઈ ચૂકી હતી ને એની સભ્યતા છિન્નભિન્ન થઈ ગઈ હતી. પ્રોફેસરના ખુશખબર સાંભળવા કોઈ હયાત નહોતું. મહામહેનતે પ્રોફેસર મહેતાબને ધરતીના બે અલગ અલગ ટુકડાઓ પરથી આ બે છોકરાં મળી ગયાં ને એમને લઈને પોતાના ફોટોન રૉકેટમાં બેસાડી એ પાછા નવા ગ્રહ તરફ ઊડયા.

ડ્રોમેદા પહોંચીને એમણે એ બેઉના રક્ષણમાં ને એમના શિક્ષણમાં રાતદિવસ એક કર્યાં. આ બેઉ જણાં માનવજાતને આગળ લંબાવવાનાં હતાં. એમનામાંથી એક પણ મરી જાય કે એકાદની શિક્ષણપદ્ધતિ ખોટી ઠરે તો એની એ સમસ્યાઓ ફરી પાછી ઊભી થાય, જેણે માણસને એકવીસમી સદીમાં મૃત્યુના મુખમાં ધકેલી દીધો હતો.

એટલે જ પ્રોફેસર મહેતાબે આ બે છોકરાનું શિક્ષણ, ભરણપોષણ ને દેખરેખમાં ક્યાંયે ખામી આવવા દીધી નહીં. એમને પોતાના મૃત્યુ પહેલાં માનવજાતિના આ બે પ્રતિનિધિઓને માનવજ્ઞાન, સભ્યતા ને સંસ્કૃતિની પૂરેપૂરી થાપણ સોંપી જવી હતી. એ થાપણ પૃથ્વી પર અત્યારે તો ફરી પેદા થવાની નહોતી.

વિજ્ઞાન, ઇતિહાસ, સાહિત્ય, દર્શનશાસ્ત્ર, અર્થશાસ્ત્ર ક્યાંય જીવનની એક પણ બાબત છટકી ન જાય. પ્રથમ સ્વરવ્યંજનથી લઈને શેકસપિયર, કાલિદાસ, દાન્તે, તુલસીદાસ ને ગાલિબ કે નરસિંહ મહેતા સુધી -- વિજ્ઞાનમાં સફરજનના પડવાથી લઈને તારાઓના ઉડ્ડયન સુધી એટલે કે ન્યૂટનથી આઇનસ્ટાઈન અને પ્રોફેસર મહેતાબ સુધીના જ્ઞાનનો કેટલો મહાન ને મૂલ્યવાન ખજાનો એમણે થોડાંક જ વર્ષમાં આ બંને કુમળી વયનાં બાળકોને સોંપી દેવાનો હતો.

સમય ઓછો હતો અને એ દિવસે દિવસે વૃદ્ધ થતા જતા હતા. છ માસની એ ફ્રેન્ચ છોકરી હવે સો‌ળ વર્ષની ચંચળ સુંદરી બની ગઈ હતી. વાંકડિયા વાળવાળો, મદભરી આંખોવાળો ને શરમાતો એ હબસી છોકરો છ ફૂટ ઊંચો, વિશાળ છાતીવાળો નવયુવાન બની ગયો હતો અને એકવીસમાં વર્ષમાં પગલાં માંડી રહ્યો હતો.

બંનેને કેળવણી સાથે જ અપાઈ રહી હતી. પ્રોફેસરની નજરે બંને સરખાં જ હતાં, ન કોઈ ચડિયાતું કે ન તો કોઈ ઊતરતું. એ બંનેને એકસરખાં જ ચાહતા. ઇલેક્ટ્રોનિક મગજ દ્વારા બંનેને દરરોજ સરખા જ માનવજ્ઞાનના કોષ આપવામાં આવતા હતા. બંને હોશિયાર અને બુદ્ધિમાન હતાં. અને હવે તો છેલ્લાં પંદર વર્ષની કેળવણીને લીધે બંનેના મગજ જ્યાં માનવીની બુદ્ધિ પંદરમી સદી સુધી પહોંચી હતી ત્યાં પહોંચી ગયાં.

પ્રોફેસર અત્યંત ખુશ હતા. થોડાં જ વર્ષોમાં તો બંને જણાં વીસમી સદીના જ્ઞાનને

પણ આંબી જશે. ત્યારે એમનું બાકીનું શિક્ષણ પૂરું થઈ જશે. **હજારો વર્ષોથી પોતાના અનુસંધાનમાં માનવીએ મેળવેલા કોષો વ્યર્થ જશે નહીં, માનવીનો વિકાસ અટકશે** નહીં, એ પોતાના નવા જગતમાં આગળ વધ્યા **કરશે.**

પણ એનો વંશ કઈ રીતે આગળ વધશે ? બીજો માનવ આવશે કઈ રીતે?

અત્યારે તો આ ગ્રહ પર માત્ર ત્રણ વ્યક્તિઓ હતી -- જ્ઞાન ને જાદુથી એકબીજાને આધારે રહેલી એ વ્યક્તિઓમાં એક પ્રકારનો, ઘરમાં હોય એવો મનમેળ કે પ્રેમ ક્યાં હતો? એવું ઘર તો પ્રોફેસરે જમીન પર જ મૂકી દીધું હતું, એ ગુમાવી ચૂક્યા હતા. આ બંને યુવાનો જેનાં સુખોથી અપરિચિત હોય એવું એ ઘર.

ગજબની વાત હતી, કુમારી નો અને યસકુમાર બંનેનું પાલન એકસાથે જ થયું હતું. બંને સાથે જ મોટાં થયાં હતાં. બંને એકબીજાની સોબતમાં રહેવા માટે લાચાર જેવાં જ હતાં, કારણ એ સિવાય એમનો અન્ય કોઈ સાથી હતો નહીં. પ્રોફેસર હતા પણ તે પિતાતુલ્ય હતા, ગુરુ સમાન હતા. એ એક દયાળુ વૃદ્ધા પુરુષ માત્ર હતા. હવે કાયદાથી એ બંનેને પ્રેમ કરાવીને માનવજાતને આગળ વધારવાની જરૂર હતી. પ્રોફેસરે એ બંનેને અનેક વાર સમજાવ્યાં હતાં અને તેઓ પણ કંઈ બાળક નહોતાં હવે કે ન સમજે. તેઓ જાણતાં હતાં કે જો એકબીજા જોડે વિવાહ નહીં કરે તો પછી એનું પરિણામ ભયાનક આવવાનું હતું. એ ગૅલેકસીમાં એક સુબોધ શૃંખલાબદ્ધ માનવજીવન સદાને માટે સમાપ્ત થઈ જવાનું હતું. પણ કોણ જાણે કેમ એવી તે કઈ વાત હતી કે તેઓ એકબીજાને ચાહી શકતાં નહોતાં. પ્રેમ કરી શકતાં નહોતાં એકબીજાની સાથે રહેતાં હતાં, એકબીજાને પસંદ કરતાં હતાં, પણ પ્યાર કરી શકતાં નહોતાં.

યસકુમારને વાંધો એટલો જ હતો કે નો આટલી બધી ગોરી કેમ ? આટલી ગોરી છોકરી આપણને ન ગમે, એ કહેતો.

નોને યસના કાળા વાન સાથે કશો વાંધો નહીં પણ એના વાંકડિયા વાળ એને જરાય ગમતા નહોતા, 'મને તો સીધાસાદા વાળવાળો છોકરો ગમે.'

'મને તો કાળી આંખોવાળી છોકરી જોઈએ. જરાક શામળીયે હોવી જોઈએ,' જીભાજોડી ભલે કરે પણ અંતે તો હાર કબૂલી લે તેવી!'

'વાહ! હું શેની હારું? હું ... હું ...'નો છણકો કરતી કહેતી, 'ને તારાથી હારું?'

'...અને નો, વાતે વાતે શેરશાયરી ન કહેવા માંડે તો સારું!' યસને વિજ્ઞાન, ગણિત, બીજગણિતમાં વધારે રસ હતો. નોને શાયરી, સાહિત્ય, દર્શનશાસ્ત્ર અને ગપસપમાં રસ હતો. ઘણી ભાષાઓ એને આવડતી ને રૉકેટ સુદ્ધાં હાંકતી.

'એટલે તું શું એમ સમજે છે કે તારા જેવા પંડિત, નીરસ ને બીજગાણિતિક બેવકૂફને હું પરણી લઈશ?'

'યસ', યસ બોલ્યો.

'નો', નોએ કહ્યું, 'મારે માટે તો પાણીના પરપોટા જેવો નમ્ર, સૂર્ય જેવો રૂપાળો ને રૉકેટ જેવો ગતિશીલ હોય એવો છોકરો જોઈએ, નહીં કે હંમેશાં ઊંધીચત્તી ફૉર્મ્યુલાઓ શોધ્યા કરનારો તારા જેવો બુદ્ધુ છોકરો.'

'પણ એવો છોકરો આવશે ક્યાંથી?' પ્રોફેસર વિવશ થઈને નોને પૂછતા, 'તમે બે જ રહ્યાં છો. હું તો કહું છું જલદી લગ્ન કરી લો. આવતાં વીસ વરસમાં માનો કે તમારાં સોળસત્તર બાળકો પણ થાય...' પ્રોફેસર ફરી હિસાબમાં ખેંચાઈ ગયા.

'પણ આને હું પ્રેમ કરતી નથી,' નો રડમસ થઈને બોલી, 'એ જ્યારે મારા હાથને અડે ત્યારે એના હાથ મને બિલકુલ ઠંડા લાગે છે. મને લાગે છે કે જાણે બરફ જ ન અડી ગયો હોય. મને તો અંગારાની જેમ ભભૂકતો છોકરો જોઈએ.'

'ને આ મહાબદસૂરત છે.' યસ ગંભીર થઈ જતો ને કહેતો, 'એની ભૂરી આંખો ને ડોક પર બેશુમાર નાના નાના તલ ને લાલ લાલ હોઠ, જાણે સમારેલું માંસ, હું આવી છોકરી સાથે પ્રેમ નહીં જ કરી શકું.'

પ્રોફેસર નિરાશ થતા માથું ખંજવાળવા લાગ્યા. એમનો જીવનભરનો પુરુષાર્થ નિષ્ફળ જતો હતો. એ જગતના સૌથી મહાન જીનિયસ હતા ને અત્યારે તો સૃષ્ટિની છેલ્લી જ બુદ્ધિમાન વ્યક્તિ હતી. એ બધું જ જાણતી હતી -- સર્વ જ્ઞાન, સર્વ વિજ્ઞાન ને બધી જ કલાઓ, પણ પ્યાર વિશે કશું જ નહીં.

પાછું વળીને જોયું તો એને પોતાનું બાળપણ યાદ આવ્યું. પોતે ગલીઓમાં ઊછર્યો હતો, એક ભિખારણે એને ઉછેર્યો હતો. એની મા કોણ હતી? એનો બાપ કોણ હતો? એને કશું યાદ નહોતું. એની જરૂર પણ એમને પડી નહોતી. નાનપણમાં જ એમને જીવનની સમજણ શીખવી પડી. કેટલા અંધકારમય દિવસો હતા એ! ગલીઓની ધૂળમાં રગદોળાવું, દાદરાઓની પાછળની બદબૂભરી જગ્યામાં સૂવું, પાદરીની ખેરાત પર પોષાવું, ફંડફાળાથી શિક્ષણ પામવું. અને જ્યારે વખત બદલાયો ત્યારે પ્રકાશમય દિવસોની ચમક પણ કેવી! હીરાઓ જેવા ખાનાદાર ને કઠોર એ દિવસો. ઇજ્જત મળી, પૈસા મળ્યા, શક્તિ મળી, પણ આ બધાંની વચ્ચેય પ્રેમ તો ન જ મળ્યો. જે કામ એ કરી રહ્યા હતા ને જે કામ એણે જમીન પરથી પોતાને માથે ઉપાડ્યું હતું તે એટલું મહાન હતું કે એને કદી પ્રેમની જરૂર જણાઈ જ નહોતી. એ અજનબી પ્રકરણથી તે અજાણ જ રહ્યા હતા. મહોબતની લાગણીઓ વિશે એમણે ઘણું વાંચ્યું હતું. આ બંને યુવાનોને ભણાવ્યું પણ હતું. પણ જાણવું એ જુદી વાત છે અને અનુભવી જાણવું એ જુદી. એ ક્યારેય પ્રેમમાં સમજ્યા નહીં ને પોતાની આગ એમણે માચીસની કાંડીની જેમ વાપરી હતી કે એમની આંગળી દાઝે નહીં ને એટલે જ મહોબત વિશે બીજાંઓને સમજાવવામાં પણ પોતે સફળ થયા નહીં.

જ્યારે એમને લાગ્યું કે હવે પોતે કશું કરી શકે તેમ નથી તો મનમાં થયું કે પૃથ્વી

પર ફરી એક ચક્કર લગાવી આવવું જોઈએ. કદાચ ધરતી પર એના જેવી કોઈ બે વ્યક્તિ એકલીઅટૂલી કે જુદી જુદી એ ઉજ્જડ રણમાં મળી જાય. એ ધરતી કે જે ઉત્તમ સંસ્કૃતિનું એક ઘર હતું, જ્યાં તેઓ કદાચ એકબીજા સાથે લગ્ન કરવા તૈયાર થાય અને પ્રોફેસરની સાથે આ ગ્રહ પર પાછા આવીને માનવવેલાને વધારવામાં મદદ કરે. એમને એટલી બધી ઉમેદ તો હતી નહીં, પણ છેલ્લો એક પ્રયાસ કરવામાં ખોટ શી જવાની હતી?

એમણે વિચારેલી યોજનાથી આ બંને યુવાનોને વાકેફ કર્યા વિના જ એ લોકોને કહ્યું કે પોતે પૃથ્વી પર સભ્યતા ને નાગરિકતાનાં શેષ રહેલાં ચિહ્નો જેવા ફોટન રૉકેટ લઈ જઈ રહ્યા છે, ને આવવું હોય તો બંને આવી શકે છે.

યસ અને નો તરત જ તૈયાર થઈ ગયાં. બંને જણાં પોતપોતાનું વતન જોવા અધીરાં થઈ ગયાં -- એ જગ્યા કેવી હશે, જ્યાંથી તેઓ આવ્યાં હતાં? જેનાં સંસ્કૃતિ અને ઇતિહાસ વિશે એમને પ્રોફેસર પાસેથી ઘણું ઘણું સાંભળવા મળ્યું હતું. તેઓ પેતાના પૂર્વવતન ને પોતાના પૂર્વજોની પૃથ્વી જોવા જશે જ — માત્ર એક ઐતિહાસિક અને ભૌગોલિક જ્ઞાન ખાતર!

પૃથ્વી પર ઝાંખું ધુમ્મસ છવાયેલું હતું. ફોટોન રૉકેટ પૃથ્વીના વાયુમંડળમાં પ્રવેશી ધીમે ધીમે ઊડવા લાગ્યું ત્યારે સવારની મેલી લાલી ચારે બાજુ છવાઈ હતી. સૂર્યનો રંગ કબૂતરના લોહી જેવો ગંદો રાતો હતો, સર્વત્ર શહેરોનાં ખંડેર ખડકાયેલાં હતાં, વૃક્ષો ભસ્મીભૂત થઈ ચૂક્યાં હતાં, ખેતરોમાં રાખ ઊડતી હતી, હવામાં બારુદની ગંધ પ્રસરેલી હતી ને ક્યાં પણ માનવી જીવનનું એક પણ ચિહ્ન નજરે પડતું નહોતું.

પ્રોફેસર મહેતાબે એમનું ફોટોન કેટલીયે વાર જમીનની ચારે તરફ ઘુમાવ્યું. પોતાના ઇલેક્ટ્રૉનિક અને રાડારવાળા દૂરબીનથી પૃથ્વીના સ્તરેસ્તરની તપાસ કરી જોઈ પણ ક્યાંય માનવજીવનની નિશાની જણાઈ નહીં. જોરદાર તેજવાળી હવા માતેલા આખલાની જેમ સૂકા મહાદ્વીપો પરથી પસાર થઈ રહી હતી, દરિયાઓમાં પાણી હતું પણ પીનાર કોઈ નહોતું. વિશાળ મોટાં શિખરો બરફનાં છત્ર પહેરી ઊભાં હતાં. ક્યાંક કેડીઓ પર ઘાસ ઊગવા માંડ્યું હતું, પણ ત્યાં ચાલનાર કોઈ નહોતું.

થોડા થોડા અંતરે રૉકેટની અત્યંત બળવાન માઇક સિસ્ટમ પર પ્રોફેસર એલાન કરતા -- 'કોઈ પણ જગ્યાએ કોઈ માનવી હોય તો બોલો. કોઈ પણ જગ્યાએ કોઈ માનવી હોય તો બોલો.' અને રૉકેટની ઇલેક્ટ્રૉનિક એન્ટના કરોળિયાની જાળની જેમ પોતાના તાણાવાણા ફેલાવીને કોઈ પણ ઇન્સાનનો બારીકમાં બારીક અવાજ સાંભળવા વ્યાકુળ હતો.

કોઈ ક્ષીણ અવાજ, કોઈ બાળકની કાલી બોલી, માનવીય અવાજની કોઈ નાનામાં નાની લહેર પણ નહીં. જો હોત તો આ એન્ટના તરત એને પકડી પાડત. પણ જવાબમાં

કોઈ અવાજ આવ્યો નહીં.

રૉકેટ એક નિઃશબ્દ વાતાવરણમાં ફરતું રહ્યું. એ હંમેશ બડબડ કરનાર ને ક્યારેય ચૂપ ન રહેનાર માનવીને, હાય! એક ચૂપકીદી વળગી ગઈ હતી. જે ભાષણ આપતા, ગીતો ગાતા, જે ધર્મના નામે યુદ્ધનું એલાન કરતા, જે અધિકાર અને ત્યાગની સાક્ષી ખાતા કપાઈ મરવા તૈયાર થઈ જતા, એ બધા કપાઈ મૂઆ હતા. એમની સાથે જ એમની સચ્ચાઈઓય પરવારી ગઈ હતી. એમનાં ધર્મકર્મ, હક ને અધિકાર, ન્યાયનાં ધોરણો ને સઘળા વાદો - બધું જ ખતમ થઈ ચૂક્યું હતું.

દરિયાનું જળ રોતું હતું, વૃક્ષોની ડાળીઓ મૂકી ગઈ હતી, લાલિમા બનીઠનીને ક્ષિતિજ પરથી ઊતરી આવી હોવા છતાંય એને ચાહનાર કોઈ જીવ હતો નહીં ને ફરી એ નિરાશ થઈને સૂર્યની ગોદમાં પાછી ફરી ગઈ હતી.

ધીમે ધીમે ફોટોન પૃથ્વીની અત્યંત નજીક ઊતરીને ઊડવા લાગ્યું. પ્રોફેસર ઓચિંતાના ઉદાસ જેવા બની ગયા. એણે ધીરે ધીરે કહેવા માંડ્યું -- જાણે કોઈ કરુણ કથાનો અંતિમ પરિચ્છેદ સંભળાવી રહ્યા હોય :

અહીં ન્યૂયૉર્કની ગગનચુંબી ઇમારતો હતી, કમનીય કાયાવાળી રમણીઓનું શહેર પૅરિસ અહીં હતું, ચૅખોવ, દોસ્તોએવ્સ્કી ને ટૉલ્સ્ટૉયની પ્રિયતા મૉસ્કો નગરી આ હતી, આ પેકિંગ, નાજુક ઇમારતોવાળું શહેર — ને આ ટોકિયો, મિશાઓ અને ચેરી વૃક્ષોના વૈભવનું શહેર, અહીં તહેરાન હતું, સુંદર ગુલાબોનો હિંડોળો, આ લાહોર, સિંહ અને બીજાં જનાવરોનું કુસ્તીનું કેન્દ્ર, ને આ દિલ્હી, હિંદુસ્તાનની રાજધાની : સપ્તસંસ્કૃતિઓનું સંગમસ્થાન. પણ આ બધું જ અત્યારે કેવળ ખંડેર હતું - - ખામોશ, અવાજહીન, વેરાન, રણો અને ભાંગ્યાંતૂટ્યાં ખંડેરો, ક્યાંય કોઈ ઇમારત બચી નહીં, એકે મકાન નથી સલામત કે નથી સાબૂત. માત્ર ખંડેરોના ઢગના ઢગ.

પ્રોફેસરનો અવાજ સુકાઈ ગયો ને એ ગમગીન બની ગયા, જાણે એ ઉદાસ યાદોમાં ડૂબી ગયા હોય. પણ અચાનક પ્રોફેસર ચમકીને આશ્ચર્યથી નીચે જોવા લાગ્યા.

'એં...' એમનાથી બૂમ પડાઈ ગઈ.

યસ અને નો આ બૂમ સાંભળી એમની નજીક આવી ગયાં. એમની આંખો પણ પ્રોફેસરની આંખોની જેમ નીચે જોવા લાગી.

સાચે જ એક ઇમારત નીચે પોતાની મૂળ સ્થિતિમાં સાબૂત ને સહીસલામત ઊભી હતી. બંને આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયાં. આંખો ચોળી જોઈ. સાચે જ એ ઇમારત ઊભી હતી. એ કાંઈ દૃષ્ટિભ્રમ નહોતો. આખી પૃથ્વી પર આ એક જ ઇમારત આટલી સલામત હતી.

પ્રોફેસરે પોતાનું રૉકેટ ધીરે રહીને ઇમારતની સામે જ ઉતાર્યું. ને ત્રણે જણાં બહાર નીકળી એ ઇમારત તરફ આગળ વધ્યાં. એ એકલી મગરૂર ઇમારત જે આ

પૃથ્વી પરના માનવોની અંતિમ ઈમારત હતી તે પોતાની અસલ હાલતમાં એમની એમ ઊભી હતી.

અંધારું વધતું ગયું, પણ જ્યાં આ ઈમારત હતી ત્યાં અંધકાર હતો નહીં. જાણે અંધકાર પણ આ ઈમારતને અડકવાની હિંમત ન કરી શકતો હોય એમ લાગતું હતું.

દરિયા કિનારે એક સુંદર ને સોહામણું સજળ સ્વપ્ન કોઈ સુંદરીની માફક આળસ મરોડતું પોતાની મર્મર બાજુઓ ઉપર ઉઠાવીને મહોબ્બતના દરબારમાં નમાજ પઢી રહ્યું હતું.

નો 'તાજમહાલ' ઓળખી જતાં બોલી ને દોડતી દરવાજામાં પ્રવેશી ગઈ. પ્રોફેસર તાજમહાલ વિશે એ બંનેને કહી ચૂક્યા હતા. એનું ચિત્ર પણ એમણે બતાવ્યું હતું જ્યારે અત્યારે તો સાચો તાજમહાલ જ નજર સામે હતો.

બધું ખતમ થઇ ગયું હતું ને તાજમહાલ બચી ગયો હતો એ એક અદ્ભુત વાત હતી. હવે એ ત્રણે જણાં આશ્ચર્ય અને આનંદથી કાંપતા મનોભાવો પોતાના અંતરમાં લઈ તાજના આંગણામાં આવી ઊભાં. સહસા ચોથનો ચન્દ્રમાં એક મરમરી મિનાર પર આવીને અટકી ગયો. એવું લાગ્યું કે કોઈ કોમળ આંગળી પર ચાંદીની વીંટી પહેરાવાઈ ગઈ હોય.

'આહ!' નોના દિલમાંથી એક ઊંડો લાગણીભર્યો અવાજ નીકળ્યો. એણે યસનો હાથ પકડી લીધો ને એને ધીરે ધીરે હવામાં હલાવવા લાગી, 'તારો હાથ અંગારાની જેમ કેમ ભભૂકી રહ્યો છે?'

'ઓહ, તું આટલી બધી સુંદર છે!' યસે નોને કહ્યું, 'મને ખબર નહીં.' તે આશ્ચર્યચક્તિ થઈને નોના ચહેરા તરફ એવો તો જોવા લાગ્યો જાણે એને પહેલી જ વાર જોઈ રહ્યો હોય.

નોએ પ્રોફેસરને કહ્યું, 'હું યસને પરણીશ. ને અમે આ તાજમહાલના ખોળામાં જ રહીશું. અહીં જ અમારાં બાળકો જન્મશે.'

'શું બકે છે?' પ્રોફેસરે ગભરાઈને કહ્યું, 'આ નફરતભર્યા યુદ્ધોની ભૂમિ છે. રાખ અને ખૂનથી લદાયેલી, ભાઈભાઈના ખૂનની તરસી જાલિમ ભૂમિ છે, ફરીથી એ જ વસ્તુનું પુનરાવર્તન કરીશ?'

'જ્યાં સુધી તાજમહાલ બાકી છે ત્યાં સુધી માનવીની મહેચ્છાઓ પણ બાકી જ છે,' નો અત્યંત પ્રેમપૂર્વક તાજમહાલ તરફ જોઈ રહી હતી.

'તમારે માટે ફોટોન રૉકેટમાં હું તાજમહાલને ડ્રોમેદા ગ્રહ પર લઈ જઈ શકું છું.'

'આનાથી મોટો કોઈ અન્યાય નથી, પ્રોફેસર!' યસ ગભરાઈને બોલ્યો.

'આ તાજમહાલ તરફ જુઓ તો ખરા. જાણે કે એને માનવીએ બનાવ્યો જ નથી, જમીનમાંથી આપોઆપ ફૂટી નીકળ્યો છે. આ તો આ જ ધરતીનું સ્વપ્ન છે અને એવું

સ્વપ્ન ચોરાય નહીં.'

'પણ આ જમીન પર ધૃણાનું કિરણ વરસે છે અને એ માણસની રગેરગમાં પ્રસરે છે, એનું શું?' પ્રોફેસરે ત્રાડ નાખી.

'તો પછી આ તાજ બન્યો કઈ રીતે?' યસે પૂછ્યું.

'નફરતોની આ જમીનમાંથી મહોબ્બતની આ ઇમારત કઈ રીતે ઊગી?' નોએ પ્રોફેસરને પૂછ્યું અને મજબૂત રીતે યસનો હાથ પકડતાં બોલી, 'એમ ન કહો, પ્રોફેસર!' આમ કહો કે ક્યારેક તો એવો અવસર આવશે, ક્યારેક તો સુગંધ ફેલાશે, ક્યારેક તો મહોબ્બત જાગશે! ને ગામેગામ ગલીએ ગલી આ દુનિયા પર રાજ્ય કરશે!'

પછી એક ઊંડો શ્વાસ લઈ નોએ યસની છાતી પર માથું મૂકી દીધું. આંખો મીંચીને શાંતિમય ભાવથી એ બોલી, 'હું મારાં બાળકોને જોઈ શકું?'

એ તાજનો સંદેશો લઈને આખીયે દુનિયામાં ફેલાવી રહ્યાં હતાં.

# મૈથુન

**રાજેન્દ્રસિંહ બેદી**

બજાર જ વિસ્તરી ગયું હતું અથવા કારભાર ઓસરી ગયો હતો. લાગતું હતું કે પશ્ચિમ તરફ જ્યાં સડક શરૂ થાય છે અને આકાશને વીંટળાઇને આખરે એકદમ નીચે ઉતરી આવે છે ત્યાં જ દુનિયાનો કિનારો આવી જાય છે.

આખો દિવસ માથું ફરી ગયા પછી મગન ટકલા(રદ્દીવાળો) ને માત્ર બે જ ચીજો હાથ લાગી હતી - એક ફ્લોરેન્ટિન અને બીજી જૈમિની રાય. ફ્લોરેન્ટિનને તો કોઇ માથાનો ફરેલો ફિલ્મ પ્રોડ્યુસર ભાડે લઇ જાય પણ જૈમિની રાય ? કંઇ નહીં, આજે એ એને છુપાવી રાખશે તો કાલે એના દીકરાઓ કે દીકરાના દિકરાઓ એમાંથી કરોડોની કમાણી કરશે. હજુ આજેય પશ્ચિમમાં કોઇને ત્યાંથી લિયોનાર્દોના સ્કેચ નીકળી આવે તો કલાના બજારમાં એની કિંમત લાખોની થઇ જાય છે. આ લાખો કરોડોના વિચારથી જ મગનલાલની આંખોમાં વીજળી ચમકવા લાગી અને એ ભૂલી ગયો કે એની ઉમર ચાળીસ-બેતાળીસની છે અને પોતે ટાલિયો હોવા ઉપરાંત કુંવારો છે ! એટલે પુત્ર-પ્રપૌત્રોનો સવાલ જ ક્યાં ઉભો થાય છે ! મગન બિચારો કરેય શું ? એ તો એક સાધારણ હિંદુ હતો.આટલો મોટો કારભાર હોવા છતાં અંદરથી એની વૈશ્ય વૃત્તિ જતી ન હતી. હા, વાતો કરતી વખતે પૈસાને 'માયા તો આમ આવે.........' કહીને ટાળી દેતો, પરંતુ તે પૈસાને અંતરથી ચાહતો હતો. દુનિયાભરમાં પૈસાની જો કોઇ પૂજા કરતું હોય તો તે માત્ર હિંદુઓ જ. દિવાળીના દિવસોમાં કરેલી લક્ષ્મીપૂજાનો રૂપિયો એના પટારામાંથી આજેય મળી આવે. દશેરાના દિવસે ગાડી ઉપર ગલગોટાના ફૂલના હાર હોય અને સ્ત્રીપુરુષો સાથે મળીને લક્ષ્મીના મંદિરે જવાનાં જ - પૂજાય કરવાનાં. પૈસા માટે તો યુસુફ જેવો ભાઇ ને પદ્મિની જેવી પત્નીને વેચવા પણ તૈયાર થઇ જાય.

અને સામે હતો સિરાજા - ઇઝ બૅટરીનો એજન્ટ. એની દુકાન પીપળાના વૃક્ષ પાછળ સહેજ ઢંકાઇ જતી હતી. અહીં ધાર્મિક હિંદુઓ રોજ સવારમાં પાણીમાં મેળવેલા દૂધના લોટા ઢોળી જતા હતા અને સડકની વચ્ચેની જગ્યાએ કાદવકીચડ જામી જતો. ભાગલા પછી હિંદુસ્તાનમાં રહી ગયેલા સિરાજાને ધાર્મિક હિંદુઓના રિવાજ પ્રત્યે આદરભાવથી જોવુ જ પડતું. હા, ન કરે તો નાલાયક કૂતરાઓ ટાંગ ઊંચી કરી કરીને આ પીપળા ઉપર પેશાબ કરતા હતા જેને વિશે ભગવાને કહ્યું હતું, '.....અને વૃક્ષોમાં

પીપળો હું છું....' સુડતાળીશના ઝઘડાઓમાં જેઓ હિંદુઓના હાથે માર્યા ગયા તેઓ પાછલા જન્મમાં મુસલમાન હોવા જોઇએ.

સિરાજા હંમેશા પીપળાની કૂંપળો ચાવતો નજરે પડતો. એનો અર્થ એ કે બજારમાં મંદી છે અથવા એને ભૂખ નથી. એના વીર્યને ગાઢું કરે એવી દરેક ચીજ સિરાજા ખાતો હતો. હા, એનું કામ જ છે : ખાવુપીવું અને ભોગ કરવો. એ મનથી એવો માણસ છે જે હિંદુસ્તાનમાં રહીને પાકિસ્તાનની વાતો કરે. અને પાકિસ્તાનમાં હોય તો કહે, 'મેરે મૌલા ! મને મદીના બોલાવી લે.' એને કોઇ વાતમાં રસ નથી. મગનટકલો ઘણી વાર એના વિશે વિચારે છે - એનો અલ્લાહ ખૂબ આરામ કરે છે. એક મારો ભગવાન જ એવો છે જે નીચે નહીં પણ ઉપરના માળે પ્રગતિ કરે છે. કદાચ સિરાજાય એની જાણ બહાર એક તાંત્રિક છે જે વીર્ય(બિંદુ)ની રક્ષા માટે કુંડલિની જાગ્રત કરે છે. અને ઉપનો રસ્તો બનાવે છે. તેઓ સ્ત્રીઓની શી દશા થતી હશે ! એમને ભૂખીતરસીને રડતીકકળતી રાખી કોઇ કેવી રીતે મોક્ષ મેળવી શકે ? અને ક્યા ભગવાનને પામી શકે ? કારણ કે મોક્ષ તો બિંદુથી છુટકારો મેળવવામાં નથી - પુરુષ માટે કે પછી સ્ત્રી માટે ? સ્વાતિબિંદુ જ મોતી નથી કે છીપ એય મોતી નથી. જ્યારે સ્વાતિબિંદુ છીપમાં પડે ને એનું મુખ બિડાય ત્યારે મોતી બને છે.

રાત ઉતરી આવી હતી. બહાર દુનિયાનો કિનારો અંધારા સાતે થોડો વધારે નજીક સરકી આવ્યો હતો. રેશમવાળા વિલાયતીરામ, કાશ્મીરી બાદશાહ અને ઉડુપીના ચક્રપાણિની દુકાન પણ બંધ થઇ ગઇ હતી. હા, મહિનાનો બીજો શનિવાર હોવાથી કદાચ એનાં બધાં ઇડલી-ઢોસા-સંભાર, રવાકેસરી વેચાઇ ગયાં હોય. માત્ર સિરાજાની દુકાન ઉઘાડી હતી. કોણ જાણે એ શુંય વિચારતો હશે ? રાત્રે કોઇને બૅટરીની અચાનક જરૂર પડે એવા પણ ખ્યાલ હોય ! એ ઘણી વાર મળસ્કે જ દુકાન ઉઘાડીને બેસી જતો. અત્યારે કદાચ સિરાજા ટુરિસ્ટ એજન્ટની રાહ જોઇ રહ્યો હતો. પછી બેઉ જણા મળીને આગ્રા કે ખજુરાહોનો કાર્યક્રમ ઘડી કાઢે, થોડા પૈસા કમાઇ લે. પણ એને ક્યાં પૈસાનીયે પરવા હતી ? એને તો વિદેશી સ્ત્રીઓમાં રસ હતો. એવી સ્ત્રીઓ કે જે અનેક વાર લગ્ન ને છૂટાછેડાને કારણે ભૂખી ને ભૂખી આવતી ને મુમતાજના પ્રેમને અમર કરવા જાણે કોઇ પણ શાહજહાંની તબિયત ખુશ કરી દેતી. કહો કે એ રીતે ખજૂરાહોના મૈથુનને જીવંત બનાવતી.

એટલામાં સિરાજાના સાદે મગનલાલ ચોંકી ગયો, 'હેલો, સ્વીટી પાઇ !'

સિરાજા લગભગ અભણ હતો,પરંતુ ટુરિસ્ટોની સાથે રહીને આટલું અંગ્રેજી તો એણે શીખી જ લીધું હતું. એના અવાજથી મગન સમજી ગયો કે કીર્તિ આવી ગઇ છે.

એ સાચે જ કીર્તિ હતી. નાના કદની ને ભરાવદાર દેહવાળી એ એક ઉદાસ છોકરી હતી. એનો રંગ શ્યામ હતો ને એણે જાંબલી રંગની લુંગી પહેરી હતી. જાણે અંધકારનો કોઇ ટુકડો આકાર ધારણ કરીને આવ્યો હોય એમ લાગ્યું. એ હંમેશા રાતે

જ આવતી. કદાચ એ પોતાની જાતને છુપાવવા માંગતી હોય. સિરાજા એની દુકાન આગળ ઉભો હતો ને કીર્તિ હંમેશ મુજબ એના તરફ ધ્યાન આપ્યા વિના, એની જોડે વાત કર્યા સિવાય આવી હતી. છતાં સિરાજા સીટી વગાડ્યા કરતો હતો.

પણ કીર્તિ ક્યારેય વાત જ ક્યાં કરતી હતી ? એની સાથે, બીજા સાથે કે કોઇની સાથેય નહીં ! તમારે અની સાથે વાત કરવી હોય તો એવા પ્રશ્નો શોધી કાઢવા પડે જેનો જવાબ માત્ર હા કે ના માં હોય, એટલે એને માત્ર જમણીડાબી બાજું કે પછી ઉપરનીચે માથું હલાવવાનું જ રહે. સિરાજા એની છેડતી કરે એ મગનને ક્યારેય પસંદ નહોતું. એણે ઘણી વાર મગનને આ અંગે કહ્યું પણ હતું -

'તુ યાર કોઇ ઇશ્કના ચક્કરમાં તો નથી પડી ગયો ને ? જવાન છોકરી છે, પાડી દે! જો આમતેમ જોવામાં રહીશ તો પંખીની જેમ એ ક્યાંક ઊડી જશે.'

પરંતુ મગને તો આ વાત સાંભળી એને ધમકાવી કાઢ્યો હતો.

આમેય મગનનો ધંધો બહુ રકઝકવાળો હતો. કીર્તી કોઇ લાકડાનું કામ અથવા શિલ્પ બનાવીને વેચવાની ગરજે એની પાસે લાવતી તો એ દૂધમાંથી પોરા કાઢતો. ક્યારેક કહેતો, 'આવી ચીજોની હમણાં માંગ નથી.' અને કોઇ વાર વળી કહેતો, 'કલાની કસોટીએ બહુ ઊણી ઊતરે છે.' કીર્તિ મોઢું ચઢાવતી. જો કે આ બધા પાછળ મગનલાલનો એક જ આશય હતો કે સો રૂપિયાની ચીજોને એ દસપંદર રૂપિયામાં પડાવી લે. ને પછી એ આ જ ચીજને બરોબર 'સીઝન' કરીને સેંકડો રૂપિયે વેચે.

કીર્તિ આ કામ કોઇ આર્ટસ્કૂલમાં શીખી નહોતી. એનો બાપ નારાયણ એક શિલ્પી હતો. એ ભાઉ દાજી ને જેમ્સ બર્ગ્સની જોડે નેપાળ અને બીજી કોણ જાણે ભારતની કેટલીય જગ્યાએ અવનવી કલાકૃતિઓની શોધખોળમાં રહેતો. જોકે આવી કલાકૃતિઓ લંડનના મ્યુઝિયમ કે ન્યૂયોર્ક અને શિકાગોની ઍન્ટિકની દુકાનોમાં ખડકાઇ જતી. દર વર્ષે આપણાં મંદિરો ને મૂર્તિઘરોમાંથી સેંકડો મૂર્તિઓ ગાયબ થઇ જતી અને હજારો માઇલ દૂર આવેલી ક્યૂરિયો જેવી દુકાનોમાં ગોઠવાઇ જતી. નારાયણ સતત પ્રવાસથી કંટાળી જઇને પાછો આવ્યો હતો ને પછી ઘરમાં જ શિલ્પ બનાવવાની શરૂઆત એણે કરી. કીર્તિ આ બધું ધ્યાનથી જોયા કરતી ને વચમાં વચમાં બાપને ઓજાર આપવા જેવું કે થોડું રફ વર્ક જેવું કામ કર્યા કરતી. નારાયણ ઘરે બેસી રહ્યો હતો એટલે એ વાત જાણતો નહોતો કે કલાકૃતિ બનાવેલી તૈયાર હોય એના કરતાં અપ્રાપ્ય એવી ચીજો ની કિંમત બેચારગણી જ નહીં, સોગણી પણ મળી શકે. કદાચ એ આ જાણતો હોય તોપણ એ એવા લોકોમાંનો એક હતો જે પૈસાનું તત્કાલ મૂલ્ય સમજતા. પણ એ જ પૈસાનો વિસ્તાર કેમ કરવો એ જાણતો નહીં. એ શિલ્પ બનાવ્યા કરતો ને માંડ રોજીરોટી કમાઇ શકતો. આખરે એક દિવસ આ રીતે રોજની આજીવિકાની ચિંતામાં જ એનું મોત નિરમાયું હશે. કારણ કે એક વાર જગદંબાની મૂર્તિ બનાવતાં એને પોતાનું જ એક ઓજાર હાથમાં વાગ્યું, ધનુરવા થયો અને બાજુના

ગામની હૉસ્પિટલમાં જ એ મરી ગયો. કહે છે કે એ કૂતરાને મોતે મર્યો. અને એવું મોત એને ન કેમ આવે ? જ્યારે દેવીની મૂર્તિ એ બનાવતો ત્યારે દિવસો ને મહિનાઓ સુધી એ મૂર્તિનાં છાતી, કૂલા ને બીજાં અંગો પર એની નજર ઠેરવ્યા કરતો. નાના શિલ્પોમાં તો છાતી સાવ શૂન્ય જેવી હોય પરંતુ મોટાં શિલ્પોમાં એ જ છાતી ખાસ્સી ઘડાના આકાર જેટલી વિશાળ હોય. મૂળે તો છાતી દુધના મોટા ઘડા જેવી રહેતી અને કૂલા હાથણીના માથા જેવા હતા, જેમાંથી બે સૂંઢ જેવા પગ નીકળતા. એણે દુર્ગાની મૂર્તિ પણ બનાવી હતી. દુર્ગા ભયાનક દેવી હોય છે. આવી દેવીઓનાં શરીર બનાવતાં નારાયણ કૂતરાના મોતે ન મરે તો શું મારી તમારી જેમ મરે ?

'શું લાવી છે ?' મગન ટકલા એ કીર્તિને પૂછ્યું. પોતાના ઉપરણાના પાલવમાંથી લાકડાનું એક શિલ્પ કાઢ્યું ને ધીરેથી મગનની સામેના ટેબલ પર ગોઠવી દીધું. ઉપરના લૅમ્પના પ્રકાશ બરાબર ત્યાં જ કેન્દ્રિત થતો હતો. એને જોતાં પહેલાં મગને એક ખખડધજ ખુરશી કીર્તિ તરફ સરકાવી. પણ એ ઊભી જ રહી.

'કીર્તિ તારી માને હવે કેમ છે ?'

કીર્તિએ કશો જવાબ આપ્યો નહીં. એણે એક વાર સડક તરફ પાછળ નજર કરીને જોયું ને જ્યારે મગન તરફ ચહેરો ફેરવ્યો ત્યારે આંખ ઝૂકેલી હતી.

જ્યાં એના બાપ નારયણે પ્રાણ છોડ્યા હતા એ છાવણીની હૉસ્પિટલમાં જ કીર્તિની માને દાખલ કરવામાં આવી હતી. એ ડોસીનો રોગ કંઇક વિચિત્ર જ હતો. પેટમાં કાણું પાડી નળી મૂકીને ગોઠવેલી બાટલીમાં મળમૂત્રત્યાગ કરાવવો પડતો હતો. એ બાટલી હવે ઘસાઇ ગઇ હતી અને બીજી વેચાતી લેવા પૈસાની જરૂર હતી. આ વાત એણે મગનને સીધી રીતે કરી હોત તો એ કંઇક જુદી વાત કરત પણ આ વુડવર્ક જોઇને મગન ભડક્યો.

'પાછું એનું એ જ ? મેં તને કેટલી વાર કહ્યું છે કે આજકાલ આવી ચીજોનો ભાવ કોઇ જ પૂછતું નથી ? આ પોઢી ગયેલા વિષ્ણુ, ઉપર શેષનાગ ને પાછી લક્ષ્મી એના પગ દબાવે છે.....' મગને કહ્યું.

કીર્તિએ મોટી મોટી આંખોથી મગન તરફ જોયું. એ આંખો જાણે પૂછતી હતી, '.... તો બીજુ બનાવું પણ શું ?'

'આજકાલ બને છે એ!'

'આજકાલ શું બનાવાય છે ?'કીર્તિએ આખરે જીભ ખોલી. કોઇ પક્ષીની ચાંચ હાલતી દેખાય પણ અવાજ સંભળાય નહીં એમ મહામુશ્કેલીએ એનો અવાજ સાંભળી શકાયો.

મગને ધીરે રહીને રસ્તો કાઢતાં કહ્યું, 'બીજું કાંઇ નહીં તો ગાંધી બનાવ .... નહેરુ બનાવ....' ને પછી જાણે કોઇ ભૂલ સુધારી લેતો હોય એ રીતે બોલ્યો 'કોઇ ન્યૂડ !'

'ન્યૂડ ?'

'હા આજકાલ લોકો ન્યૂડ પસંદ કરે છે'

કીર્તિ ચૂપ થઇ ગઇ. કુંવારી હોવાને કારણે એ શરમાઇ શકે, લજ્જા આવી શકે, પરંતું શરમાવું એને પરવડે તેમ ન હતું. એને તો માત્ર એ વાતની ચિંતા હતી કે મગન આ વુડવર્ક ખરીદીને પૈસા આપે છે કે નહીં. કંઇક વિચારતા અટકીને એણે કહ્યું, 'મને નથી આવડતું .....'

'શી વાત કરે છે ? તારા બાપે તો અનેક ન્યૂડ બનાવ્યા છે.'

'એ તો બધા દેવીઓના હતા.'

'એથી શો ફરક પડે છે ?' મગન ટકલાએ કહ્યું, 'દેવી ખરી પણ આખરે તો સ્ત્રી જ ને ? તું પણ એ જ બનાવ, પણ મહેરબાની કરીને એનામાં કોઇ દેવત્વનું આરોપણ ન કર.... અરે, તારા બાપે આવું બધું કર્યુ એટલે તો એને આવું મોત આવ્યું..... સ્વર્ગવાસી થયા....'

કીર્તિએ પોતાના જીવનના અતીતમાં ડોકિયું કર્યું. એને માટે હવે ઊભા રહેવાનું શક્ય નહોતું. કોઇ બીજા જ ભયથી એના અંગો કંપી રહ્યા. એ પેલી ખુરશી પર બેઠી તો નહીં પણ સહારો લઇને ઊભી રહી. આ રીતે ઊભા રહેતાં એના શરીરના આકર્ષક અંગો ઊભરી આવ્યા. કેવું શિલ્પ હતું કે જેને ઉપરના નહીં, નીચેના નારાયણે બનાવ્યું હતું ! મગનલાલના મનમાં પસંદગી અને નાપસંદગીનું દ્વંદ્વ મચી ગયું ને એ જાણતો નહોતો કે એની સામે ઊભેલી છોકરીના મનમાં પણ લાચારીને બીજા ભાવોનું ઘમાસાણ ચાલી રહ્યું હતું. કીર્તિનું મુખ સુકાઇ ગયું હતું. ગળે ડૂમો ભરાઇ આવ્યો હોય તેમ એ બોલી -

'હું બનાવું ? પણ મારી પાસે મૉડેલ નથી....'

'મૉડેલ ?' મગન એની નજદીક આવતાં બોલ્યો.

'સેંકડો મળી શકે ..... આજે તો કોઇ ખૂબસૂરત છોકરીને પૈસાનો ચમકારો બતાવો કે એકદમ .....'

કીર્તિએ કશું કહ્યું નહીં પરંતુ મગને સ્પષ્ટ સાંભળી લીધું, 'પૈસા ....' ને પછી પોતે જ બોલ્યો

'માણસ પૈસા ખર્ચે તો જ પૈસા બનાવી શકે.'

આ વાતથી કીર્તિ વધારે ઉદાસ બની ગઇ. પછી એની આંખો ભીની થઇ ગઇ. સ્ત્રીની આ જ દશા થાય છે - જે પુરુષમાં વસેલા પિતાને કે પ્રેમીને જગાડે છે. ટૂંકમાં મગને પોતાના હાથ લંબાવ્યા, જેથી એને છાતીએ ચાંપીને કહે,

'મારી જાન, તું ફિકર ન કરતી..... હું છું ને !'

પરંતુ કીર્તીએ એને હડસેલી દીધો. મગન ભોંઠો પડી ગયો. થોડી વારમાં જ જાણે કાંઇ બન્યું ન હોય એમ મગને કીર્તિના વુડવર્કને પાછું આપવા હાથમાં લીધું અને કહ્યું,

'મને આની જરૂર નથી'

અ દરમિયાન કીર્તીએ પણ કંઈક વિચારી લીધું હતું. પહેલા એણે નીચે જોયું પછી એકદમ નજર ઉઠાવીને બોલી,

'હવે આવીશ ત્યારે ન્યૂડ લઈ આવીશ. હમણાં આ લઈ લો ....'

'ચોક્કસ ?' મગને હસતાં હસતાં પૂછયું.

કીર્તિએ હકારમાં ડોકું હલાવ્યું. મગને ધાર્યું હતું કે કીર્તિ હસી પડશે, પણ એ તો પહલાં કરતાંય વધારે ગંભીર બની ગઈ. મગને કબાટના ખાનામાંથી દસની નોટ કાઢી કીર્તિને આપતાં કહ્યું,

'લે.'

'દસ જ રૂપિયા ?'

'હા, મેં કહ્યું ને કે આ મારે માટે નકામું છે ? આનાથી વ ધુ. હું નહીં આપી શકું....'

'આટલામાંથી તો....'કીર્તિએ વાક્ય પૂરું કર્યું નહીં, વાત કરવાની સમગ્ર શક્તિ જાણે એનામાંથી હણાઈ ગઈ હતી. અને આટલી વાતથી પૂરી વાત મગન સમજી શકે એમ હતો.

'આટલામાંથી તો બોટલ પણ નહી આવે..... દવાનો ખર્ચો પણ નહીં નીકળે.... રોટલોય નહીં નીકળે'-'બધા ગરીબ અને લાચાર લોકોના આ જ શબ્દો હોય છે,' એણે કીર્તિ તરફ જોઈ કહ્યું.

'મને ખુશખુશાલ કરી દે તો પૈસા આપું....' અને આવું કહેતાં એણે બે આંગળીઓથી ઈશારો કર્યો અને કોઈ નાચનારી સમક્ષ પ્રશંસા કરતો હોય એ રીતે આંખ મારી.

કીર્તિ બહાર આવી ત્યારે એના હોઠ સખત બીડેલા હતા. એ થોડી હાંફતી હતી. પાછા ફરતી વખતે દોઢ-બે માઈલ વધારે ચાલવુ પડે છતાં કીર્તિ અવળે રસ્તે ઘેર જતી, કારણ સિરાજા સાથે મેળાપ થાય એમ એ ઈચ્છતી નહોતી. છતાં આજે એણે સીધો રસ્તો પકડ્યો. માઈકેલ આવી ગયો હતો અને સિરાજા એની સાથે કશુંક ખાઈ રહ્યો હતો. કીર્તિ ડોક ઊંચી રાખી, નાકના ફણગા ફુલાવતીકને પસાર થઈ. સિરાજા એ કંઈક કહ્યુ ખરું પણ મગનેય એ સંભળાયું નહીં. કોણ જાણે કીર્તિ મનમાં શું વિચારતી હશે ? સિરાજા પુરુષ હતો, ને કદાચ દુશ્મન હોય તોય ક્યારેક કામ આવે, એમ એ વિચારતી હોય કે ક્યાં તો કશી લેવાદેવા ન હોય એવો પુરુષ પણ પાછળ પડે એવી સ્ત્રીપ્રકૃતિને એ વશ થઈ હતી અથવા એને જોઈને સીટી વગાડે અને છાતી પર હાથ મુકીને એ ઊંડો નિઃશ્વાસ લે તોય સ્ત્રીને ગમે.

સિરાજ જરૂર કોઈક 'એફ્રોડિજ્યાક' ખાઈ રહ્યો હશે - માઈકેલ એને માટે લાવ્યો હશે. બંને જણ મળીને કદાચ મગન ટકલા પાસે આવે અને એની મજાક પણ કરે. પણ

મગન ટકલાએ તો એ પહેલા જ દુકાન બંધ કરી દીધી હતી. એ તો દરવાજો બંધ કરી કીર્તિનું વુડવર્ક જોઇ રહ્યો હતો. કામ ખરેખર નમૂનેદાર હતું. શેષનાગનો નીચેનો ભાગ તો અદ્ભુત હતો જ ઉપરનો કાબરચીતરો ભાગ પણ સુંદર હતો. થોડાંક ટપકાંની મદદથી કીર્તિએ રંગ જમાવ્યો હતો. કોઇ પણ સ્ત્રી મનોમન કેવાં પુરુષને ઝંખે એવા એ વિષ્ણુ હતા. પણ લક્ષ્મી ઢગલા જેવી પડી હતી. કોઇ પુરુષના પગ દબાવતી હોય ત્યારે સ્ત્રીનાં અંગોના થતા વળાંકની ને એના હલનચલનની શું કીર્તિને ખબર નહીં હોય ? કીર્તિ પોતે સ્ત્રી હોવાના કારણે એને સ્ત્રી કરતાં પુરુષમાં વધારે રસ હોય એ વાત પણ સાચી નથી. પોતાના રૂપની બાબતમાં લગભગ આત્મરતિમાં ડૂબેલી હોય છે. આ આત્મરતિ મર્યાદાની બહાર છલકાઇ જાય ત્યારે કોઇ પણ પુરુષની મદદથી એ એને માર્ગ આપે છે.

મગન ટકલાએ એક હાથમાં વુડવર્ક લીધું અને બીજા હાથમાં ચાકુ લઇ શિલ્પ ઉપર '**सिद्धम् नमः**' ના અક્ષરો કોતરી દીધા. પાછળના ઓરડામાં એ પહોંચી ગયો. માટીના ઢગલાની અંદર મૂર્તિ મૂકીને કાથાનું પાણી એની ઉપર છાંટી દીધું. બસ, થોડી વારમાં જ મૂર્તિ સૈકાંઓ જૂની પ્રાચીન બની ગઇ હોય એવા ડાઘા એના પર ઊપસી આવ્યા. બીજે દિવસે ટુરિસ્ટો પાસે આ મૂર્તિ લઇ જવાઇ ત્યારે એઓ ખૂબ ખૂશ થઇ ગયા. મગને એમને કહ્યું કે આ મૂર્તિનો ઉલ્લેખ કાલિદાસના 'રઘુવંશ'માં આવે છે. રઘુજીએ કોંકણ પ્રદેશમાં ત્રિકુટ નામનું શહેર વસાવ્યુ હતું. આ જગ્યાએથી આ મૂર્તિ મળી આવી છે. આવી કેટલીક મૂર્તિઓ મૈસૂરના ચમાર રાજા વાડિયર પાસે અને કેટલીક મારી પાસે છે. અને આ રીતે કીર્તિ પાસેથી માત્ર દસ રૂપિયામાં લીધેલી મૂર્તિ મગન ટકલાએ સાડા પાંચસોમાં વેચી.

આ પછી એક અઠવાડિયામાં જ કીર્તી ન્યૂડ લઇ આવી. એની મા તો માંદી હતી જ, હવે એ પણ માંદી થઇ ગઇ હતી. એને થોડો થોડો ન્યુમોનિયા લાગુ પડ્યો હતો. એ વારંવારં ખાસ્યા કરતી અને ગળા ઉપર એણે જૂના ફાટેલા કપડાથી રૂની પટ્ટી લગાવી હતી.

અગાઉની જેમ કીર્તિએ મૂર્તિને મગન ટકલાની નજર સામે ગોઠવી દીધી.આ વખતે એણે શિલ્પ લાકડામાંથી નહીં, પથ્થરમાંથી કોતરી કાઢ્યું હતું. મગન ટકલા સામે એ ભયયુક્ત ઉત્સુકતાથી જોઇ રહી. મગન જો આ શિલ્પને નાપંસદ કરે તો એ હડહડતું જુઠ્ઠાણું જ સાબિત થાય. જોકે ન્યૂડને જોતાં જ મગને ખૂબ પ્રશંસા કરી. ફરિયાદ માત્ર એટલી જ કરી કે શિલ્પ ઘણું નાનું હતું. એ જો પૂરા માનવકદનું બનાવાયું હોત તો બંનેને ખૂબ લાભ થાત.

મગને યક્ષિણીની મૂર્તિ હાથમાં લીધી. મુગ્ધતાથી જોઇ રહ્યો. કીર્તિ ખરેખરું ન્યૂડ હજી બનાવી શકી નહોતી. મૂર્તિના દેહ પર ભીના વસ્ત્ર જેવું આવરણ હતું. અને કીર્તિએ કમાલ તો એ કરી હતી કે એ ભીના વસ્ત્રના આવરણમાંથી હજીય પાણીનાં

બિંદુ ટપકતાં હતાં. વસ્ત્ર ક્યાંક શરીર સાથે ચીટકી ગયું હતું તો ક્યાંક શરીરથી અલગ હતું. વસ્ત્રનું આવરણ સ્ત્રીના અંગોને છુપાવવાને બદલે વધુ સ્પષ્ટ રીતે પ્રગટ કરતું હતું

મૂર્તિ પરથી નજર હટાવીને મગન ટકલાએ કીર્તિ સામે જોયું ત્યારે અનાયાસે એના મુખમાંથી ઉદ્ગાર સરી પડ્યો : 'વાહ !' આ પ્રશંસાનો ઉદ્ગાર સાંભળી કીર્તી એણે પહેરેલી જાંબુડી રંગની સાડીના છેડાથી એનું શરીર ઢાંકવાનો પ્રયાસ કરવા લાગી. છતાં મગનથી એ વાત છાની ન રહી કે નિર્વસ્ત્ર બનીને અરીસાની સામે જાતે જ ઊભી રહી કીર્તિએ આ ન્યૂડ બનાવ્યુ છે. કેટલીયે વાર એણે કપડાને ભીંજવીને શરીર ઉપર પહેર્યું હશે - એ કારણે એને શરદી થઇ ગઇ હતી અને એ ખાંસતી હતી. આ માત્ર પૈસાની વાત નહોતી. સ્ત્રીમાં વફાદારી અને આત્મસમર્પણની ભાવના પણ ક્યાં નથી હોતી ? મગન ટકલાએ વિચાર્યું ને પછી અજાણ બનતાં પૂછ્યું -

'તારી માને કેમ છે ?'

કીર્તિ જાણે કે એકદમ રોષે ભરાઇ. એને એકધારી ખાસી આવવા લાગી અને એ ખાંસી શમતાંયે ખાસ્સી વાર લાગી. મગન ગભરાઇ ગયો હતો. શરમાઇ ગયો. પછી માથું ઝુકાવતાં મગને જે સવાલ કર્યો એ પણ નિરર્થક હતો -

'તો પછી તને મૉડેલ મળી ગયું હતું ?'

કીર્તિએ પહેલાં નજર નીચી કરી અને પછી દુકાનની બહાર એ દિશામાં જોઇ રહી જ્યાં સડક આકાશને અડકીને પછી નીચે ઊતરતી હતી. મગનને થયું કે એ કીર્તિને આવી અસહાય સ્થિતિમાં છે ત્યારે પકડી લે અને જેને માટે એ પોતે પણ કદાચ તડપતી હોય એવા વખાણના બે શબ્દો કહે, પણ એણે વિચાર્યું કે આમ કરવાથી પૈસા વધારે આપવા પડશે. એણે આ વખતે મનોમન કીર્તિને સો રૂપિયા આપવાનું નક્કી કર્યુ. માની બાટલી ને બીજાં દવાદારૂ કદાચ સોમાં નયે આવે પણ એ તો સો રૂપિયા જ આપશે. અને મનમાં ગભરાતો હતો કે કદાચ કીર્તિ આ ન્યૂડના વધારે પડતા પૈસા માગી ન બેસે.

'આની શું કિમંત આપું ?' એણે આમ જ બેદરકારીથી પૂછ્યું.

કીર્તિએ શંકાશીલ નજરે જોતાં કહ્યું, 'આ વખતે તો હું પચાસ રૂપિયા લઇશ.'

'પચાસ ? !'

'હા, એક પૈસોય ઓછો નહીં....'

મગને ચાળીસ રૂપિયા કીર્તિ સામે ધરતાં કહ્યું,

'વારું, તું માગે છે એ કબૂલ. પણ હમણાં મારી પાસે ચાળીસ જ છે. દસ પછી લઇ જજે....'

કીર્તિએ પૈસા લીધા અને કહ્યું, 'અચ્છા'

એ જવાની તૈયારી કરવા ગઇ ત્યાં મગને કહ્યું, 'સાંભળ'

કીર્તિ એની ગતિ રૂંધીને 'મને પકડી લો' ની મુદ્રામાં એને જોઇ રહી. મગન ટકલાએ એને પૂછ્યું, 'આટલા પૈસામાં તારું કામ ચાલી જશે ?'

કીર્તિએ માથું હલાવ્યું અને હાથ ફેલાવ્યા. એનો સંકેત હતો, 'બીજું થાય પણ શું?' પછી એણે જણાવ્યું કે માનું ઑપરેશન કરવાનું છે અને એ માટે કેટલાય સો રૂપિયાની જરૂર પડવાની છે.

'હું તો કહું છું,' એણે કહ્યું અને પછી અટકી જતા બોલી, 'મા જેટલી જલદી મરે એટલું સારું.' અને પછી એ ત્યાં ઊભી ઊભી અંગૂઠાથી જમીન ખોતરવા લાગી.

આખરે એ જાતે જ બોલી પડી, 'આમ રાતદિવસ ટાંટિયા ઘસવા કરતાં મોત સારું.'

અત્યારે મગને એની સાથે આંખ ન મેળવી ત્યારે કીર્તિ અઢારઓગણીસની યુવતીના સ્થાને જિંદગીના હરેક ફટકાને સહી લેતી પાંત્રીસચાળીસ વર્ષની સ્ત્રી બની ગઇ હતી.

'એક વાત કહું,' ટકલાએ પાસે આવીને કહ્યું, 'તું મિથુન બનાવ ..... ઑપરેશનનો બધો ખર્ચ હું આપી દઇશ.'

'મિથુન ?' કીર્તિ ધ્રૂજી ઊઠી.

'હા', મગને કહ્યું, 'એની આજકાલ બહુ માંગ છે. ટુરિસ્ટો એની પાછળ પાગલ હોય છે.....'

'પણ .....'

'હું સમજું છું. તને ખબર ન હોય તો એક વાર ખજુરાહોની મુલાકાત લઇને જોઇ આપ. હું એનો પ્રવાસખર્ચ આપવા તૈયાર છું.'

'તમે હમણાં તો એમ કહેતા હતા કે તમારી પાસે પૈસા નથી.'

મગને જુઠ્ઠાણું ચલાવ્યું.

'મારી પાસે સાચે જ પૈસા નથી, પણ દુકાનનું ભાડું ચૂકવવા મેં થોડા પૈસા અલગ રાખ્યા છે.'

પછી એણે પૈસા આપવા માંડ્યા, પરંતુ કીર્તિ અભિમાનમાં પૈસા લીધા વગર જ ચાલી ગઇ. મગન ટકલો પાછો આવ્યો અને યક્ષિણીને જોઇ, હથોડી લઇને શિલ્પનું નાક તોડી નાખ્યું. પછી એક પગ તોડ્યો અને પછી તેના માથાના શૃંગારની જગ્યાએ નાના નાના ખાંચાઓ પાડ્યા. પછી અંદરની રૂમમાં જઇને દોરડાથી શિલ્પને બાંધ્યુ અને મીઠાના તેજાબમાં ડુબાડ્યું. તેજાબની વરાળ ફેલાઇ ગઇ. મગને દોરડું ખેંચીને શિલ્પને પાણીમાં ડુબાડી દીધું. પાણીમાંથી એને બહાર કાઢ્યું ત્યારે યક્ષિણીના બધા સાજશણગાર નષ્ટ થઇ ગયા હતા અને વચમા વચમાં તેજાબના ડાઘા ઊપસી આવ્યા. હવે યક્ષી હજાર રૂપિયામાં વેચાવાને લાયક બની ગઇ હતી.

આ વખતે કીર્તિ પૂરા માનવકદનું મૈથુનનું શિલ્પ લઇ આવી.એક કોથળાના

થેલામાં બાંધીને મજૂરોને મગન ટકલાની દુકાને એને લઇ આવ્યા અને એમની મજૂરી લઇને ચાલ્યા ગયા.

મગન ટકલાએ ઉશ્કેરાટથી જલદી ચાલતા શ્વાસે કોથળાને બાંધેલી દોરીઓ કાપી અને ઉત્સુકતાથી મૂર્તિ ઉપર ઢાંકેલું કપડું ઉઠાવ્યું. મૂર્તિ એની નજર સામે હતી - 'પરફેક્ટ !' મગને જોયું તો એની આંખો ચકિત બની ગઇ. એને હતું કે કીર્તિ પોતાની હાજરીમાં એ શિલ્પ એને જોવાની ના કહેશે. પરંતુ એ ત્યાં જ ઊભી હતી. એની સામે જ શિલ્પની ભાવશૂન્ય સ્ત્રી પૂર્ણતાને પામી રહી હતી અને પુરુષે આત્મવિસ્મૃતિની હાલતમાં સ્ત્રીના બંને ખભા પકડી લીધા હતા. મગન ટકલાએ પુરુષ સામે ખૂબ ધ્યાનથી જોયું.

'ઑપરેશન માટે કેટલા પૈસા જોઇએ ?'

'ઑપરેશન માટે નહી-મારે માટે,કહે.'

'તારે માટે ? મા.....'

'મરી ગઇ. અઠવાડિયુ થઇ ગયું.'

મગને દુ:ખ અને અફસોસ વ્યક્ત કરવા પ્રયત્ન કર્યો પણ કીર્તિને એની કશી પરવા ન હતી. એના હોઠ એ જ રીતે બીડેલા હતા. એણે જ્યારે કહ્યું કે 'હું હજાર રૂપિયા લઇશ' ત્યારેય એ એટલી જ ઉદાસ હતી. મગનની દશા તો જાણે કાપો તો લોહી ન નીકળે એવી બની ગઇ. એની જીભ તોતડાવા લાગી.... 'આના હજાર રૂપિયા કોઇ આપે ખરું ?'

'હા - હું વાત કરીને આવી છું. કદાચ મને વધારેય મળે. પણ મેં તમને વચન આપ્યું હતું.'

'હું તો ..... હું તો પાંચસો આપી શકીશ.'

'નહીં,' કીર્તિએ મજૂરોને શોધવા બહાર નજર કરી. મગન ટકલાએ એને રોકી, 'સોબસો વધારે લઇ લે.'

'હજાર થી ઓછા નહીં લઉં.'

મગને મૂંઝાઇને કીર્તિ સામે જોયું તો આજે એનો મિજાજ જૂદો હતો. શું એ ખજુરાહો પહોંચી ગઇ હતી ? ટુરિસ્ટોને મળી હતી ? કોઇ પણ રીતે કલાકારને બજારથી અલગ રાખવા જોઇએ, પરંતુ હવે એણે આઠસો રૂપિયા ગણીને કીર્તિ સામે મૂકી દીધા. કીર્તિએ ઝડપથી પૈસા ગણ્યા અને પછી એના મોઢા પર ફેંકી દીધા.

'મેં કહ્યું ને હજારથી ઓછા નહીં લઉં !'

'અચ્છા ! નવસો લઇ લે .....'

'ના'

'સાડા નવસો ..... નવસો પંચોતેર .....' અને પછી કીર્તિની નજરમાં એક ખુમારી જોઇ એણે સો સોની દસ નોટ એના હાથમાં મૂકી દીધી અને નશા જેવી

હાલતમાં મૈથુનના શિલ્પ તરફ સરકી ગયો. કીર્તિ એમ જ ઊભી હતી. જાણે એ પોતાની કલા માટે પ્રશંસાના બે શબ્દ સાંભળવા ખોવાઇ હતી. મગને મૈથુનની સ્ત્રી સામે જોયું. એ કીર્તિ હતી. એની આંખોમાં આંસુ કેમ હતા ? એ લજ્જાની કોઇ ઊંડી લાગણી હતી અથવા કોઇ લાચારી ? પછી એણે પુરુષ સામે જોયું - જે ઉપરથી નાજુક હતો અને અંદરથી ગંદો - શા માટે ? કીર્તિએ શા માટે પુરુષની કઠોરતા ઉપર ભાર દીધો હતો .... અવશ્ય આ મૈથુન છે.... પણ પુરુષ અને પ્રકૃતિ વચ્ચે હોય છે એવું નહીં..... પણ સારું છે, પૈસા વધારે મળશે....

મગન ટકલાએ ઉપર ઝૂલતી બત્તીને ખેંચીને વધારે નજદીક આણી. ફરી પુરુષ સામે જોયું અને બોલી ઊઠ્યો -

'આ ...... આને મેં ક્યાંક જોયો છે ......!'

કીર્તિએ કશો જવાબ આપ્યો નહીં.

'તું,' મગનને જાણે એ ઓળખાઇ ગયો હતો, 'તુ સિરાજા સાથે બહાર ગઇ હતી?'

કીર્તિએ આગળ આવીને મગન ટકલાના ગાલ પર એક ઝાપટ લગાવી દીધી, અને નોટો હાથમાં ઝાલી દુકાનની બહાર નીકળી ગઇ.

# તમારું દુ:ખ મને આપો !

## રાજેન્દ્રસિંહ બેદી

લગ્નની રાત્રે મદને વિચાર્યું હતું એવું કાંઇ બન્યું નહીં.

ચકલીભાભીએ ફોસલાવીને મદનને વચલા ઓરડામાં ધકેલી દીધો. ઇંદુ તો શાલમાં લપેટાઇને અંધારાનો એક ભાગ બની ગઇ હતી. દરિયાબાદવાળા ફોઇ અને બીજી સ્ત્રીઓનાં હાસ્ય રાતના નીરવ જળમાં સાકરની જેમ ઓગળી રહ્યાં હતાં. સ્ત્રીઓ તો એમ જ સમજતી હતી કે આટલો મોટો થયો હોવા છતાં મદન કશું જ જાણતો નથી. કારણ એક મધરાતે એને ઊંઘમાંથી જગાડવામાં આવ્યો ત્યારે એ બબડતો હતો, 'ક્યાં - ક્યાં લઇ જાઓ છો મને ?'

આ બધી સ્ત્રીઓના પોતાના દિવસો વીતી ચૂક્યા હતા. લગ્નની પહેલી રાત એમણે ભોગવી લીધી હતી. હવે પોતાની એક બહેનને આ માટે તૈયાર કરી હતી. ધરતીની આ કન્યાઓ એમ જ સમજતી હતી કે પુરુષો તો વાદળાના ટુકડા જેવા છે - વર્ષા માટે તો એમની તરફ જ મોઢું રાખીને ઊભા રહેવાનું, ન વરસે તો બાધા રાખવી પડે, માનતા માનવી પડે અને કારણેય કરવું પડે. મદન કાલકાજીની આ નવી વસ્તીમાં ઘરની સામે ખુલ્લી જગ્યામાં સૂતો સૂતો એ સમયની રાહ જોઇ રહ્યો હતો. અને અપશુકનની જેમ એના ખાટલાની પાસે જ બાંધેલી પાડોશીની એક ભેંસ વારે વારે ફૂંક મારીને એને સૂંઘતી હતી. મદન હાથ ઉગામીને એને દૂર કરવા પ્રયત્ન કરતો હતો - એમાં ઊંઘ આવવાનો પ્રશ્ન જ ક્યાં હતો ?

સમુદ્રની લહેરો અન સ્ત્રીઓના લોહીને રસ્તો ચીંધતો ચંદ્ર એક બારીમાંથી જગા કરીને અંદર આવી ગયો હતો અને જોઇ રહ્યો હતો કે દરવાજાની પેલી બાજુ ઊભેલો મદન હવે બીજુ પગલું ક્યાં પાડે છે. મદનના શરીરમાં જાણે વાદળોનો ગડગડાટ થઇ રહ્યો અને પોતે જાણે વીજળીનો થાંભલો હોય એમ એને લાગ્યું. આ થાંભલા પર કાન મૂકવાથી કદાચ વીજળીનો ચમકાર સાંભળી શકાય થોડી વાર એમ જ ઊભા રહીને એણે પોતાનો પલંગ ચાંદનીના પ્રકાશમાં ગોઠવ્યો - એમ કરવાથી નવવધૂનો ચહેરો જોઇ શકાય. પછી એણે વિચાર્યું - ઇંદુ મારી પત્ની છે, કોઇ પારકી સ્ત્રી નથી. એ સાચું કે પારકી સ્ત્રીનો સ્પર્શ ન કરવાની વાત એ નાનપણથી શીખતો આવ્યો હતો. પણ ઇંદુ ક્યાં પારકી સ્ત્રી હતી, એ તો એની વહુ હતી. શાલમાં લપેટાઇને પડેલી ઇંદુને જોઇને એણે મનોમન કલ્પના કરી કે આ જગ્યાએ એનું માથું હશે. અને હાથ

લાંબા કરીને એ શાલની પોટલીને અડ્યો - હા, ત્યાં જ ઈંદુનો ચહેરો હતો. મદને વિચાર્યું કે એ સહેલાઈથી પોતાનો ચહેરો પ્રગટ નહી કરે. પણ ઇંદુયે જાણે આવી કોઇ ક્ષણની પ્રતીક્ષામાં જ હતી અથવા ભેંસ એનેય સૂંઘતી હોય અને એની ઊંઘ પણ હરામ થઇ ગઇ હોય. હાથનો સ્પર્શ દાઢી સુધી પહોંચે તો ચહેરો લાંબો થઇ જાય પણ આ તો બધું ગોળાકાર લાગતું હતું. એટલે જ ગાલ અને હોઠની વચ્ચે એક સુંદર મજાનો ખાડો પડી ગયો હતો. કપાળ તંગ હતું પણ એના પર વાંકડિયા વાળ ......

પછી ઇંદુએ ચહેરો ખેંચી લીધો. જાણે એ ચહેરો જોવાની રજા તો આપે છે પણ આટલો લાંબો સમય નહીં. આખરે શરમની પણ હદ હોય ને ! મદને હાં - હાં કરતી નવવધૂના ચહેરાને ફરીથી ઊંચકી લીધો અને મદભર્યા શબ્દોમાં બોલ્યો, 'ઇંદુ !'

ઇંદુ જરા શરમાઇ ગઇ. જિંદગીમાં પહેલી વાર કોઇ અજાણ્યાએ એના નામનું સંબોધન કર્યું હતું અને કોઇ અજાણ્યો દૈવી અધિકારથી રાતના અંધકારમાં ધીરે ધીરે આ એકલી, લાચાર અને સાથી સ્ત્રીને પોતાની બનાવી રહ્યો હતો. ઇંદુએ પહેલી વાર નજર ઉઠાવીને જોયું અને પછી તરત આંખો બંધ કરતાં માત્ર એટલું જ કહ્યું - 'જી.' ઇંદુને પોતાનો અવાજ જાણે પાતાળમાંથી આવતો હોય એમ લાગ્યું.

ઘણા સમય સુધી આમ ચાલ્યું પછી ધીમે ધીમે વાતો શરૂ થઇ. શરૂ થઇ એટલે શરૂ થઇ. અટકે શાની ? ઇંદુના પિતા, એની મા, ભાઇ, મદનનાં ભાઇ-બહેન, બાપ, એમની રેલવેની નોકરી, એમનો મિજાજ, કપડાં ની પસંદગી, ખાવાની આદત-જેવી બધી વાતો ચાલી. વચ્ચે વચ્ચે વાત અટકાવીને મદન કંઇક બીજું જ કરવા માગતો હતો, પણ ઇંદુ છટકી જતી હતી. આખરે લાચાર થઇને મદને પોતાની મા વિશે કહેવા માંડ્યું. એ સાત વરસનો હતો ત્યારે જ મા ક્ષયની બીમારીમાં મરી ગઇ. 'બિચારી જેટલાં વરસ જીવી એટલા વરસ બાપુજીના હાથમાં દવાની શીશીઓ જ રહી. અને હૉસ્પિટલના પગથિયાં ઘસવામાં અને દવાના બિલના કાગળિયાં પર સૂઇ રહ્યા ને આખરે એક દિવસ ૨૮મી માર્ચની સાંજે ......'ને મદન ચૂપ થઇ ગયો. હમણાં જ જાણે એ રડી પડવાનો. ઇંદુએ ગભરાઇને મદનનું માથું પોતાની છાતીમાં છુપાવી દીધું. મદન ઇંદુ વિશે હજુ વધારે જાણવા માગતો હતો પણ ઇંદુએ એનો હાથ પકડીને કહ્યું, 'હું ભણીગણી તો નથી, પણ મેં માબાપ જોયાં છે, ભાઇભાભીઓ જોયાં છે, બીજાં પણ જોયાં છે એટલે હું થોડુંઘણું સમજું છું, હવે હું તમારી છું ને તમારી પાસે એક જ ચીજની આશા રાખું છું.....'

રડતાં રડતાં ને પછી પણ એક અજબ નશો હતો, મદને થોડી અધીરાઇ અને થોડા ઉદાર ભાવે કહ્યું.

'શું માગે છે, બોલ. તું જે માંગીશ તે આપીશ !'

'ચોક્કસ ?'

'હા - હા ચોક્કસ.'

પણ વચ્ચે ક્ષણ વાર માટે મદનને શંકા આવી ગઇ. મારો કારભાર તો નાનો છે ને જો ઇંદુ કોઇ એવી ચીજ માગી બેસે કે જે મારા ગજા ઉપરાંતની હોય તો શું થશે ? પરંતુ મદનના સખત અને લંબાવેલા હાથને પોતાના નાજુક હાથમાં વીંટાળી એને ગાલ પર ધરીને કહ્યું, 'તમારું દુઃખ મને આપી દો.'

મદન તો સાંભળી નવાઇ પામી ગયો. જોકે એ ક્ષણે જ એના માથા પરથી કશોક બોજ ઉતરી રહ્યાની લાગણી પણ એને થઇ. એણે ચાંદનીમાં એક વાર ઇંદુનો ચહેરો જોવાનો પ્રયત્ન કર્યો, પણ કંઇ ફાવ્યો નહીં. એને થયું, ઇંદુની માએ કે સહેલીઓએ શીખવી રાખેલા આ શબ્દો હશે. ત્યાં જ એક ગરમ આંસુનું ટીપું મદનની હથેળી પર પડ્યું. એણે ઇંદુને પોતાની નજીક ખેંચતા કહ્યું, 'આપી દીધાં.' પણ આ બધી વાતોએ મદનની બેશરમી ઝૂંટવી લીધી હતી.

મહેમાનો એક પછી એક વિદાય થવા લાગ્યા. ત્રીજું પેટ સંભાળતી, બે બાળકોને આંગળીએ વળગાડીને ચકલીભાભી દાદરો ઉતરીને વિદાય થઇ. દરિયાબાદવાળાં ફોઇનો નવલખો હાર ચોરાઇ ગયા પછી એ બેભાન બની ગઇ હતી. છેવટે રસોડામાંથી એ હાર મળી આવ્યો હતો અને કરિયાવરમાં મળેલાં ત્રણ કપડાંને એ હાર લઇને એ પણ ચાલતી થઇ. જે.પી. બન્યાની ખબર તારથી મળેલી એ કાકાએ ગયા - એમણે મદનને બદલે નવવધૂને ચૂમવાની ચેષ્ટા કરેલી. એ પણ ગયા.

ઘરમાં હવે વૃદ્ધ માબાપ, નાના ભાઇબહેન રહી ગયા હતાં. નાની દુલારી તો ભાભીના ખોળામાથી ઉતરે જ નહીં. ચાલીની સ્ત્રીઓ નવવધૂને જોઇ ગઇ. આખરે આ બધા દિવસો જવા લાગ્યા અને ઇંદુ જૂની થઇ ગઇ. પરંતુ કાલકાજીની આ નવી વસ્તીના લોકો હજુય કોઇક બહાને મદનને જોતાં ને ઘરમાં ઘૂસી જતા. ઇંદુ એમને જોઇને લાજ કાઢતી.

મદનનો કારભાર જૂનાં લાકડાંનો હતો. મોટી સપ્લાયવાળાં બેત્રણ જંગલોમાં સાગ અને દેવદારુના ઝાડને જંગલ આગથી ભરખી ગયું હતું. ઝાડવાંઓ કાળી શાહી જેવાં થઇ ગયાં હતાં. મૈસૂરને આસામ બાજુથી આવતાં લાકડાં મોંઘાં પડે. લોકો મોંઘે ભાવે લેવા તૈયાર જ નહોતા. આવક ઓછી થઇ ગઇ હતી. એટલે મદન પણ દુકાન ને બાજુની ઑફિસ ઝટ બંધ કરી ઘરે આવતો રહેતો. - ઘરે આવતાં એની એક જ ઇચ્છા રહેતી કે સૌ કોઇ ખાઇપીને જલદી પથારી ભેગાં થઇ જાય.એટલે જ તો જમતી વખતે એ જલદી જલદી થાળી પીરસીને બાપ અને ભાઇબહેનોને આપી દેતો. એઠાં વાસણ ભેગાં કરી તરત નળ નીચે મૂકી આવતો. બધાં એમ સમજ્યા કે વહુએ મદનને કશુંક કહ્યું લાગે છે, એટલે જ એ ઘરના કામમાં હવે રસ લેવા લાગ્યો છે. મદન સૌથી મોટો હતો. કુંદન એનાથી નાનો અને પાશી સૌથી નાનો. કુંદન જ્યારે ભાભી સાથે જમવાનો આગ્રહ રાખતો ત્યારે ધનીરામ બાપા એને ધમકાવી કાઢતા, 'તું તારે ખાઇ લે - એ પણ ખાશે.' પછી રસોડામાં આમતેમ જોવા માંડતા અને વહુ જ્યારે જમીને

વાસણો તરફ ધ્યાન આપતી ત્યારે બાબુ ધનીરામ કહેતા, 'રહેવા દો, વહુ-વાસણો તો સવારે થઇ રહેશે.' ઇંદુ જવાબ આપતી, 'ના, બાપુજી ! હમણાં ઝપાટાબંધ કરી નાખું છું.' બાબુ ધનીરામ ધ્રૂજતે અવાજે કહેતા, 'મદનની મા આજે હોત તો તને આ બધું કામ કરવા દેત ?' ને ઇંદુના હાથ એમ ને એમ થંભી જતા.

નાનકડો પાશી ભાભીથી શરમાતો હતા. ઇંદુનો જલદી જલદી ખોળો ભરાય એ માટે ચકલીભાભી અને દરિયાબાદવાળી ફોઇએ જ ઉપાડીને એકવાર પાશીને ઇંદુના ખોળામાં બેસાડી દીધો હતો. ત્યારથી ઇંદુ એને પોતાનો દિયર નહીં પણ દીકરો જ સમજી બેઠી હતી. પ્રેમથી એ પાશીને ગોદમાં લેવાનો પ્રયત્ન કરતી ત્યારે પાશી અકળાઇ જતો અને એનાથી બે હાથ છેટો ઊભો રહી હસ્યા કરતો. આકસ્મિક રીતે જ આવા પ્રસંગે બાબુજી હાજર રહેતા અને પાશીને ખિજાઇને કહેતા, 'અરે - જા તો ખરો, ભાભી કેવા લાડ કરે છે.... તું વળી અત્યારથી મોટો મરદ થઇ ગયો ?' ......અને દુલારી તો પીછો જ ન છોડતી. એ તો 'હું ભાભી જોડે જ સૂઇશ,' એવી હઠ પકડતી અને બાબુજીના અંતરમાં 'જનાર્દન' જાગી જતા. આ જ વાત માટે દુલારીને એક વખત માર પડ્યો. 'બાબુજી !' ઇંદુએ શ્વાસ અદ્ધર કરતાં કહ્યું, અને દુલારીને ઊંચકી લીધી - એક બાજુ માથે ઓઢવાનું ને બીજી બાજુ દુલારીને સાચવવી ! ઇંદુએ દુલારીને પથારીમાં સુવડાવી દીધી. અને ભાભીના પ્રેમથી મારનું દુઃખ ક્યાંય દૂર થઇ ગયું અને એવું તો ગમ્યું ! દુલારીના ગાલ પર મોટા મોટા વહાલભર્યા ખાડા પડી ગયા. એનો આનંદ લેતાં ઇંદુ બોલી,

'તારી સાસું કાંદા ખાય... કેવા કેવા ગલૈયા છે ગાલ પર !'

બાળકની જેમ દુલારીએ કહ્યું, 'ગલૈયાં તો તમારા ગાલ પર પણ છે, ભાભી !'

'હા, બેટા !' ઇંદુએ કહ્યુ ને એક નિસાસો નાખ્યો.

મદન કશીક વાતે ચિડાયેલો હતો. એ પાસે ઊભો ઊભો આ સાંભળી રહ્યો હતો : એણે કહ્યું, 'હું તો કહું છું કે આ એક રીતે સારું જ છે!'

'કેમ, સારું છે કહો છો ?' ઇંદુએ પૂછ્યું.

'હા સાસુ ન હોય તો કશો ઝઘડો જ નથી રહેતો.'

'તમે તમારે જાઓ અહીંથી ..... માણસ જીવતું હોય તો ઝઘડેય ખરું. આવી સ્મશાનશાંતિ કરતાં ઝઘડા સારા. જાઓ અહીંથી, રસોડામાં તમારું શું કામ છે ?' ઇંદુએ ચીડવતાં કહ્યું.

મદન ખિસિયાણો પડી ગયો. બાબુ ધનીરામના ધમકાવવાથી બાકીનાં છોકરાં તો ટપાલપેટીમાં કાગળો પડ્યા રહે એમ પોતપોતાની પથારીમાં પડી રહ્યાં હતાં. મદન ત્યાં જ ઊભો રહ્યો. ઇંદુએ એને ફરી ધમકાવ્યો અને એ રિસાઇને બહાર ચાલ્યો ગયો.

મનમાં કચવાતાં કચવાતાં મદન ઘણી વાર સુધી પથારીમાં પડ્યો રહ્યો. પણ બાબુજીના ડરે ઇંદુને બોલાવવાની હિમંત ચાલી નહીં. અને જ્યારે મુન્નીને સુવરાવવા

માટે ઇંદુનું હાલરડું સંભળાયું - નીંદરરાણી તમો આવો ને, રૂપાળાં ને મનગમતાં રે, - ત્યારે એની ધીરજની હદ આવી ગઇ.

- જે હાલરડું દુલારીને સુવરાવી રહ્યું હતું એણે મદનની ઊંઘ હરામ કરી નાખી. મદને ચિડાઇને ચાદર માથા સુધી ઓઢી લીધી. શ્વાસ બંધ કરવાથી ને સફેદ ચાદર માથા સુધી ઓઢવાથી એને લાશનો ખ્યાલ આવ્યો. મદનને થયું કે એ જાણે મરી ગયો છે. એની પત્ની એની પાસે બેસીને જોર જોરથી માથું પછાડી રહી છે. દીવાલ પર હથેળી પછાડીને બંગડી તોડી રહી છે. પછી પડતી-આખડતી, રડતીકકળતી રસોડામાં જઇને ચૂલાની રાખ માથામાં નાખે છે. બહાર આવીને મહોલ્લાના લોકો ભેગા કરી ફરીયાદ કરે છે - 'હાય ! હું લૂંટાઇ ગઇ.' હવે એના શરીર પર ઓઢણી નથી, સેંથામાં સિંદૂર નથી, વાળમાં ફૂલ નથી અને હાથમાં બંગડીઓ પણ નથી.

અસહાયપણે મદનની આંખમાં આંસુ ધસી આવ્યાં. રસોડામાં ઇંદુ હસતી હતી. થોડી જ વારમાં એ વિધવા બનવાની છે, એનાથી સાવ અજાણી. મદન જયારે વાસ્તવિકતાના પટ પર પાછો આવી ગયો ત્યારે આંસુ લૂછી નાખી પોતાની જાત પર હસવા લાગ્યો. આ તરફ ઇંદુ હસતી હતી પણ એનુ હાસ્ય મૂક હતું, જાણે બાબુજીની હાજરીમા ખીખી કરીને હસવાથી મર્યાદા વટાવી જવાય. પછી મદને પોતાની કલ્પનામાં એક ઇંદુ ઊભી કરી. એની સાથે કેટલીય વાતો કરી. આજ લગી ન કર્યો હોય એવો પ્રેમ પણ કર્યો. એ પાછો પોતાની દુનિયામાં આવ્યો ત્યારે બાજુની પથારી ખાલી જ હતી. ધીમે રહી ઇંદુને નામથી એણે બોલાવી અને પાછો સપનાંની દુનિયામાં ખોવાઇ ગયો. ફરી એક વાર લગ્નની રાતવાળી પાડોશીની ભેંસ એને સૂંઘવા લાગી. અસ્વસ્થ થઇ જતાં એ પથારીમાં એક વખત તો બેઠો થઇ ગયો. આ રીતે જાગી જવાથી એની પ્રેમની ભાવના એકદમ વધી ગઇ. પ્રેમથી કમર તોડ્યા વગર જો પુરુષ સૂઇ જાય અને સવારે ઊઠે તો પ્રેમ એનો શ્વાસ રૂંધી નાખે, મદનના શરીરમાં જે આગ ફેલાઇ ગઇ હતી એ જ એના ગુસ્સાનું મૂળ હતું. એણે કહ્યું,

'તો તું આવી ગઇ ?'

'હા...'

'મુન્ની ઊંઘવા મરી ?'

નમેલી ઇંદુ એકદમ ટટ્ટાર થઇ ગઇ. 'હાય રામ !' એણે નાકે આંગળી મૂકતા કહ્યું, 'મરે શેની બિચારી - એકની એક તો છે !'

'હા, ભાભીની એકની એક નણંદ -' મદને કહ્યુ અને પછી આજ્ઞાકારક અવાજે કહ્યું, 'બહુ મોઢે ચડાવતી નહીં, એ ચુડેલ ને !'

'એમાં કાંઇ પાપ છે ?'

'એ જ પાપ છે,' મદને ચિડાઇને કહ્યું - 'પીછો ક્યાં છોડે છે તારો ? જ્યારે જુઓ ત્યારે ઘોની જેમ ચોંટેલી જ હોય. છૂટતી જ નથી.....'

'હાય !' ઇંદુ મદનના ખાટલા પર બેસી ગઇ, 'બહેન દીકરીઓને આમ ધુત્કારી કઢાય નહીં. બિચારી છે કેટલા દિવસની મહેમાન ? આજે તો નહીં તો કાલે, કાલ નહીં તો પરમ દી એક દિવસ નીકળી જ જવાની છે....' એ પછી પણ ઇંદું કશુક કહેવા માગતી હતી પણ ચૂપ થઇ ગઇ. એની આંખોમાં એનાં માબાપ, ભાઇબહેન, કાકામાસા બધાં જ તરી આવ્યાં. એ પોતે પણ ક્યારેક એ બધાંની દુલારી હતી જે આંખના પલકારામાં પરાઇ થઇ ગઇ અને પછી તો રાત દિવસ એને કાઢી મૂકવાની જ વાતો થવા લાગી, જાણે કોઇ સાપણ ઘરમાં ભરાઇ ગઇ ન હોય ! જ્યાં સુધી નાથવામાં ન આવે ત્યાં સુધી કોઈ જંપીને બેસી નહીં શકે. દૂર દૂરથી નાથવાવાળા ને દાંત તોડવાવાળો મદારીઓને તેડાવ્યા. મોટા ધન્વંતરિઓ અને સોદાગરોને તેડાવ્યા. આખરે વાયવ્ય ખૂણામાંથી એક દિવસ મોટો વાવંટોળ આવ્યો. બધું સાફ થઇ ગયું ત્યારે એક વહેલડી ત્યાં ઊભી હતી, એમાં રેશમી કિનારમાં વીંટળાયેલી એક નવોઢા બેઠી હતી. બારણા આગળ શરણાઇના સૂર વહી રહ્યા હતા - જાણે બીન જેવા. ને એક આંચકા સાથે વહેલ ઊપડી.

મદન ખીજમાં બોલ્યો, 'તમે બૈરાઓ બહુ ચાલાક છો. હજી ગઇ કાલે આ ઘરમાં આવ્યાં ત્યાં તો અહીંના બધાંય વહાલા લાગવા માંડ્યા ?'

'હા,' ઇંદુના અવાજમાં દ્રઢતા હતી.

'એ બધા જુઠ્ઠાણાં - એમ જ બની જ ન શકે.'

'તમારું એમ કહેવું છે કે હું....'

'હા, હા નાટક છે આ બધુ .......'

'ઠીક છે,' ઇંદુની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં, 'હું આ બધુ નાટક કરુ છું....!' એ ઊઠીને પથારીમાં ફસડાઇ. હીબકાં ભરવા લાગી. મદન એને મનાવવા જતો હતો ત્યાં તો ઊઠીને એ જ મદન પાસે આવી. એનો હાથ જોરથી ઝાલી લીધો અને બોલી, 'જ્યારે હોય ત્યારે તમે મહેણાં માર્યા કરો છો, શું થઇ ગયું છે તમને ?'

ધણીની જેમ રોફ આદરવાની તક મળી ગઇ મદનને, 'જા, જા, સૂઇ જા જઇને .... મારે કાંઇ જ જરુર નથી તારી.....'

'તમારે નહીં - મારે તો છે. જિંદગી આખી જરુર છે,' એ ધમપછાડા કરવા લાગી. મદન એને હડસેલતો અને એ વધુ ને વધુ વીંટળાઇ વળતી. વહેણમાં તણાઇ જવા કરતાં જે ઝડપી ઝરણાની ધારને કાપીને ઉપર ને ઉપર પહોંચવા મથતી માછલી જેવી એ હતી. ચીંટિયા ભરતી, હાથ ઝાંલતી ને હસતીરડતી એ બોલ્યે ગઇ -

'બોલો, હવે કોઇ દહાડો મને હૈયાફૂટી કહેશો ?'

'એ તો બધા જ બૈરા હોય છે.'

'ઊભા રહો, તમારી તો -' ઇંદુ કોઇ ગાળ બોલી રહી હોય એમ લાગ્યુ એ ધીરે રહીને એણે એ શબ્દ કહ્યો પણ ખરો. મદન પણ 'શું બોલી ?' એમ પૂછી બેઠો, ફરી

એણે કહ્યું. અને મદન ખડખડાટ હસી પડ્યો. બીજી જ ક્ષણે ઇંદુ મદનની બાહુમાં હતી. એ બોલી :

'તમે મરદો શું જાણો ? જેની સાથે પ્રેમ કરે એનાં પોતાના બધાંય નાના--મોટાં વહાલા જ લાગે - પછી એ ભાઇ હોય, બાપ હોય કે બહેન.....' પછી દૂર તાકી રહેતાં એ બોલી -

'હુ તો દુલારીને પરણાવીશ !'

'હદ થઇને ! હજી એક હાથ પૂરી છે નહીં ને લગન ?'

'તમને લાગતી હશે એક હાથની.....' ઇંદુએ બેઉ હાથે મદનની આંખો ઢાંકી દીધી. પછી કહે, 'આંખો મીંચીને પાછા બોલો જોઉં.' મદને સાચે જ આંખો બંધ કરી દીધી અને ઘણી વાર સુધી ખોલી જ નહીં. 'હવે ખોલો તો ખરા, આટલી વારમાં તો હું બુઢ્ઢી થઇ જઇશ,' ઇંદુએ કહ્યું. ને મદને આંખો ખોલી ત્યારે એને ક્ષણવાર માટે તો એમ જ લાગ્યું કે સામે આ ઇંદુ નહી કોઇક બીજ જ બેઠી છે. એ ખોવાઇ ગયો, એનામાં.

'મેં તો અત્યારથી જ ચાર ચૂડલા ને થોડાંક વાસણ અલગ રાખી મૂક્યાં છે એને માટે.' મદને આ શબ્દોનો કશો જ ઉત્તર આપ્યો નહીં. એટલે એને હચમચાવીને ઇંદું બોલી, 'તમે શું ઉચાટ કરો છો ? વચન યાદ નથી, તમારું દુઃખ મને આપી દીધું છે તે?'

'હેં!' મદન ચોંકી ગયો. પછી થોડો નંચિંત થઇ ગયો અને જ્યારે ઇંદુને એણે પોતાના બાહુપાશમાં આલિંગી લીધી ત્યારે એ એકલું શરીર ન હતો, એનામાં એક આત્મા પણ ઉમેરાયો હતો.

મદનને માટે ઇંદુ આત્મા જ આત્મા હતી. એનો દેહ હતો ખરો પણ એ હંમેશા કોઇને ને કોઇ રીતે મદનની નજરથી દૂર રહ્યો. એક પડદો હતો - સ્વપ્નના તારથી વણાયેલો, ધૂંધળા નિશ્વાસથી રંગાયેલો, કિલ્લોલના રૂપાળવા તારકોથી ઝળહળતો ..... અહોનિશ ઇંદુને એ સંગોપી રાખતો. મદનની નજર અને એનાં હાથના દુઃશાસનો સદીઓથી આવી દ્રૌપદીના વસ્ત્રો હરી રહ્યા છે, જેને પત્ની કહેવામાં આવે છે અને પછી એની નગ્નતા ઢાંકવા માટે એને તાકાના તાકા કપડું મળી રહે છે. એ દુઃશાસનોના હાથ થાકી જાય છે પણ દ્રૌપદી હજી પણ અચળ ઊભી છે. મર્યાદા અને પવિત્રતાની ધવલ  સાડી ધારણ રકરી એ દેવીસમાન લાગે છે અને -

..... મદનના પાછા ફરી ગયેલા હાથ લજ્જાથી પરસેવે રેબઝેબ થઇ જાય છે જેને સૂકવવા એ ઉપર હવામાં ઉઠાવે છે અને પછી પંજો બનાવી પોતાની વિસ્ફારિત આંખોની કીકીઓ પર મૂકી દે છે અને આંગળીની ફાટમાંથી જોઇ રહે છે. આરસપહાણ જેવો ઇંદુનો દેહ, તદ્દન નજીક, મુલાયમ અને નાજુક.. . ઉપભોગવા  નજીક અને છતાં વાસનાથી દૂર.... ક્યારેક ઇંદુની નાકાબંધી થઇ જતી તો આવી વાતો થતી -

'અરે, ઘરમાં નાનામોટા બધાંય છે, શું કહેશે ?'

'નાના કાંઇ સમજતા નથી .... મોટા સમજી જશે!'

એટલામાં તો બાબુ ધનીરામની બદલી સહારનપુર થઇ ગઇ. ત્યાંની રેલવે સર્વિસમાં એ સિલેક્શન ગ્રેડના હેડક્લાર્ક બની ગયા. આઠ સભ્યો રહી શકે એવું ખાસ્સું મોટું ક્વાર્ટર મળી ગયું. છતાં બાબુ ધનીરામ એકલા પગ લાંબો કરી પડ્યા રહેતા. આજ લગી એ ક્યારેય બાળબચ્ચાઓથી જુદા થયા નહોતા. ચુસ્ત વ્યવહારું માણસ. જીવનનાં છેલ્લા વર્ષોમાં હવે આ એકલતા એમને ખાવા ધાતી હતી. પણ એ લાચાર હતા. બાળકો ઇંદુ ને મદન પાસે દીલ્હી હતા. ત્યા ને ત્યાં ભણતાં વરસ પૂરું થાય એ પહેલાં એમને ઉઠાડી મુકવા એ બરાબર નહોતું. ધનીરામને હૃદયના હુમલાઓ આવવા માડ્યાં.

આખરે ઉનાળાની રજાઓ પડી. એમના વારંવાર લખવાથી મદને કુંદે પાશી અને દુલારીને લઇને ઇંદુને સહારનપુર મોકલી દીધી. ધનીરામનો બાગ ખીલી ઊઠ્યો. ક્યાં પહેલાની ઑફિસથી છૂટ્યા પછીની ફુરસદ જ ફુરસદ અને ક્યાં હવેનું કામ, કામ ને કામ ! બાળકો તો જ્યાં આવે ત્યાં કપડાં ઉતારીને ફેંકતાં. બાપુજી એને ઉપાડીને ઠોકાણે મૂકે. પોતાના મદનથી દૂર વિરહાતી રતિ - ઇંદુ પણ ખુદ પોતાના પહેરવેશમાં ગાફેલ બની ગઇ. કાજી હાઉસમાં ગાય મોં ઉંચું કરી કરીને પોતાના માલિકને શોધ્યા કરે એમ ઇંદુ રસોડામાં ફર્યા કરતી. કામકાજથી પરવારીને ક્યારેક એ અંદરની ટ્રંક પર ઝોલો લઇ લેતી, ક્યારેક બહાર તો ક્યારેક ફળિયામાં પથિકોને લોભાવતી છાયાવાળા આંબા તળે લંબાવતી.

શ્રાવણ ભાદરવામાં ઢળવા લાગ્યો. આંગણાનો દરવાજો ખૂલતો ત્યારે કુંવારી કન્યાઓ ગાતી નજરે પડતી - કઇ રે શાખે એ ઝૂલે, કોણે બાંધિયો ! - ને ગીતના બોલ અનુસાર બે ઝુલતી ને બે ઝુલાવતી, ક્યારેક જો ચાર ભેગી થતી તો ધમાલ મચી જતી. આધેડ ને વૃદ્ધાઓ તો ફક્ત કોરે ઊભી ઊભી જોયાં કરતી. ઇંદુને લાગતું કે પોતે પણ જોનારની સાથે ભળી ગઇ હતી. એટલે જ એ મોં છુપાવી ઊંડો નિસાસો નાખતી સૂઇ જતી. બાબુજી પાસેથી પસાર થતા પણ એને જગાડતા નહીં ઊલટાના તક મળ્યે વહુએ સાડી બદલતાં કાઢેલી સલવારને હંમેશા સાસુની જૂની ચંદનની પેટી પર ફેંકાયેલી જોઇ ઉઠાવી લેતા ને ખીંટીએ લટકાવી દેતા. આ પહેલા બધાંની નજર ખૂણામાં પડેલી વહુની ચોળી પર પડી જતી, અને તરત ડરના માર્યા ઓરડાની બહાર નીકળી જતા, જાણે કોઇ સાપનું બચ્ચું દરની બહાર આવી ગયું હોય એમ. અને પછી એમના ઓરડામાંથી અવાજ આવ્યા કરતો - ૐ નમો ભગવતે વાસુદેવાય.

આડોશપાડશીની સ્ત્રીઓએ ધનીરામની વહુના રૂપના વખાણ દૂર દૂર સુધી ફેલાવી દીધાં હતાં. કોઇ એકાદ બાઇ ધનીરામ પાસે એની વહુના સુડોળ દેહ વિશે વાત કરતી કે ધનીરામ ફુલાઇને જવાબ આપતા - 'હું ધન્ય થઇ ગયો, અમીચંદની મા,આખરે

અમારે ઘેર પણ સુખિયો જીવ આવ્યો ખરો !' ને બોલતાં બોલતાં એમની આંખો દૂર દૂર જોવા લાગતી. ક્ષયની બીમારી, દવાની શીશીઓ, હૉસ્પિટલનાં પગથિયાં, કીડીના રાફડા ...... અને આંખો પાછી નિકટ આવી જતી ત્યારે એમને લાગતું કે કેટલાંય ગોળમટોળ હૃષ્ટપુષ્ટ બાળકો એમની બગલમાં, જાંઘ પર, ગરદન પર ચડઊતર કરી રહ્યા છે ! પડખું ફેરવીને સૂતેલી વહુની કમર જમીન પર અને નિતંબ છેક છત પર અડી રહ્યાં છે અને બાળકોની ઉંમરનો કોઈ ફેર નહીં..... કોઈ નાનું નહીં, કોઈ મોટું નહીં.... બધાં એકસરખાં ને જોડિયા....ૐ નમો ભગવતે -

આસપાસના બધાં સમજી ગયાં હતાં કે ઇંદુ ધનીરામની માનીતી વહુ છે. દૂધછાશની દોણીઓ ધનીરામને ઘેર આવવા માંડી. એક વાર સલામુદ્દીન ગૂજરે વહુને અરજ કરી, 'બહેન, મારા દીકરાને આર. એમ.એસ. માં કુલી રખાવી દો' ભગવાન તમને એનો બદલો આપશે.' ઇંદુનો પડ્યો બોલ ઝિલાયો અને સલામુદ્દીનનો દીકરો નોકરીએ લાગી પણ ગયો.

વહુના ખાવાપીવાની અને એના સ્વાસ્થ્યની કાળજી ધનીરામ ખાસ રાખતા દૂધની ઇંદુને ચીડ હતી. રાતે જાતે જ ધનીરામ દૂધનો પ્યાલો લઇ એના ખાટલા પાસે આપી જતા. ઇંદુ પોતાની જાતને સંભળાતી ઊભી થઇને કહેતી 'બાબુજી, મારાથી નથી પિવાતું....'

'તું શું, તારો સસરોય પીશે,' મજાકમાં એ બોલી ઊઠતા.

'તો પછી તમે પી લો.' ઇંદુ જવાબમાં હસી પડતી.

અને બનાવટી રોષમાં બાબુજી વપસી પડતા, 'તો તું એમ ઇચ્છે છે કે તારી સાસુ જેવી જ હાલત તારી પણ થાય ?'

'ઊહું......હું......' ઇંદુ રૂસણું લેતી. અને કેમ ન લે ? એવા લોકો ન રિસાય જેમને મનાવનાર કોઇ હોય જ નહીં. અહીં તો મનાવવાળા બધાં હતાં અને રિસાનાર એક જ ! ઇંદુ બાબુજીના હાથમાંથી પ્યાલો ન લે તો એ ઢોલિયા પાસે માથા આગળ રાખી દેતા.

'લે અહીં આ પડ્યો છે - પી કે ન પી, તારી મરજી,' આટલું કહી એ ત્યાંથી ચાલ્યા જતા.

પોતાની પથારી પર જઇને ધનીરામ દુલારી સાથે ગમ્મત કરવા લાગી જતા. દુલારીને ધનીરામના ખુલ્લા પગ સાથે પગ ઘસવાની ને પેટ પર મોં રાખીને ફૂટકડો બોલાવવાની આદત હતી. રોજની જેમ આજે પણ બાબુજી અને દુલારી રમતે ચડ્યાં હતાં. એકબીજાને હસાવતાં હતાં. ત્યાં દુલારી ભાભી તરફ જોતાં બોલી, 'બાપુજી, દૂધ બગડી જશે, ભાભી તો પીતી જ નથી !'

'પીશે બેટા, ચોક્કસ પીશે.' બાબુજીએ બીજા હાથે પાશીને નજીક ખેંચતાં કહ્યું, 'સ્ત્રીજાત ઘરની કોઇ પણ ચીજને બગડતી ન જોઇ શકે !' હજી બાબુજીના મોંમાંથી

આ શબ્દો સરે છે કે તરત જ - એક તરફ 'હુશ્' એમ અવાજ આવે છે. જાણે ભાભી બિલાડીને ભગાડતી હોય. પછી ગટગટાગટ અવાજ આવે એટલે ખબર પડી જાય કે ભાભીએ દૂધ પી લીધું - થોડીવાર પછી કુંદન બાબુજી પાસે આવતો અને કહેતો,

'બાપુજી, ભાભી રડે છે....'

'એમ ?' બાબુજી કહેતા ને પછી બેઠા થઇ જતા. અંધારામાં જે તરફ વહુનો ખાટલો પડ્યો હોય ત્યાં જોવા લાગતા. થોડી વાર એમ ને એમ બેસીને પછી કુંદનને કહેતા, 'જા તું તારે સૂઇ જા, એય સૂઇ જશે એની મેળે.' ને પછી પડ્યા પડ્યા એમને પરમાત્માનો આ ખીલેલો બાગ દેખાવા લાગતો અને એ પોતાના મનના ભગવાનને પૂછતા, 'ચાંદીનાં આ ઉઘાડબંધ થતાં ફૂલોમાં મારું ફૂલ ક્યાં ?' અને આખું આભ એમને માટે વ્યથાનો સમુદ્ર બની જતું. એકાએક એ બોલી ઊઠતા :

'જ્યારથી તેં આ દુનિયા બનાવી છે, માણસ કેટકેટલું રડ્યો છે !' અને પોતે પણ રોતા રોતા સૂઇ જતા.

ઇંદુના જવાના દસપંદર દિવસમાં જ મદને ધમપછાડા શરૂ કરી દીધા. લખ્યું કે લૉજની રોટલીઓ ખાઇને થાકી ગયો છું. પેટમાં શૂળ ઊપડે છે. ને પછી ઑફિસવાળાને એક રજાનું સર્ટિફિકેટ મોકલી દે એમ બાબુજીના એક દોસ્ત જોડે આ ચિઠ્ઠી મોકલાવી. કાંઇ વળ્યું નહીં એટલે એક ડબલ તાર જોડી દીધો - જવાબી !

જવાબી તારના પૈસાયે પાણીમાં ગયા. ગયા તો ગયા પણ ઇંદુ ને છોકરાઓ પાછાં આવી ગયાં. મદને બે દિવસ સુધી ઇંદુ જોડે સીધી વાત જ ના કરી. આ ઇંદુથી સહન થયું નહીં. એક દિવસ મદન એકલા પડ્યો કે ઇંદુએ તક ઝડપી લીધી :

'આમ મોઢુ ચઢાવવાનો શો અર્થ છે..... મેં શું કર્યું ?'

'છોડ - આઘી જા અહીંથી, મર ક્યાંક દૂર જઇને, હલકટ !'

'આટલું જ કહેવા આટલે દૂરથી બોલાવી ?'

'હા,'

'ભૂલી જાઓ હવે -'

'ખબરદાર છે-આ બધાં તારાં જ કરતૂત છે. તું પોતે જો આવવા માગતી હોત તો બાબુજી શું રોકી લેવાના હતા તને ?'

'તમે તો સાવ બાળક જેવી વાત કરો છો, હું એમને કહી જ કેમ શકું ? સાચું તો એ છે કે તમે મને અહીંયાં બોલાવીને બાબુજી પર પણ જુલમ જ કર્યો છે.'

'એટલે ?'

'એટલે કંઇ નહીં - બાળકો સાથે બાબુજીનું મન હળી ગયું હતું......'

'ને મારા મનનું કાંઇ નહીં ?'

'તમારું મન ? તમે તો ગમે તે રીતે તમારું મન મનાવી શકો છો !' ઇંદુએ મજાક કરી. પછી એવી લોભામણી આંખે મદન તરફ જોયું કે એને દૂર રાખવાની મદનની

બધી શક્તિ હણી લીધી. એ પણ આવું જ કોઇ બહાનું શોધતો હતો. એકદમ ઇંદુને છાતીએ વળગાડી દીધી એણે, અને પૂછ્યુ, 'બાબુજી તારાથી ખુશ ખુશ હતા ?'

'હા,એક દિવસ હું જાગી તો જોયું કે મારા માથા પાસે ઊભા ઊભા મને જોયા કરતા હતા.'

'એ બને જ નહીં.'

'મારા સમ !'

'તારા નહીં, મારા સમ ખા.'

'તમારા સમ તો હું ન જ ખાઉં, કોઇ ગમે તે કરે ને !'

'હં,' મદને વિચાર્યું, 'પુસ્તકોમાં આને સેક્સ કહે છે.'

'સેક્સ ? એટલે શું ?'

'એટલે સ્ત્રી અને પુરુષની વચ્ચે હોય તે.'

'હાય રામ ! આટલી ગંદી વાત બાબુજી માટે બોલતાં લાજ નથી આવતી તમને?'

'બાબુજીને શરમ ન આવી તને જોઇ રહેતા ?'

'શેની આવે ? એ એમની વહુને જોઇને રાજી થતાં હશે,' ઇંદુએ બાબુજીની તરફદારી કરી.

'કેમ ન થાય ? તારા જેવી વહુ જેની હોય.....'

'તમારું મન ગંદું છે,' ઇંદુએ નફરતથી કહ્યું, 'એટલેસ્તો તમારો ધંધોયે ગંધારા મૂળિયાંનો છે. તમારી બધી ચોપડીઓ કીચડથી ભરેલી છે, તમને ને તમારી ચોપડીઓને એ સિવાય બીજું કાંઇ દેખાતું જ નથી...... એમ તો હું જેમ જેમ મોટી થતી ગઈ એમ મારા બાપુજી મને વધારે પ્રેમ કરતા ગયા તો શું એ પેલો હેવાન હતા ? તમે જેની વાત કરો છો તે ?' પછી કહે, 'બાબુજીને અહીં બોલાવી લો, એમનો જીવ ત્યાં નહી માનતો હોય. એને દુ:ખ થશે તો તમે દુ:ખી નહી થાઓ ?'

મદનને બાપુજી માટે પ્રેમ હતો. મોટો હતો એટલે ઘરમાં માનું મૃત્યુ સૌથી વધારે અસર મદન પર કરી ગયું હતું. એને બરાબર યાદ હતુ કે બીમાર માના મૃત્યુનો વિચાર જેવો એના મગજમાં આવતો કે તરત એ આંખો મીંચીને ૐ નમો ભગવત વાસુદેવાયની પ્રાર્થના શરૂ કરી દેતો. હવે એ પિતાની છત્રછાયા પણ હટી જાય એ નથી ઇચ્છતો- ખાસ તો પોતાનો ધંધો પણ એ જ્યારે બરાબર જમાવી નથી શક્યો ત્યારે ! એણે અવિશ્વાસભર્યા સ્વરે ઇંદુને એટલું જ કહ્યું, 'હજી થોડો વખત તો રહેવા દે એમને, લગ્ન પછી આ પહેલી વાર તો આપણને આઝાદી મળી છે...'

ત્રીજે-ચોથે દિવસે બાબુજીનો આંસુભર્યો પત્ર આવ્યો. મારા વહાલા મદનના સંબોધનના પહેલા બે શબ્દો ખારા પાણીમાં બોળાઇને આવ્યા હતા. લખ્યું હતું - 'વહુ અહીંયાં હતી ત્યારે મારા અતીતના દિવસો મને પાછા મળ્યા હતા -' તારી મા યાદ આવી. અમારાં નવા નવા લગ્ન થયાં ત્યારે એ પણ તારી વહુ જેટલી જ અલ્લડ હતી!

એ જ રીતે ઉતારેલા કપડાં આમતેમ ફેંકી દેતી ને બાબુજી એને લઇને ઠેકાણે મૂકી દેતાં એ જ ચંદનની પેટી, એ જ થાક.... હવે તો.... ત્યારે બજાર જતો, પાછો આવતો, દહીંવડા કે રબડી લઇ આવતો...: હવે તો ઘરમાં કોઇ જ નથી. ચંદનની પેટી જ્યાં રહેતી એ જગ્યા ખાલી છે.' પછી એકાદ લાઇન ભૂંસાઇ ગઇ હતી, અંતે લખ્યુ હતું : 'ઑફિસથી આવીને અહીંના મોટા અંધકારભર્યા ઓરડામાં દાખલ થતાં જીવ ગૂંગળાય છે.... વહુનું ધ્યાન રાખજે અને કોઇ જેવી તેવી સુયાણીને બોલાવીશ મા ......'

ઇંદુએ બેઉ હાથે ચિઠ્ઠી જકડી રાખી. શ્વાસ લઇ, આંખો પહોળી કરતાં લજ્જાથી લાલ લાલ થઇ ગઇ. 'મરી ગયાં ! બાપુજી ને કેમ કરતાં ખબર પડી ?'

ચિઠ્ઠી ખેંચતાં મદને કહ્યું, 'બાબુજી નાના છે ? દુનિયા જોયેલી છે, અમને પેદા કર્યા છે.......'

'હા હજી દિવસોય કેટલા થયા છે ?' ઇંદુ બોલી અને ઝડપથી પોતાના પેટ તરફ દ્રષ્ટિ કરી. એણે હજુ વધવાનું શરૂ નહોતું કર્યું. પછી બાપુજી કે બીજું જ કોઇ એના તરફ જોઇ રહ્યું હોય એમ એણે પાલવ ઢાંકી દીધો. કંઇક વિચારમાં પડી ગઇ. એક ચમક એના ચહેરા પર આવી ગઇ. પછી બોલી, 'તમારે સાસરેથી આણું આવશે.' 'મારે સાસરેથી ? અરે...હા,' સમજીને મદન બોલ્યો, 'કેટલું શરમજનક કહેવાય. હજી છઆઠ મહિનાયે લગ્નને થયા ત્યાં તો .....' ઇંદુના પેટ તરફ મદને જોવા માંડ્યું.

'આવી પડ્યો છે કે તમે લઇ આવ્યા છો ?'

'તું..... આ ધંધા તારા જ છે, કેટલીક સ્ત્રીઓ હોય છે જ ....'

'તમને પસંદ નથી?'

'બિલકુલ નહીં.'

'કેમ ?'

'જીંદગીના ચાર દિવસ મોજ તો માણી હોત !'

'તો શું આ જિંદગીમાં મોજછે જ નહીં ?' જરાક દુઃખી થતાં ઇંદુ બોલી, 'સ્ત્રીપુરોષો લગ્ન શા માટે કરે છે ? વગર માગ્યે ભગવાન આપી તો દીધું ! જેમને હોય જ નહીં એમની પાસે જઇને બેસો તો ખબર પડે કેટકેટલુ કરતાં હોય આને માટે ! પીર, ફકિર, સમાધિઓ, દરગાહ પાસે જઇને, માન-મર્યાદા તજી દરિયાકિનારે નાગાં થઇને કલમ કાપે છે ..... સ્મશાનોમાં પ્રેત જન્માવે છે.....'

'બસ, બસ. તેં તો વખાણ શરૂ કરી દીધાં. સંતાનો માટે ઓછી જિંદગી પડે છે ?'

'જે હોય તે,' ઇંદુએ ચેતવણીના સ્વરમાં કહ્યું, 'તો પછી તમારે એને હાથ પણ ન લગાડવો. એ તમારો નહીં ને મારો જ રહેશે. તમને તો એની જરૂર નથી પણ એના દાદાને એની ખૂબ જરૂર છે એ હું જાણું છું.... '

અને કશાંક દુઃખથી કે બેચેનીથી ઇંદુએ બંને હાથોમાં પોતાનું મોં છુપાવી દીધું.

એને હતું કે પેટના આ નાનકડા જીવને પોષવાની બાબતમાં એનું કોઇક તો એને હમદર્દી આપશે જ. મદન ચુપચાપ બેસી રહ્યો. એક શબ્દ પણ એણે ઉચ્ચાર્યો નહીં. ચહેરા પરથી હાથ હટાવી મદન તરફ જોઇ ઇંદુ બોલી, 'એ બધું તો પછી છે ને ? પહેલી વાત તો એ છે કે હું બચવાની જ નથી, મને નાનપણથી જ વહેમ છે.....'

મદન ગભરાઇ ગયો. આ 'સુંદર ચીજ' ગર્ભવતી બન્યા પછી તો હતી એથીય વધુ ખૂબસૂરત બની હતી, એ મરી જશે ? એણે ઇંદુને બાથમાં જકડી લીધી. પછી પોતાના તરફ એને ખેંચીને એ બોલ્યો, 'તને કશું નહી થવા દઉં, ઇંદુ !.... હું મૃત્યુ પાસેથી પણ તને ઝૂંટવી લઇશ, ઇંદુ.... હવે સાવિત્રી નહીં, સત્યવાનનો વારો છે.......'

મદનને વીંટળાયેલી ઇંદુ પોતાનું પણ કંઇક દુઃખ છે એ તો ભૂલી જ ગઇ.....

ત્યાર પછી બાબુજીએ કશું લખ્યું નહીં. હા, સહારનપુરથી એક સૉર્ટર આવ્યો,એણે કહ્યું કે બાબુજીને હૃદયના હુમલાઓ આવવા માંડ્યા હતા. એક વાર તો મરતાં મરતાં બચી ગયા. મદનને બીક લાગી અને ઇંદુ તો રડવા જ માંડી સૉર્ટરના ગયા પછી મદને હંમેશ મુજબ આંખો મીચીને ૐ નમો ભગવતે વાસુદેવાય કર્યું. બીજે જ દિવસે એણે પત્ર પણ લખ્યો - 'બાબુજી,અહીં આવતા રહો, છોકરાંઓ અને વહુ તમને ખૂબ યાદ કરી રહ્યાં છે.' પણ છેવટે નોકરી એ નોકરી. મનમાં આવે એમ ભાગી શકાય નહીં. ધનીરામે પત્રમાં લખ્યું કે એણે રજા માગી છે.એમના વિશે મદનના મનમાં ગુનાની ભાવના વધતી ગઇ. એને થયું, 'મેં ઇંદુને ત્યાં જ રહેવા દીધી હોત તો મારું શું બગડી જવાનું હતું ?'

વિજયાદશમીની આગલી રાતે મદન ઉતાવળે ઉતાવળે વચલા ઓરડામાં આંટા મારતો હતો ત્યારે અંદરથી બાળકના રડવાનો અવાજ આવ્યો. સુયાણી બહાર આવીને બોલી -

'મુબારકબાદી, બાબુજી છોકરો આવ્યો.'

'છોકરો ?' મદને કહ્યું ને પછી ચિંતાતુર અવાજે પૂછ્યું, 'એને કેમ છે ?'

બેગમ બોલી, 'બરાબર છે બધું. હમણા તો એને છોકરીની હા કહી દીધી છે, વધારે ખુશ થઇ જાય તોપણ દૂધ ન આવે.....'

'ઓહ !' મદને બેવકૂફની જેમ આંખો પટપટાવી અને અંદર જવા ગયો. સુયાણી બેગમે એણે રોકીને કહ્યું, 'તમારુ ત્યાં શું કામ છે ?' ને પછી અચાનક દરવાજો દઇ અંદર જતી રહી.

મદનના ટાંટિયા હજુયે ધ્રૂજતા હતા. અત્યારે બીજા કોઇ કારણે તો નહીં પણ છુટકારો થઇ જવાને લીધે. અથવા તો કદાચ કોઇ દુનિયામાં આવતું હશે ત્યારે આજુબાજુના લોકોની હાલત આવી જ થતી હશે. મદને સાંભળ્યું હતું કે છોકરો જન્મે તો ઘરની ઇંટદીવાલો પણ કાંપી ઊઠે છે. જાણે ડરતી હોય કે મોટો થઇને અમને વેચી મારશે કે બચાવશે. સાચે જ દીવાલો ધ્રૂજતી હોય એમ એને લાગ્યું. ચકલીભાભી મોં

જોવા આવી નહીં, કારણ એનો જ છોકરો ખૂબ નાનો હતો. દરિયાબાદવાળી ફોઇ આવી ગઇ હતી જેણે જન્મસમયે રામ રામની રઢ લીધી ચાહતી અને હવે એ ઢીલી થઇ ગઇ હતી.

જીવનમાં કયારેય મદને પોતાને આટલો નકામો અને ઉદ્યમહીન જોયો નહીં હોય. એટલામાં પાછો દરવાજો ખૂલ્યો અને ફોઇ નીકળી. વાડાની બત્તીના ઝાખા અજવાળામાં એનો ચહેરો ભૂત જેવો એકદમ દૂધિયો દેખાઇ આવતો હતો. મદને એને ઊભી રાખી પૂછયું -

'ઇંદુ તો બરાબર છે ને ?'

'બરાબર છે, બરાબર છે, બરાબર....' ફોઇએ ત્રણચાર વાર કહ્યુ પછી પોતાનો કાંપતો હાથ મદનના માથા પર મૂકી માથું નીચું કરતાં ચૂમી લીધું અને બહાર નીકળી ગઇ.

વાડાના બારણામાંથી એને બહાર જતીમ દન જોઇ રહ્યો. એ જ્યાં બીજાં છોકરાં સૂતાં હતાં ત્યાં બેઠકમાં પહોંચી ગઇ. ફોઇએ એકેકના માથા પર સ્નેહથી હાથ ફેરવ્યો. છત તરફ મોં ઉંચું કરીને કશુંક બોલી. પછી જઇને મુન્ની પાસે સૂઇ ગઇ. ઊંધી સૂતી. એના ફફડતા કપડાં પરથી લાગતું હતું કે એ રડતી હતી. ફોઇ તો આવા કેટલાય પ્રસંગો વટાવી ગઇ હતી,પછી રડવાની શી જરૂર ? મદન ગભરાયો......

પછી પેલા ઓરડામાંથી ધૂપની વાસ જેવું બહાર આવ્યું. ધુમાડાના વમળે મદનને ઘેરી લીધો. ત્યાં તો સુયાણી બેગમ કપડાંમાં કશુંક વીંટાળીને બહાર નીકળી. કપડું ખૂબ લોહીથી રંગાયેલું હતું. કેટલાક લોચા અંદરથી નીકળી સરી પડ્યા. મદનના હોશ ઊડી ગયા. એ સમજી ન શક્યો કે પોતે ક્યાં છે. ત્યાં તો ઇંદુનો ઝીણો અવાજ આવ્યો - 'હા....ય' ને બાળકના રડવાનો અવાજ.....

છેલ્લા ત્રણચાર દિવસમાં તો ઘણું બની ગયું. મદને ઘરની એક બાજુ ખાડો ખોદીને આમળો વાવ્યો. કૂતરાઓને અંદર આવવા દીધા નહીં. પણ એને કશું જ યાદ નહોતું,. એ દિવસની પેલી ગંધ મગજમાં ઘૂસી ગયા પછી જાણે માંડ આજે એને હોશ આવ્યા હતા. ઓરડામાં એ એકલો હતો અને ઇંદુ - નંદ અને જશોદા - ને બીજી બાજુ નંદલાલ- એના સામે જોઇ ઇંદુ .બોલી, 'બિલકુલ તમારા પર ગયો છે ને ?'

'હશે .....' મદને ઉપરછલ્લી નજર છોકરા પર નાખી કહ્યું, 'હું તો ભગવાનનો પાડ માનું છું કે તું તો બચી ગઇ.'

'હા,' ઇંદુ બોલી, 'મને તો એમ જ થતુ હતું.....'

'શુભ શુભ બોલ,' મદને ઇંદુની વાત કાપી નાખી, 'અહીં તો એવું થયું છે, કે હવે હું તારી પાસે આવીશ નહી....'

'તોબા કરો,' ઇંદુ બોલી.

મદને એ જ રીતે પોતાના હાથે કાનપટ્ટી પકડી અને ઇંદુ પાતળા અવાજે હસી પડી.

બાળક જન્મી ચૂક્યા પછી કેટલાય દિવસ લગી ઇંદુની નાભિ સરખી આવી નહીં. એ હલી હલીને એ બાળકની શોધ કરી રહી હતી જે એનાથી દૂર બહારની દુનિયમાં જઇને પોતાની માને ભૂલી ગયું હતું.

હવે બધુ બરાબર હતું અને શાંતિથી ઇંદુ આ દુનિયા તરફ જોઇ રહી હતી. જાણે કે એણે મદનને જ નહીં પણ જગતભરના .ગુનેગારને માફ ન કરી દીધા હોય! હવે એ દેવી બનીને કરુણાનો પ્રસાદ વહેંચતી ફરતી હતી. મદને ઇંદુના મોં તરફ જોયુ અને વિચારવા લાગ્યો- આ બધી તકલીફોથી દૂબળી પડી ગયેલી ઇંદુ વધારે સુંદર લાગે છે, ત્યાં તો એકાએક ઇંદુએ બંને હાથ પોતાની છાતી પર દબાવી દીધા-

'શું થયું ?'

'કંઇ નહી,' ઇંદુએ ઊઠવાની કોશિશ કરતા કહ્યું, 'એને ભૂખ લાગી છે.' અને છોકરા તરફ ઇશારો કર્યો.

'એને - ભૂખ ?' મદને પહેલાં છોકરા સામે જોયું અને પછી ઇંદુ તરફ 'તને કેમ ખબર પડી ?'

'જોતાં નથી ?' ઇંદુએ નીચું જોઇ કહ્યું, 'આ બધુ ભીનું થઇ ગયું તે ?'

મદને રસથી ઇંદુના સ્તન તરફ જોયું. દૂધ ઝરતું હતું એક જાતની સુંગધ પણ એમાંથી આવતી હતી. પછી ઇંદુએ બાળક તરફ હાથ કરતાં કહ્યું - 'મને આપો તો'

મદને પારણા તરફ હાથ લંબાવ્યા ને તરત ખેંચી લીધા પાછા. પછી ફરી હિમંત ભેગી કરીને મરેલા ઉંદરને ઉપાડતો હોય એમ છોકરું ઉપાડ્યું. ને માંડ માંડ ઇંદુને ગોદમાં મૂકી દીધું. ઇંદુએ મદનની સામે જોયું અને કહ્યું- 'હવે બહાર જતા રહો.'

'કેમ ? બહાર કેમ જાઉં ?'

'જોઓ ને,.....' ઇંદુએ લજાઇને કહ્યું-'તમારા દેખતાં હું એને દૂધ નહીં પિવડાવી શકું.....'

'અરે ?' મદન આશ્ચર્યથી બોલ્યો, 'મારા દેખતાં નહીં પિવડાવી શકે ?' અને પછી અણસમજુની જેમ માથું હલાવતો બહાર નીકળી ગયો. દરવાજા તરફ જતાં પાછળ ફરીને એણે એક વખત ઇંદુ પર નજર નાખી લીધી- આટલી સુંદર એ ક્યારેય લાગી નહોતી.

રજા મળ્યા પછી બાબુ ધનીરામ ઘરે આવ્યા ત્યારે પહેલાં કરતા અરધા થઇ ગયા હતા. ઇંદુએ એમના ખોળામાં પૌત્રને મૂકી દીધો ત્યારે ખુશ ખુશ ખુશ થઈ ગયા. એમના પેટમાં કશીક ફોડલી જેવું થઇ ગયું હતું. એ ચોવીસે કલાક શૂળની જેમ દુઃખતું ને આ મુન્નો ન હોત તો બાબુજીની હાલત દશગણી વધારે બગડી જાત.

કેટલીયે દવા કરી. અને છેલ્લી દવા મુજબ તો રોજની દસપંદર ગોળી ડૉકટરે લખી આપી. પહેલે જ દિવસે એટલો તો પરસેવો વળ્યો કે દિવસમાં ચાર વખત કપડાં બદલવાં પડ્યાં. દર વખતે મદન કપડાં ઉતારીને બાલદીમાં નિચોવતો. કેવળ પસીનાથી

જ પા બાલદી તો ભરાઇ જતી. રાતના એમનું મોં બગડી ગયું એટલે એમણે બૂમ પાડી-

'વહુ ! જરા દાતણ દેજે, મોઢું ખરાબ થઇ ગયું છે.....' વહુ દોડતી દાતણ લઇને આવી. બાબુજી ઊઠીને દાતણ કરવા ગયા પણ એક એવી ઉલટી આવી કે લોહીની નળી છૂટી ગઇ. દીકરાએ જ્યારે બિછાનામાં સુવડાવ્યા ત્યારે એમના ડોળા ચકળવકળ થઇ ગયા હતા. ગણતરીના શ્વાસો લઇ એ આસમાનના બગીચામાં પહોંચી ગયા, જ્યાં એમનું પોતાનું ફૂલ એમણે શોધી લીધું હતું.

છોકરો જન્મ્યાને માત્ર વીસપચીસ દિવસ જ થયા હતા. ઇંદુએ માથું પછાડી પછાડીને છાતી કૂટી કૂટીને પોતાની જાતને ખૂબ દુ:ખ દીધું. મદનને એ જ દ્રશ્ય દેખાયું જે એણે પોતે પથારીમાં પડ્યાં પડ્યાં તે દિવસે કલ્પી લીધું હતું. ફરક એટલો જ હતો કે બંગડીઓ તોડી નાખવાને બદલે ઇંદુએ ઉતારી નાખી હતી. માથા પર રાખ ન નાખી. પણ જમીનની માટી લાગવાને લીધે અને વાળ વેરવિખેર થઇ જવાને લીધે ચહેરો ભયાનક થઇ ગયો હતો. 'લોકો, હું લૂંટાઇ ગઇ,' એને બદલે 'લોકો, અમે લૂંટાઇ ગયાં....'

ઘરબારનો કેટલો બોજો મદનને માથે આવી પડ્યો હતો એનો મદનને અંદાજ નહોતો. સવાર સુધીમાં એનો જીવ પણ ગળે આવી ગયો. ઘરની બહાર નાળાને કિનારે પડેલી માટીમાં આળોટીને પોતે રડી ન લીધું હોત તો કદાચ બચી શક્યો હોત નહીં. ધરતીમાએ પોતાના પુત્રને છાતીએ વળગાડી લીધો હતો. નાનાં છોકરાઓમાં કુંદન, દુલારી, મુન્ની અને પાશી તો એવા રડે કે ચકલીના માળામાં હુમલો કરનાર બાજને જોયાં પછી એનાં બચ્ચાને જેમ ચીંચીં કરતાં ચિત્કાર કરી મૂકતાં હોય. એને કોઇનું છત્ર હતું તો એક માત્ર ઇંદુનું નાળાને કિનારે પડ્યાં પડ્યાં મદન વિચારતો હતો કે હવે તો મારે માટે દુનિયા સમાપ્ત થઇ ગઇ. હવે હું જીવી શકીશ ? ક્યારેય હસી શકીશ ? પછી એ ઊઠીને ઘરમાં આવતો રહ્યો.

સીડીની નીચે એક બાથરુમ હતો. એમાં જઇ દરવાજો બંધ કરતાં ફરી એને પ્રશ્ન થયો- હું ક્યારેય હસી શકીશ કે નહીં ? ને એ ખડખડાટ હસતો હતો, જ્યારે બાજુની બેઠકમાં એના બાપની લાશ હજુ ત્યાં જ પડી હતી.

બાપને અગ્નિમાં હોમતાં પહેલા મદન નનામી પર પડેલા એના શરીરને દંડવત્ પ્રણામ કરી ગયો. આ એના જન્મદાતાને આખરી પ્રણામ હતા પણ ત્યારે એ રડ્યો નહીં. એની આ સ્થિતિ જોઇ મૈયતમાં આવનારા અને સગાવહાલાં સડક થઇ ગયાં.

પછી હિંદુ રિવાજ મુજબ મોટા દીકરા તરીકે એણે ચિતા ચાંપી. 'કપાલક્રિયા' બળબળતી ખોપરી માથે કરવી પડી. સ્ત્રીઓ તો સ્મશાનના કૂવા પર નહાઇને બહારથી જ ચાલી ગઇ હતી. ધરતીમાએ ક્ષણવાર માટે જે શક્તિ પોતાના પુત્રને આપી હતી તે રાત પડતાં જ વિક્ષિપ્ત થઇ ગઇ.... એને કશાક સહારાની જરૂર હતી. મૃત્યુથી પણ મોટી હોય એવી કોઇ ભાવનાના સહારાની. ત્યારે ધરતીમાની પુત્રી

જનકદુલારી ઇંદુએ ક્યાંકથી તત્કાલ જન્મીને એ રામને પોતાના બાહુઓમાં સમાવી લીધા. એ રાતે જો ઇંદુ પોતાનું સ્વત્વ મદનને માટે ન્યોછાવર ન કરત તો આટલું મોટું દુઃખ મદનને ભાંગી નાખત.

દસ જ મહિનામાં ઇંદુને બીજો દીકરો આવ્યો. પત્નીને આ નરકની આગમાં ધકેલીને મદન પોતાનું દુઃખ ભૂલી જતો. ક્યારેક એને થતુ કે મેં લગ્ન પછી બાબુજીની પાસે રહેલી ઇંદુને યાદ ન કરી હોત તો બાબુજી કદાચ આટલા જલદી ચાલ્યા ગયા ન હોત. પણ પછી એ પિતાના મૃત્યુથી થતી ખોટને પૂરવામાં રત થઇ જતો. કારભાર પહેલાં બેદરકારીને લીધે અટકી પડ્યો હતો તે ફરજિયાત સરખો ચાલવા માંડ્યો.

તે દિવસે મોટાને મદન પાસે રાખીને નાનાને કેડમાં ઘાલીને ઇંદુ પિયર ગઇ હતી. ને મુન્નો જાતજાતની રઢ લેતો જે ક્યારેક પૂરી કરી પણ શકાય ને ક્યારેક અશક્ય પણ હોય. પિયરથી ઇંદુનો પત્ર આવ્યો - 'મને અહીં મારા મુન્નાનો રડવાનો અવાજ સંભળાય છે, એને કોઇ મારતું તો નથી ને .... ?' મદન ચિડાયો,એક અભણ સ્ત્રી આવું લખે? પછી એણે પોતે જ પોતાની જાતને પૂછ્યું: આયે શું રટણ હું ચલાવું છું.?

વર્ષો પસાર થતાં રહ્યા.એશ થઇ શકે એટલા પૈસા તો ક્યારેય આવ્યા જ નહોતા.પણ પેટપૂરતું મળી રહેતું. અણધાર્યો મોટો ખર્ચો આવી પડતો ત્યારે થોડી ખેંચ પડતી. કુંદનનો દાખલો કઢાવવાનો હોય, દુલારીના શુકન મોકલવાના હોય.... ત્યારે મદન નીચી મૂંડી કરીને બેસી રહેતો અને ઇંદુ એક બાજુથી મલકાતી મલકાતી આવીને કહેતી, 'કેમ દુઃખી થઇ ગયા ?' મદન એના તરફ આશાભરી નજરે જોઇ કહેતો, 'કેમ દુઃખી ન થાઉં ? કુંદનના બી.એ. ના પૈસા ભરવાના છે, મુન્ની....' ઇંદુ હસતી અને કહેતી, 'ચાલો તો જરા મારી જોડે....' ને મદન બકરીના બચ્ચાની જેમ ઇંદુની પાછળ પાછળ ચાલવા માંડતો. ઇંદુ ચંદનવાળી પેટી પાસે પહોંચી જતી જેને મદનથી માંડીને કોઇને પણ હાથ લગાવવાની રજા નહોતી. ક્યારેક આનાથી ચિડાઇને મદન કહેતો - 'છાતીએ બાંધીને મરજે,' 'હા હા, એમ જ કરીશ,' ત્યારે ઇંદુ જવાબ આપતી. પછી તો જરૂર હોય એટલી રકમ કાઢીને એ સામે રાખતી ત્યારે મદન ખુશ થઇ જતો, 'આ ક્યાંથી આવ્યા ?'

'ક્યાંકથી પણ આવ્યા... તમારે રોટલા સાથે કામ કે ટપ....'

'તો પણ કહે તો.....'

'તમે જશો હવે ? તમારું કામ ચલાવો.....'

ને મદન વધારે જિદ્દ કરતો ત્યારે ઇંદુ કહેતી- 'મેં એક શેઠને દોસ્ત બનાવ્યો છે....' પછી હસી પડતી. ખોટું છે એમ જાણવા છતાં પણ મદનને આ મજાક ગમતી નહીં. પછી ઇંદુ કહેતી- 'હું ચોર છું... તમને ખબર નથી, દાની લુટારુ - જે એક હાથે લૂંટી લઇ બીજા હાથે ગરીબગરબાંને આપી દે છે.....' આ જ રીતે મુન્નીના લગ્ન થયાં

અને આવાં જ લૂટના ઘરેણાં કામ લાગી ગયાં. કરજ થઇ પણ ગયું ને ચુકવાઇ પણ ગયું.

એ જ રીતે કુંદન પરણ્યો. લગ્નમાં ઇંદુ જ એ લોકોની મા હતી. આકાશમાથી બાબુજી અને મા જોઇ જોઇને હરખાઇ જતાં, પુષ્પવૃષ્ટિ કરતાં પણ એ કોઇ જોઇ શકતું નહીં, અરે, ત્યાં તો મા અને બાપમાં ઝઘડો પણ થઇ ગયો. માએ બાબુજીને કહ્યું, 'તમે તો વહુના હાથના ખાઇ આવ્યા,એનું સુખેય દોયું પણ હું જ અભાગણી કે મેં કાંઇ ન જોયું.....' આ ઝઘડો શિવ અને વિષ્ણુ પાસે પહોંચી ગયો. એમણે ફેંસલો માના પક્ષમાં દીધો- એના પરિણામે મા મૃત્યુલોકમાં આવીને વહુની કૂખે જન્મી-ઇંદુને ત્યાં એક પુત્રી પણ જન્મી.

નેં ઇંદુ દેવી થોડી હતી ? સિદ્ધાંતની વાત આવે ત્યાં નણંદદિયર જ નહીં, મદન સાથે પણ આખડી પડતી - મદન સત્યનિષ્ઠાની આ પ્રતિમાને ચિડાઇને હરિશ્ચંદ્રની દીકરી કહ્યા કરતો. ઇંદુની વાતોમાં આંટીઘૂટીઓ જરૂર હતી પણ એમાં સ્થિરપણે ધર્મ અને સચ્ચાઇ રહેતાં જ. એટલે જ મદન અને બીજા બધાની આંખો એની પાસે હંમેશા ઝૂકેલી જ રહેતી. ગમે તેટલો ઝઘડો થઇ જાય કે મદન પતિ હોવાનો રૂઆબ છાંટીને ઇંદુની કેટલીયે વાતો ઉડાવી દે છતાં છેવટે તો બધાં જનીચું માથું કરીને ઇંદુને શરણે જ આવતાં અને માફી પણ માગતાં.

નવી ભાભી આવી. કહીએ તો એ પણ પત્ની હતી પણ ઇંદુ એક સ્ત્રી હતી જે પત્ની પણ હતી. ઊલટી નાની ભાભી રાની એક પત્ની જ હતી જેને સ્ત્રીયે કહી શકાય. રાનીને લીધે ભાઇઓ ઝઘડ્યા. જે.પી. કાકાની દરમિયાનગીરીથી મિલકતના ભાગલા થયા. એમાં માબાપની તો ખરી જ ઇંદુની મિલકત પણ સપાટામાં આવી ગઇ અને ઇંદુનું કાળજું કપાઇ ગયું.

બંધુયે મળવા છતાં કુંદન અને રાનીને રહેતા જ ન આવડે અને ઇંદુનું પોતાનું ઘર પણ થોડા દિવસમાં ઝળાંહળાં થઇ ઉઠ્યું.

પણ છોકરી જન્મ્યાં પછી ઇંદુની તબિયત બરાબર રહેતી નહોતી. છોકરી દર વખતે ઇંદુની છાતીએ વળગેલી રહેતી. માંસના એ લોચા પર બધાં થૂકતાં હતાં, પણ ઇંદુ એને છાતીથી અલગ કરવા માગતી નહોતી. ક્યારેક તો પોતે પણ થાકી જતી અને એને જોરથી પારણામાં પછાડી કહેતી-'હવે તુ મને જીવવા દઇશ કે મા ?'

ને છોકરી રડવા લાગતી.

મદન પણ ઇંદુથી હવે ચિડાવા લાગ્યો. લગ્નથી આજ સુધી એને પોતાને જેવી જોઇતી હતી એવી સ્ત્રી મળી જ નહોતી. ગંદાં મૂળિયાં વેચાતાં ગયાં તેમ ઇંદુને જણાવ્યા વગર મદને રૂપિયા બહાર ખરચવા માંડ્યા. બાબુજીના ગયા પછી હવે પૂછનાર પણ કોઇ હતું નહીં. પૂર્ણ સ્વતંત્રતા હતી.

પાડોશીની ભેંસ હવે મદનના મોં પાસે ફૂંક મારવા લાગી. વારે વારે એક ધારી.

લગ્નની રાતવાળી ભેંસ ક્યારની વેચાઇ ગઇ હતી. એનો માલિક જીવતો હતો.મદન એની જોડે એવે ઠેકાણે જવા લાગ્યો જ્યાં અંધારાં અને અજવાળા ગજબના વિચિત્ર ચહેરાઓ બનાવતાં હતાં, નાકા પર એક અંધારાનું અને કોઇ ચિત્ર પુરું થતું જ નહીં.બગલમાંથી એક પાયજામો નીકળીને આકાશમાં ઉડવા માંડ્યો હોય એમ લાગતું. કોઇ એક કોટથી જોનારનું મોં ઢંકાઇ ગયું. કોઇક શ્વાસ લેવા માટે તરફડ્યું. ત્યાં જ અજવાળાનું ચોરસ એના પર પડ્યું. એક ચહેરો એમાં ફસાયો. જોનારે હાથ લાંબો કર્યો. આરપાર નીકળી ગયો. પાછળથી કૂતરાંના રડવાના અવાજે ને તબલાના અવાજે દબાવી દીધો.

મદનને એની કલ્પનાની આકૃતિ મળી તો ખરી પણ દરેક ઠેકાણે જાણે એમ લાગતું હતું કે કલાકારે એકાદ રેખા ખોટી દોરી હતી અથવા હાસ્યનો અવાજ જરૂર કરતાં ક્યાંક મોટો હતો અને મદન તો નિષ્કલંક શિલ્પગત સંતુલિત હાસ્યની શોધમાં ખોવાઇ ગયો.

સિબ્તાએ તો તે દિવસે પોતાની પત્નીને વાત કરી જ્યારે એની બેગમે આદર્શ પ્રેમી અને પતિના રૂપમાં મદનનો દાખલો આપીને સિબ્તાને ધમકાવ્યો. એટલે સિબ્તાએ તરત એના અસલ સ્વરૂપની ઝાંખી બેગમને કરાવી દીધી. પછી તો તરત બેગમે ગાળોનો વરસાદ ઇંદુના આંગણામાં જઇને વરસાવ્યો.

ઇંદુ એકને બદલે બે થઇ ગઇ. એક તો પોતે અને બીજી એની આસપાસ ફેલાયેલી એ રેખા જે કાંપી રહી હતી અને નરી આંખે જ જોઇ શકાય એમ હતી.

મદન જ્યાં જતો ત્યાં ઘરેથી જ જતો..... નાહીધોઇ, સુંદર કપડાંમાં સજ્જ થઇને બે મઘઇના ટુકડામાં કિમામ લગાવીને મોંમા મૂકતોકને ....પણ તે દિવસે મદન જ્યારે ઘરમાં પ્રવેશ્યો ત્યારે ઇંદુના રંગ અલગ જ હતા. એણે ચહેરા પર પાઉડર લગાવ્યો હતો. ગાલે પણ રુઝના લપેડા અને લિપસ્ટિક નહોતી એટલે હોઠ માથાની બિદીંથી રંગ્યા હતા. વાળ પણ એવી રીતે ઓળ્યા હતા કે મદનની નજર એમાં અટવાઇ ગઇ.

'શું વાત છે, આજે ?' મદને નવાઇ પામતાં પૂછ્યું.

'કંઇ નહીં,' ઇંદુએ મદનની આંખો બચાવતાં કહ્યું- 'આજે ફુરસદ મળી ગઇ.'

લગ્ન થયે પંદર વરસ વીતી ગયા પછી આજે ઇંદુને ફુરસદ મળી. એ પણ એવા સમયે કે જ્યારે એના ચહેરા પર કરચલીઓ હોવી જોઇએ. નાક પર પણ. બ્લાઉઝની નીચેના પેટ પર, કમર પાસે ચરબીની બે ત્રણ રેખાઓ હતી.પણ આજે ઇંદુ એ રીતે તૈયાર થઇ હતી કે આમાનું કશું જ દેખાતું ન હતું. આમ એ કેટલી સુંદર અને આકર્ષક લાગતી હતી ! આ કઇ રીતે બની શકે - મદને વિચાર્યું અને એને એક ધક્કો લાગ્યો. એણે ફરી એક વાર ઇંદુ તરફ જોયું - જાણે ઘોડાનો વહેપારી કોઇ નામી ઘોડી તરફ જોઇ રહે. ત્યાં ઘોડી પણ હતી અને લાલ લગામ પણ.... પણ અહીં જે ગરબડ હતી તે

આ શરાબીની આંખો નક્કી કરી શકતી નહોતી.... ઇંદુ સાચે જ સુંદર હતી.આજે પણ, પંદર વર્ષે પણ એ ફૂલો, રશીદા, મિસિસ રૉબર્ટ અને એની બહેનો આની સામે પાણી ભરે ! પછી મદનને મનમાં ડર ઉત્પન્ન થયો ! દયા પણ આવી.

આકાશમાં વાદળાં તો ખાસ હતાં નહીં પણ પાણી વરસવા લાગ્યું. ઘરની ગંગા ભરતીમાં હતી અને એનું પાણી નીકળીને વહેતું વહેતું આડોશ પાડોશમાં, કસબો ને આખા ગામને ઘેરી લેવા તૈયાર હતું. આટલી ઝડપથી પાણી વહ્યા કર્યું તો જાણે કૈલાસ પર્વત પણ ડૂબી જશે. અહીં બેબી રડવા લાગી. એ આજ લગી આવું ક્યારેય રડી નહોતી.

એનો અવાજ સાંભળી મદને આંખો મીચી દીધી. ખોલી તો સામે જ યુવાન સ્ત્રી ઊભી હતી. ના, ના .... એ ઇંદુ જ હતી. મારી માની દીકરી ને મારી દીકરીની મા. એ પોતાની આંખના ખૂણેથી હસતી હતી અને હોઠના કિનારેથી જોઇ રહી હતી !

આ જ ઓરડામાં કરેલા ધૂપે મદનનું માથું ફેરવી નાખ્યું. ખસની ગંધે એને ત્રાસ આપ્યો. ધીમો વરસાદ તેજ વરસાદ કરતાં વધારે ખતરનાક હોઇ શકે. એટલે જ બહારનું પાણી ઉપરથી કોઇ તડમાંથી ઇંદુ અને મદનની વચ્ચે ટપકવા લાગ્યું......પણ મદન તો મદચૂર બની રહ્યો હતો. આ નશામાં એની આંખો ફેલાઇ સંકોચાઇ જવા લાગી અને શ્વાસોચ્છ્વાસ ઝડપી થઇ ગયો. એ હવે માનવના શ્વાસ નહોતા.

'ઇંદુ,' મદને કહ્યું..... એનો અવાજ લગ્નની રાતના અવાજ કરતાં બેસૂર અને ઉંચો હતો. ઇંદુએ પાછળ જોતાં કહ્યું, 'જી.' એનો અવાજ બેસૂર અને નીચો હતો..... આજે ચાંદની નહીં, અમાસ હતી.....

ઇંદુ તરફ હાથ લંબાવે એ પહેલાં જ ઇંદુ મદનને ભેટી પડી. પછી મદને હાથ એના લમણા પર મૂકી ચહેરો ઉપર ઉઠાવ્યો,એણે શું મેળવ્યું કે શું ખોયું છે તે જોવા. ઇંદુએ એક નજરે મદનના પલળતા ચહેરા પર જોઇ લીધું. પછી આંખો મીચી દીધી.....

'આ શું ?' મદને કહ્યું, 'તારી આંખો સૂજી ગઇ છે....'

'એમ જ,' ઇંદુએ બાળકી તરફ ઇશારો કરતાં કહ્યું, 'આખી રાત જગાડી છે આ માતાજીએ !'

એ બાળકી હવે ચૂપ થઇ ગઇ હતી. જાણે જોવા માગતી હોય કે હવે શું થાય છે! આકાશમાંથી પાણી વરસતું બંધ થઇ ગયું. મદને ફરી ઇંદુની આખો તરફ જોઇ પૂછ્યું, 'ને આ આંસુ ?'

'ખુશીના છે,' ઇંદુએ જવાબ દીધો, 'આજની રાત મારી છે.' પછી એક અજબનું સ્મિત કરી મદનને વીંટળાઇ વળી. સુખના અનુભવથી મદને કહ્યું-'આજે વર્ષો પછી મારી મુરાદ પૂરી થઇ, ઇંદુ! મેં હમેશાં ઇચ્છયું હતું-'

'પણ તમે કહ્યુ તો નહોતું.' ઇંદુએ કહ્યુ, 'યાદ છે લગ્નની રાતે મેં તમારી પાસે શું માગ્યું હતું ?'

'હા તમારાં દુઃખ મને આપી દો.'

'તમે તો કાંઇ ન માંગ્યુ મારી પાસે?'

'મેં ?' મદને અકળાઇને કહ્યુ, 'હું શું માગું ? હું જે માગી શકું એમ હતો એ બધુ તેં આપ્યું જ હતું મને મારા કુટુંબીઓને સ્નેહ, એમનું ભણવા-ગણવાનું, વિવાહલગ્ન, આ વહાલા વહાલાં બાળકો - આ બધું તો તેં આપ્યું !'

'હું પણ એમ જ માનતી હતી, પણ આજે ખબર પડી કે એ ભૂલ હતી.'

'એટલે ?'

'કંઇ નહીં,' ઇંદુએ જરા અટકીને કહ્યું, 'મેં એક વસ્તુ હજી રાખી લીધી છે !'

'કઇ વસ્તુ ?'

ઇંદુ થોડી વાર ચૂપ રહી પછી એક તરફ મોં ફેરવતા બોલી, 'મારી લાજ.... મારી ખુશી.....ત્યારે તમે પણ કહી દીધું હોત કે તારું સુખ મને આપી દે.... તો હું.... ' ઇંદુનું ગળું રૂંધાઇ ગયું.

થોડી વારે એ બોલી, 'હવે તો મારી પાસે કશું જ નથી.'

મદનના હાથની પકડ ઢીલી થઇ ગઇ. એ કાપો તો લોહી ન નીકળે એવો થઇ ગયો - આ અભણ સ્ત્રી - રટેલી વાત ?

ના....રે આ તો મારી નજર સામે જ જીવનની ભઠ્ઠીમાંથી શેકાઇને આવી છે.એના પર બરાબર હથોડા પડી રહ્યા છે અને આતશના ટુકડા ચારે બાજુ ઊડી રહ્યા છે....

થોડી વારે મદન હોશમાં આવ્યો અને બોલ્યો, 'હું સમજી ગયો, ઇંદુ !'

પછી રડતાં રડતાં મદન અને ઇંદુ એકબીજાને ભેટી પડ્યા. ઇંદુએ મદનનો હાથ ઝાલ્યો ને એને એક એવી દુનિયામાં લઇ ગઇ જ્યાં માણસ મૃત્યુ પછી જ જઇ શકે !

# લાજવંતી

**રાજેન્દ્રસિંહ બેદી**

'હથ લાઈયોં કુમ્લાન ની...લાજવંતી દે બૂટે.'

(આ તો લજામણી કેરી વેલ રે, લજવાશે સાહેલી, અડતાંવેંત રે.)

ભાગલા થયા. અગણિત ઘાયલ લોકોએ જાગીને પોતાના દેહ પરથી રક્તના રંગ દૂર કર્યા અને પછી બધાએ મળીને એ લોકો તરફ ધ્યાન આપ્યું જેમનાં શરીર તો સહીસલામત હતાં, પણ દિલ ઘાયલ!

શેરીએ શેરીએ અને ચૌટે ચૌટે 'ફરી વસાવો' સમિતિઓ બની ગઈ. શરૂ શરૂમાં તો ઘણા પરિશ્રમ સાથે 'ધંધારોજગારમાં વસાવો,' 'જગ્યા પર વસાવો' અને 'ઘરમાં વસાવો'ના કાર્યક્રમો થયા. પણ એક કાર્ય એવું હતું કે તેના તરફ કોઈનું ધ્યાન ગયું નહોતું. ઉઠાવી જવાયેલી સ્ત્રીઓ વિશેનું એ કાર્ય. એનું સૂત્ર હતું : 'દિલમાં વસાવો' અને આ કાર્યક્રમનો નારાયણબાબાના મંદિર અને તેની આસપાસના વિસ્તારના સનાતની લોકો તરફથી જોરદાર વિરોધ થઈ રહ્યો હતો.

મંદિરની પાસેના 'મુલ્લા શકૂર' મહોલ્લામાં પણ આ માટે એક સમિતિ બની અને એના મંત્રી તરીકે સુંદરલાલ બાબુને અગિયાર મતની બહુમતીએ ચૂંટી કાઢવામાં આવ્યા. વકીલસાહેબ, સદર અને એવા જ બીજા માતબર લોકોનો ખ્યાલ હતો કે સુંદદરલાલથી વધુ મન દઈને આ કામ બીજું કોઈ નહીં કરી શકે. કદાચ એનું કારણ એ પણ હોય કે સુંદરલાલની પોતાની પત્નીને જ ફોસલાવીને ભગાડીને લઈ જવામાં આવી હતી. એનું નામ હતું લાજુ -- લાજવંતી.

સવારે જ્યારે પ્રભાતફેરી નીકળે અને સુંદરલાલ બાબુ પોતાના સાથી રિસાલુ અને નેકીરામ વગેરે સાથે ગાતા ગાતા નીકળે કે -- 'હથ લાઈયોં કુમ્લાનની લાજવંતી દે બૂટે' -- ત્યારે અચાનક સુંદરલાલ બાબુનો અવાજ ઊંડો — અસ્પષ્ટ — અને બંધ પડી જતો. એમનું મન વિચારે ચડી જતું. લાજવંતી યાદ આવી જતી, કોણ જાણે ક્યાંયે હશે, કઈ હાલતમાં હશે, મારે માટે શુંય વિચારતી હશે, ક્યારેય તે પાછી આવશે કે નહીં? અને આવા વિચારમાં પથરાળ જમીન પર ચાલતાં ચાલતાં એમના પગ ડગમગવા લાગતા!

અને હવે તો વાત એટલી હદે પહોંચી ગઈ હતી કે એમણે લાજવંતી વિશે વિચાર કરવોયે મૂકી દીધો હતો. દુનિયાના દુઃખમાં એમનું દુઃખ ભળી ગયું હતું. પોતાના

દુ:ખથી બચવા એમણે પોતાને જનસેવા સાથે વણી લીધા હતા અને છતાંય પોતાના સાથીઓના સૂરમાં સૂર મેળવતાં એમને એ વિચાર તો જરૂર આવી જતો : 'માનવીનું હૃદય કેટલું નાજુક હોય છે! નાની અમથી વાતમાં એને ઠેસ લાગી જાય છે. જાણે લજામણીનો છોડ ન હોય! એના તરફ હાથ પણ લંબાવો કે સંકોચાઈ જાય.' અને ત્યારે એમને પોતાનું લાજુ સાથેનું વર્તન યાદ આવતું. ગમે ત્યાં બેસવાઊઠવા માટે કે રસોઈ તરફ બેદરકારી બતાવવા માટે કે એવી જ કોઈ નાની નાની મામૂલી બાબતમાં એ એને મારપીટ કરતા.

અને લાજુ ગામડાની નાજુક દૂબળી-પાતળી છોકરી હતી. ભારે તાપમાં રખડીને એનો વર્ણ શ્યામ થઈ ગયો હતો. પ્રકૃતિમાં કશોક અનોખો અજંપો હતો. એની લાચારી ઝાકળના પેલા બિંદુ જેવી હતી, જે પતરવેલના મોટા પાનમાં આમતેમ ડગુમગુ થાય છે અને એની દૂબળી કાયા, જેને જોઈને પોતે પહેલાં ગભરાઈ ગયો હતો, જ્યારે પોતે જાણ્યું કે ગમે તે પ્રકારનું વજન કે દરેક પ્રકારનું દુ:ખ, અરે, ગમે તેવી મારપીટ પણ લાજુ લહન કરી શકે છે ત્યારે પોતાનું ગેરવર્તન વધતું જ ગયું અને એ મર્યાદા પણ વળોટી ગયું કે જેની પાર પહોંચી જતાં ગમે તેવા માનવીની ધીરજ છૂટી જાય. અને એ હદનો ખ્યાલ જ ન રહ્યો. ગણીએ તો એમાંયે લાજુ કારણભૂત હતી. લાંબો સમય ઉદાસ બેસી રહેતાં તે શીખી જ નહોતી એટલે મોટા મોટા લડાઈઝઘડા પછીયે સુંદરલાલ એક સ્મિત વેરે ત્યાં તો લાજુનું હાસ્ય એના મુખના ખૂણે ખૂણે છવાઈ જતું. લપકીને એ સુંદરલાલની સોડમાં ભરાઈને તેમના ગળામાં પોતાની બાહુમાળા પહેરાવી દેતી, 'હવે પાછા મને મારશો તો બોલીશ નહીં તમારી જોડે...' એનું મારપીટનું તમામ દુ:ખ-દર્દ એના મનમાંથી નીકળી ગયું છે એવું આથી જાહેર થઈ જતું. ગામડાંની બીજી છોકરીઓની જેમ તે પણ એમ જ માનતી કે ભાયડા તો એવા જ હોય. જો કોઈ સ્ત્રી સામે થઈ જાય તો છોકરીઓ પોતે જ નાક પર કે દાંતમાં આંગળી મૂકીને કહેતી, 'લે, બાયડી જેના કહ્યામાં ન રહે એ ભાયડો શેનો?' અરે આ મારપીટ તો એમનાં ગીતોમાંય સમાઈ ચૂકી હતી. લાજુ પોતે પણ ગાતી કે હું શહેરના છોકરા સાથે નહીં પરણું, મારી કમર તો પાતળી છે અને એ બૂટ પહેરે છે. પણ માત્ર એક જ ઘડીના એક પ્રસંગમાં શહેરના જ એક છોકરા સાથે એની ગાંઠ બંધાઈ ગઈ. એક જાનમાં જાનૈયા બનીને ગામમાં આવેલા સુંદરલાલે વરરાજાના કાનમાં માત્ર એટલું જ કહ્યું, 'તારી સાળી તો યાર ગજબની ખટમીઠી છે! વહુ પણ એવી જ હશે — ખોટી ગયો તું તો.' લાજવંતી એ સાંભળી ગઈ હતી. અને એ પણ ભૂલી ગઈ હતી કે સુંદરલાલના પગમાં કેવા મોચા ને કદરૂપા બૂટ છે ને પોતાની કમર કેટલી પાતળી છે!

પ્રભાતફેરી વખતે આ બધી યાદ સુંદરલાલના મનમાં ઊભરાઈ આવી. એમને થતું, 'માત્ર એક જ વાર જો લાજુ મળી જાય તો હું એને ખરેખર દિલમાં સમાવી દઉં

અને લોકોનેય બતાવી દઉં -- આ બિચારી સ્ત્રીઓના ભાગી જવામાં એમનો કોઈ દોષ નથી. દગાનો ને ઝનૂનનો ભોગ બનેલી આ બધી નારીઓનો કંઈ વાંક નથી. આ ભોળી ને નિર્દોષ અબળાઓનો સ્વીકાર જે સમાજ નકરે, એને અપનાવી ન લે તે સમાજ પોતે જ સડી ગયેલો હોય. ને એવા સમાજને ખતમ જ કરી નાખવો જોઈએ.' એવી સ્ત્રીઓને ઘરમાં વસાવવાનો અને ઘરમાં અન્ય કોઈ પણ નારી -- મા, બહેન, દીકરી કે વહુ જેવું જ સ્થાન આપવાનો એ આગ્રહ કરતા. એ કહેતા; 'એમને એ વાતનો અણસારો પણ ન આવવા દેવો, એમના પર જે વીતી હોય તે એમને ભૂલેચૂકે પણ યાદ કરાવવું નહીં કેમ કે એમનાં મન જખમથી આળાં થઈ ગયાં હોય, એમનાં દિલ નાજુક - લજામણી જેવાં -- હોય, હાથ લગાડતાં જ ચીમળાઈ જાય.'

'દિલમાં વસાવો' કાર્યક્રમનો અમલ કરવાના પગલા રૂપે મુલ્લાં શકૂરની આ સમિતિએ ઘણી પ્રભાતફેરીઓ કાઢી. સવારના ચારપાંચ વાગ્યાનો સમય એમને ઘણો ફાવતો. લોકોનો શોરબકોર ત્યારે ખાસ હોય નહીં અને વાહનોનીય ચિંતા નહીં. આખી રાત ચોકી કરતાં કૂતરાંય ઠરી ગયેલાં તાપણાંના ખાડામાં માથાં મૂકીને સૂઈ ગયાં હોય. પોતપોતાની પથારીમાં પડ્યા પડ્યા લોકો એમનો અવાજ સાંભળીને માત્ર એટલું જ બોલતા -- 'આ તો એ જ લોકો છે--' અને એમ ક્યારેક ચિડાઈને તો ક્યારેક ધીરજથી એમનો પ્રૉપેગેન્ડા સાંભળી રહેતા. જે સ્ત્રીઓ સાજીને આ તરફ આવતી રહી હતી તેઓ કોબીનાં ફૂલની જેમ ફેલાયેલી પડી રહેતી અને એમના પતિદેવો એના ઓઢણા નીચે લાકડીની જેમ પડ્યા પડ્યા પ્રભાતફેરીના ઘોંઘાટ પર ટીકા કરતા ગણગણતા. અથવા કયાંક કોઈક બાળક થોડીક ક્ષણો આંખો ખોલી 'દિલમાં વસાવો'ની ફરિયાદ અને દુઃખ ભરેલો પ્રૉપેગેન્ડા સાંભળતું અને પછી એને કોઈ ગીત સમજીને પાછું સૂઈ જતું.

પણ સવારના પહોરમાં કાનમાં પડેલા શબ્દો વ્યર્થ નથી જતા. આખો દિવસ એ માથામાં ઘુમરાયા કરે છે., કોઈ કોઈ વખત તો એનો અર્થ પણ સમજ્યા વિના માણસ એ ગણગણ્યા કરતો હોય છે. એ અવાજ ઘર કરી ગયો હોવાથી જે એ દિવસોમાં કુ. મૃદુલા સારાભાઈ જ્યારે ભારત અને પાકિસ્તાનની ભગાડી જવાયેલી સ્ત્રીઓમાંથી થોડીકને લઈ આવ્યાં ત્યારે મુલ્લાં શકૂર મહોલ્લાના કેટલાક માણસો એને ફરી વસાવવા તૈયાર થઈ ગયા. એમના અંગત સંબંધીઓ એને ગામ બહાર ચોકી પર મળવા ગયા. ભગાડી જવાયેલી સ્ત્રીઓ અને એમને મળવા આવનારાઓ થોડીક ક્ષણો તો અરસપરસ તાકી રહ્યા અને પછી નતમસ્તકે પોતાનાં બરબાર ઘરોને પાછાં આબાદ કરવા નીકળી પડયા. રિસાલુ અને નેકીરામ ને સુંદરબાબુ પણ ક્યારેક 'મહેન્દ્રસિંહ ઝિંદાબાદ' તો વળી ક્યારેક 'સોહનલાલ ઝિંદાબાદ' નો ઘોષ કરતા. એમના એ નારા ચાલુ જ રહ્યા. તે એટલે સુધી કે એમના સાદ બેસી ગયા.

એમાં એવી સ્ત્રીઓ પણ હતી કે જેમનાં માબાપ ભાઈબહેનોએ એમને

ઓળખવાનીયે ના પાડી દીધી હતી. 'એમને મોત કાં ન આવ્યું? પોતાની પવિત્રતા અને આબરૂ બચાવવા એમણે ઝેર કેમ ન ઘોળ્યું ? કૂવામાં કૂદી કેમ ન પડી? એ કાયરતાથી જિંદગીને વળગી રહી હતી. સેંકડો, હજારો સ્ત્રીઓએ પોતાની આબરૂ લૂંટાઈ જાય એ પહેલાં જીવ દઈ દીધો હતો.' પણ એ મા-બાપોને, ભાઈબહેનોને શું ખબર કે જીવતી રહીને એ કસ્ત્રીઓએ કેટલી બહાદુરી બતાવી હતી ? આ પથરાયેલી આંખોથી મોતને ઘૂરકીને જોઈ રહી હતી. એ બિચારીઓનાં નસીબમાં એવી એક દુનિયા હતી કે જ્યાં ખુદ એમના પતિ પણ એમને ઓળખતા નહોતાં. એક પછી એક એમાંનું પોતપોતાનું નામ જાણે કે માત્ર પોતાને માટે જ બોલતી હોય એમ બોલતી હતી... સોહાગી... સોહાગવંતી ... અને એ ટોળામાં પોતાનો ભાઈ નજરે ચડતાં છેલ્લી વાર એટલું કહેતી -- 'અરે, તુંયે મને નથી ઓળખતો, બિહારી? તને તો મેં કાખમાં તેડીને રમાડ્યો છે, ભઈલા!' અને ત્યારે બિહારીને તો ચીસ પાડવાની ઈચ્છા થઈ આવતી. એ પોતાનાં માબાપની સામે જોતો. માબાપ હૃદય પર હાથ મૂકી - હાથે કરીને હૃદયને ઢાંકી દઈ નારાયણબાબા સામું જોતાં. અને નારાયણબાબા અત્યંત લાચાર હાલતમાં આકાશ તરફ જોઈ રહેતા, -- જ્યાં હકીક્તમાં કંઈ જ નથી, જે માત્ર આપણી દૃષ્ટિની મર્યાદા છે; એક હદ છે, જેની પેલે પાર જોવા આપણી આંખો કામ નથી કરતી.

પણ જે લશ્કરી ટ્રકમાં આ સ્ત્રીઓને લાવવા આવી એમાં લાજુ નહોતી. સુંદરલાલે ભય અને આકાંક્ષા સાથે છેલ્લી યુવતી ટ્રકમાંથી ઊતરે ત્યાં સુધી જોયા કર્યું અને પછી બમણા જોશથી ચુપચાપ, સ્વમાનભેર પોતાની સમિતિનું કાર્ય કરવા માંડ્યું. હવે તેઓ સવારે માત્ર પ્રભાતફેરી જ નહીં, સાંજે સરઘસ પણ કાઢવા માંડ્યા. ક્યારેક મેળાવડા પણ કરવા માંડ્યા. સમિતિના સભ્યો ભાષણો કરતાં, સુંદરલાલનો પણ વારો આવતો પણ એ માંડ એકાદ-બે વાક્યોથી વધારે કશું જ ન કહી શકતા. એમનું ગળું ભરાઈ આવતું. આંખોમાં આંસુ ઊભરાઈ આવતાં, રૂંવાડાં ખડાં થઈ જતાં ને તેઓ પોતાની વાત પણ પૂરી કરતી શક્તા નહીં. આખરે તેઓ બેસી પડતા. પણ હાજર રહેલા લોકોમાં એક અજબ શાંતિ છવાઈ જતી. સમિતિના અન્ય સભ્યોનાં જોશભેર થયેલાં ફિલસૂફીભર્યાં ભાષણોની ઉપરવટ જઈને એમના હૃદયમાંથી નીકળેલી એમની એક બે વાતો લોકોને રડાવી દેતી. અને પોતાની ભાવનાઓને સંતોષીને લોકો ખાલીખમ દિમાગ સાથે ઘેર પાછા ફરતા.

એક દિવસ સમિતિવાળા સાંજે પ્રચાર કરવા નીકળ્યા અને ફરતાં ફરતાં જુનવાણી લોકોના ગઢમાં પહોંચી ગયા. મંદિરની બહાર પીપળાના ઝાડને ફરતો એક પાકો સિમેન્ટનો ઓટલો હતો. ત્યાં થોડા શ્રદ્ધાળુઓ બેઠા હતા. રામાયણની કથા ચાલતી હતી. નારાયબાબા કથાનો એ પ્રસંગ સંભળાવતા હતા કે જેમાં એક ધોબીએ પોતાની પત્નીને ઘરમાંથી કાઢી મૂકતાં કહ્યું હતું - 'હું કંઈ રાજા રામચંદ્ર નથી કે આટલાં વરસ

રાવણને ત્યાં રહી આવેલી સીતાને પાછી ઘરમાં વસાવી લઉં.' અને રાજા રામચંદ્રે પરમ સતી સીતાને ઘરમાંથી કાઢી મૂકી અને તે પણ સીતા જ્યારે ગર્ભવતી હતી ત્યારે. 'રામરાજનો આથી વધુ સચોટ પુરાવો બીજો શો હોઈ શકે?' નારાયણબાબાએ પૂછ્યું. 'આનું નામ તે રામરાજ. એક ધોબીના કહેવા ઉપર આટલું ધ્યાન અપાતું હતું...'

સમિતિનું સરઘસ મંદિર પાસે અટકી ગયું હતું. લોકો રામાયણની કથા સાંભળી રહ્યા હતા. છેલ્લું વાક્ય સાંભળી સુંદરલાલથી બોલાઈ ગયું, 'આપણને એવું રામરાજ ન ખપે, બાબા!'

'ચૂપ રહો. તમે કોણ મોટા આવ્યા?' 'ખામોશ,' ટોળામાંથી અવાજો આવ્યા અને સુંદરલાલે આગળ આવીને કહ્યું, 'મને બોલતો કોઈ નહીં રોકી શકે.'

ફરી ટોળામાંથી અવાજ આવ્યા -- 'ચૂપ રહો.' -- 'અમે નહીં બોલવા દઈએ'-- એક ખૂણામાંથી એ પણ અવાજ આવ્યો -- 'મારી નાખશું.'

નારાયણબાબાએ ઘણા મધુર અવાજે કહ્યું, 'તમને શાસ્ત્રોનાં માનમર્યાદા નહીં સમજાય, સુંદરલાલ!'

સુંદરલાલે કહ્યું, 'એક વાત તો મેં જોઈ બાબા, કે રામરાજમાં ધોબીની વાત સાંભળવામાં આવે છે, પણ સુંદરલાલની નહીં.'

હજી તો હમણાં જ જે લોકો મારવા તૈયાર થયા હતા તે બધા બેસી ગયા અને કહેવા લાગ્યા, 'સાંભળો, સાંભળો.'

રિસાલુ અને નેકીરામે સુંદરલાલની પીઠ થાબડી. સુંદરલાલે કહ્યું, 'શ્રીરામ આપણા આદરણીય નેતા હતા પણ એ કેવું કહેવાય બાબાજી, કે એમણે એક ધોબીની વાતનો વિશ્વાસ કર્યો પણ આવડાં મોટાં મહારાણીની વાતનો ભરોસો ન કરી શક્યા?'

દાઢી પસરાવતા નારાયણબાબાએ જવાબ આપ્યો, 'એટલા માટે કે સીતા એમની પોતાની પત્ની હતી. આની પાછળ રહેલી મહાનતા તમે સમજ્યા નથી, સુંદરલાલ...'

'હા બાબા,' સુંદરલાલે કહ્યું, 'આ સંસારમાં એવી ઘણી વાતો છે જે મારી સમજણમાં નથી આવતી... પણ હું તો એને જ સાચું રામરાજ સમજું કે જેમાં માનવી પોતાની જાત પર જુલમ ન કરી શકે... પોતાની જાતને અન્યાય કરવો એ પણ બીજા કોઈને અન્યાય કરવા જેટલું જ મોટું પાપ છે. આજે ભગવાન રામે પોતાની સીતાને ઘરમાંથી કાઢી મૂકી છે ને એ પણ એટલા જ માટે કે એ રાવણને ત્યાં રહી આવી છે. શું વાક હતો સીતાનો ? શુ એ પણ આપણી માતાઓ, આપણી બહેનોની જેમ છળકપટનો શિકાર નહોતી બની? આ તે સીતાના સત્ય અને અસત્યની વાત છે કે રાવણની હવસખોરીની, જેનાં દસ માંથા માણસનાં હોવા છતાં સૌથી મોટું માથું ગધેડાનું હતું?'

'આજે આપણી નિર્દોષ સીતાને ઘરમાંથી કાઢી મૂકવામાં આવી છે... સીતા... લાજવંતી... લાજુ...' અને સુંદરલાલ રડી પડ્યા. નેકીરામ અને રિસાલુ અને તેમના

સાથીઓએ આજે જ નિશાળના છોકરાઓએ તૈયાર કરીને સૂત્રો ચિટકાવીને બનાવેલાં ઝંડાઓ ઉઠાવ્યા ને 'સુંદરલાલની જય...' 'સુંદરબાબુ ઝિંદાબાદ'નાં સૂત્રો પોકારતા ચાલવા માંડ્યાં. સરઘસમાંથી એક અવાજ આવ્યો, 'મહાસતી સીતા ઝિંદાબાદ' તરત બીજે ખૂણેથી ઘોષ છૂટ્યો, 'શ્રી રામચંદ્ર...' પછી તો અવાજો વધતા ચાલ્યા.

'ખામોશ... ખામોશ... ખામોશ...' અને નારાયણબાબાની મહિનાઓની મહેનત પર પાણી ફરી વળ્યું. કેટલાય લોકો ઊઠીને સરઘસમાં જોડાઈ ગયા. આગળ વકીલ કાલકાપ્રસાદ અને કલાંની ચોકીના અધિકારી જઈ રહ્યા હતા. વચ્ચે ક્યાંક સુંદરબાબુ ચાલતા હતા. વકીલ અને હુકમસિંહ ચોકવાળા પોતાની જૂની થઈ ગયેલી લાકડીઓ જમીન પર ઠોકતા ઠોકતા અને કોઈ વિજેતાના ગર્વ સાથે ચાલતા હતા. સુંદરલાલની આંખમાંથી હજુયે આંસુ વહી રહ્યાં હતાં. આજે એમના મનને ભારે ઠેસ વાગી રહી હતી -- લોકો જોશભેર ગાઈ રહ્યા હતા : 'હથ લાઈયોં કુમ્લાન ની... લાજવંતી દે બૂટે.'

લોકોના કાનમાં હજી તો ગીતનો અવાજ ગુંજતો હતો, હજી તો સવાર પણ પડી હતી, હજી તો મુલ્લાં શકૂરના મહોલ્લાના ઘર નં. ૪૧૪ની વિધવા પોતાની પથારીમાં દુ:ખભર્યું આળસ મરડી રહી હતી ત્યાં સુંદરલાલનો પાડોશી લાલચંદ, જેને પોતાનો પ્રભાવ અને વગ વાપરીને કાલકાપ્રસાદ અને સુંદરલાલે રેશનની દુકાન અપાવી હતી, એ દોડતો આવ્યો અને ખાદીની ચાદરમાંથી હાથ બહાર કાઢી લંબાવતો બોલ્યો, 'સુંદરલાલ, વધામણીના સમાચાર છે--' 'શેની વધામણી લાલચંદ?' સુંદરબાબુએ ચલમમાં મીઠી તમાકુ નાખતાં પૂછ્યું. 'મેં લાલચંદનો ખભો હલાવી પૂછ્યું, 'ક્યાં જોઈ આવ્યો?' અને હજુ તો લાલચંદ કંઈ જવાબ આપે તે પહેલાં તેને હલબલાવી નાખ્યો.'

'વાઘાની સરહદ પર.'

'કોઈ બીજી હશે,' કહેતાં એણે લાલચંદને મૂકી દીધો.

'અરે ના, ભાઈ! એ લાજુ જ હતી.'

'તું લાજુને ઓળખી શકે છે?' જમીન પર વેરાઈ ગયેલી મીઠી તમાકુ એકઠી કરતાં અને રિસાલુની ચલમ હુક્કા પરથી ઉઠાવતાં સુંદરલાલે પૂછ્યું.

'શું નિશાની છે એની?'

'એક છૂંદણું ચિબુક પર છે અને એક ગલ પર.'

'હા... હા, હા. અને ત્રીજું માથા પર,' સુંદરલાલ બોલી ઊઠ્યા. હવે કોઈ શંકા બાકી રહે એવી સુંદરલાલની ઇચ્છા નહોતી. એનાં મન:ચક્ષુ સામે લાજુના શરીર પરનાં એકેએક ચિરપરિચિત છુંદણાં તરી આવ્યાં, જે લાજુએ નાનપણમાં પોતાના દેહ પર ટંકાવ્યાં હતાં. લજામણીના છોડ પર હોય એવાં જ. અને એ છૂંદણાં તરફ સુંદરલાલની આંગળી ઊઠતાં જ અસલ લજામણીની છોડની જેમ લાજુ પણ લજાઈ

જતી, ગુમ થઈ જતી, સંકોચાઈને જાણે પોતામાં જ સમાઈ જતી — કેમ જાણે એના ગુપ્ત ભેદોને કોઈ જાણી લેવાનું હોય ને એનો અંગત ખજાનો લૂંટાઈ રહ્યો હોય ને પોતે નિર્ધન બની જવાની હોય ! સુંદરલાલનું અંગ અંગ કોઈ અજાણ્યા ભયથી અજાણ્યા પ્રેમભાવથી અને તેની પાવક જ્વાળામાં તપવા માંડ્યું. એણે ફરી લાલચંદને પકડી લીધો.

'લાજુ વાઘા કઈ રીતે પહોંચી?'

'હિંદુસ્તાન ને પાકિસ્તાન વચ્ચે સ્ત્રીઓની અદલાબદલી થઈ ગઈ ને!'

'પછી શું થયું?' સુંદરલાલે ઉભડક થતાં પૂછ્યું, 'શું થયું?'

રિસાલુ પણ પોતાની ખાટલીમાં બેઠો થઈ ગયો અને ધૂમ્રપાન કરનારા લોકોને જે ખાસ પ્રકારની ખાંસી થાય છે તેવી ખાંસી ખાતાં ખાતાં એણેય પૂછ્યું, 'શું ખરેખર લાજુભાભી આવી ગયાં?'

પોતાની વાત આગળ ચલાવતાં લાલચંદે કહ્યું, 'વાઘા સરહદે પાકિસ્તાને સોળ સ્ત્રીઓ આપી ને સોળ લીધી. પણ ઝઘડો થઈ ગયો. આપણા સ્વયંસેવકોએ વાંધો ઉઠાવ્યો કે પાકિસ્તાને પાછી વાળેલી સ્ત્રીઓ બધી આધેડ, બુઢ્ઢી ને નકામી છે. લોકો ભેગા થઈ ગયા ને પાકિસ્તાનીઓએ લાજુભાભીને બતાવીને કહ્યું, 'આને તમે બુઢ્ઢી કહો છો? તમે આપેલી એક પણ સ્ત્રી આની હરીફાઈ કરી શકે એમ છે?' અને લાજુભાભી પોતાનાં છૂંદણાં છુપાવતી એક તરફ ઊભી રહી ગઈ.

'પછી ઝઘડો વધી પડ્યો. બંનેએ પોતપોતાનો માલ લઈ લેવાની હઠ પકડી. મેં બૂમાબૂમ કરી મૂકી : લાજવંતી... લાજુભાભી... પણ આપણી જ ફોજના સિપાહીઓએ અમને મારીમારીને ભગાડી મૂક્યા.'

એટલું કહી લાલચંદે પોતાને જ્યાં લાઠી વાગી હતી એ કોણી બતાવી. રિસાલુ અને નેકીરામ ચૂપચાપ બેસી રહ્યા ને સુંદરલાલની દૃષ્ટિ ક્યાંક દૂર દૂર ઠરી રહી. કશાક વિચારે ચડી ગયા. લાજુ... આવ્યા છતાં ન આવી. અને એના ચહેરા પરના ભાવો જાણે કહી રહ્યા હતા... પોતે બિકાનેરનું રણ વળોટીને આવ્યો છે અને કોઈ ઝાડની છાંયમાં જીભ બહાર લટકાવતોક ને બેઠો બેઠો હાંફી રહ્યો છે. કોઈ પાણી પાશો — એટલા શબ્દોય જાણે એના મોંમાંથી નીકળી શકતા નથી. એને લાગ્યું કે ભાગલા વખતની, ભાગલા પહેલાંની ને પછીની હિંસા હજુ ચાલુ જ છે, માત્ર એનો દેખાવ બદલાઈ ગયો છે. લોકો લાગણીહીન થઈ ગયા છે. કોઈને પૂછ્યું કે સાંભરવાલામાં લહાનસિંહ રહેતો હતો અને તેની ભાભી ... તો એ તરત જ કહી દેતો. મરી ગયાં. ને આ મરી ગયાંના અર્થથી સાવ અજાણ્યો એ અન્યમનસ્કપણે આગળ વધતો.

એથીય આગળ વધીને અનાથ માનવમાલ, માનવમાંસ અને રૂપની જાહેર હરાજી અને અદલબદલ શરૂ થઈ. આ જીવતો માલ ખરીદનારાઓ જાણે કોઈ ગાય કે ભેંસનું ઝડબું પકડીને એના દાંત પરથી એની ઉંમર નક્કી કરવા લાગ્યા.

પછી તેણે યુવાન સ્ત્રીઓનાં રૂપ, એના ઉભાર, એનાં ગુપ્ત રહસ્યો, એનાં છૂંદણાંઓની જાહેરમાં ધોરી માર્ગો પર પ્રદર્શન ભરાવા માંડ્યું. હિંસા એમની નસે નસે હવે વ્યાપી ગઈ હતી. પહેલાં માલ બજારમાં વેચાતો હતો અને સોદો કરવાવાળા હાથ મિલાવી, તેના પર રૂમાલ ઢાંકી દઈ ભાવતાલ નક્કી કરતા. આ રીતે આંગળીઓને ઈશારે સોદા નક્કી થતા. હવે એ ગુપ્તતાને રૂમાલ કે મર્યાદાનું ઢાંકણ પણ હટી ગયું હતું. લોકો આવા સોદાઓમાં પાળવાના નિયમો પણ વીસરી ગયા હતા. સોદા માલની સામે જ થઈ રહ્યા હતા. આ બધી લેવડદેવડ, આ ધંધો જાણે જૂના ભૂતકાળની કોઈ કથાની નવી આવૃત્તિ સમો લાગતો હતો, જેમાં ઊભી બજારે નારીદેહનું છડેચોક લિલામ થતું. કોઈ એક ઉઝબેક અગણિત નગ્ન નારીદેહોની સામે ઊભો રહી એ નગ્નતાનીય આરપાર જોવા મથતો હોય એમ ઘૂરકતી નજરે એ નગ્ન દેહના તસુએ તસુને ટીકી ટીકીને જોઈ રહેતો. ક્યારેક વળી કોઈ સ્ત્રીના દેહને દબાવી જોતો. આ દેહમાં એણે ખોસેલી આંગળીથી ખાડો પડી જતો. ત્યાં ગોરા વાનની એ નારીનું જાણે બધું લોહી ધસી આવતું. આસપાસનો ભાગ એકદમ ધોળો પૂણી જેવો થઈ જતો. ઉઝબેક આગળ સરકતો અને સોદા માટે પસંદ ન થયેલી એ સ્ત્રી પરાજયના ભાનથી ભોંઠપ અનુભવતી એક હાથે પોતાનું મોઢું છુપાવતી અને બીજે હાથે પોતાની ઇજારની ગાંઠ પકડીને લોકોની નજરથી સંતાતી હીબકાં ભરતી.

સુંદરલાલ (સરહદે) અમૃતસર જવાની તૈયારી કરી રહ્યા હતા ત્યાં એને લાજુના આવવાના ઓચિંતા ખબર મળ્યા. ઓચિંતા સમાચાર મળતાં એને ગભરાટ થયો. એના પગ દરવાજા ભણી આગળ વધ્યા પણ એ પાછા ફરી ગયા. એને થયુ, પોતે રિસાઇ જાય-સમિતિના બધા પ્લેકાર્ડો અને ઝંડાઓ પાથરીને એની ઉપર બેસીને ખૂબ રડે. પણ ભાવનાઓને વ્યક્ત કરવાનું ત્યાં શક્ય નહોતું. એક મરદની જેમ એમણે આ આંતરિક ખેંચતાણનો સામનો કર્યો અને ગામની બહાર ચોકી કલાની તરફ ડગલાં ભરવા માંડ્યાં. ભગાડી જવાયેલી સ્ત્રીઓની સોંપણી એ કલાંની ચોકી પર કરવામાં આવતી હતી.

લાજુ સામે જ ઊભી હતી અને ભયથી કંપી રહી હતી. એ સુંદરલાલને ઓળખી ગઇ....ઓળખતી હતી....એકલી જ ઓળખતી હતી. બીજુ કોઇ ઓળખતું નહોતું. સુંદરલાલનું વર્તન પહેલેથી જ એની સાથે એટલુ કઠોર હતું કે હવે જ્યારે પોતે એક પરાયા મર્દ સાથે જુવાન જિંદગીના દિવસો વિતાવીને પાછી ફરી રહી છે ત્યારે એ કોણ જાણે શુંય કરશે ! સુંદરલાલે લાજુ તરફ જોયું. તેણે અસલ મુસલમાની પોશાક પહેર્યો હતો. લાલ દુપટ્ટો પહેર્યો હતો. જમણી બાજુ સેંથો લીધો હતો ને ડાબી બાજુ બક્કલ લગાવ્યું હતું. આદત.... માત્ર આદતને લીધે જ .... પણ બીજી સ્ત્રીઓમાં હળીમળી જઇને અંતે પોતાના શિકારીની જાળમાંથી છટકી જવાનું સુગમ થઇ પડ્યું. ને એ સુંદરલાલના વિચારોમાં એવી ખોવાઇ ગઇ હતી કે કપડાં બદલવાનું કે માથું

ઓળીને ફરીથી વ્યવસ્થિત થવાનું એને ભાન પણ ન રહ્યું. હિંદુ અને મુસલમાન વચ્ચેની ભેદરેખા જેવા જમણી બાજુના અને ડાબી બાજુના બક્કલ વચ્ચેનો ભેદ સમજવા જેટલાયે હોશ એને રહ્યા નહોતા. હવે તે સુંદરલાલની સામે ઊભી હતી અને કંપી રહી હતી. થોડો ડર હતો, થોડી આશંકા હતી, થોડી ઉમેદ હતી.

સુંદરલાલને એક આંચકો લાગ્યો. એણે જોયું કે લાજુનો રંગ કઇક ખીલી ઊઠ્યો છે. પહેલાંના પ્રમાણમાં જરા વધુ તંદુરસ્ત દેખાતી હતી - ના, એ જાડી થઇ હતી. સુંદરલાલે લાજુ વિશે જે કંઇ વિચારી રાખ્યું હતું એ બધું ખોટું હતું. એણે ધાર્યું હતું કે દુ:ખ અને ગ્લાનિમાં ડૂબી ગયેલી લાજુ મૃતપાય થઇ ગયેલી હશે અને બોલશે ત્યારે અવાજ પણ ગળામાંથી નહીં નીકળે. પણ લાજુ પાકિસ્તાનમાં ઘણી સુખી રહી છે એ જોઇ એને આઘાત લાગ્યો. પણ એ ચૂપ રહ્યા. એણે ચૂપ રહેવાના સોગન ખાધા હતા. પણ એને એ ન સમજાયું કે એ ખુશ હતી તો પાછી કેમ આવતી રહી ? કદાચ ભારત સરકારના દબાણથી એને પોતાની મરજી વિરુદ્ધ તો પાછા નહીં ફરવું પડ્યું હોય ! પણ એને એટલું સમજાયું નહીં કે લાજુના ઊજળા થયેલા ચહેરાનું કારમ લોહીની ખામીથી આવી ગયેલી ફિક્કાશ હતી અને અસહ્ય દર્દ અને દુ:ખથી એનું માંસ હાડકાથી છૂટી ગયું હતું. અને એને પરિણામે એ જાડી લાગતી હતી. ભયંકર દુ:ખના તાપથી એ ફૂલી ગઇ હતી. એ સ્વસ્થ દેખાતી હતી પણ એની તબિયત ખરેખર તો એવી હતી કે બે ડગલા ચાલે ત્યાં હાંફી જાય.

ભગાડી જવાયેલી સ્ત્રીઓના ચહેરા પર નજર નાખતાં કોઇ અજબ અસર થઇ આવી. પણ બધા ખ્યાલોનો એક મર્દની જેમ એણે સામનો કર્યો. બીજા ઘણાય. લોકો હાજર હતા. કોઇએ કહ્યું, 'મુસ્લાઓની એંઠી સ્ત્રીઓને અમે નહીં લઇએ....' પણ એ અવાજ રિસાલું, નેકીરામ અને અન્ય લોકોની ઘોષણાઓમાં દબાઈ ગયા. એમાં વકીલ કાલકાપ્રસાદનો ફાટી જતો અને ચીસો પાડતો અવાજ સાવ જુદો તરી આવતો હતો. બોલતાં બોલતાં એ ખાંસી પણ ખાઇ લેતો હતો.આ નવી હકીકત, નવી શુદ્ધિનો એ મહાપ્રચારક બની બેઠો હતો ! એવું લાગતું હતું કે જાણે કોઇ નવો વેદ, નવું પુરાણ, નવું શાસ્ત્ર આજે એણે વાંચી લીધું હતું ને પોતાની એ નવી ઉપલબ્ધિમાં બીજાઓને પણ ભાગીદાર બનાવવા એ આતુર હતો. એ બધા લોકો અને અવાજોની વચ્ચે ઘેરાયેલાં લાજુ અને સુંદરલાલ પોતાના ઘર તરફ જઇ રહ્યાં હતાં. જાણે કે હજારો વર્ષ પહેલાંનાં રામચન્દ્ર અને સીતા કોઇ બહુ જ મોટા સાંસ્કૃતિક વનવાસ પછી અયોધ્યા પાછાં ફરી રહ્યાં હતા ! એક તરફ હરખઘેલા લોકો કોઇ ઉત્સવ હોય એમ દીપમાળા પ્રગટાવી રહ્યાં છે, તો બીજી બાજુ એમની આ લાંબી યાતનાઓ પ્રત્યે અફસોસ વ્યક્ત કરી રહ્યાં છે.

લાજવંતી આવી ગયા પછી પણ સુંદરલાલનો 'દિલમાં વસાવો' નો કાર્યક્રમ તો જોરશોરથી ચાલુ રહ્યો. એમણે કહેણી અને કરણી બંનેમાં એ કાર્યક્રમને સફળ કરી

બતાવ્યો હતો. જે લોકોને સુંદરલાલની વાતોમાં દંભ લાગતો હતો તેમના ઉપર પણ પ્રભાવ પડ્યો. ઘણા લોકોને ખુશી થઇ પણ એથીયે વધુ લોકોને અફસોસ. મકાન ૪૧૪ની વિધવા સિવાયની મુલ્લાં શકૂર મહોલ્લાની ઘણી સ્ત્રીઓ સુંદરબાબુ સોશિયલ વર્કરને ત્યાં આવતાં ગભરાતી હતી.

પણ સુંદરલાલને કોઇની ખુશી કે પરેશાનીની કશી ફિકર નહોતી. એમના મનની રાણી આવી ગઇ હતી. એમના હૃદયની શૂન્યતા ભરાઇ ગઇ હતી. સુંદરલાલે પોતાના મનમંદિરમાં લાજની સુવર્ણમૂર્તિ સ્થાપી દીધી હતી અને પોતે એનું ધ્યાન કર્યા કરતા હતા. લાજુ પહેલાં તો ભયગ્રસ્ત રહેતી હતી પણ પછી સુંદરલાલના અશક્ય જણાતા મૃદુ વર્તાવથી ધીરે ધીરે ખીલવા લાગી હતી.

સુંદરલાલ હવે લાજવંતીને લાજુ કહીને ન બોલાવતા. હવે એ એને 'દેવી' કહેતા, અને લાજુ ખુશીથી ઘેલી થઇ જતી. એને ઘણી ઇચ્છા થતી કે પોતાના વીતક કહી સંભળાવે અને કહેતાં કહેતાં એટલી રડે કે એના બધા ગુના એમાં ધોવાઇ જાય. પણ સુંદરાલાલને લાજુની એ વાતો પ્રત્યે સુગ હતી અને લાજુ ખીલવા છતાંયે એટલી સંકોચ પામતી. જ્યારે સુંદરલાલ સૂઇ જતા ત્યારે એ બેઠી બેઠી એને તાકી રહેતી અને પોતાની આ ચોરી પકડાઇ પણ જતી. જ્યારે સુંદરલાલ એને કારણ પૂછતાં ત્યારે 'ના ના,' 'અમસ્તું જ,' 'ઊંહું' એ સિવાય કશું જ કહી ન શકતી. અને આખા દિવસના થાક્યાપાક્યા સુંદરલાલ પાછા ઊંઘી જતા. શરૂ શરૂના દિવસોમાં સુંદરલાલે એક વખત લાજુના એ અંધકારમય દિવસો વિશે એટલું જ પૂછ્યું હતું. : 'કોણ હતા એ ?'

'જુમ્મા,' લાજુની નજર નીચી ઢળી ગઇ. નજર ઉઠાવી સુંદરલાલના ચહેરા પર મીટ માંડી તેને કંઇક કહેવાનું મન હતું પણ સુંદરલાલ તેને કોઇ અજબ નજરે નીરખી રહ્યા હતા અને એના કેશ પસરાવી રહ્યા હતા. લાજુની આંખો ફરી નમી ગઇ. સુંદરલાલે પૂછ્યું, 'સરખી રીતે રાખતો હતો ?'

'હા.'

'મારતો નહોતો ને ?'

લાજુએ પોતાનું માથું સુંદરલાલની છાતી પર ઢાળી દેતાં કહ્યું - 'ના...' અને પછી કહ્યું, 'એ મારતો નહોતો છતાં એનો મને ડર લાગતો, તમે મને મારતા છતાં તમારી બીક નહોતી.... હવે તો નહીં મારોને ?'

સુંદરલાલની આંખમાં આંસું ઉભરાઇ આવ્યાં. લજ્જિત સ્વરે અફસોસ સાથે તેણે કહ્યું, 'નહીં....દેવી, હવેથી નહીં મારું.'

દેવી, લાંજવંતીએ વિચાર્યું..... અને એણે પણ આંસું ઢાળ્યા ને પછી એ બધુ કહી દેવા ઇચ્છતી હતી પણ સુંદરલાલે કહ્યું, 'રહેવા દે એ વીતી ગયેલી વાત. એમાં તારો શો વાંક ? વાંક તો આ સમાજનો છે જેમાં તારા જેવી દેવીઓને યોગ્ય આદર કરવાનીય તાકાત નથી, એ તમને નહીં પોતાને જ નુકશાન કરી રહ્યા છે.'

લાજુના મનની મનમાં રહી ગઇ. બધી વાત એ કહી શકી નહીં. ચૂપચાપ દબાયેલી એ પોતાના દેહ સામે જોઇ રહી, જે આજે ભાગલા પછી દેવીનો દેહ બની ગયો હતો, લાજવંતીનો નહોતો રહ્યો. એ ખુશ હતી, ખૂબ જ. પણ એવી ખુશીમા એક સંદેહ હતો, વસવસો હતો. સૂતી હોય ત્યાંથી એ અચાનક બેઠી થઇ જતી. અત્યંત આનંદની ક્ષણોમાં કોઇની આહ સાંભળીને જેમ એકાએક એની સામે જોવાઇ જાય તેમ.

જ્યારે ઘણા દિવસ વીતી ગયા ત્યારે આનંદનું સ્થાન સંદેહે લઇ લીધું. એટલા માટે નહીં કે સુંદરબાબુએ ફરીથી ગેરવર્તન શરૂ કરી દીધું હતું પણ એમણે હવે લાજુ સાથે એટલો બધો સારો વર્તાવ કરવા માંડ્યો હતો કે જેની લાજુ કલ્પના પણ ન કરી શકે એટલા માટે. એ પાછી સુંદરલાલની પેલી જૂની લાજુ થઇ જવા ઇચ્છતી હતી, જે ઘડીમાં લડી પડતી અને બીજી જ ઘડીએ મનાઇ પણ જતી. પણ હવે તો લડાઇનો સવાલ જ નહોતો. સુંદરલાલે જાણે એને ભાન કરાવી દીધું હતું કે, એ - લાજવંતી - કાચની કોઇ ચીજ છે, જે અડતાવેંત તૂટી જશે. લાજવંતી પોતાને નખશિખ અરીસામાં નિહાળતી અને અંતે એવા નિર્ણય પર પહોંચતી કે એ બીજુ બધું બની શકે છે પણ પેલી લાજવંતી નહીં ! એ વસવા છતાંય ઉજ્જડ થઇ ગઇ. ન તો એનાં આંસુ જોવાની આંખ સુંદરબાબુ સોશિયલ વર્કર પાસે હતી કે ન તો એની આહ સાંભળવાના કાન..... પ્રભાત ફેરીઓ નીકળતી રહી અને મુલ્લાં શકૂર મહોલ્લાના એ સુધારક રિસાલુ અને નેકીરામના અવાજમાં અવાજ મિલાવી ગાતા રહ્યા :

'હથ લાઇયોં કુમ્લાન ની.....લાજવંતી દે બૂટે.'

# બબ્બલ

**રાજેન્દ્રસિંહ બેદી**

દરબારીલાલ સાંજથી જ ઘરમાં બેઠો બેઠો સીતા સાથે બેકાર થઈ રહ્યો હતો.

આપણને લાગે કે એ માણસ બેઠો બેઠો 'ઇવનિંગ ન્યૂઝ' કે ગાલિબની ગઝલો વાંચી રહ્યો છે પણ હકીકતમાં એ સીતાના વિચારોમાં ડૂબેલો હોય. આ રીતે ખોવાઈ જવાને બેકાર થવું કહેવાય છે.

સીતાએ તો કહ્યું હતું કે એ બરાબર છ વાગ્યે અરોરા તરફથી આવતી સડકના વળાંક પર ઊભી હશે. એની સાડી અમુક રંગની હશે - પણ ...

જેનું નામ હવે મહેશ્વરી ઉદ્યાન છે એવા કિંગ્ઝ સર્કલમાં દરબારી રહેતો. લાઉડસ્પીકરોની એક કંપનીમાં એ કામ કરે. આવક તો ખાસ હતી નહીં પણ પૈસાની ખેંચ હજી પડી ન હતી. એના પિતા ગિરધારીલાલ મહેતાએ એક જ દિવસની 'ફાર્વર્ડ ટ્રેડિંગ'માં ત્રણચાર લાખ રૂપિયા બનાવી લીધા હતા. પછી અચાનક હાથ પાછો ખેંચી લીધો હતો તે આજ સુધી ખેંચેલો હતો અને આજે પોતે માખણમાંથી નીકળી જતા વાળની જેમ જુદા થઈ ગયા હતા. ને મિત્રો ગાળો આપે તો જવાબમાં હસી પડતા - - એવું હાસ્ય જે ત્રણચાર લાખ એમાં નાખીને જ માણસ હસી શકે.

મોટાભાઈ બિહારીલાલનાં લગ્ન મારવાડીને ત્યાં થયાં. એમણે છોકરીના હાથમાં વીસ શેર સોનાનાં કડલાં પહેરાવ્યાં અને દરબારીની ભાભી બનાવી. એક વર્ષ પછી દરબારીની સગી બહેન સતવંતી એક લાખોપતિ ઇસ્માઈલી સલાહે મોહમ્મદ જોડે નાસી ગઈ અને નિકાહ કરી લીધા. ગલીમહોલ્લા અને આખા શહેરમાં હોહા થઈ ગઈ. મહેતા સાહેબ દીકરી-જમાઈને વરસો સુધી એમના ઘરમાં — 'પ્રેમકુટિર'માં પેસવા દીધાં નહીં. છેવટે મનામણાં થયાં. છોકરાવાળા કહેતા હતા કે તમારી દીકરીનો ધર્મપલટો કરાવીને એનું નામ કનીજ ફાતિમા રાખ્યું છે, જ્યારે મહેતા સાહેબ કહેતા હતા કે છોકરાની શુદ્ધિ કરાવીને એનું નામ સરદારી મોહન રાખ્યું છે. પરંતુ સરદારી મોહન કે સાલેહ મોહમ્મદ પોતાનું નામ એસ. એમ. નવાબ, એમ લખતો. છોકરાની આ વિચિત્ર હરકત પર રોષ ઠાલવવાનો બીજો કોઈ રસ્તો ન સૂઝે ત્યારે દરબારીલાલના મિત્રો જ્યારે પણ સતવંતીના પતિને -- પ્રેમીને ભેટી જતા ત્યારે એક જ સવાલ કરતા -- 'કેમ રે સાલા -- હેં?'

આજે સાલેહ અથવા સરદારી અને સતવંતી બંને ઘેર જ હતાં. એમનાં બે બાળકો

પણ ઘરમાં રમતાં હતાં. ત્યાં તો બિહારી અને ભાભી ગુણવતી બંનેએ મળીને દરબારીના લગ્નની વાત ઉખેળી. સ્ત્રીઓ આદર્શ પુરુષ અને પુરુષો આદર્શ સ્ત્રીની ચર્ચા કરતાં કરતાં અંદર અંદર ગૂંચવાવા લાગ્યાં. દરબારી ફળિયામાં બેઠો બેઠો પોતાના વિષે બધી વાતો સાંભળી રહ્યો હતો. એકાએક જ એ ટપક્યો અને પોતાના મોઢાના લાઉડસ્પીકરને બારી અંદર ગોઠવતાં બોલ્યો, 'હું દરબારીલાલ મહેતા વલ્દ ગિરધારીલાલ મહેતા સાકિન મુંબઈ કદાપિ કદાપિ લગ્ન નહીં કરું.' બધાં એ સાંભળી ચોંકી ઊઠ્યાં. સ્ત્રીઓ એને બાળકો તો ગભરાઈ જ ગયાં.

દરબારીલાલ પાછો પોતાની જગ્યાએ આવીને 'ઇવનિંગ ન્યૂઝ'નાં પાનાં ફેરવવા લાગ્યો અને પછી અરોરા સિનેમા તરફથી ઘર તરફ વળતા રસ્તા પર જોવા લાગ્યો, જ્યાં અને અમુક રંગની સાડીની શોધ કરવાની હતી.

અંદર બધાં હસાહસ કરતાં હતાં. મા પણ આવીને એમાં ભળી ગઈ. દરબારી ઘરનો માનીતો હતો -- હીરો. જે રીતે એ વાળમાં ટૉનિક લગાવતો -- મહામહેનતે એને બેસાડતો, કાતર લઈને અરીસા સામે કલાકો સુધી મૂછોના તાવ સરખા કર્યા કરતો એ રીતે જોઈએ તો એ 'હીરો'નું નામ સાર્થક કરતો. વાત જાણે એમ છે કે લગ્નની પહેલાંની અમુક ઉંમરે છોકરાઓ છોકરી જેવું અને છોકરીઓ છોકરા જેવું વર્તન કરવા માંડે છે. પછી લગ્ન થાય છે એક એકબીજાને હળી જાય ત્યારે માંડ પોતાના કામે લાગે છે... દરબારીનાં આ નખરાં જોઈને સ્ત્રીઓ કહેતી કે આ બધાં લગ્ન કરવાનાં ચિહ્નો છે, શાદીની નિશાની અને પુરુષો કહેતા કે બરબાદીની!

વાડામાં તિરખાન શીખે જાળી લગાવવાનું કામ શરૂ કર્યું. એ આખો દિવસ એક કઢંગુ લાકડું છોલ્યા કરતો, રંદો માર્યા કરતો અને એથી આખા ઘરમાં લાકડાંના છોતરાં અને નાનાં નાનાં લાકડાંના બટકાં વેરાયેલાં પડ્યાં રહેતાં. ક્યારેક પગમાં આવતાં. સામેની ડૉન બૉસ્કો સ્કૂલમાં ડંકો વાગ્યો કે તરત સફેદ ખમીસ ને બ્લ્યુ ચડ્ડી પહેરીને છોકરાઓ એકબીજા પર પડતા આખડતા હૉસ્ટેલના ઓરડામાંથી નીકળી પડ્યાં. કદાચ એ બધા સાયંપ્રાર્થના માટે ગિરજા તરફ જઈ રહ્યા હતા. સ્કૂલના મેદાનમાં લાંબો જંગલો પહેરીને ફાધર છોકરાઓને ફૂટબૉલ રમડાતા હતા. એમણે પણ સીટી મારી અને રમત પૂરી થઈ ગઈ છતાં સીતા હજી આવી નહીં.

સિનેમાની કોરેથી આવતી સડક પર તો કેટલીક આળસુ ગાયો બેઠી બેઠી વાગોળતી હતી. પછી ત્યાંથી એક કાર અંદરની તરફ વળી અને જમણી બાજુના એક મકાન પાછળ ઊભી રહી ગઈ. ત્યાં એક જાડી સ્ત્રી આવતી દેખાઈ. એની પાછળ મદ્રાસી હોટેલ 'ઉડપી' નો માલિક રામાસ્વામી હતો, પણ બંને વચ્ચે ઠીક ઠીક અંતર હતું. છતાં અહીંથી જોતાં દરબારીને લાગ્યું કે જાણે બેઉ જણાં એકબીજાને ધક્કા દેતાં નજીક નજીક કોઈ અજબની રમત રમતાં જઈ રહ્યાં છે.

સીતાને બદલે એની ઊલટી બાજુએથી મિસ્ત્રી આવી. રોજની જેમ આજેય એની

કાખમાં છોકરું હતું — બબ્બલ!

બબ્બલ એક તંદુરસ્ત બાળક હતું. ગોળમટોળ ને નરમ નરમ રૂ જેવું. આમ તો એને ઘણા દાંત આવ્યા હતા પણ નીચેના બે દાંત જરૂર કરતાં જરા વધારે મોટા હતા. એ લુચ્ચો જ્યારે હસતો ત્યારે વૉલ્ટ ડિઝનીના સસારાણા જેવો લાગતો. આજ લગી કોઈ એવું મળ્યું નથી જે બબ્બલને હસતો જોઈ પરાણે હસી ન પડ્યો હોય!

'બબ્બલ', દરબારીએ બૂમ પાડી અને હાથ એના તરફ લંબાવ્યા. હસતાં હસતાં બબ્બલે દરબારી સામે જોયું અને અંદરની કશીક હિલચાલને કારણે ઘુઘવાટ કર્યા. હવે એ એની મા મિસ્ત્રીના હાથમાં ગલ્યો રહેતો નહોતો.

'ઊભો રહે,' કહી દરબારી અંદર મમરા લેવા ગયો. એ ભૂલી ગયો કે સીતા આવીને ચાલી જશે. બબ્બલના ચહેરા પર ભોળી નિરાશાની રેખા પથરાઈ ગઈ. ક્ષણ વાર તો એ એમ જ અનુભવી રહ્યો અને કહી રહ્યો હોય એમ લાગ્યું કે આખી દુનિયા એક ભ્રમ છે. પાછો જેમ એ નિરાશ થઈ ગયો તેમ જ દરબારી આવતાંવેંત ખુશ થઇ ગયો.

બબ્બલની મા મિસ્ત્રી એક ભિખારણ હતી. જરૂરતને લીધે જ એણે આ આટલી નાની ઉંમરમાં બબ્બલને ભીખ માગવાની કળા શીખવી દીધી હતી. રસ્તે જતા કોઈ પણ સજ્જન જેવા માણસની સામે એ ઊભી રહી જતી. બબ્બલ ઍક્ટરની જેમ અભિનય કરી એનું ખમીસ કે ધોતી ખેંચતો અને પોતાને જોઈતી વસ્તુ તરફ ઈશારો કરી એનું ધ્યાન દોરતો.

એ માણસ જોયું ન જોયું કરતો અને પછી પરાણે એ વસ્તુ ખરીદી બબ્બલના હાથમાં પકડાવી દેતો. એના ગયા પછી મિસ્ત્રી બબ્બલના હાથમાંથી એ વસ્તુ લઈ લેતી. દુકાનદાર પાસેથી પૈસા પાછા લઈ લેતી અને બબ્બલ રોક્કળ કરી મૂકતો.

પણ દરબારી જોડે બબ્બલ અને એની મા મિસ્ત્રીનો સંબંધ એવો ન હતો. મમરા લઈને વેચવાનો પ્રશ્ન જ ક્યાં હતો એ મમરાની સાથે જ મિસ્ત્રીને બેચાર આના પણ મળી જતા, જેની અંદર બબ્બલને જરા પણ રસ નહોતો. એને તો એવા મમરા જોઈએ જે મા કોઈ દિવસ ઝૂંટવીને દુકાનદારને આપી ન દે. મમરા એ લાગલા જ મોંમાં મૂકી દેતો અને પછી ચાવતો ચાવતો હસીને કૂદાકૂદ કરતો પોતાનો આનંદ પ્રગટ કરતો! આજે જેવો દરબારીએ બબ્બલને તેડ્યો કે એક જ વારમાં મમરાની મૂઠી ભરીને એ મા પાસે જવા લાગ્યો. દરબારીએ એને ઝાલી રાખ્યો, પ્રેમથી લાડ લડાવ્યાં, કોશિશ ઘણી કરી જોઈ પણ એ કાંઈ માન્યો નહીં. 'ઉ...ઉં' કરતો એ તો મા પાસે જવા ઊછળતો જ રહ્યો.

દરબારીએ કહ્યું — 'લુચ્ચા ... સાલા ....!'

અંદરથી સાલેહ અથવા સરદારીએ ઉત્તર દીધો --

'શો હુકમ છે હજૂર?'

'આપને નથી બોલાવ્યા, કૃપાનિધાન!' દરબારીએ અંદર મોં રાખતાં કહ્યું અને પછી બબ્બલના વહાલા વહાલા ગાલ પર એક બચી ભરી. માને પાછો આપતાં કહ્યું, 'આટલો કૃતઘ્ની છે?'...ન સલામ ન દુવા ... આભાર પણ નહીં ... કેમ પત્યું એટલે તું કોણ ને હું કોણ?'

મિસ્ત્રી -- જેને ફૂટપાથની જિંદગીએ મુશ્કેલીમાં મૂકી દીધી હતી એ બિચારી બોલી, 'આ બધા એવા જ હોય, બાબુજી...' પછી બબ્બલને છાતીએ વળગાડી પોતાની બેઆની - પાવલીની રાહ જોતી ઊભી રહી.

બબ્બલ હંમેશાની જેમ આખો નાગો નહીં તો અર્ધો તો જરૂર હતો. કમરની પાસ એણે એક ધાગામાં તાવીજ પહેર્યું હતું. આ વેશમાં એ ખુશ હતો અને મિસ્ત્રીની વિશાળ છાતીમાં સંતાડેલું મોં બહાર કાઢીને એ રીતે એણે જોયું જાણે પોતે કોઈ મોટો વિજેતા હોય અને એક સુરક્ષિત કિલ્લામાં પહોંચી ગયો હોય. અને પછી નજરો નોંધી નોંધીને કિલ્લાની ટોચ પર બેઠો બેઠો એ સામેની લડાયક ફોજની હિલચાલ જોઈ રહ્યો -- એવી ફોજ કે જેના હુમલો કરતાં પહેલાં જ છક્કા છૂટી ગયા હોય. પછી એકાએક કોઈ પરીવાળા ઘોડા પર સવાર થઈ એ ઊડવા લાગ્યો. આગળ ને આગળ...ઉપર ને ઉપર. અને મંજિલ પણ એના પક્ષમાં હોય તેમ આવીને એના પગમાં પડે.

મિસ્ત્રી કાળા અને પાકાં રંગની યુવાન સ્ત્રી હતી અને બબ્બલ ગોરા ગોરા દૂધ જેવા રંગનો બાળક. આવું કેમ -- દરબારીએ ક્યારેય પૂછયું નહોતું! એ જાણતો હતો કે ગરીબ સ્ત્રીઓ કેટલી બેસહારા હોય છે. સડકના કિનારે પડેલી મિસ્ત્રીને કોઈ બાબુજી આઠ આના રૂપિયો આપીને બબ્બલ આપતો ગયો હશે, બદલામાં.

'તમારી પાસે તો હજુયે આવે છે, બાબુજી...બાકી તો આ હલકટ... કોઈ પુરુષ પાસે જતો જ નથી ને!'

'કેમ, કેમ?' દરબારીએ બેચેન બનતાં પૂછ્યું.

'શી ખબર?' મિસ્ત્રીએ કહ્યું અને પછી વહાલથી બબ્બલ સામે જોતાં બોલી, 'હા સ્ત્રીઓ પાસે જાય!'

દરબારી ખડખડાટ હસી પડ્યો -- 'બદમાશ છે પૂરો...અત્યારથી જ સ્ત્રીઓમાં રસ લેવા લાગ્યો છે તો મોટો થઈને શું નહીં કરે?'

મિસ્ત્રી ખૂબ શરમાઈ ગઈ અને એણે ધન્યતા અનુભવી. એને થયું કે પોતાની ગોદમાં અગણિત ગોપીઓનો કૃષ્ણકનૈયો એ રમાડી રહી છે. મિસ્ત્રી પોતે પણ એક ગોપી જ હતી. જાણે બબ્બલ મિસ્ત્રીનું મન હતું અને મિસ્ત્રીની બધી વૃત્તિઓ બબ્બલની આસપાસ નાચતી હતી...બબ્બલ આજ લગી એક ગોપી પાસે હતો અને હવે અનેક પાસે હશે!

દરબારીએ મિસ્ત્રી બાઈ સાથે થોડીક છૂટ લીધી, એણે અચકાતાં અચકાંતા પૂછી પાડ્યું,

'આનો બાપ શું કામ કરે છે, મિસ્ત્રી?'

'આનો બાપ?' મિસ્ત્રીને ઉત્તર દેતાં વાર લાગી--'નથી.'

આ ઉત્તરમાં ઘણી વાતો સમાઈ ગઈ. એમ પણ કહી શકાય કે એ મરી ગયો છે અથવા એવો અર્થ પણ નીકળે કે એ મરવા કરતાંય હલકી રીતનો છે. મિસ્ત્રીએ દૂર દૂર નજર નાખી અને પછી દરબારીની આંખમાં આવી ગયેલા અફસોસને દૂર કરવા બોલી, 'એક વખત એ ફરી પણ આવ્યો હતો...મને લાગ્યું તો ખરું કે એ એ જ હતો. પણ હું શું કરી શકવાની હતી, બાબુજી?... મેં તો એને ધરાઈને જોયો પણ નહોતો...ક્યાંય સુધી આ છોકરાને કોઈ નામ પણ ન આપ્યું...ક્યારેક ગોપુ તો ક્યારેક નારિયાં કહીને બોલાવતી. ને જ્યારે એણે એના હાથમાં પાંચની નોટ મૂકીને પ્રેમથી કહ્યું, ''બબ્બલ!''... ત્યારથી મેં એનું નામ બબ્બલ રાખી દીધું...'

અને મિસ્ત્રીના મગજમાં વિચાર આવ્યો -- 'એનો બાપ ન હોત તો પાંચ રૂપિયા આપત...'

દકબારીએ વિચાર્યું -- 'એ માણસ નહીં, પાંચ રૂપિયાની નોટ જ બબ્બલનો બાપ હોય એમ પણ બને.'

દરબારીએ આઠ આની આજે મિસ્ત્રીના હાથમાં ન મૂકતાં બબ્બલની હથેળી પર મૂકી. બબ્બલે સિક્કો હાથમાં લીધો. જોર જોરથી હાથ હલાવ્યા ને પછી ઘા ર્ક્યો.

આઠ આની સડક પરના મુખ્ય કાણામાં સરી જતાં બચી ગઈ. મિસ્ત્રીના નસીબે એક કેરીની છાલે એને અટકાવી દીધી. વાંકી વળીને મિસ્ત્રીએ આઠ આની લઈ લીધી અને બબ્બલને છાતીએ વળગાડતાં બોલી, 'લુચ્ચો છે ને...' અને પછી એને બચી ભરતાં દરબારી તરફ જોઈ બોલી, 'મારો મરદ તો આ જ છે, સાચું કહું બાબુજી!'

'તારો મરદ?'

'હા', મિસ્ત્રીએ એના માથા પરથી સાડલો ખેંચતા બબ્બલને સરખો કર્યો 'આ કમાય છે ને હું ખાઉં છું.'

મિસ્ત્રી ખૂબ વાતોડિયણ હતી. એ બીજુંયે ઘણું બોલત, બબ્બલ પણ બીજા મમરા માગત પણ દરબારીને પોતાની નજરોની ક્ષિતિજ પર અમુક રંગ લહેરાતો દેખાયો. એણે તરતોતરત મિસ્ત્રીના આબનૂસી યૌવનને અને બબ્બલના ભોળપણને ઝટકો મારીને દૂર કર્યું અને — 'હું જાઉં છું, સાલેહભાઈ ... અચ્છા ભાભી!' કહી એણે રજા લીધી. હજી સડક પર આવ્યો નહીં ત્યાં તો પાટલૂનની પટ્ટીમાં એને લાકડાંનાં છોતરાં દેખાયાં. વાંકા વળીને એને સાફ કર્યાં અને એ સીતા સુધી પહોંચી ગયો...

શિવાજી પાર્કનો સમુદ્રકિનારો અને કલબ ને ભેળપૂરીવાળાઓથી દૂર દરબારી અને સીતા એક દીવાલની આડશે બેસી ગયાં!

સીતા અઢાર-ઓગણીસ વરસની છોકરી હતી. એની મા હતી, પણ બાપ મૃત્યુ પામ્યો હતો. ઘરની સ્થિતિ એટલી બધી ખરાબ નહોતી કેમ કે પોતાનું મકાન હતું અને ભાડૂતો ક્યારેક જ ભાડું ન આપતા. સીતાની મા લછમન દેઈ આમ તો છોકરીનાં

લગ્ન કરવા તૈયાર હતી પણ લગ્ન કરતાંય એના મનમાં એવી આશા હતી કે કોઈ એવો પુરુષ આવે જે મહિનો થાય કે રુઆબથી ભાડું ઉઘરાવી આવે કે જેથી સીતા કહે છે તેમ દર મહિને જે ગુંડાઓ દેખાય છે તે ભાગી જાય... અને જીવન સુખી બની જાય. લછમન દેઈને સીતાએ દરબારીની વાત કરી દીધી હતી. પહેલાં તો માએ શંકાકુશંકાઓ કરી પણ જ્યારે એને ખબર પડી કે દરબારીનું આખું નામ દરબારીલાલ મહેતા છે ત્યારે તરત જ એણે સંમતિ આપી, કેમ કે મુંબઈમાં જે લોકો ભાડું ઉઘરાવતા હોય છે તેમને મહેતા જ કહે છે.

સીતાનું કદ વચલું હતું, પણ શરીરની યષ્ટિ એવી સંતુલિત હતી કે પુરુષોના દિલમાં ભાવના જગાવી દે, અને પરાણે એમના હોઠ પર સીટી આવી જાય. ચહેરાની સુંદરતા એવી હતી કે જે નજીક આવે એને જ ખબર પડે. પાંપણ ઝૂકેલી રહે કેમ કે સીતાની આંખો ઊંડી હતી અને એના બચાવ માટે પાંપણ ઝૂકાવવી જરૂરી હતી. પણ આ ઊંડી આંખોને લીધે સીતા પુરુષના દિલમાં ખૂબ ઊંડે સુધી જોઈ શકતી હતી. એ કોઈને કંઈ પણ કહે કે નહીં એ એક અલગ વાત હતી પણ એ જાણતી બધું જ. હા, સીતાના વાળ એટલા લાંબા હતા કે દરબારી એને પૂછતો, 'તમારા ઘરમાં કોઈ બંગાળી યુવતીને પરણી લાવ્યું હતું?' અને સીતા કહેતી, 'હું પોતે જ છું, બંગાળી... મારું નામ સીતા મજુમદાર...' દરબારી કહેતો, 'સીતા મજેદાર!' અને સીતા હસી પડતી. એ પોતાના કદ પર ખુશ થઈ જતી કે તે એટલું નીચું તો છે કે જેનાથી પોતાનું સુંદર, કાળા ને ચમકતા વાળવાળું માથું દરબારીની છાતી પર મૂકી શકે અને પોતના દેહની જ નહીં, આત્માની પણ સોંપણી કોઈને કરીને એ બધાં દુઃખ ભૂલી શકે છે. અને જરા જેટલા ફરકમાં જ એ પતિ અને પિતાને એક કરી શકે છે --

દીવાલની ઓથે બેસીને દરબારી સીતાને પ્યાર કરી રહ્યો હતો. એનો પ્યાર પણ મર્યાદામાં રહે એમ સીતા ઇચ્છતી હતી. કમરની ચોમેર હાથ પડતાં જ સીતા ચોકીં ગઈ. એણે દરબારીને વાતોમાં ફસાવવાનો પ્રયત્ન કર્યો. બ્લાઉઝમાંથી એણે એક નાનકડી ડબ્બી કાઢી અને દરબારીના મોઢા આગળ ધરતાં બોલી, 'જુઓ, હું તમારે માટે શું લાવી?'

'શું લાવી છો?'દરબારીએ પૂછ્યું અને અજાણતાં જ કમરેથી હાથ છૂટી ગયા. એક હાથ એણે ડબ્બી લેવા લંબાવ્યો.

સીતાએ ડબ્બી પાછી ખેંચી લીધી અને કહ્યું, 'એમ નહીં...હું જાતે બતાવીશ.' અને પછી એ દરબારીના નાક પાસે લઈ જઈ કહ્યું, 'સૂંઘો.'

આખરે આફત થઈ હતી. દરબારીએ ડબ્બી સૂંઘી કે છીંક આવી!

મહોબતનો ખેલ બધો અટકી ગયો. દરબારી છીંકાછીંક કરતો રહ્યો. ખિસ્સામાંથી રૂમાલ કાઢીને વારંવાર નાક લૂછતો ગયો. અને સીતા બાજુમાં બેઠી બેઠી હસ્યા કરતી!

'આ તે,' દરબારીએ કહ્યું કે તરત છીંક આવી, 'કેવી મજાક?'

સીતાએ કહ્યું, 'આને તમે મજાક કહો છો? — વીસ રૂપિયે તોલો છે.'

'વીસ રૂપિયે?'

'હા,' સીતાએ કહ્યું -- 'તમે છીંક ખાઓ છો ત્યારે બહુ વહાલા લાગો છો.'

દરબારીએ સીતા સામે એવી રીતે જોયું જાણે કોઈ પાગલની સામે જોતો હોય. સીતાએ પ્રેમની નજર એના પર નાખી અને કહ્યું, 'યાદ છે, પહેલી વાત તમે મને ક્યાં મળ્યા હતા?'

'યાદ નથી,' દરબારીએ માથું ધુણાવતાં કહ્યું, 'માત્ર એટલી ખબર છે કે ક્યાંક પણ તને પહેલી વાર મળ્યો હતો.'

'ત્યાં,' સીતાએ સામેના મહાત્મા ગાંધી સ્વિમિંગ પુલ તરફ ઇશારો કરતાં કહ્યું -- 'તમે નાહતાં નાહતાં છીંક ખાતા હતા. મારી જોડે ત્રણચાર બીજી પણ છોકરીઓ હતી એ દિવસે ઑફિસમાં અરધા દિવસની રજા હતી અને અમે તો એમ જ ફરતાં ફરતાં ત્યાં આવી ચડેલાં--'

'ત્યાં જ કેમ?'

'એમ જ,' સીતાએ કહ્યું, 'રજા પડતાં જ અમને બધાંને એવું તે શું થતું કે ઘરમાં બેસવું ફાવતું નહીં. એમ જ બહાર નીકળી પડીએ જાણે કશુંક બનવાનું હોય તેમ. પણ જ્યારે કોકાકોલા પીતાં બેઠાં હોઈએ ત્યારે ખબર પડી કે બનતું તો કંઈ જ નથી.'

સીતા હસી એટલે દરબારી પણ હસ્યો. એણે પોતાની વાત આગળ ચલાવી.—

'અમને તમારા તરફ જોઈને ખૂબ હસવું આવ્યું. તમે છીંક ખાતાં ખાતાં બોર્ડથી ફુવારા સુધી ને ફુવારાથી બોર્ડ સુધી આંટા મારતા હતા. એમ કરતાં પગથી માથા સુધી હલબલી જતા. ત્યારે મને થયું, બાળકની જેમ તમને પકડી લઉં, પાલવથી તમારાં નાકમોં લૂછું અને પછી એક લપડાક લગાવી કહું -- હવે જાઓ, મજા કરો...'

દરબારી ત્યારે એમ વિચારતો હતો કે બીજી છોકરીઓ કોણ હતી? એણે પૂછી લીધું.

'એક તો કુમુદ હતી,' સીતાએ કહ્યું ... 'બીજી જૂલી... ખાડીની પેલી પાર માઉન્ટ મેરી આગળ રહે છે. ત્રીજી--' અને એકાએક અટકીને એણે પૂછયું, 'તમારે જાણીને શું કામ છે?'

'એમ જ,' દરબારીએ જવાબ દીધો, 'તારી બહેનપણીઓ તારાથી જરાય ચડિયાતી નથી જ.'

'તમે જોઈ છે?'

'જોઈ તો નથી.'

સીતાનો ચહેરો થોડો ખીલી ઉઠ્યો હતો એ અત્યારે ફિક્કો પડી ગયો. ત્યાં તો એક છીંક દરબારીને આવતાં આવતાં રહી ગઈ. એ આકાશમાં જોઈ બોલ્યો, 'આજે દિવસ ઢળતો નથી...'

સમુદ્રમાં ભરતી શરૂ થઈ ગઈ. લહેરો કિનારા તરફ આગળ વધીને ભેળપૂરીની અગણિત પતરાવળીઓ, ગંડેરી ને સિંગરના છોતરાં, નારિયેળની છાલ ભરખી જતી હતી, વચ્ચે ક્યાંક કોલસા પણ દેખતા હતા, જે સ્ટીમરોએ પોતાનો બોજો હલકો કરવા સમુદ્રમાં ફેંકી દીધા હતા. તેલના એક ડબ્બાનું પતરું પણ કિનારા પર આવીને સમુદ્રના એક ખાસ્સા ભાગને ચીકણું અને લપસણું બનાવી રહ્યું હતું.

... સીતાએ મોં ફેરવીને જોયું તો દરબારી અજબ નજરે એના તરફ જોઈ રહ્યો હતો. એના ચહેરા પર લપસણી રેખાઓ નજરે પડી.

...દિવસ ઢળી ગયો. પોતાની દુનિયાના લોકોને બંને કિનારેથી ભેગા કરી બગલમાં દબાવી ઘેરા કેસરી રંગની પોટલી બનાવી એ દૂર પશ્ચિમનાં ઊંડાં પાણીમાં ઊતરવા લાગ્યો. થોડી જ વારમાં દિવસનું તેજ જમીનના ગોળાર્ધ માંથી આદૃશ્ય થઈ ગયું. હવે કિનારો અને એનાં મકાનો ને ત્યાં રહેનારાઓ પર માત્ર એવો જ પ્રકાશ હતો કે જે આકાશનાં રખડુ વાદળાંઓ પરથી પડી રહ્યો હતો અને એ પણ ધીરે ધીરે જાણે કે પ્રેમથી પોતાની જગ્યાએ અંધારું મૂકતો જાણે કહી રહ્યો હતો -- હવે જાવ, મજા કરો...

એ જ છીંક કે જેણે સીતાથી માઈલો દૂર દરબારીને મૂકી દીધો હતો. અત્યારે સીતાની પાસે લઈ આવી... સીતા કંપી ઊઠી. દરબારીના શ્વાસોચ્છ્વાસ વધી ગયા!

અંધારું સ્થિર થતાં જ પુલ, કલબ ને સડકો પરની બત્તીઓ અને ફેરીવાળાઓ, રેંકડીવાળાઓની ટમટમતી બત્તીઓ પણ કંપી રહી.

ને જાણે દીવાલમાંથી અવાજ આવ્યો, 'દરબારી, આ શું કરો છો?'

'એટલે કે,' દરબારીએ હાથ હટાવતાં કહ્યું, 'તું મને પ્રેમ કરતી નથી એમ જ ને?'

'પ્રેમનો અર્થ આ જ ઓછો છે?'

'હું બધું જાણું છું' ... અને દરબારી ઊભો થઈ ગયો. કપડાં સરખાં કરવા લાગ્યો. સીતાએ એને રોક્યો ને વિનંતીના સૂરમાં કહ્યું, 'શું કરી રહ્યા છો, ચાંદ?' ... અને રેતીમાં પડેલી સીતા દરબારીના પગમાં અટવાઈ ગઈ. એ ગુસ્સાથી હાંફી રહ્યો હતો.

દરબારીએ એના પગ ઝાટકો દઈ છોડાવી દીધા અને કહ્યું, -- 'બિચ () બહુ મોટી પવિત્ર બની રહી છે, પોતે એમ સમજે છે...'

'હું કાંઈ નથી સમજતી,' સીતાએ ગોઠણિયાભર પડીને હજીયે દરબારીના પગમાં ઘસડાતાં કહ્યું, 'હું તમારી જ છું ચંદા... મારી નસેનસ તમારી છે... પણ હું એક વિધવા માની છોકરી છું -- મને પરણી લો પછી.'

'પરણવાબરણની વાત જ ન કરતી, એક વાર તને કીધું એ બસ નથી ? મંતરફેરા જરૂરી જ છે? કાનૂનની પકડ જરૂરી છે?' અને દરબારીલાલ અટકી ગયો. હજીયે એને આશા હતી.

'હા જરૂરી છે,' સીતા રડતાં રડતાં બોલી, 'આ દુનિયા મેં કે તમે નથી બનાવી.'

અને છેલ્લી આશા પર પાણી ફરી વળ્યું ! એ બોલ્યો, 'હું એવા પ્યારમાં માનતો જ નથી, જેની વચ્ચે કોઈ પરદો હોય, શરત હોય. આત્માઓનું મિલન જરૂરી છે તો દેહનું મિલન પણ જરૂરી છે. એમાં ભગવાન પોતે જ હોય છે. શાસ્ત્રોમાં પણ આ લખ્યું છે!'

'લખ્યું હશે,' સીતાએ કહ્યું, 'બધા જો તમારી જેમ આટલું જ માનતા હોત...'

'હું બધાની પરવા નથી કરતો,' દરબારીએ ગુસ્સાથી પગ પછાડતાં કહ્યું એટલે એ રેતીમાં ખૂંચી ગયો. પછી પગ ખેંચીને એ ચાલવા માંડ્યો.

સીતા પાછળ ઢસડાઇ, 'સાંભળો તો'.... હજી દરબારીએ દીવાલની હદ વટાવી નહોતી. હજુયે એને સહારે બેસી શકાય એમ હતું,અંધારાને આલિંગન આપી શકાય તેમ હતું.

એક બે છોકરાઓ આ જુદી જાતનો વર્તાવ જોઇ ઊભા રહી ગયા. પછી ચણાવાળો આવ્યો. એને દોણીમાં સમુદ્રની હવાને લીધે દેવતા વધતો જતો હતો.

આ વખતે સીતાએ દરબારીના માત્ર પગ જ ન પકડ્યા પણ પોતાનું માથું,બંગાળી જુલફાં, ઝુકેલી પાંપણ અને હોઠ પણ એના પગમાં મૂકી દીધાં. દરબારી સળગી ઉઠ્યો અને અંદરની આગથી કાંપતો રહ્યો.પગ ચૂમી લઇ, એને આંસુંથી નવરાવી જરા ઊઠીને દરબારી તરફ જોતાં એ બોલી, 'તમે એમ માનો છો કે હું બરફ જેવી ઠંડી છું અથવા પથ્થરની બનેલી છું ? હું તમારમાં ભળી જવા નથી માગતી ? તમે મને ભેટો છો ત્યારે મારું અંગઅંગ તૂટવા કે દુખવા નથી લાગતું ?.... પણ તમને શું સમજાવું છોકરીઓનું દુખ.....'

અને પછી કોઇ અજાણ્યા ડરથી કાંપતા કહ્યું, 'હું એમ નથી કહેતી કે આ દુઃખ તમે દીધું છે. એ ભગવાને દીધું છે.ય ભગવાને જ સ્ત્રી સાથે અન્યાય કર્યો છે....'

'હું જાણું છું,' દરબારી એ પોતાની જાતને છોડાવવાનો પ્રયત્ન કરતાં કહ્યું, 'પુરુષ બધું સહન કરી શકે છે, પણ અપમાન નહીં.....'

'અપમાન ? કોનું ?'

દરબારીએ જવાબ દેવાને બદલે સીતાને ઠોકર લગાવી અને એ પાછળ ગબડી પડી. અને પોતે લાંબા ડગલા ભરતો પ્રકાશ તરફ નીકળી ગયો.

સીતાએ આટલી જિંદગીમાં જે ક્યારેય ન અનુભવ્યો હોય એવા એક ડરથી કાંપતી હતી. એના પિતા મૃત્યુ પામ્યા ત્યારે પણ એ હતો નહીં. માની છાતીમાં મોં છુપાવી એ બધું ભૂલી ગઇ હતી, જેમ ગૂમડાંની ચારે તરફ આંગળી ફેરવવાથી એક જાતનો આરામ અનુભવાય એમ જ માનો હાથ એના માથા પર ફરતાં જ એનાં બધા દુઃખ અદ્રશ્ય થઇ ગયાં હતાં..... ત્યાં ને ત્યાં રેતી પર પડી પડી સીતા ધીમાં ડૂસકાં ભરી રહી. વચ્ચે ક્યારેક માથું ઊંચું કરી જોઇ લેતી કે કોઇ જોઇ લેતું નથી ને. મદદ માટે તો આવતું નથી ને, જેવી કોઇ સ્ત્રી મુસીબતમાં પડે કે કોઇ ને કોઇ હીરો આવી જ જતો

હોય ! સામે દીવાની જ્યોતમાં કશુંક ચમક્યું. સીતાએ ઉઠાવ્યું તો એ ચાંદીની ડબ્બી હતી જે નીચે પડી ગઇ હતી અને હવે તો એમાં રેતી ભરાઇ ગઇ હતી.....

દરબારી સીતાને પ્રેમ કરતો હતો એ સાચું હતું પણ એટલો બધો પ્રેમ નહીં જેટલો સીતા કરતી હતી ! સીતા તો જાણે આ દુનિયામાં પોતાનું નામ જ સાર્થક કરવા આવી હતી અને અશોકવાટિકામાં પડી પડી રાહ જોઇ રહી હતી કે કોઇ ઉપરથી સંદેશાની વીંટી ફેંકે .....પણ રામચંદ્રના જમાના પછી વચ્ચે શું શું બની ગયું હતું. હવે તો અંગ્રેજી 'ફન' આવી ગયું હતું અને દરબારી એનો પૂરેપૂરો રસ લેવા માંગતો હતો.

ઘરમા જાળી લગાડી દીધી હતી. ત્રણ દિવસની લમણાંઝીંક પછી તિરખાન શીખ ગયો. સાફસૂફ વાડામાં બેઠો બેઠો દરબારી શૂન્ય નજરે સડકના પેલા વળાંક તરફ જોઇ રહ્યો હતો જ્યાં વિવિધ રંગો લહેરાયા કરતા. બાજુમાં દરબારીનો ભાણેજ મહમૂદ કે બનવારી રમકડાંની ને પતરાની કશીક રમત રમતો હતો. પતરાંથી એનો હાથ કપાઇ જવાનો ડર હતો. કદાચ એટલે જ અંદરથી સતવંતી કે કનીજ દોડતી આવી અને છોકરાના હાથમાંથી રમકડું ઝૂંટવી લીધું. છોકરો રડવા લાગ્યો.

'અરે, અરે, શું કરો છો તમે ?' દરબારીએ વિરોધ કર્યો, 'આપા !'

'તમે ચૂપ રહો-' એ બોલી, 'તમને હજાર વખત કહ્યું છે કે મને આપા ન કહેવું, દીદી કહેતાં શું થાય છે ?'

'સારું સારું,' દરબારી બોલ્યો, 'પણ મૂળ વાત નું કાંઇ નહીં ? જુઓ તો કેવો રડે છે બિચારો..... આમ તો લૉર્ડ કિચનર પણ આખું જહાજ ડૂબી જવા છતાં નહીં રડ્યો હોય ..... આપી દો એને રમકડું.'

'ક્યાંથી આપું - આંખો ફોડશે ત્યારે..........?'

'અરે બધા છોકરાંઓ ગમે તેમ રમકડાંઓથી રમે છે. કેટલાંકની આંખો ફૂટી છે?'

'પણ આના જેટલા તોફાની બધા ઓછા છે ?'

'દરેક માને પોતાનો છોકરો આટલો તોફાની જ લાગે છે.'

અને મહમૂદ કે બનવારી અત્યંત દયાજનક રીતે રડી રહ્યો હતો. આખું ઘર માથે લીધું. દરબારીએ પાટિયા પરથી જાપાની બિલ્લી આપી. એને ચાવી આપતાં જ નાચતાં અને ભાગાભાગ કરતા વાર ન લાગી. એને જોતાં જ છોકરાઓ તો ઠીક મોટાંઓ પણ ખુશ થઇ જતાં. પણ છોકરાંઓને તો એ જ રમકડું જોઇએ જે એની પાસે ઝૂટવાઇ ગયું હોય...... દરબારીએ જાતજાતનું મોં કર્યું, ખૂ ખૂ ખા-ખા કર્યું, મોંમાં આગળી નાખી હનુમાન બન્યો, જોની વોકર...આગા.... પણ એતો રડ્યા જ કર્યો. એને તો એનું એ જ રમકડું જોઇતું હતું. દરબારીને તો એક થપ્પડ પણ મારી દેવાનું મન થયું પણ એના વધારે રડવાનો ડર ન હોત તો જરૂર મારી દેત. એકાએક ચિડાઇને દરબારીએ કહ્યું, 'હવે બંધ કર, સાલા......'

'રડવા દેને યાર,' અંદરથી અવાજ આવ્યો.

'હે રામ !'એ હજીય રડતો રહ્યો અને દીદી અંદરથી દોડતી પાછી આવી.

'હાય અલ્લાહ કેમ નથી કહેતી ?'

'ભગવાનને ખાતર તમે ચૂપ રહેશો '

'ખુદાને ખાતર કહે જોઉં.....'

પછી સતવંતી અથવા કનીજ જે રીતે રમકડું ઝૂંટવી ગઇ હતી એ જ રીતે પાછું આપી ગઇ . 'લે મારા બાપ !'એણે રમકડું એના હાથમાં જોરથી પકડાવ્યું. પછી જાણે એને દુ:ખી હાલતમાં જોઇ ન શકતી હોય તેમ એને ઉઠાવીને છાતી સરસો ચાંપી દીધો, અને ખૂબ વહાલ કર્યું. એનું મોં સાફ કર્યું, નાક લૂછી દીધું, બચીઓ ભરી..... અને એમના કહેવા મુજબ 'માંડ ઠંડી પડી...' પછી પોતાની જાતને જ ગાળોઆપી.

'હાય, મરી જાય એવી મા.....આ દુનિયામાં ન રહે..... કેટલો રડાવ્યો પોતાના લાલને ?'

પછી પોતાના પતિ કે શોહર તરફ જોતાં જ વરસી પડી - 'જુઓ તો ખરા કેવા મજાથી બેઠા છે.....'

એ તરત ઊભા થઇ ગયા.... મજા બધી ઊડી ગઇ !

દરબારી બોલ્યો, 'હવે હાથ નહીં ગરદન પણ ભલે કાપે,કેમ ?'

'કાપે,' દીદી બોલી, 'મરીશ તો હું ને ? તમને લોકોને જરાય આંચ નહીં આવે!'

'આવે કે ન આવે.' દરબારીએ કહ્યું, 'કહે છે કે જે બુદ્ધિમાન કરે તેમ જ નાદાન કરે, પણ હજાર પ્રયાસ પછી ..... પહેલાંથી જ ઝૂંટવી લેવાની મૂર્ખામી ન કરી હોત તો ?'

'હા હું મૂરખ છું,' બોલતાં બોલતાં દીદી છોકરાને અંદર લઇ ગઇ, 'મા થવુ ને અક્કલ રાખવી એ ક્યાં ની રીત ?'

અને દીદીના ખભા પર માથું રાખી બદમાશ મહમૂદ અથવા બનવારી હસતો હતો જાણે પોતાની તાકાત અને ક્ષમતાથી માહિતગાર હોય !

ત્યાં તો અરોરા સિનેમા તરફથી આવતા રસ્તાના વળાંક પર નારંગી જેવો રંગ બેત્રણ વાર ફરક્યો. દરબારીએ જલદી જલદી કપડાં સરખાં કર્યાં, માથા પર ટોપી ગોઠવી અને બહાર નીકળી ગયો !

વળાંક પાસે સીતા ઊભી હતી. એણે એક વાર દરબારી સામે જોઇ લીધું, પચી આંખો ફેરવી લીધી. એની આંખો થોડી વધું ઊંડી ઉતરી ચૂકી હતી. પાંપણ થોડી વધુ ઝૂકી ગઇ હતી.

'કહો હજૂર ..... શો હુકમ છે ?'દરબારીએ પૂછ્યુ !

સીતાએ ઉત્તર આપ્યો નહીં. દરબારીને થયું કે સીતા કાંપી રહી હતી. એ થોડી વાર એના તરફ જોઇ રહ્યો અને બોલ્યો-

'ચૂપ જ રહેવાની હો તો પછી...'એ ચાલવા ગયો.

'સાંભળો,'સીતા આગળ આવીને બોલી, 'મને માફ કરો. તે દિવસે મારી ભૂલ થઇ ગઇ.'

અટકીને દરબારીએ એના તરફ જોયું, 'હવે તો નહીં થાય ને ?'

સીતાએ નકારમાં માથું ધુણાવ્યું.

'જ્યાં કહું ત્યાં મારી સાથે આવીશ ને ?'

એણે હકારમાં માથું હલાવ્યું અને મોં એક બાજુ ફેરવી લઇ પાલવથી પોતાની આંખો લૂછી લીધી. દરબારીની નસોમાં લોહી ઝડપથી વહેવા લાગ્યું. પોતાના ખરબચડા હાથે એણે સીતાનો પોચો હાથ પકડીને કહ્યું, 'તું તો એવી રીતે ડરે છે, સીતે!..... તને જોઇને એમ લાગે કે હું કેટલો નીચ છું.' સીતા જાણે આ જ સાંભળવા માગતી હતી. એ બોલી, 'ના, એવું ક્યાં છે ?'

દરબારી અને સીતા ત્યાં પહોંચી ગયાં. શિવાજી પાર્કમાં પેલી દીવાલની આડે.... દિવસ ઢળી ચૂક્યો હતો. આજે આકાશમાં કોઇ વાદળું પણ નહોતું, જે જમીનની ગોળાઇમાંથી પ્રકાશ લઇને એનું પ્રતિબિંબ અહીં ફેંકે. એટલે જ અંધારાએ ઝડપથી દુનિયાને લપેટી લીધી. સામે મહાત્મા ગાંધી સ્વિમિંગ પુલની આસપાસ ચમકારા થઇને રહી ગયા !

દરબારીના વધતા જતા પ્યાર સામે સીતા શરમાઇને બેઠી હતી. દરબારી એકદમ જ બોલ્યો, 'કાંઇક વાતચીત કર કે હસ તો ખરી.....' સીતાએ હસવું પડ્યું.

દરબારીએ એની બનાવટી હસવાની રીતની નકલ કરી અને સીતા સાચેસાચ હસી પડી.... દરબારી બોલ્યો, 'તને શું સાચે જ મારા પર વિશ્વાસ નથી ?'

'એવું જરાયે નથી,' સીતાએ કહ્યું, 'તમે ધારો કે મને પરણી લો પછી પણ નફરતથી જ જોશો ને સમજશો કે હું એવી જ હોઇશ, પહેલેથી.'

'ના સીતે, નહીં સમજું.....એવું કદી નહીં સમજું.'

ત્યાં કેટલાક લોકો લોઢાના સળિયા લઇને પસાર થયા. દરબારી ચોંકી ઊઠ્યો. પણ જ્યારે એ લોકો સળિયા રેતીમાં મારવા લાગ્યાને ખોદવા લાગ્યા ત્યારે એણે છુટકારાનો દમ ખેંચ્યો. એ લોકોએ પહેલા કશુંક અહીં દાટી દીધું હતું જેને ભરતી આવતાં પહેલાં લઇ લેવા માગતા હતા. દરબારી અને સીતા ઊઠીને દીવાલના બીજા છેડા પર જતાં રહ્યાં. પાછળ ફરીને જોયું તો દિવાલના ઉપરના ભાગ પર મુંબઇના વાસણ માંજવાવાળા 'રામા' લોકો બેઠા હતા અને ઠઠ્ઠામશ્કરી કરી રહ્યા હતા. દરબારીએ આંખ આડા કાન કર્યા. સીતા ગભરાઇ રહી હતી. આજે એની પોતાની કોઇ ઇચ્છા જ નહોતી એ તો રોષે ભરાયેલા દરબારીને મનાવવા ચાહતી હતી, કોઇ પણ ભોગે.

'ઐ મેરે દિલ કહીં....' ગાતાં ગાતાં કોઇક પસાર થઇ ગયું. ફરી એક પોલીસવાળો આવ્યો ને દરબારી ચિડાઇને ઊભો થઇ ગયો. એણે લાલ આંખે આસપાસનું દ્રશ્ય

જોયું અને અંગ્રેજીમાં એક ગંદી ગાળ બોલ્યો, પછી : 'ચલો સીતે આપણે જુહુ જઈશું.'

'જુહુ ?'

'હા, ઊઠ કેડલ રોડ પરથી ટેક્સી પકડી લેશું.' સીતા ચુપચાપ ઊઠીને દરબારી જોડે ચાલવા લાગી ! સીતા અને દરબારી 'બીચ' પર તો ફરી શકે એમ નહોતા કારણ ત્યાં બીક હતી. રોજ કશુંક ને કશુંક બની જતું. થોડા દિવસ પહેલાં જ એક ખૂન થયું હતું. કોઇ ગુંડાઓએ મિયાબીબીને જીવન સાગરના બીજા કિનારે પહોંચાડી દીધાં હતાં.

પણ એ જ દિવસે જૂહુની બધી હોટલને કૉટેજો ગ્રાહકોથી ભરાઇ ચૂકી હતી.

એક બે કલાકે દરબારી અને સીતા ફૉર્ટ તરફ જઇ રહ્યાં હતાં. રસ્તામાં સીતા વાત કંઇક કરે અને દરબારી જવાબ કંઇક બીજો જ આપતો હતો. એય અધૂરો, અસંબદ્ધ. જીભમાં એક વિચિત્ર ખટાશ હતી અને જાણે કોઇ નશાવાળી ચીજ મોંમા મૂકી હોય અને જીભ થોથવાઇ રહી હોય એમ શબ્દો બહાર પડતા હતા.

ટેક્સી હાજી અલી થઇને તારદેવમાં પ્રવેશી. ત્યાંથી ઑપેરા હાઉસ થઇને હૉર્નબી રોડ પર પહોંચી ગઇ જેનું નામ અત્યારે મહાત્મા ગાંધી રોડ છે. એક હોટેલમાં ઘૂસતાં જ દરબારીએ મૅનેજરને પૂછ્યું, 'કમરો છે ?'

મૅનેજરે રોફથી દરબારી સામે જોયું. એના ચહેરા પર એ કશુંક વિચિત્ર કરીને આવ્યો હોય અથવા કરવાનો હોય એવા ભાવ વંચાઇ રહ્યા હતા. પાછળ ઊભેલી સીતાની નજર જમીનમાં જડાઇ ગયેલી હતી અને થર થર કાંપી રહી હતી. બંને જણાં આવા ગુનાનાં ટેવાયેલાં હતાં જ નહીં. કાચાં, દયાહિન પ્રકૃતિના હાથે પકડાઇ ગયેલા બંને દિવાના જ લાગતાં હતાં. મેનેજરે પૂછયું - 'તમે ક્યાંથી આવો છો ?'

'જી ?' દરબારીએ જલદી વિચારીને જવાબ આપ્યો. 'ઔરંગાબાદથી.'

'વાહ !' મૅનેજરે એક નજર સીતા પર નાખી લઇ દરબારીના ઝંખવાણા પડી ગયેલા ચહેરા તરફ જોતાં કહ્યું, 'આપનો સામાન ક્યાં?'

'જી. સામાન તો નથી.'

'માફ કરજો,' મેનેજરે દરબારી તરફ એ રીતે જોયું જાણે એ કોઈ નકામી ને ગંદી વ્યક્તિ હોય અને પછી કહ્યું, 'અમારી પાસે કોઈ રૂમ નથી.'

'મતલબ? હમણાં તો ટેલિફોન પર...?'

બેરા નં. ૨૭ એક ટ્રેમાં વેફર, દાળ ને સોડાની બૉટલો લઈને જતો હતો તે ચાવી બતાવતાં બોલ્યો, 'આ હૉટેલ ઇજ્જતવાળા માટે છે, સાહેબ!'

દરબારી કાંઈ જ બોલી શક્યો નહીં. એ જાણતો હતો કે બેરાની ટીપ એક રૂપિયાથી વધારે નહીં હોય અને શ્રીમાન મૅનેજરની ઇજ્જત રૂપિયા પાંચ ... ને આજે આ બેઉ સાલા નેકી અને ઇજ્જતની મૂર્તિ બની બેઠા છે. એ લોકો ઇજ્જત અને શરાફતનાં પૂતળાં હતાં કે નહીં એ તો ઠીક પણ એક વાત તો નક્કી હતી કે જીવનમાં કંઈ પણ

કરવા માટે એની માહિતી અને અનુભવ હોવાં જરૂરી હતાં. આંખોમાં એક જાતની ધંધાદારીઓ જેવી હિંમત, નિર્ભયતા અને બેશરમી લાવવી પડે છે જેની સામે વિરોધીની શિષ્ટતા, શરાફત ને એની સાધુતા ખોટી કરે છે ... દરબારી અંદરથી કેટલો કમજોર કેટલો કાયર હતો -- એક ઘસાયા વિનાનો હીરો હતો --

પાછા ફરતાં અંગ્રેજીમાં ગાળો બોલતો હતો. એ હોટેલના વ્યવસ્થાપકોને સંભળાવવા પણ માગતો હતો અને છુપાવવા પણ ઇચ્છતો હતો.

'ચલો સીતા,' દરબારીએ કહ્યું, 'ફરી ક્યારેક--'

અને બંને જણાં ટેક્સીમાં ઘર તરફ રવાના થઈ ગયાં.

જીવન મજા વિનાનું થઈ ગયું ! આવો પરાજય દરબારીનો ક્યારેય નહોતો થયો. એના દેખતાં કેટલાય લોકો હીરો થઈ ગયા હતા અને ઘણાય હીરા એના પગ તળે હતા !

આજે એને ક્યાંય જવું ગમ્યું નહીં. કશો જ કાર્યક્રમ નહીં. જોકે એ ઉચાટ અનુભવતો ઑફિસથી વહેલો જ ઘેર ભાગી નીકળ્યો. થાકેલોપાકેલો, આળસથી ભરાઈ ગયેલો થઈ ગયો. એ સાંજની યાદ એને બરાબર સતાવતી રહી. આ આગ જન્મી જ ન હોત તો ? એટલે જ મોટા લોકો વિચારોને વધુ મહત્ત્વ આપે છે. આ ભાવના પેદા જ ન થઈ હોત અને હોત તો તમે માણસના બચ્ચાની જેમ એને ઝટકી શકતા નથી, એને ખતમ પણ નથી કરી શકતા કારણ બન્ને શક્યતાઓ મૃત્યુની જ છે! એ તો મગજના કોઈ પણ ખૂણામાં પડી રહેશે અને આવશે ત્યારે તમે સંપૂર્ણપણે નિઃશસ્ત્ર હશો, માત્ર બે હાથ અને પગ બે પગ સાથે -- બાંધેલી મૈયતની જેમ --

દરબારી ત્યારે બેઠો બેઠો ડૉન બૉસ્કોની દીવાલ જોડે ઊગી નીકળેલાં વૃક્ષો તરફ જોઈ રહ્યો હતો. એ વૃક્ષોની છાયામાં મહોલ્લાના શ્રીમંતોની મોટરો થાક ખાતી હતી. એમાંની કેટલીક એવાં શ્રીમંત મજદુરોની હતી જે સીધા ઘરથી ઓફિસ ને ઓફિસથી ઘેર જતાં અને બીબી સાથે ઝઘડો કરવાની પણ એમને ફુરસદ ન હતી અને કેટલાક એવાં હતાં જેમને એને ફરતી સ્ત્રીઓનું ઘર જ બનાવી દીધું હતું. એમનાં ડ્રાઈવરોને સાંજ પડે ગાડીને ચહેરા જેટલી સાફ ચમકાવવનો પગાર ચૂપચાપ પકડાવી દેવામાં આવતો હતો. આ બેરા નં. ૨૮ હતો.

એ દિવસે હૉટેલમાં અનુભવાયેલી નિરાશામાંથી મારી મચેડીને દરબારીએ કારમાં બેસવાની ઉમેદ તરફ પરિવર્તન આણ્યું. પણ શો લાભ? ઉમેદ રાખવાથી માત્ર કાર ઓછી મળી જવાની હતી? પિતા ગિરધારીલાલ મહેતા તો પૈસાને હવા પણ ન લાગવા દેતાં. આવતા જન્મમાં પણ સાપ બનીને તિજોરીની ચોકી કરવાનો એનો ઇરાદો હતો.

સાલેહભાઈ અથવા સરદારીલાલ એમનાં બાળબચ્ચાંને લઈને ઘેર ચાલ્યાં ગયા હતાં. અને પાછળ એક રહી ગઈ હતી બિચારી ભાભી, એ ભાઈ સાથે બાળકો ન

હોવાને લીધે ઝઘડ્યાં કરતી. એ કહેતી, 'તમારામાં ખામી છે' અને ભાઈ કહેતા, 'તમારામાં.' એ કહેતી -- તમે ડૉકટરને બતાવવો અને એ કહેતા -- તું તારી જ તપાસ કરાવ, અને વણજન્મ્યાં બાળકો નિરાશા પૂર્ણ નજરે એમને જોઈ રહેતા માથુ પછાડતાં.

દરબારી અત્યંત બોર થઈ રહ્યો હતો. એ જાણતો હતો કે જો થોડીવાર પણ વધારે ઘરમાં રહેશે. તો મા લગ્નની વાત કરવા આવી પહોંચશે અને ક્યાંય લગ્ન કરવા ઈચ્છતો હતો હમણાં? હજી જીવન જીવી લઈ શકું છું, પછી તો એક દિવસ બધાનાં લગ્ન થાય જ છે ને.

કોની સાથે ? સીતા તરત એના મનમાં આવી ગઈ. સીતા આમ તો ઠીક હતી પણ લગ્ન માટે... એ બહુ જ સંકોચશીલ અને ગરીબડી હતી. ચહેરે -- મોરે જરાય ખરાબ નહોતી. પણ પત્ની -- એ જુદી જ વસ્તુ છે. એ તો બોલકી -- મશ્કરી હોય. આડુંઅવળું જોયા કરતી હોય, જેથી પુરુષ એનો કાન ઝાલી કહી શકે -- 'આમ આવ જરા, વિધવાની બેટી? -- પુરુષને એમ શું વળગી છે જાણે એનો પ્રેમી નહીં ને બાપ હોય!'

— હું ક્યાં ક્યાં ભાડું ઉઘરાવતો ફરું?

હા, થોડી વારના પ્રેમ માટે સીતાથી સારી કોણ છે? શું દેહયષ્ટિ છે!

ત્યાં તો મિસ્ત્રી અને બબ્બલ દેખાયાં!

મિસ્ત્રી દૂરથી જ 'બાબુજી' તરફ આંગળી ચીંધતી આવી રહી હતી. ને બબ્બલ ત્યાંથી જ 'ગૂંગૂં ગાંગાં...' કરતો ઊછળતો હતો. અને એકાએક બબ્બલમાં જીવન ઊમટી આવ્યું અને એ મિસ્ત્રીના હાથમાંથી છટકવા જતાં જમીન પર ઊછળતા દડા જેવો થઈ ગયો અને મિસ્ત્રીને એને પકડી રાખતાં ખૂબ મહેનત પડી!

આજે બબ્બલ ઈશ્વરના નહીં માનવના લેબાસમાં હતો. એક મેલું જેવું પહેરણ એના અંગ પર હતું. હા, નીચે ઈશ્વર જ ઈશ્વર !

નજીક આવતાં જ બબ્બલે બંને હાથ લાંબા કર્યા. 'લુચ્ચો, જાણે એને માટે હું પહેલેથી જ મમરા લઈને ઊભો હોઈશ.' જાતે અંદર જઈ બહાર આવીને એનો કર ભરવાની ધીરજની આ છેલ્લી હદ!

દરબારી મમરા લઈને બહાર આવ્યો. એને ખ્યાલ આવ્યો - મિસ્ત્રી એક સ્ત્રી છે અને આ તો બાળક. આ કેટલો પવિત્ર સંબંધ છે! ગરીબોમાં બાપ હોય છે પણ ભારરૂપ!

હવે દરબારીનું મગજ ઝડપથી ચાલવા લાગ્યું. એ એવા કોઈ વંટોળમાં ફરતો રહ્યો કે ફરી ફરીને પાછો એ જ વિચાર પર આવતો. પછી જાણે એની સામેથી આવરણ હટી ગયું. આંખો પહોળી ને ઝીણી થવા લાગી. દરબારીલાલે આ દૂરથી જ બબ્બલને મમરા આપી દીધા અને એને ગોદમાં કેમ ન લીધો? જાણે એ શરમાતો હતો. પણ એ રબરનો દડો — બબ્બલ — જાણે ભીંત સાથેં ભટકાઈને સામે આવી જતો હતો. આજે એને મમરા જોઈતા નહોતા એવું નહોતું. એને મમરા તો જોઈતા જ હતા

અને આસમાનની બાદશાહી પણ ! બબ્બલ ચિંતામાં હતો -- આજે આ બાબુ મને તેડતા કેમ નથી?

'આજે તેં કેટલા પૈસા મેળવ્યા, મિસ્ત્રી?' દરબારીએ ભોંઠપ અનુભવતાં પૂછ્યું.

'ચૌદ આના, લગભગ'

'કેમ ફક્ત ચૌદ આના જ'

'આજે મારો મરદ નાગપાડા જતો રહેલો,' મિસ્ત્રીએ શરમાતાં કહ્યું.

'તારો મરદ?' દરબારીએ નવાઈ પામતાં પૂછ્યું, 'તેં કોઈ મરદ કર્યો છે?'

મિસ્ત્રી હસી અને બબ્બલને બંને હાથોમાં ઉપાડી દરબારીલાલ જેટલો ઊંચો કરતાં બોલી, 'આ મારો મરદ છે -- મારો કમાઉ મરદ -- આજે એની માસી એને પાર્લાની ચૂનાભઠ્ઠીએ લઈ ગઈ હતી. આ પહેરણ દીધું, એ હલકટ પહેરતો જ નથી. ખભા તો એવા ઉછાળે છે, જાણે આખી ધરતીનો બોજો એના પર લાદી દીધો ના હોય!'

દરબારી હવે સમજ્યો. હસી પડ્યો, હજી પણ એણે બબ્બલને તેડ્યો ન હતો અને બબ્બલ મમરા વગેરે ભૂલીને શોર મચાવતો હતો.

મિસ્ત્રી બોલી, 'નાગા રહેવાની આદત પડી જશે તો મોટો થઈને શું કરશે?'

'આ આમ જ સારો લાગે છે, મિસ્ત્રી.'

બબ્બલ ઉછાળા મારતો જાણે કહેતો હતો કે 'ખોટું, સારો લાગતો હોઉં તો પછી કેમ તેડી લેતા નથી?' ને હવે એકદમ તોફાન મચાવી દીધું એણે, 'હોં... હોં... હોં...'

'બબ્બલ હોય છે ત્યારે તું કેટલું કમાય છે?' દરબારીએ પૂછ્યું.

'આ,' મિસ્ત્રી બબ્બલને નીચે ઉતારતાં બોલી. એના હાથ થાકી ગયા હતા, 'આ હોય તો મને ત્રણ રૂપિયા મળી જાય, ચાર પણ...'

દરબારીએ ખિસ્સામાંથી દસ રૂપિયાની નોટ કાઢીને મિસ્ત્રી તરફ લંબાવી.

'આ શું, બાબુજી!' એ બોલી અને એનો ચહેરો લાલ થવા લાગ્યો !

'તું તારે લે,' દરબારી બોલ્યો અને પછી આમતેમ જોઈ લેતાં કહે, 'જલદી લઈ લે, નહીંતર કોઈ જોઈ જશે...'

મિસ્ત્રીએ આમતેમ જોયું. હવે એનો ચહેરો રાતોચોળ થઈ ચૂક્યો હતો. એણે ઝડપથી દસની નોટ લીધી ને આમતેમ જોતાં પોતાના કપડામાં બાંધી લીધી, પછી એ શબ્દો સાંભળવાની રાહ જોવા લાગી જે એ વરસમાં માંડ ત્રણચાર વાર સાંભળતી. પણ એનો રંગ ફિક્કો પડી ગયો જ્યારે એણે દરબારીની વાત સાંભળી --

'તું તો જાણે છે ને મિસ્ત્રી,' દરબારી બોલ્યો, 'હું આને કેટલો પ્રેમ કરું છું -- બબ્બલને -- જો તું મને એક દિવસ માટે એ આપી દે...'

મિસ્ત્રી કંઈ સમજી નહીં.

દરબારીએ કહ્યું, 'હું આને જીવની જેમ રાખીશ, મિસ્ત્રી. એક માની જેમ -- તારી જેમ... આ મને એટલો તો ગમે છે, એટલો ગમે છે કે -- ખૂબ જ ગમે છે,' અને પછી એણે હાથ લંબાવીને બબ્બલને તેડી લીધો.

બબ્બલ એકદમ આનંદથી નાચી ઊઠ્યો. મોર ચાલતી વખતે પોતાની ડોક આમતેમ હલાવે એમ જ બબ્બલ મમરા માટે પોતાની ડોક આમતેમ હલાવવા લાગ્યો! પછી એના ગોળ ગોળ ભરાવદાર હાથ સાઇકલની જેમ હવામાં હાલવા લાગ્યા. દરબારીએ મમરાના કેટલાક દાણા બબ્બલના મોંમાં મૂક્યાં. એ લેતાં જ એ સામાન્ય રીતે મા તરફ ઢળી જતો પણ આજે એ દરબારીના હાથમાં જ વાનરવેડા કરતો રહ્યો. ક્યારેક નીચે ઊતરવા કહેતો ને ક્યારેક ઉઠાવી લો. ક્યારેક પકડી લો તો ક્યારેક છાતીએ લગાવી દો -- વચ્ચે એ મા તરફ જોઈને હસ્યો પણ ખરો અને માને ચીડવવા લાગ્યો, જેમ એ દરબારીને ચીડવતો!

મિસ્ત્રી હજી સુધી ભોંઠપ અનુભવતી ઊભી હતી. અવિશ્વાસ જેવા ભાવથી પિતાપુત્ર જેવી બંને હસ્તીઓને એ જોઈ રહી હતી.

'ક્યાંક તમારાં કપડાં બગાડે નહીં...'

'એમાં શું છે?' દરબારીએ કહ્યું, 'બાળકની તો પ્રત્યેક વસ્તુ અમૃત છે.'

મિસ્ત્રીની પાંપણ ઝૂકી ગઈ. પહેલાં એને થતું કે જિંદગીમાં જે ક્યારેય નહીં મળી પણ થોડી વાર માટે એને પતિ મળી ગયો હતો. એને થયું મારા દીકરાને બાપ મળી ગયો અને પહેલી વસ્તુ કરતાંયે બીજી વધારે મોટી હતી.

'હું એને ખવરાવીશ, પિવરાવીશ,' દરબારીએ વચન આપ્યું, 'મિસ્ત્રી, તું એને લગભગ રાત્રે દસ વાગ્યે લઈ જજે.'

'ભલે,' મિસ્ત્રીએ ડોકું હલાવ્યું.

એ ચાલી. પણ અટકી ગઈ. પાછળ ફરીને એણે દીકરા તરફ જોઈ લીધું. એ દરબારીના હાથમાં હતો અને દરબારીની બંધ મૂઠી ખોલવા કોશિશ કરતો હતો અને ન ખૂલતાં નિરાશ થતો હતો. મિસ્ત્રીએ આવજો કર્યું. બબ્બલે જોયું પણ ખરું. પણ આજે એને કોઈ વાતની પરવા નહોતી. તેમ જ માની પણ નહીં!

પછી મિસ્ત્રીએ ચાલવા માંડ્યું પણ જાણે એનું દિલ ત્યાં જ રહી ગયું. અટકી અટકીને એકાદ વાર જોઈ લીધું પણ બબ્બલ રહી જશે એમ ખાતરી થઈ ગઈ એટલે ઝડપથી ચાલવા માંડી! થોડે દૂર જઈ એણે કપડાંમાંથી દસની નોટ કાઢીને એના તરફ જાણે પોતાના પતિની સામે જોતી હોય એમ જોયું!

દરબારી બબ્બલને લઈને અંદર આવ્યો. બબ્બલને ઓરડાની ઘણી ચીજોમાં રસ ઊપજ્યો. પ્રત્યેક વસ્તુ એને માટે તો નવી જ હતી. પ્રત્યેક વસ્તુને એ મોંમાં નાખીને નવો અનુભવ કરતો હતો. એવો પ્રયોગ કે જેની હદ ન હોય! એવો સ્વાદ જેની કોઈ સીમા ન હોય!

ત્યાં તો મા અંદર આવી. દરબારીના હાથમાં છોકરું જોઈને નવાઈ પામી ગઈ. નાક પર આંગળી રાખતાં બોલી, 'હાય રામ! આ વળી કોણ?'

'બબ્બલ -- મા, મિસ્ત્રીનો છોકરો,' દરબારી બોલ્યો, 'મને બહુ જ ગમે છે.'

'એની મા ક્યાં છે?'

'ગઈ. મેં થોડો સમય રમાડવા લીધો છે, ઉધાર... એક વાર જાણી લીધો. હવે માનું શું કામ છે?' દરબારીએ મા તરફ જોતાં કહ્યું.

'જા રે જા,' માએ કહ્યું -- 'છઆઠ મહિના સુધી જ માની જરૂર પડે છે. પછી તરત જ આ તારી જેવા પોતમેળે જીવવા માંડે છે.'

'ઠીક, મા,' દરબારીએ કહ્યું, 'હું આને પોદ્દાર કૉલેજની સામેના મેદાનમાં ફરવા લઈ જાઉં છું, ને બાજુમાં જ મારે જગમોહનની ચોપડીઓય પાછી આપવાની છે. તું જરા આને સાચવ.'

માને થરથરાટી થઈ આવી, 'આ ગંદો!' ને હાથ હલાવતાં કહી દીધું, 'હું તો આને અડવાનીયે નથી.'

ભાભી થોડી વાર પહેલાંની અહીં આવીને ઊભી હતી. એ બોલી, 'આટલો શોખ હોય તો પોતાની જ કેમ નથી લઈ આવતા? લગન કરી લો લગન.'

'નહી' દરબારીએ ભાભી તરફ ચિડાઈને કહ્યું, 'મને બીજાનાં જ ગમે છે.'

ભાભીએ એક નિસાસો નાખ્યો, 'ભગવાન આપે જ નહીં તો બીજું શું કરી શકાય?'

દરબારીએ બબ્બલને નીચે ફરસ પર બેસાડી દીધો, જર્મન ચાંદીના એક ચમચા તરફ એનું ધ્યાન ખેંચાયેલું હતું. દરબારી જેવો અંદર ગયો કે બબ્બલ ચમચો મોંમાં નાખીને ચૂસવા લાગ્યો. કદાચ એના દાંત આવતા હતા.

એકાએક બબ્બલને પોતે એકલો હોવાનું ભાન થયું. એણે પોતાના હાથ પહેલાં મા અને પછી ભાભી તરફ લંબાવ્યા. મા તો છી છી કરતી અંદર ચાલી ગઈ. ભાભી એક ક્ષણ માટે ખચકાઈ પછી અંદરથી કોઈ અપેક્ષાએ એને મજબૂર કરી અને સરકીને એણે બબ્બલને તેડી લીધો. અને એને છાતીએ વળગાડીને હીંચકવા લાગી જાણે પોતે પણ કોઈ અપાર સુખશાંતિના હીંચકામાં હીંચકી રહી હોય. એને બબ્બલ ગંદો લાગ્યો નહીં. મનોમન એણે બબ્બલને નવડાવીધોવડાવીને એક ભિખારણના છોકરામાંથી રાણીનો કુંવર બનાવી લીધો. અંદર ને અંદર એણે એને સેંકડો રેશમી અને સુતરાઉ અનેક જાતનાં વસ્ત્રો પહેરાવ્યાં અને વિચારવા લાગી કે એટલો સુંદર છે કે હું એને માટે છોકરીનાં કપડાં બનાવીશ.

અંદર જઈને દરબારીએ સૂટકેસ કાઢી. અંદર થોડાં કપડાં મૂક્યાં ને ઉપર થોડી ચોપડીઓ. પછી ધડ દઈને એ બંધ કરી અને દીવાનખંડમાં દોડી આવ્યો.

બેઠકમાં જઈને જોયું તો બબ્બલને હંમેશ મુજબ છાતીમાં માથું છુપાવી બેઠો હતો. દરબારીના પહોંચતા જ એણે મોં મચકોડ્યું અને એક વિજેતાની અદાથી દરબારીની

સામે જોવા લાગ્યો. પછી કોને ખબર કયા ભાવથી, કઇ ગણતરીથી એણે પોતાની જાતને દરબારી તરફ લંબાવી દીધી. દરબારીએ પાસે આવીને એક હાથમાં બબ્બલને તેડી લીધો. બીજા હાથે સૂટકેસ ઉપાડી ને 'અચ્છા ભાભી...' કહેતાં બહાર નીકળી ગયો.

દાદર જઈ રેડીમેડ કપડાંની દુકાનમાંથી દરબારીએ બબ્બલ માટે એક ખમીસ લીધું. અને એક ચડ્ડી પણ. ખમીસ તો જેમતેમ કરીને એણે પહેર્યું પણ પાટલૂન પહેરતાં જે અવાજ કર્યો ને બૂમાબૂમ કરી મૂકી કે હદ થઈ ગઈ. જ્યાં સુધી ઊભો ત્યાં સુધી પગની સાઈકલ એણે ચાલુ જ રાખી. ને ફરી બગડ્યો ત્યારે દરબારી એક હાથે પકડતો ત્યારે એ બીજી બાજુ ઢળી જતો ને પછી મોં ઊંચું કરીને દરબારી સામે એવો કંટાળાથી જોતો, જાણે કહી રહ્યો હોય કે -

અજબ આદમી છો- એક છોકરું પકડવાનુંયે ભાન નથી !

પછી એકાએક ઉઘાડબંધ થતી બત્તીએ એનું ધ્યાન ખેંચ્યું. એ ઊભો થયો. વીજળીના ડરથી દરબારીએ હાથ ઉપર કર્યો જ હતો. ત્યાં તો બબ્બલે બાજુમાં ચાલતા ટેબલફેનમાં આંગળી નાખી. દુકાનદારે સરકીને હાથ હટાવી લીધો, નહીંતર આંગળી ઊડી જ જાત. ઝટકો મારીને હાથ હટાવતાં એણે રડવાનું શરૂ કર્યું ને જ્યારે દરબારીએ એને તેડી લીધો ત્યારે ફરિયાદના સૂરમાં દરબારી અને પછી દુકાનદાર તરફ એણે જોયું અને દુકાનદાર તરફ આંગળી ચીંધી જાણે કહી રહ્યો - એણે મને માર્યું !

ટેક્સીમાં બેસતાં જ બબ્બલને તકલીફ થવા લાગી. મૂળ એના પાટલૂનને લીધે એને મજા નહોતી આવતી. એ જિંદગીમાં આ રીતે ક્યાંય રહ્યો નહોતો. દરબારીએ એને સીટ પર બેસાડવાની કોશિશ કરી પણ એ તો અક્કડ જ રહ્યો. જાણે કહેતો હતો કે - તું ગાડી પર બેસ હું તારા પર ! નહીં, મને તેડીને ચાલ - બજારમાં લોકો આવતા-જતા હતા. એણે જોરથી ઊંચાનીચા થઈને આખરે પાટલૂન કાઢી જ નાખ્યું. એને ખૂંદીને એવું તો ચોળી નાખ્યું કે કોઈ પણ સ્ત્રી એના પટા હવે સીધો કરી શકે નહીં. ને હવે - એ પછી તો એ ખુશ હતો. એ બારીમાં ઊભો રહીને આખી દુનિયાને હવે જોઈ એને જોવડાવી રહ્યો હતો ત્યારે હવે એને કોઈ અજબની સ્વતંત્રતાનો અનુભવ થઈ રહ્યો !

દરબારી જ્યારે સીતાને ઘેર ગયો ત્યારે એ ઘરમાં નહોતી. એનું માથું ફરી ગયું. માએ કહ્યું કે એ પ્રભાદેવીએ કુમુદને મળવા ગઈ છે. પ્રભાદેવી તો દૂર નહોતું પણ કુમુદના ઘરનું ઠેકાણું શું ? થોડી વાર બેસી એ માની ઘરડી વાતો સાંભળ્યા કર્યો ને કહ્યું કે બબ્બલ એનો ભાણેજ છે. બહુ જ વહાલો-દુલારો છે. પણ માને એમાં કોઈ રસ નહોતો. એણે માત્ર એક જ વાર કહ્યું-'કેમ રે?' ને બબ્બલે જવાબ પણ દઈ દીધો. પછી માએ વાત આગળ ચલાવી નહીં. બબ્બલને માની બોલી ખબર હતી પણ મા બબ્બલની બોલી ભૂલી ગઈ હતી. એ પછી પોતાનાં રોદણાં રોવા લાગી-'કમિટિ કહે છે, દર વર્ષે

આટલા પૈસાનું સમારકામ થવું જોઈએ. કોઈ રોટલા ખાય કે સમારકામ કરાવે ? કોણ જાણે કેટલાય કાયદા આવી ગયા ! કૉંગ્રેસ સરકાર તો ડૂબવા આવી છે. અષ્ટગ્રહનું શું થશે ? હું તો જગાધરી પિયર જતી રહું...તું લગ્ન ક્યારે કરે છે ?'

થોડી વારમાં મા પોતે જ બોર થવા લાગી. બોલી, 'સીતા પણ ખબર નથી પડતી આવશે કે નહીં. તું ટૅક્સીમાં તો આવ્યો છે ને ? મને જરા માહિમ લગી છોડી દઈશ...?'

'હું માહિમ બાજુ નથી જતો, માજી -'

'ક્યાં જાય છે ?'

'શહેર બાજુ.'

'ઠીક છે,' માએ કહ્યું, 'ત્યાં પણ પરેલમાં મારે કામ છે...હીંડોળા આવી રહ્યા છે ને ? મારે મૌલી ખરીદવી છે, મૌલી ખબર છે શું છે ?'

દરબારીનું મગજ ભમી ગયું. બબ્બલ પણ ત્રાસ આપતો હતો. ને બહાર ટૅક્સીનું મીટર ચડતું હતું. એને કાંઈ સૂઝ્યું નહીં એટલે મનોમન માથું પછાડતાં બોલ્યો-

'ચાલો, માજી. હું તમને પરેલ છોડી દઈશ. રસ્તામાં કુમુદનું ઘર આવશે ને ?'

'હા હા,' મા ઊભી થતાં બોલી - 'પણ બળ્યાં મુંબઈ શહેરનાં બજાર ! હું વીસ વાર ગઈ ને વીસેય વાર ભૂલી ગઈ...'

'ચાલો, એકવીસમી વારેય ભૂલી જજો.'

'પણ તું સીતાને ક્યાં લઈ જવાનો ?'

'દીદી પાસે, કહ્યું ને...'

'સાંભળ્યું છે, એ મુસલમાન છે...?'

'શું વાત કરો છો, માજી ?' દરબારીએ જાણે ધસી પડતા પહાડને અટકાવી લીધો, 'સતવંતી કોઈ મુસલમાન સ્ત્રીનું નામ હોય ?'

મા પૂર્ણપણે દરબારી પર સવાર થઈ જાય એ પહેલાં જ સીતા આવી ગઈ. વસંતના એક વહેણની જેમ એના આંચલમાં પર્ણ પર્ણ ને ફૂલ ફૂલ લઈને. એણે આયરન રંગની એક ચોળી ચુસ્ત રીતે પહેરી હતી. બાદશાહી ચોખા જેવી સફેદ હેન્ડલૂમની સાડી પહેરી હતી, જે છાતીના ઉઠાવને એક આઝાદ, તોફાની વહેણમાં લઈ આવતી હતી. એ પોતે તો વસંતનું એક વન હતી પણ દરબારી માટે પાનખર જ પાનખર. એના મનમાં ફૂલ અને પર્ણ એક એક કરતાં ખરવા માંડ્યાં અને કેટલાંક આંધીમાં ઊડવા લાગ્યાં...જે ડાળ પર રહી ગયાં હતાં એ આપસમાં ટકરાઈને દિલ ધડકાવી રહ્યાં -

સીતાએ આવતાં જ બબ્બલને જોયો ને આંખો પહોળી થઈ ગઈ, 'કોનો છોકરો છે?' અને પછી ધીમે રહી એની પાસે પહોંચી ગઈ, 'હેં...કેટલો વહાલો લાગે છે...બબલુ - જેવો.'

'હા,' દરબારીએ કહ્યું, 'બબ્બલ એનું નામ છે, તને કેમ ખબર પડી ?'

'મને ખબર નથી,' સીતાએ તાળી પાડતાં કહ્યું અને બબ્બલને પોતાના ખોળામાં

બોલાવવા માંડ્યો, 'દરેક બાળકની સૂરત પરથી એનું નામ ખબર પડી જાય છે...તમને નથી ખબર પડી જતી ?'

બબ્બલે પહેલાં તો શકની નજરે સીતા તરફ જોયું. પણ પછી એ હસી પડ્યો. જાણે વરસોથી એને ઓળખતો હોય એમ. પછી ત્રાજવાની જેમ બંને હાથ લાંબા કરી ઊંચા કર્યા. સીતાએ એને તેડી લીધો. છાતીએ વળગાડીને બધી સ્ત્રીઓની જેમ ઝુલાવ્યો. બસ, સંબંધ બંધાઈ ગયો એટલે તરત જ બબ્બલે નાનકડા પાટિયા પર પડેલી કચોળી તરફ ઈશારો કર્યો અને 'ઉ ઉ' કરવા લાગ્યો. જાણે કહી રહ્યો - 'એમાં મારે માટે કંઈક...'

દરબારીની આંખોમાં સપનાં હતાં અને સીતાએ જોયું તો એની નજરમાં સેજ હતી ને બાળકો પણ. કદાચ બબ્બલ સીતાની આંખોમાંથી પ્રતિબિંબિત થઈ રહ્યો હતો. દરબારીએ જરા ઉતાવળ કરતાં કહ્યું, 'બે કલાકથી તારી રાહ જોઈ રહ્યો છું...દીદીએ બોલાવ્યાં છે આપણને...'

સીતાએ મા તરફ જોયું - 'મા ?'

'હા બેટી,' માએ સંમતિ આપતાં કહ્યું.

'થોભો...હું એના માટે બિસ્કિટ...'

દરબારીએ ઝડપથી કહ્યું, 'થયા કરશે એ તો... મારી પાસે જરા પણ સમય નથી...' ને સીતા બબ્બલના ગાલ ખેંચતી ચાલવા લાગી, કહેતી હતી, 'એય, તું તો નાનો નાનો કાલો કાલો માલો બબલું છે !'

અને સીતા દિલમાં જરાક પણ વસવસો કર્યા વિના બહાર આવી. ટૅક્સી જોતાં જ બોલી - 'આમાં જવાનું છે ?'

દરબારીએ માથું હલાવી હા પાડી. ટૅક્સી-ડ્રાઇવર બેચેન હતો તે ખુશ થઈ ગયો. પાછળ ઢળીને એણે ટૅક્સીનો દરવાજો ખોલી નાખ્યો. બબ્બલ, સીતા અને દરબારી ક્રમશઃ બેસી ગયાં. ત્યાં તો સીતાની નજર સૂટકેસ પર પડી !...એક શકનો ઓછાયો એના ચહેરા પર પડી ગયો.- 'આ સૂટકેસ ?'

'હા,' દરબારીએ કહ્યું.

'દીદીને ત્યાં જઈએ છીએ ?'

'ગમે ત્યાં જઈએ...તારે શું છે ?' પછી રોષભરી નજરે સીતા સામે જોઈ લેતાં કહ્યું, 'તેં નહોતું કહ્યું...જ્યાં લઈ જઈશ ત્યાં આવીશ.'

સીતાને હવે બધું સમજાવા લાગ્યું. દરબારીના ચહેરાનો રંગ...સૂટકેસ...બાળક...એણે ભયભીત થઈ જતાં બબ્બલને સીટ પર બેસાડી દીધો અને નાક ફૂલાવતાં બોલી, 'હા કહ્યું'તું.'

પછી સીતાએ એક તીણી નજર દરબારી ઉપર ફેંકી અને પછી પોતાની નજર ફેરવી લીધી. એને પોતે જ જાણે કે થોડી વિચિત્ર લાગી. સાડીના પાલવથી એણે

પોતાનો લાલ થતો જતો ચહેરો લૂછી જોયો. દરબારીએ નશાભરી આંખે સીતા તરફ જોઈ કહ્યું - 'સીતા, તું ફરી પાછી તે દિવસની જેમ કરવા લાગી છે...'

સીતા ડરી ગઈ - 'નહીં...નહીં...' એ બોલી.

ટેક્સી હાજી અલી પાસેથી પસાર થઈ રહી હતી. આજે મૉન્સૂન પહેલાં જેવો હોય એવો જ સમુદ્રનો રંગ હતો. મેલો મેલો ને ગંદો ને ભીનો...કદાચ ક્યાંક વરસાદ શરૂ થઈ ચૂક્યો હતો. અગણિત ગંદાં નાળાં અને નદીઓ સમુદ્ર તરફ ધસી રહ્યાં હતાં !

ફરી એ જ સફર. તારદેવ, ઑપેરા હાઉસ, મહાત્મા ગાંધી રોડ, ફ્લોરા ફાઉન્ટન- અને એક હોટલ. આજે પહેલાં દિવસે ગયા હતા તે હોટલ નહોતી.

સામે જ એક હોટલ આજે પહેલા દિવસે ગયા હતા તે હોટલ નહોતી.

સામે જ એક બૅરા ઊભો હતો. દરબારી સીતા અને બબ્બલને જોઈને સરક્યો. માનભેર એણે ટેક્સીનો દરવાજો ઉઘાડ્યો. દરબારી ઊતર્યો. ટેક્સીવાળાને પૈસા આપ્યા અને પછી બૅરાને સૂટકેસ કાઢવાનો ઇશારો કર્યો...સીતા ઊતરી. એની આંખો નમેલી હતી અને બબ્બલને તેડવામાં એને સંકોચ થતો હતો.

'ઉઠાવ.' દરબારીએ બબ્બલ તરફ ઈશારો કરતાં કહ્યું, 'બાળક હંમેશા સ્ત્રીઓ પાસે હોય છે !'

સીતાએ નિઃસહાયપણે બબ્બલ તરફ જોયું અને એને ઉપાડવા જરાયે ઇચ્છતી નહોતી પણ દરબારીના ડરથી એણે તેડી લીધો. એ દરબારી જેવા પુરુષથી ડરેલી જ હતી. એણે બબ્બલને તેડી તો લીધો પણ પ્રેમ કરી શકી નહીં...એને કાચા-ખાટા-ગંદા ઓડકાર આવવા લાગ્યા, ચીતરી ચડવા લાગી હતી.

હોટલ ઉપર હતી. દરબારીએ પૂછ્યું પણ નહીં - કમરો છે ?...પણ હવે કશી જરૂર ન હતી. એ પોતાની નજરમાં એ જ ધંધાદારી લોકોવાળી બેશરમી રોપી ચૂક્યો હતો, એનીયે જોકે હવે જરૂર નહોતી.

સીતાએ જોયું - સીડીઓ પર કોઈએ તેલ ને ઘીના ડબ્બા ઢોળી નાખ્યા હતા. એ રસ્તો કે જેની મદદથી કોણ જાણે કેટલાય લોકો ઉપર ગયા હશે અને હાથ લાગવાથી મેલો થઈ ગયો હતો. આખા વાતાવરણમાં કશાક વાસીપણાની બૂ આવતી હતી.

રસ્સીને પકડ્યા વગર જ સીતા દરબારીની પાછળ પાછળ ઉપર પહોંચી ગઈ.

મૅનેજર સાહેબે ત્રણેને આવતાં જોયાં કે એમના ચહેરા પર ગજબની પવિત્રતાની ઝાંખી પથરાઈ ગઈ. એ કાઉન્ટરમાંથી તરત બહાર નીકળ્યો અને બંને હાથ કમરે ગોઠવી બોલ્યો, 'વેલકમ સર.' આજે બધા જ કમરાના દરવાજા સીતા અને દરબારી માટે ખુલ્લા હતા.

દરબારીએ મેનેજરને કહ્યું-

'અમે બીલીમોરાથી આવીએ છીએ અને અત્યારે ટ્રાંઝિટમાં છીએ. રાત્રે અગિયારના પંજાબ મેલમાં આગરા જઈશું. તાજમહાલ જોઈશું જે શાહજહાંએ પોતાની

માનીતી મહેબૂબા માટે બનાવ્યો છે. અસલમાં એને મુમતાજ માટે મહોબત નહોતી પણ એને પોતાના ગુનાનો અફસોસ હતો કે એણે સોળ-અઢાર બાળકો જણ્યાં હતાં, અને એનો જ બદલો શાહજહાં આપવા માંગતો હતો...'પણ આ બધી વાતોની જરૂર નહોતી. મૅનેજર 'સર' 'સર' કર્યા કરતો. જરૂર પડ્યે હસતો. જરૂર કરતાં વધારે પણ હસતો - માથું હલાવતો - ઝૂકી ઝૂકીને આદાબ પણ કરતો રહ્યો.

રજિસ્ટર પર સહી કર્યા પછી દરબારી ખંડમાં પહોંચ્યો તો બબ્બલના હાથમાં બિસ્કિટ હતું.

'આ કોણે આપ્યું ?'

'બૅરાએ,' સીતા બોલી.

'ને આ - આઈસક્રીમ કોન ?'

'પાડોશનો એક મહેમાન આપી ગયો.'

ને બૅરો બબ્બલ માટે દૂધ પણ લાવતો હતો...એ જાણે વર્ષોથી - યુગોથી બેકાર હતો અને આજ એકાએક જ એને કોઈ કામ - એવો રોજગાર મળી ગયો હતો જે ક્યારેય ખતમ થાય નહીં, જેમાં ક્યારેય રજા ન પડે, જેની સામે ટીપની આવક કે બક્ષિસ કોઈ હિસાબમાં નહોતાં. એ ખુશ હતો અને હાથમાં દૂધ લઈને એ રીતે ઊભો હતો જાણે એ કોઈની ઉપર નહીં પણ કોઈ એના પર અહેસાન કરી રહ્યું હતું. એને ત્યાંથી જવું ન હતું.

'બૅરા,' દરબારીએ નિર્દયતાથી એને દૂર કરવાને ઇરાદે કહ્યું, 'હવે અમે થાકી ગયાં છીએ, જોને ક્યારનાં ચાલ ચાલ કરીએ છીએ, હવે થોડો આરામ કરીશું.'

'જી,' બૅરા બોલ્યો, 'મારી જરૂર પડે, સાહેબ....'

દરબારીએ ધડ દઈને બારણું બંધ કર્યું અને સ્ટૉપર ચડાવી દીધી. એ સાચે જ થાકી ગયો હતો. એણે એક ઊંડો શ્વાસ લીધો અને પલંગ પર જઈને બેસી ગયો. એને સીતાનું બબ્બલને દૂધ પિવરાવ્યા કરવાનું જરાયે ગમ્યું નહીં પણ એ કશું કહી શક્યો નહીં. કહેત તો બહુ જ ખરાબ લાગત.

ત્યાં તો પોતાના અવળચંડાપણાને લીધે બબ્બલે દૂધની પ્યાલીને હાથ માર્યો ને દૂધ ઢોળાઈ ગયું.

'હંત ગંદો કહીંનો,' સીતાએ કહ્યું અને રૂમાલથી એનું મોં લૂછી નાંખ્યું ને પછી જમીન સાફ કરવા લાગી. બબ્બલે તો હાથ જ લગાડ્યો ને સીતાનો હાથ પકડીને એ ઊભો થઈ ગયો.

સીતા અંદર ને અંદર કંપી રહી હતી. દરબારી થોડો શરમાળ લાગવા માંડ્યો.

'આ હોટલ કંઈ એટલી સારી નથી,' એ કશીક વાત થાય એટલા માટે બોલ્યો.

'ઠીક છે,' સીતાએ બેફિકરાઈથી કહ્યું.

પછી દરબારીએ નાક ફુલાવી આમતેમ સૂંઘતાં કહ્યું, 'કશીક વાસ આવે છે ?'

પછી માથા પરથી પરસેવો લૂછતાં બોલ્યો, 'તું હવે એને છોડીશ કે ?'

સીતાએ બબ્બલને બેસાડવાની કોશિશ કરી પણ એ અકડી રહ્યો.

દરબારીએ એક ઍશ-ટ્રે ટેબલ પાસે લાવીને મૂકી કે તરત બબ્બલ એને રમકડું સમજીને એ તરફ સરકવા લાગ્યો. પછી બેસી ગયો અને રમવા લાગ્યો... બીજું કરે પણ શું ?

પછી તો આગળ આવીને દરબારીએ વિચિત્ર ઢંગથી સીતાનો હાથ પકડી જ લીધો.

'ભગવાનને ખાતર...' સીતા બોલી અને પછી બબ્બલ તરફ ઇશારો કર્યો.

પણ દરબારીની આંખો પર એક પ્રકારની ચરબી છવાઈ ગઈ હતી. એને એ સિવાય કશું દેખાતું નહોતું. એને એટલી જ ખબર હતી કે પોતે એક હતો અને બીજી તદ્દન નવી જ તાજી એક છોકરી ! એના શ્વાસોચ્છ્વાસ વધી ગયા. અને જ્યારે પોતાના હાથ સીતાની નરમ અને માંસલ દેહને ખોતરી રહ્યા હતા. સીતાએ વિરોધ ન કર્યો. દરબારીના બાહુમાં કાંપતી કાંપતી એ નજરની સાથે જ ઓગળતી ગઈ...આજે એ પોતે પણ પોતાને બેસહારા બનાવવા માગતી હતી !

બબ્બલે ડરતાં ડરતાં બંને તરફ જોયું.

સીતાને હજુય રડતાં જોઈ દરબારી કહેતો હતો..'એ જ અર્થ થયો ને, તું મને પ્રેમ કરતી નથી ?'

'હું તમને પ્રેમ નથી કરતી ? - હું તમને ?'

બબ્બલે ઍશ-ટ્રેની રાખ મોઢે ચોપડીને રડવા માંડ્યું.

'ચૂપ રહે,' દરબારીએ નફરતથી અને ગુસ્સામાં કહ્યું.

સીતા ચોંકી ગઈ. એ બહાર ભાગવા ઇચ્છતી હતી પણ એના હાથ...હાલહવાલ નહોતા.

દરબારી ખિજાયો એટલે બબ્બલે ડરીને રોવાનું શરૂ કર્યું દરબારી રોષે ભરાઈને સરક્યો-જાણે એનું ગળું જ દાબી દેવાનો ન હોય ! સ્ત્રી અને પુરુષની વચ્ચે આવતા આ નકામા અવાજને એ હંમેશને માટે ચૂપ કરી દેશે. બબ્બલની પાસે જઈ એને જોરથી એક થાપટ મારી દીધી. બબ્બલ ગબડીને દૂર ફેંકાઈ ગયો.

'શરમ નથી આવતી ?' ક્યાંકથી મિસ્ત્રીનો અવાજ આવ્યો.

દરબારીએ પાછળ જોયું-મિસ્ત્રી નહીં, સીતા હતી. એનામાં એવી કોઈ અજ્ઞાત શક્તિએ સંચાર કર્યો કે એ અર્ધનગ્ન દશામાં પણ બબ્બલ પાસે દોડી ગઈ અને એને છાતીએ વળગાડી દીધો. બબ્બલ સીતાની છાતીમાં ડૂસકાં ભરવા માંડ્યો. પછી એણે પોતાનું મોં ઊંચું કર્યું અને દરબારી તરફ ઇશારો કરવા લાગ્યો જાણે કહેતો હતો કે - એણે મને માર્યો !

પોતે સાફ સુંદર કપડાંમાં પણ ગંદો હોય એમ દરબારીને લાગ્યું. એ સીતાથી

એટલો શરમાયો નહીં, જેટલો બબ્બલથી...છતાંય પોતાને સાચો ઠરાવવા હજીયે એની પાસે ઘણી દલીલો હતી.

ત્યાં તો દરબારીએ જાણે કોઈ ઘનઘોર જંગલમાંથી પોતાનું માથું ઊંચક્યું અને બબ્બલ સામે જોઈ રહ્યો. એ સીતાની સામે તો જોઈ જ શક્યો નહીં.કારણ તે નગ્ન હતી અને બબ્બલથી પણ પોતાની આ સ્થિતિ છુપાવી રહી હતી અને દરબારી સામે એ રીતે જોઈ રહી હતી જાણે જગતનો અધમમાં અધમ માનવી એ જ હતો કે જે આટલી હદે જઈ પહોંચ્યો હતો..પછી એની આંખોમાં શૂન્યતા વ્યાપી ગઈ. એને પણ કશું જ સમજાયું નહીં !

લજ્જા, આત્મગ્લાનિ અને ક્ષોભથી દરબારીએ પોતાના હાથ બબ્બલ તરફ લંબાવ્યા. સીતાનું ચાલત તો એ બબ્બલને ક્યારેય આવા નાપાક અને ગંદા હાથમાં આપત નહીં. પણ એ શું કરે ? બબ્બલ પોતે પણ બેચેન બનીને દરબારીના હાથમાં જઈ પહોંચ્યો. એ રડતાં રડતાં ઊલટાનો સીતા તરફ ઇશારો કરવા લાગ્યો. જાણે કહી રહ્યો કે એણે મને માર્યો...હવે દરબારી પાસે કોઈ દલીલ રહી નહીં કે ન સીતા પાસે પણ રહી.

'સીતા,' દરબારીએ કહ્યું !

સીતા કશું જ ન બોલી. એ રડી પણ શકી નહીં. તરત જ એણે સાડીનો પાલવ ખેંચ્યો અને પોતાની છાતી ઢાંકી દીધી.

'સીતા,' દરબારી બોલ્યો, 'તું ક્યારેય પણ...ક્યારેય પણ મને સાફ કરી શકીશ ?' પછી નિઃશંકપણાના અભિનયથી બોલ્યો, 'આપણે પહેલાં પરણી લઈશું.'

પછી હિંમતભેર એણે પોતાનો હાથ સીતા તરફ લંબાવ્યો. સીતાએ દરબારીની આંખોમાં જોયું અને પછી અધીરાઈથી દરબારીને વળગી પડી. એના ખભા પર માથું મૂકીને બાળકની જેમ રડવા લાગી. એનાં આંસુમાં દરબારીનાં આંસુ પણ ભળી ગયાં. બંનેનું દુઃખ એક બની ગયું અને સુખ પણ -

એ બંનેને રડતાં જોઈ બબ્બલે રડવાનું બંધ કરી દીધું અને આશ્ચર્યથી ઘડીમાં દરબારી તો ઘડીમાં સીતા સામે જોવા લાગ્યો...ત્યાં તો અચાનક જ એ હસી પડ્યો જાણે કશું જ બન્યું ન હોય અને પછી મમરા માટે દરબારીની મુઠ્ઠી ખોલવા પ્રયત્ન કરવા લાગ્યો...

# ટર્મિનસની આ પાર

**રાજેન્દ્રસિંહ બેદી**

મંદ ગતિએ ચાલતો ચાલતો પંજાબ મેલ પ્લૅટફૉર્મ બહાર નીકળ્યો. હેન્ડલૂમની સાદી સાડીમાં સજ્જ થયેલી પોતાની પત્ની સુમિત્રાને મોહન જામ જોઈ રહ્યો. એ કમ્પાર્ટમેન્ટના દરવાજામાં ઊભી હતી. સ્ટૉલની પાસે ઊભા ઊભા મોહને છેક સુધી પોતાનો રૂમાલ ફરકાવ્યા કર્યો.

ગાડી ઊપડે એ પહેલાં જ સુમિત્રાની આંખો ભીની થઈ ગઈ હતી. હમેશની જેમ શબ્દો લૂલા થઈ ગયા હતા-'ઘરનું ધ્યાન રાખજો'- 'હોટલની રોટી ખાશો નહીં' - 'અઠવાડિયે એક જ નહીં, બે પત્ર લખજો ચોક્કસ પાછા.' આંખોની ભાષા પાસે આ બધી વાતો ચૂપ થઈ ગઈ. ને એણે જ મોહન જામ જેવા માણસના હૃદયને નરમ કરી નાખ્યું. દરેક પત્ની છૂટા પડતાં પહેલાં બોલી નાખે. પણ અમુક માણસો...મોહન કાંઈ બોલ્યો નહીં. એ પહેલાં ઝડપથી અને પછી ધીમે ધીમે રૂમાલ હલાવતો રહ્યો. આ પ્રકારની ટેવ એક રિવાજ બની ગઈ હતી પણ ગમતી હતી. હૃદય ક્યાં, શા માટે અને કોને ખાતર ધડકી રહ્યું છે ? એ દેખાતું તો નથી, અલબત્ત જનારને એ નજરની ક્ષિતિજની પેલે પાર જાય નહીં ત્યાં સુધી રૂમાલ તો જરૂર દેખાય છે.

આ સફર છે જ નકામી. હું તો ક્યાંક જવા નીકળું કે મારી તબિયત જ લથડી જાય. સ્ટેશન પર ખૂબ ભીડને કારણે માણસ એકલો પડી જાય છે. આગળ જવા માટે ગાડી જરા પાછળ ધકેલાય છે. પછી કોઈ સીટી, કોઈ અવાજ-'અરે, અરે ! ગાડી છૂટી. મારો સામાન રહી ગયો.' આખરે કોઈ કોઈનું નથી...આ દુનિયા...એક વાર તો એમ થઈ આવે કે માણસ ટિકિટો પાછી આપીને ઘેર જઈને આરામથી બેસી જાય-મન ફાવે તો પત્ની જોડે ઝઘડી લે.

ઉદાસીની છાયામાં પણ ક્યાંક ખુશીની ભાવનાઓ સમાયેલી રહે અને ગાડી છૂટતાંની સાથે જ એ ટપ દઈને સામે આવે અને એ ખુશીની ભાવનાની રોશનીમાં એ ઉદાસી ગાયબ થઈ જાય એમાં જ જીવનનો વિજય છે. ક્યારેક જેની સાથે પ્રોગ્રામ નક્કી થતો તે હવે એના વિના જ નક્કી થવા લાગ્યો...મોહને એક ઊંડો શ્વાસ લીધો-ચાલો, બે મહિનાની નિરાંત ! અમુક ચીજોનું ન હોવું એ જ એક રીતે તો એનું હોવું હોય છે. સુમિત્રા આવશે તે વખતે એને પણ અનુભવ થઈ ગયો હશે કે મારા વિનાના જીવનનો અર્થ શો ? ફરીથી પ્રેમ કરવા માટે એનું સ્વાસ્થ્ય સારું થઈ ગયું હશે...ને એ

કેવી વળગી પડશે...મને કહેશે, 'ક્યાં ચાલી ગઈ હતી મારી મોહની ?'

વિક્ટોરિયા ટર્મિનસના પ્લૅટફૉર્મ બહાર જવા જેવો મોહન પાછળ ફર્યો કે તરત કોઈ ગાડી પ્લૅટફૉર્મ પર આવી. એ ચોંકી ગયો. એને થયું જાણે સુમિત્રા પેલી ગાડીમાં ગઈ અને આ ગાડીમાં પાછી ફરી. પણ અત્યારે એણે એક જાડી સ્ત્રીને કંપાર્ટમેન્ટના દરવાજામાં ફસાયેલી જોઈ. એ મલકાઈ ગયો અને ચાલવા લાગ્યો. એને રેડિયો ક્લબ જવું હતું. તાશના મદારીઓ સાથે ફ્લૅશ રમવા કે જ્યાં થોડી થોડી વારે વચ્ચે વચ્ચે પાનાંની બેગમ જીવતી થઈ જતી ને સમુદ્રમાં આવનારી ભરતીમાં એનો સાળુ કોઈ ને કોઈને પોતાનામાં સમાવી એકને બદલે બે શરીર લપેટાયાં હોય એમ લાગ્યા કરે.

મોહન ચાલતો રહ્યો. મોટર ને ઘરની ચાવીનો ઝુડો એના ડાબા હાથની આંગળીમાં બેધ્યાનપણે ફરતો જ હતો. જમણો હાથ પેન્ટના ખિસ્સામાં પડ્યો પડ્યો પ્લૅટફૉર્મ ટિકિટ ફેરવી રહ્યો હતો. ત્યાં તો સામે જ એની નજર પડી.

'અચ્ચી.' એ બોલ્યો. ઊભો રહી ગયો.

ગાઢ રીતે તો નહીં પણ મોહન અચલાને આછી ઓળખતો હતો.

અચલાના પતિ રામ ગડકરીને તો એ જિંદગીમાં એકાદ વાર પણ માંડ મળ્યો હશે. પણ અચલાને એ હોટલમાં વારંવાર મળી જતો. ત્યાં એ પોતાની બદમાશ જેવી બહેનપણી જોડે વેજિટેરિયન ખાણું ખાવા આવતી. નમસ્તે-નમસ્તે સિવાય મોહન જામ અને અચલા ગડકરી વચ્ચે આઠદસ ને નહીં નહીં તો બારપંદર વાક્યોની આપલે થઈ હશે. એનાથી એટલી ખબર પડીકે એ પણ કોલાબામાં રહે છે. ફરક એટલો કે મોહન 'કફ પરેડ'ના એક સારા એવા ફ્લૅટમાં રહેતો જ્યારે અચલા કારમૂયે પરના એક જૂના મકાનમાં રહેતી હતી.

આમ તો મોહન એને 'અચ્ચી' કેમ કહે, પણ દેબીએ મોહન જોડે એની ઓળખાણ આ નામથી જ કરાવી હતી. મોહન દેબીને સારી પેઠે જાણતો હતો અને પાણી સાકર માટે કેટલું ખતરનાક હોઈ શકે એ દેબી પણ સમજતી હતી. છતાંયે નોકરીમાંથી છૂટતાં જ એ કોઈ પણ પરપુરુષ જોડે હળી જતી. એની આઝાદ જિંદગી એવું પીણું હતું જે જિંદગીના પાત્રમાં રાતભર પડ્યું રહેતું. સવાર સુધીમાં પાણી કોઈ તાપથી ઊડી જતું અને સાકર ફરીથી પાત્રમાં રહી જતી, પહેલાં કરતાંય સાફ, ચમકદાર અને પાસાદાર !

અચલાએ પણ તરત પાછળ જોયું અને એટલું જ કહ્યું, 'મો' અને કેટલીક ક્ષણ પસાર થઈ ગઈ એટલે - 'હ ન !'

સાડીના પાલવથી એણે પાંપણ લૂછી. હવે એ મલકી રહી. જાણે અચાનક કોઈએ સોનાનો મુગટ એના માથા પર મૂકી ન દીધો હોય ! મોહનની સહેજ નજીક આવતાં એણે પૂછ્યું. 'તમે અહીં ક્યાંથી ?'

'પત્નીને મૂકવા આવ્યો હતો,' મોહને જવાબ આપ્યો, '...કાશ્મીર ગઈ છે.

છોકરાઓ રજા પડી ને !...તમે...?'

'હું ?' અચલા અચાનક ખડખડાટ હસી પડી અને તરત એ જ રીતે ચૂપ થઈ ગઈ. પછી શરમાતાં બોલી, 'હું એમને મૂકવા આવી હતી.'

'ઓહ,' મોહન હસી પડ્યો. એક દૃષ્ટિ અચલા પર નાખી એ બીજી ગાડીના એન્જિન તરફ જોવા લાગ્યો. એમાં ધુમાડા નીકળતા હતા. પછી અચલા તરફ જોઈ એ બોલ્યો-

'ગડકરી સાહેબ કઈ બાજુ ગયા ?'

'દિલ્હી.'

'પાછા ક્યારે ફરવાના ?'

'બસ-અઠવાડિયા દસ દિવસમાં,' અચલાએ કહ્યું, 'કશીક કૉન્ફરન્સમાં ગયા છે.'

'કદાચ વધારે દિવસ પણ થાય, ખરું ?'

'હા, કદાચ...'

અને અચલાએ પોતાના વાળ સરખા કરવા માથા પર હાથ ફેરવ્યો. વાળ પહેલેથી જ સરખા હતા. એમાં કેવળ એક પિન જરાક ઢીલી થઈને ઉપર આવી ગઈ હતી. એને અચલાએ સરખી કરી. એને લાગ્યું કે એના હાથ ઘણી વાર સુધી ઉપર રહ્યા. મોહનની નજર એના આખાયે દેહ પર ફરતી રહી અને ક્ષણવાર માટે સાડી અને બ્લાઉઝની વચ્ચેના ભાગ પર સ્થિર થઈ ગઈ. તરત હાથ નીચે કરી અચલાએ સાડીથી એ ખુલ્લા ભાગને ઢાંકી દીધો.

મોહને વિચાર્યું કે શરીરના આ ભાગને અંગ્રેજીમાં 'મિડરિફ' કહે છે અને સ્ટેશનની બહાર એ નીકળ્યો ત્યાં સુધી માખીની જેમ આ શબ્દ એના મનમાં ગણગણ્યા કર્યો...મિડરિફ...મિડરિફ...મિડરિફ...મિડરિફ...

મોહને એને મનમાંથી હાંકી કાઢવાનો પ્રયાસ પણ ન કર્યો. એ વ્યર્થ હતું. મોહન જાણતો હતો કે માખી કેટલી જિદ્દી હોય છે. જ્યાંથી ઊડી હોય ત્યાં જ પાછી આવીને બેસે. ને બળજબરીથી એને હટાવવા જઈએ તો માખી ઊડી જાય ને નાક તૂટી જાય.

બહાર ગરમી ખૂબ હતી અને ભીની ભીની પણ. બ્લાઉઝ છાતીને ચોંટી જતું હતું અને સોના જેવું ચમકી રહ્યું હતું. પરસેવાના રેલા સાડીઓ અને પાટલૂનોની અંદર ને અંદર ઉઠાવનાર અંગો પર ઊતરી રહ્યા હતા...સ્ટેશનની ફરતી પરબ ક્યાંય પાછળ રહી ગઈ હતી. બહાર હૉલના એક ખૂણામાં ઉપર બેપાંખિયો પંખો સુસ્ત ગતિએ ફરતો હતો. એની નીચે એક ઘરડો માણસ મોં ખુલ્લું રાખીને સૂતો હતો અને નગરના મુડદાઘરમાં ઓળખ માટે કોઈ લાશ પડી હોય અવો લાગતો હતો.

મોહન અને અચલાએ થોડી વાતો કરી અને વાત જાણે પૂરી થઈ ગઈ. બંને જણા વાત કરવા માટે કોઈ વિષય શોધી રહ્યાં અને વધારે વિચારવાને લીધે કોઈ જ વિષય મળ્યો નહીં. અચલા બે ડગલાં આગળ ચાલતી હતી અને મોહન પાછળ પાછળ

આવતો હતો. સ્ત્રીઓ જેને કદરૂપી ગણે છે અને પુરુષ જેને સુંદર સમજે છે ને પ્રત્યેક સ્ત્રી જે વસ્તુ મફતમાં દેખાડી દેતી નથી એવી પોતાની ભરાવદાર છાતી અચલાને યાદ આવી. સ્ત્રી એને દેખાડવા બદલ કાં તો પૈસા માગે છે અને કાં તો પ્રેમ. પણ પ્રેમ હંમેશા નગ્ન હોય છે અને એને કપડાં પહેરાવવા જતાં એ પ્રેમ રહેતો નથી. અચલાએ પોતાની પીઠ તરફથી સાડી ખેંચી. પાછળની નજરોનાં તીર એના શરીરનાં રૂંવેરૂંવા પર લાગતાં હોય એમ એને લાગ્યું.

'ચલો મોહનજી !' એ પાછળ ફરી, 'હું હવે ઘરે જઈશ.'

'કઈ રીતે ?' મોહને પૂછ્યું.

'આ...મ,' ને અચલાએ થોડું ચાલી ચાલી બતાવ્યું અને બંને ખડખડાટ હસી પડ્યાં. આવડીઅમથી વાતમાં બંને વચ્ચે અક પ્રકારનું પોતાપણું બંધાઈ ગયું. મોહને કહ્યું, 'એટલે કે તમે ગાડી નથી લાવ્યાં ?'

અચલાએ માથું હલાવતાં કહ્યું, 'મને ડ્રાઈવિંગ નથી આવડતું.'

'પણ હું છું ને ! આજે થોડા વખત માટે મને જ તમારો ડ્રાઈવર સમજી લો,' મોહને કહ્યું.

'શું ?' અચલા બોલી, 'ના, ના. એ કેમ બને ?' હું...હું બસમાં ચાલી જઈશ. તમને ક્યાં તકલીફ આપવી ?

આ તકલીફવાળી વાત તો એવી છે કે જેમાં કોઈક કોઈને તકલીફ આપે પણ છે અને એમાંથી બચી જવાની શક્યતા પણ રાખી લેતું હોય છે. કદાચ મારી સાથે તમે ક્યાં સુધી આવી શકો છો એમ ચકાસી લેતું હોય છે. પુરુષ આ વાત કરે તો તો એ સામાન્ય વસ્તુ થઈ, પણ સ્ત્રી કરતી હોય તો ખાસ વાત બની જાય...એ તો સ્ત્રીઓની 'જુઠ્ઠા તદ્દન,' 'મરી ગઈ રે !' જેવી બોલવાની રીતોમાંની એક !

'એમાં તકલીફ કેવી ?' મોહને કહ્યું, 'હું ઘરે તો જાઉં છું ને ? રસ્તામાં તમને ઉતારતો જઈશ.'

જાણે રેડિયો ક્લબ મોહનના મગજમાંથી આપોઆપ સરી ગઈ હતી.

થોડી આનાકાની પછી અચલા ગડકરી મોહન જામની ગાડીમાં બેસી ગઈ.

ગાડી ફ્રિયર રોડ આગળથી નીકળી. ક્રોસિંગ પર પોલીસે આડો હાથ રાખ્યો હતો એટલે મોહને ગાડી થોભાવી. આમ તો મોહન પોલીસના આડા હાથ પર ખૂબ ચિડાઈ જતો ને મનોમન ગાળો આપતો પણ આજે એ જ હાથ એને આશીર્વાદ સમો લાગ્યો.

'દેવી કેમ છે ?' વાત કરવા મોહને વિષય શોધી કાઢ્યો.

અચલાએ કહ્યું, 'બસ એમ જ.'

'એટલે ?' મોહનને નવાઈ લાગી, 'હું તો એમ માનતો હતો કે એ એક સારી છોકરી છે.'

'મેં ક્યાં કહ્યું કે ખરાબ છે ?' અચલાએ કહ્યું ને હસી.

મોહન અચ્ચીની જાળમાં સપડાઈ ગયો હતો. હવે એમાંથી છૂટવા ફાંફાં મારતો હતો. પરસેવાની ઝીણી ટશર એના માથા પર ફૂટી નીકળી. અચલા તો એનાથી દૂર દરવાજા પાસે એવી તો સાંભાળીને બેઠી હતી જાણે એનું કપડું અડી જશે તોય સંબંધ બંધાઈ જશે ! પોતાની ભોંઠપ દૂર કરવા મોહન બોલ્યો, ‘તમે મારાથી આટલાં દૂર કેમ બેઠાં છો ?’

‘એમ જ,’ અચલાએ કહ્યું અને માંડ માંડ એકાદ ઈંચ મોહન તરફ સરકી. ‘મને એમ કે તમને ગિયર બદલવામાં તકલીફ ન પડે...’

‘પાછી તકલીફ ?’

દરમિયાનમાં પોલીસે હાથ દઈ દીધો હતો પણ મોહનની ગાડી ત્યાં જ ઊભી હતી. મોહને ત્વરાથી ગાડીને ગિયરમાં નાખી ને ગભરાટમાં જલદીથી પગ કલચ પરથી ખસેડી લીધો. ગાડી આંચકા સાથે આગળ ઘસી ગઈ. બંધ પડતાં પડતાં રહી ગઈ. પોલીસથી થોડા આગળ ગયા પછી અચલાએ પૂછ્યું, ‘તમે આ જ રીતે ગાડી ચલાવો છો ?’

‘ના,’ મોહને કહ્યું, ‘હું તો એટલા પ્રેમથી ગાડી ચલાવું છું કે ખબર પણ ન પડે. પણ આજે કોને ખબર...’

‘આજે શું થયું ?’

‘તમે હતાં ને...એટલે...’

મોહન અને અચલા બંને ટાઉનહૉલ તરફ આવી રહ્યાં હતાં. મોહનને મનમાં થયું કે આજે કોઈ અકસ્માત પણ થઈ જાય તો વાંધો નહીં. એક બસ ઝડપથી એવી તો પસાર થઈ ગઈ કે મોહને પોતાની એ ઇચ્છા જ દબાવી દીધી. સામે ટાઉનહૉલની ઉપર જતાં પગથિયાં પર અને પછી હૉલ તરફ નજર નોંધતાં મોહને કહ્યું, ‘કેવું સરસ.’

‘ઘણું જ સુંદર !’

ઍલ્ફિન્સ્ટન સર્કલ તરફથી યુવાનીના નશામાં ચકચૂર એવી એક અતિ સુંદર યુવતી એક યુવાનના હાથમાં હાથ પરોવીને રજિસ્ટ્રારની ઑફિસ તરફ જઈ રહી હતી. કદાચ એનાં લગ્ન થવાનાં હતાં અને એથી જ એની અંતરની કામનાની લાલી એના ચહેરા પર તરી આવતી હતી. અચલાએ મોહનને પૂછ્યું.

‘એ કેવી લાગી તમને ?’

‘અચ્છી !’ એ શબ્દ મોહને કોઈ એવા અંદાજથી કહ્યો કે પછી અચ્ચી અને અચ્છી વચ્ચે ભેદ રહ્યો નહીં. અચ્ચી ખુશ થઈ ગઈ. કોઈ કરે પણ શું...? પોતે ખુશ થઈ એમ બતાવવા એ બોલી, ‘હું ક્યાં એટલી સુંદર છું ?’

મોહને એક વાર એના તરફ જોયું અને જે આમ ન કહી શકાય તે બધું જ એ દૃષ્ટિથી કહી દીધું.

કામા હૉલ, લાયન ગેટ વટાવીને મોહનની ગાડી રીગલ સિનેમા પાસેથી સરકી રહી, સામે મનમોહનની મૂર્તિ હતી. ફુલેરેની દુકાન સારી હતી. ગાડી કૉઝ વે પર 'સત્યસદન' પાસે અટકી. અચ્ચી અહીંયાં રહેતી હતી.

અચ્ચીએ ચારે તરફ આંખો ફેરવી આમતેમ જોઈ લીધું. એનું માપ જાણતો હોય તે દરજી સિવાય કોઈએ અચલાને બીજાની મોટરમાંથી ઊતરતી જોઈ નહીં ને કોઈ જોઈ જાય તોયે એને ક્યાં પરવા હતી ? મોહનનેય શરમ નહોતી. તેમ છતાં દરવાજો એકદમ ખોલીને અચલા ઊતરી પડી. જરાક ઝંખવાણી પડીને 'અચ્છા મોહનજી, ખૂબ ખૂબ આભાર !' કહ્યું ને ચાલવા માંડી.

મોહન તો ડ્રાઇવરની જગ્યાએ બેઠો હતો. એનો એક પગ અંદર અને બીજો ખુલ્લા દરવાજાની બહાર રહી ગયો હતો. એ ઊતરીને અચલા માટે દરવાજો ખોલવા ઈચ્છતો હતો પણ અચલાએ તક આપી નહીં. જરાક ચાલીને અચલાને પણ કંઈક યાદ આવ્યું. એ જરાક અટકી અને એણે જે કાંઈ કહ્યું તે માત્ર એટલા ખાતર જ કે એ પોતે એમ કહેવા ન માગતી હોવા છતાં એને કહેવું પડતું હતું. પણ સમયનો બાજ દેહ અને આત્માનીયે આગળ નીકળી જાય છે ક્યારેક...

'ક્યારેક આવજો, મોહનજી !'

અને મોહનના પ્રત્યુત્તરની પ્રતીક્ષા કર્યા વિના અચલા ઘર તરફ જતી રહી. પાછળ રહી ગયેલો મોહન જાણે હવામાં જવાબ દઈ રહ્યો, 'આવીશ ને...શા માટે નહીં આવું ?'

અચલાને હતું કે મોહન એટલો સમજુ તો હશે જ. એ 'એ' ઘરે નથી ત્યારે...કેવું ખરાબ લાગે ! આ તો કેવળ જોગાનુજોગની વાત હતી.

અને મોહન સાચે જ સમજુ હતો. નહીં તો એ બીજે જ દહાડે અચલાને ઘેર જાય ખરો ? જોકે પોતાના પતિ રામ ગડકરીનો ખ્યાલ અચલાના મનમાં જરાય નહોતો.

મોહન જામે ઘંટડી એટલા જોરથી વગાડી કે રામ પુષ્પક વિમાનમાં બેસીને બીજે જ દિવસે ઘરે આવી ગયો હોય એમ સમજી અચલા ગભરાઈને દોડી આવી. અત્યારે તો...અચલાને એનાં કપડાં સરખાં કરવાની પણ તક ન મળી. બારણું ખોલતાં એણે જરાક બહાર ડોકું કાઢીને જોઈ લીધું ને તરત પાછી હટી ગઈ. પછી એકદમ સંકોચથી બોલી, 'જરા થોભજો.'

અને એ અંદર જતી રહી.

પણ મોહનમાં એટલી ધીરજ ક્યાં હતી ? ફર્સ્ટ ગિયરમાં પોતાની જાતને લગાવીને એ નીચેથી ઉપર આવ્યો હતો. એણે દરવાજાને સહેજ ધક્કો માર્યો કે તે ખૂલી ગયો. બીજી જ ક્ષણે એ ડ્રૉઈંગ રૂમમાં પ્રવેશી ચૂક્યો અને ગોળ ફરીને એ ઓરડાની દરેક ચીજનું નિરીક્ષણ કરતો ગયો. એના તો માથા પર પણ જાણે આંખ હતી ! જ્યાં ઊભો હતો ત્યાંથી એને અચલાનો બેડરૂમ સ્પષ્ટ દેખાતો હતો.

સ્ત્રી અને ઘરમાં કંઇ ફેર જ નહીં ને ! કંઈ નહીં તો પૂછવું તો જોઈએ ! આખરે એવું છે શું ? પરંતુ મોહન પગથી માથા સુધી મૂંઝાયેલો હતો અને અચલા વિશાળ બેડરૂમના ખુલ્લા બારણામાં સંકોચાયેલી દેખાતી હતી. બંને જણાં જાણે ભાવના અને કલ્પના જેવાં હતાં, જાણે કે લોચન અને દેહની જેમ પ્રભુએ એમને ઘડી કાઢ્યાં ન હોય! અચલા પલંગની કોરેથી સાડી લઈને જલદી જલદી નીચેનાં કપડાં પર વીંટી રહી હતી.

મોહન જામે ત્યાંથી જ કહ્યું, 'માફ કરજો.' અને અચલાએ એ જ રીતે ત્યાં ઊભાં ઊભાં જ કહ્યું, 'કંઈ વાંધો નહીં.'

ડ્રોઈંગ રૂમ અને બેડરૂમ વચ્ચેની થોડીક ચાલીમાં કાચના કબાટમાં શિવજીની છબી હતી. એના પર એક વાસી હાર ચડાવાયેલો લટકતો હતો. એ સિવાય કુમારી મરિયમ અને ગુરુ નાનકની છબીઓ પણ હતી...અને બાજુમાં લટકતા કૅલેન્ડરમાં નગ્ન લીડા ઊભી હતી. એક રાજહંસ એને પોતાના પગ તળે દબાવીને ખુલ્લી ચાંચથી એના વાળના ગુચ્છાને તોડવા પ્રયત્ન કરતો હતો.

એ એક પળમાં જ મોહન જામે દુનિયાભરની સ્ત્રીઓને નીરખી લીધી હતી. સુમિત્રા જોઈ લીધી હતી, દેવી જોઈ લીધી હતી, જાજા ગ્યોબર જોઈ લીધી હતી અને બીજીઓને પણ જોઈ લીધી હતી. એણે રાધાને પણ જોઈ લીધી હતી જે એની બહેન હતી અને પરેલમાં એના વિવિંગ માસ્ટર પતિ જોડે રહેતી હતી.

સ્ત્રીને હંમેશા મોહને માયા રૂપે જ જોઈ હતી. એ બહારથી જુદી અને અંદરથી જુદી હોય. સારી, ખરાબ, પાપી, પુણ્યશાળી, સુંદર, અસુંદર એ રીતે અનેક મિશ્રણથી ભરેલી હોય. ને જે સ્ત્રી કપડાંમાં ભરાવદાર દેખાય તે અંદરથી દૂબળી નીકળે અને દૂબળી દેખાતી હોય તે મજબૂત પણ નીકળે...આને જ તો માયા કહે ને ? લીલા પણ આ જ...જેને જોતાં જ છાતીનાં પાટિયાં બેસી જાય એવી તંદુરસ્ત લાગે એવી સ્ત્રીથી ડરવાનું પ્રયોજન નથી અને વીસ શેર લાકડાં કાપનારા મજૂરને ફાયદો થાય પણ હાડકાંપાસળાં દેખાઈ આવે એવી સ્ત્રી સાથે ઝઘડવામાં પણ શો લાભ ?

માયા-જેના વિશે વિચારીએ કે વશમાં આવી જશે તો તે પ્રમાણે થાય જ નહીં અને જે હાથમાં આવશે જ નહીં એમ ધારીએ તે આવી પણ જાય-બીજી માયા વળી કેવી ? આ જ. કદાચ એક એવી માયા પણ છે, જે મેળવ્યાં છતાં હાથમાં આવતી નથી. આ જગત છોડતી વખતે એમ લાગે છે કે જાણે આપણને કશું મળ્યું નહીં...બધાંને આપણે મળ્યાં !

ત્યાં તો સાડી અને વાળ સરખાં કરતી અચ્ચી ડ્રોઇંગ રૂમમાં આવી. એ અત્યંત સુંદર લાગતી હતી. શું એટલા માટે કે એ બીજી સ્ત્રી હતી ?...ના, ના. એ પહેલી હોત તો પણ આટલી જ સુંદર લાગતી હોત. એમાં એવું કશુંક હતું જે બીજા કોઈમાં નહોતું. પણ...એવું તો દરેકને વિશે પાછું કહી શકાય. એની ભમ્મર પર નાનપણની

કોઈ ચોટને લીધે નાનો-શો ઉઝરડો હતો, એણે વાળની માત્રાને બે ભાગમાં વહેંચી દીધી હતી અને એ 'કશુંક' એ ઉઝરડો જ હતો કે જેને ચૂમી લેવાની ઉત્તેજના થઈ આવતી હતી.

મોહન પાસે આવતાં અચ્ચીએ ફરીથી હાથ ઊંચા કરીને વાળ સરખાં કર્યાં. વાળનો આકાર જાણે ટાયરા tiara જેવો બની ગયો, જેની સરખામણીમાં તો હીરો કે સોનાના મુંગટ પણ પાછા પડી જાય. એ પોતાની જ સાડીમાં પોતાની જાતને હવા આપતી આવી, 'ઓહો, આજે ગરમી કેટલી છે ?'

પછી જમણી તરફ હાથ લંબાવી દીવાલ પર પંખાની સ્વિચ એણે દબાવી ત્યારે જ મોહને કહ્યું -

'હું પણ એ જ વિચારતો હતો...'

'શું વિચારતા હતા ?' અચલાએ પ્રતીક્ષાપૂર્ણ આંખે મોહન તરફ જોયું.

'એ જ,' મોહન બોલ્યો, 'આજે ગરમી કેટલી છે, ઓહ ?'

અને પંખાની હવાની પહેલી લહેર આવી કે મોહન અને અચલા રાહતનો દમ લેતાં સામસામા સોફા પર બેસી ગયાં. કેવો જુલમ ! બેઉ એકબીજાની પાસે પણ બેસી શક્યાં નહીં ! બધું જ કેટલું કૃત્રિમ લાગતું હતું. પણ એ યોગ્ય હતું. દુનિયાભરનાં સ્ત્રીપુરુષો જો પ્રાકૃતિક જીવન જીવવા માંડે તો શુંનું શું થઈ જાય ? પણ સ્ત્રી અને પુરુષ બંને અપૂર્ણ છે. એમની પૂર્ણતા-દેહની વાત જવા દો. આત્માને પામવા પણ શું વિલાયતથી આવવું પડે?

આવી જ પંચાતમાં લોકો એકબીજાથી માઈલો દૂર થતાં જાય છે. પછી કોઈ અજબની ખેંચતાણ શરૂ થાય છે, ન ઓળખાણ ન પિછાણ ને આવતાંવેંત જ હાથ પકડી લીધો! ને એ પણ — પહેલાં કેમ કહ્યું નહીં? તમે સમજ્યા છો શું? મહોબતની રમતમાં તો પહેલો દાવ, પહેલી નજર અને પહેલી મસ્તી અંત લગી છવાઈ જાય છે... એક વાર દેવી એક પેન્ટરની વાત કરતી હતી. એને એ ચાહતી હતી, હજી પણ ચાહે છે — 'હું તો મારું સર્વસ્વ એના પર લૂંટાવી દઉં પણ આવતાંવેંત જ કેવી ખરાબ રીતે એણે મારો હાથ પકડ્યો અને બીજાં રહસ્યો જાણવાની કોશિશ કરવા લાગ્યો... એ કાંઈ રીત છે? મેં પણ એટલી જ ખરાબ રીતે એને રોકી દીધો. હવે જ્યારે હું એની પાછળ પડી છું ત્યારે એ જિદ્દમાં છું...અને કોણ જાણે કઈ ઘડીએ મેંય સાંભળ્યું કે અગ્રીપાડાની કોઈ વેશ્યા પાસે જવા લાગ્યો છે...'

અચલાને કોઈ સંતાન નહોતું. પાંચ છ વરસ થયાં પરણ્યે પણ એની કૂખ હજી એવી જ રહી છે. સહસા એની કોઈ પંદરસોળ વરસની નોકરડી ચા બનાવીને લઈ આવી. પછી એક પ્લેટમાં ખટાઈ લઈ આવી. એ અચલાએ ઘરમાં બનાવી હતી અને એના પર પિસ્તાં ખૂબ હતાં. નોકરડીએ મોહન તરફ એ રીતે જોયું કે જાણે એને પહેલાં તો ક્યારેય જોયો નહોતો! પણ તરત એ અંદર ચાલી ગઈ.

'છોકરી સારી લાગે છે,' મોહને ખટાઈ મોંમાં મૂક્તાં કહ્યું.

'હા,' ને અચલાએ અંદર જોઈ લીધું, 'પણ જુવાન છોકરીઓ ઘરમાં સારી નહીં.'

'કેમ સારી નહીં?'

'શું વાત કરું?' અચલા હસી પડી, 'રોજ ઊઠીને કોઈ ને કોઈ અલબેલો બારણે મોજૂદ જ હોય!'

અને બંને જણાં હસી પડ્યાં. મોહને કહ્યું, 'હું પણ છું, એનું શું!'

અચ્ચીના ચહેરા પર લાલાશ પથરાઈ ગઈ. પ્યાલામાં ચમચો હલાવતાં નીચી નજરે જોઈ લેતાં એ બોલી, 'તમારી વાત અલગ છે.' અને પછી અચાનક વાત લંબાવતાં બોલી, 'હવે તો રામ આવશે ત્યારે તમારી ઓળખાણ કરાવીશ. બહુ મજાના માણસ છે...'

મોહને તરત જ કહ્યું, 'એટલે એનો અર્થ કે એમના આવ્યા પહેલાં ન આવું...?'

'નહીં, નહીં,' અચલાએ ગભરાતાં ગભરાતાં કહ્યું, 'તમે તમારે મનમાં આવે ત્યારે આવો, એની ક્યાં ના છે?...આ તમારું જ ઘર છે...'

પછી તરત અચલાને થયું કે પોતે શું બોલી ગઈ. સ્ત્રી હોવું એય એક મુસીબત છે. દર વખત શા માટે એ ડરતી રહે છે? શા માટે એ કહે છે કંઈક અને એના મનમાં અર્થ કંઈક બીજો હોય છે?

અને પછી અચલાએ રામ ગડકરી વિશે એવી તો વાતો શરૂ કરી દીધી જાણે એમના જેવો સારો પુરુષ આ દુનિયામાં હોય જ નહીં. એક રામ અયોધ્યમાં જન્મ્યા હતા અને બીજા હવે આ વીસમી સદીમાં પેદા થયા છે, જે કોલાબામાં રહે છે!

સુમિત્રાની વાત કર્યા સિવાય હવે મોહન જામ પાસે પણ બીજો કોઈ રસ્તો નહોતો. બંને વચ્ચે અંતર વધી ગયું અને વધવા લાગ્યું. અજાણતાં જ એકબીજાથી દૂર થઈ ગયા પછી હવે બેઉ નિકટ આવવાની કોશિશમાં જ હતાં. મોહને કહ્યું કે સુમિત્રા એક ગ્રેટ સ્ત્રી છે પણ એના સ્વાસ્થ્યની તકલીફને લીધે એના સમગ્ર જીવન પર દુ:ખની છાયા રહે છે...

ત્યાં નોકરડી હાથ લૂછતી લૂછતી આવી.

'બાઈ, હું જાઉં?'

'નહીં નહીં,' અચલાએ મોહન તરફ જોતાં જ કહ્યું, 'કપડાં ધોઈ નાખ, જોતી નથી બાથરૂમમાં ઢગલો પડ્યો છે તે? જા, જા!'

ને નાકના ફણગા ફુલાવતી નોકરડી પાછી અંદર જતી રહી. બીજો કયો રસ્તો હતો એને માટે?

સુમિત્રા વિશે મોહનનું બોલવાનું ચાલુ જ હતું, 'દસ દસ વરસથી જે સ્ત્રીએ તમને સાથ આપ્યો હોય એને તમે એ બીમાર છે એટલા માટે છોડી દો? જેણે પોતાની યુવાનીનાં મોંઘાંમૂલાં વરસો તમારી ચાકરીમાં સમર્પણ કરી દીધાં હોય એના સ્વાસ્થ્યની તકલીફના જવાબદાર તમે જ ગણાઓ... હું તો કલ્પના પણ નથી કરી શકતો...'

ને મોહનની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં.

અચલાને પણ કોણ જાણે શું થયું કે એનામાં વર્ષોથી દબાયેલું વાત્સલ્ય છલકાઈ ઊઠ્યું, 'નહીં નહીં મોહનજી!' એ બોલી ઊઠી, 'સારી થઈ જશે.' અને પછી મોહનની એકદમ નિકટ જતાં એણે પોતાની સાડીના છેડાથી મોહનની પાંપણ લૂછી આપી.

મોહને એક ડૂસકું ખાઈ લીધું અને ઊઠ્યો, 'અચ્છા, હવે હું જાઉં છું.'

'બેસોને થોડી વાર,' અચલાએ ફરી એ જ સાંત્વનથી કહ્યું.

પણ મોહન બેઠો નહીં. એણે જલદીથી પોતાની ઘડિયાળમાં જોયું અને કહ્યું, 'મારે સાડા અગિયારે અજવાણી પેપર મિલ્સમાં પહોંચવાનું છે.'

અને મોહન ફરિયાદભરી નજરે અચલા તરફ જોઈ ચાલતો થઈ ગયો.

અચલા ઊઠી. એના ચહેરા પર સ્મિત હતું. બેડરૂમમાં જઈને એણે પોતાના પ્રતિબિંબ તરફ જોયું. એ કેવી સારી લાગતી હતી! એને પોતાનું વ્યક્તિત્વ ગમ્યું. પછી એ નોકરડી પાસે ગઈ.

'તારો જૉની આવ્યો નહીં?' અચલાએ કહ્યું.

'પેલા સાહેબ આવ્યા'તા એ ગયા?' અચલાના પ્રશ્નનો જવાબ દીધા વગર જ રોઝીએ પૂછ્યું.

'હા', અચલાને નિરાંત થઈ!

'તું જૉની જોડે પિકચર જોજે.' અચ્ચીએ કહ્યું, 'તારા બધા છોકરાઓ કરતાં મને તો એ એક યોગ્ય લાગ્યો છે.'

અને અચાનક રોઝી પણ ખુશ થઈ ગઈ.

આ મુલાકાત મોહનની અને અચ્ચીની લગભગ પાંચમી કે છઠ્ઠી હતી. હવે એ ટેલર માસ્ટર અને બીજા લોકોની નજર બચાવીને મોહનની ગાડીમાં બેસી જતી અને સાંજ પડ્યે બંને જણાં હવાફેર કરવા ચાલી નીકળતાં.

આ દરમ્યાન મોહને સુમિત્રાને અઠવાડિયાનો એક નહીં, ત્રણ ત્રણ પત્રો લખવા માંડ્યા. એક વખત તો મજાકમાં લખ્યું, 'જો તું નહીં આવે તો હું બીજી કોઈના પ્રેમમાં પડી જઈશ!' અને આમ એણે એની રીતે તો સુમિત્રાને નિશ્ચિંત કરી દીધી.

એક સાંજે પુરેજ પાસેથી થઈને ગાડી બૅક-બેના અંધારામાં ઊભી હતી! અચલાએ વાંધો ઉઠાવ્યો નહીં. આજે એ ડાબા દરવાજાને અઢેલીને બેસવાને બદલે સીટની બરાબર મધ્યમાં બેઠી હતી. મોહન જામના હાથ સીટ ઉપર બેઠેલી અચ્ચીની ચારે તરફ ફેલાયેલા હતા. અચ્ચી એક હાથે ન્યુટ્રલમાં પડેલા ગિયરને ફર્સ્ટ ને સેકન્ડમાં લગાવ્યા કરતી હતી. જાણે એ ગાડી ચલાવવા માગતી ન હોય!

મોહને અચલાનો હાથ ઝાલી લીધો. ના પાડવી તો બાજુએ રહી, એણે મોહનનો હાથ દબાવ્યો. પછી કેટલીક ક્ષણો બંને જણાં ચુપચાપ રહ્યાં. ત્યાં સુધી કે મોહને કહેવું પડ્યું —

'ગડકરી ક્યારે આવે છે?'

'બસ એકબે દિવસમાં જ.'

'કૉન્ફરન્સ લંબાઈ નહીં?'

'ભગવાન જાણે. આ મરદોની કોને ખબર, કઈ શોક સાથે રાસ રચાવતા હોય?'

'શું બકે છે?' મોહને અચ્ચીનો હાથ ઝાટકી નાખ્યો, 'એ તો ભગવાન રામ છે ને તારા...?'

'ભગવાન રામ હોત તો સીતાને સાથે ન લઈ જાત?'

મોહન હસતાં હસતાં બોલ્યો, 'હવે સીતા ઓછી જ કૉન્ફરન્સમાં જઈ શકે?'

અને મોહને અચ્ચીની કમરે હાથ ભેરવીને એને પોતાની તરફ ખેંચી લીધી. અચ્ચીએ થોડી આનાકાની કરી પણ પછી જાણે પોતાની જાતને પડતી મૂકી. આમ પણ એને કોઈ સહારાની જરૂર હતી જ. કેમ કે જેવી ગાડી બૅક-બેના અંધારામાં પ્રવેશી કે અંદર અંદર એ કાંપવા લાગી હતી. એની નસોને આરામની જરૂર હતી. એણે આંખો બંધ કરીને માથું મોહનની છાતી પર ઢાળી દીધું.

મોહન અચલાને પ્યાર કરવા જતો જ હતો ત્યાં એક માણસ ગાડી પાસે આવ્યો અને બોલ્યો --

'નારિયેળ પાણી...'

'નથી જોઈતું.' મોહને અચલાથી અલગ થતાં કહ્યું તો ખરું પણ નારિયેળવાળાને એમ ને એમ ઊભેલો જોઈ ચિડાઈને કહ્યું — 'હવે નથી જોઈતું કીધું ને...' અને 'જાય છે કે નહીં?' કહેતાં મોહને હાથ ઉગામ્યો.

અચલાએ એને પકડી લીધો, 'શું કરો છો?' ગભરાટમાં પોતાનાં કપડાં સરખાં કરતાં એ બોલી, 'જોતા નથી એના હાથમાં છરી છે તે?'

'હશે,' મોહને બેદરકારીથી કહ્યું.

નારિયેળવાળો પોતાની મલબારી ભાષામાં કશુંક બબડતો બબડતો જતો રહ્યો. થોડે દૂર પથ્થરની દીવાલને અઢેલીને બેઠેલા એક માણસે કહ્યું, 'મજા કરો, બાબુ...મજા કરો!'

મોહન થોડો દૂર હટીને બરાબર ગોઠવાઈ ગયો અને બોલ્યો, 'ઘરે જઈએ.'

'કોને ઘેર?'

'મારે...તારે...રોઝી હશે અત્યારે?'

'નહીં — એ પિક્ચર જોવા ગઈ છે,'એના જોની જોડે......'

'તો બરાબર છે...'

'નહીં, નહીં,' એ બોલી, 'ઘરે જઈને શું કરીશું?'

અચલાને ઘરમાં એ કાચની ફ્રેમો અને એમાં લગાડેલી તસવીરો યાદ આવી. એ તો પોતાના પતિ જોડે પણ પ્યાર કરતી વખતે બધું બરાબર બંધ કરી દેતી હતી. અને

પથ્થર પર બેઠેલા આવારા આદમીની હાજરીને ગણકાર્યા વગર મોહને જ્યારે અચલાનું મુખ ચૂમી લીધું ત્યારે એનામાં પહેલાં જેવું આત્મ સમર્પણ રહ્યું નહીં. 'નહીં -- નહીં,' એણે એવા ધીમા સ્વરે કહ્યું જેમાં વિરોધ હતો પણ ખરો અને ન પણ હતો. અલબત્ત, મોહને જ્યારે આગળ વધીને અચ્ચીના રહસ્યને પામવા પ્રયાસ કર્યો ત્યારે તે એકદમ છૂટી પડી ગઈ. મોહનને એ ગમ્યું નહીં. એ થોડી વાર રહીને ફરીથી હુમલો કરી બેઠો ત્યારે અચલા એક મજબૂત કિલ્લામાં કેદ થઈ ગઈ. એ ફરિયાદી સ્વરે બોલી, 'નહીં નહીં, આટલું તો બસ છે.'

'મૂરખ ન બન, અચ્ચી,' મોહને થોડા નારાજ થતાં કહ્યું, 'નહીંતર તુંયે દેવીની માફક પસ્તાઈશ.'

'નહીં મોહન,' અચલાએ પ્રેમથી ઠપકાભર્યા સ્વરે કહ્યું, 'પ્યારનો મતલબ આ જ થાય એવું થોડું છે?'

'જે થતો હોય તે મને સમજાવ.'

'કેમ? બહેનભાઈનો પ્યાર નથી હોતો?'

'હોય છે, કેમ નહીં?' મોહને પોતાની પૌરુષેય નારાજી છુપાવતા કહ્યું અને પરેલમાં રહેતી પોતાની બહેન રાધા એને યાદ આવી ગઈ.

'આવો સંબંધ આપણે હમેશ નહીં રાખી શકીએ,' અચ્ચી બોલી, 'એક બે દિવસમાં તો એ આવવાના -- મહિના દોઢ મહિનામાં સુમિત્રાબહેન પણ આવતાં રહેશે.'

'હં.'

'ભાઈબહેનનો પ્યાર જ એવો છે, જેમાં કોઈ ડર, કોઈ ખતરો નથી...'

'સાચી વાત છે,' મોહને પોતાના માથા પરનો પસીનો લૂછતાં કહ્યું, 'આજથી તું મારી બહેન છે!' અને ઝનૂનથી ગાડી ચલાવી.

અચ્ચી ગભરાઈ ગઈ હતી. એણે બંને હાથે મોહનનો ડાબો હાથ પકડી રાખ્યો અને એના ખભે પોતાના વાળનો સુંદર મુગટ મૂકતાં બોલી, 'તમે તો રિસાઈ ગયા.'

'રિસાઉં શાનો? ભલા, ભાઈ કદી બહેનથી રિસાય?'

અચલાએ અચાનક પોતાનું મસ્તક મોહનના ખભા પરથી હટાવી લીધું!

થોડી વારે 'સત્યસદન' સામે ગાડી ઊભી રહી. આજે દરવાજો ખોલવા મોહને જરા પણ પ્રયત્ન કર્યો નહીં. અચલા પણ કમને ઊતરી, સામેનો ટેલર માસ્ટર રોફથી એના તરફ જોઈ રહ્યો હતો અને આજુબાજુવાળા કેટલાક લોકો પણ પણ અચલાને જાણે કોઈનો ડર નહોતો. એણે આજે મોહનનો આભાર પણ માન્યો નહીં. એ અત્યંત ચિંતામાં હતી. એવો વંટોળ એના દિલમાં ફૂંકાયો હતો કે જેને એ પોતે પણ જાણતી નહોતી. એને એક જ ડર ઓછો હતો? હજારો હતા અને એમાંથી જ એકમાંથી બીજાને જુદો પાડીને જોઈ શકવો મુશ્કેલ હતો.

'ક્યારે આવશો?' એણે પૂછ્યું.

'આવીશ, કેમ નહીં આવું?' મોહને કહ્યું અને પછી એવું હસ્યો જાણે કોઈ બાળકને ડરાવી શકતો હોય પણ અમુક હદ સુધી જ. એ પછી એ 'ટાટા' કહી ચાલ્યો ગયો. અચલા ઘરમાં પ્રવેશી ત્યારે કશોક બોજો જાણે કે એના માથેથી ઊતરી ગયો હતો!

બીજે જ દિવસે ગડકરી આવી ગયા.

અચ્ચી એમને લેવા સ્ટેશને ગઈ તો જોતાં જ ડઘાઈ ગઈ -- એના પતિએ મૂછો વધારી હતી!

'આ શું?' અચલાએ પૂછ્યું.

'એમ જ,' એના પતિએ સસ્મિત અને મારકણી આંખે પોતાની પત્ની તરફ જોયું અને કહ્યું, 'મનની મોજ!'

અને કુલીના માથે સૂટકેસ ચડાવી અચ્ચીની પાસે આવી જઈ બોલ્યા, 'ખરાબ લાગે છે?'

'ના. ખરાબ નથી લાગતી પણ એમ લાગે છે કે જાણે હું કોઈ ભળતા જ પુરુષ સાથે ચાલું છું,' અચલાએ હસતાં હસતાં કહ્યું!

રામ ગડકરીએ કટાક્ષ કર્યો, 'સારું કહેવાય એક જ જીવનમાં બે મરદ જોવા મળે એ તો!'

એને હતું કે અચ્ચી હસશે અને આ ટુચકામાંથી પૂરેપૂરી મજા લેશે અથવા તો પીઠ પર ધબ્બો મારીને કહેશે, 'શરમ નથી આવતી?' પણ અચલાએ એમાંનું કશું જ કર્યું નહીં. ઊલટી કોઈ ચિંતાની છાયા એના ચહેરા પરથી પસાર થઈ ગઈ. પરીક્ષક નજરે એણે રામના ચહેરા તરફ જોયું. એ ચહેરો મૂછોને લીધે પહેલાં કરતાં પણ વધુ બેવકૂફ લાગતો હતો! અચલાને ખાતરી થઈ ગઈ કે ડરવા જેવું નથી. પછી જ્યારે એ પ્રેમની વાત કરવા લાગી ત્યારે ગડકરી કૉન્ફરન્સના ઝઘડાની લઈને બેઠા!

ઘરે પહોંચી એણે પતિને સામાન પણ સરખો મૂકવા દીધો નહીં. એ બાળકની જેમ રામનો હાથ પકડી એને ઘસડીને બેડરૂમમાં લઈ આવી અને ગળે વળગીને ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગી. રામ ગડકરી બેચેન થઈ ગયો, 'અરે, અગિયાર દિવસ માંડ થયા!'

પણ અચ્ચી રડતી હતી અને લાડ કરતી હતી. વળગાડીને સાંત્વન આપતાં છેવટે રામે કહ્યું, 'મને શી ખબર તું આટલી બધી ડરી જઈશ?'

'એટલે શું હું આ બધું ડરને લીધે કરું છું?' અચલાએ એકદમ હટી જતાં કહ્યું.

'ના, પ્યારને લીધે,' અને રામ ગડકરી હસી પડ્યો. આગળ વધી ફરીથી અચ્ચીને આલિંગન આપતાં એણે કહ્યું, 'હું જાણું છું, અચ્ચે ! હું પણ તને એટલો જ ચાહું છું.'

'બસ!'

'એથીય વધારે.'

'જૂઠા તદ્દન, મને ચાહતા હોત તો આમ મૂછો ન રાખત!'

અચલાનો ખ્યાલ એવો હતો કે કોઈ છોકરીના ભડકાવવાને લીધે રામે મૂછો વધારી હતી. રામ સમજી ગયો. એને અચલાની ભાવનાઓને સમજવા કરતાંય પોતાની સમજણ માટે વધારે આનંદ થયો. પ્રેમથી એણે મોં આગળ કર્યું કે તરત અચલાએ મોઢું ફેરવી લીધું. અને તરત રામે વચન આપ્યું કે કાલે સવારે જ મૂછો મૂંડાવી નાખીશ. મારી જ નહીં, જે સામે આવશે એની!

બેએક દિવસ પછી નક્કી કર્યા મુજબ મોહન જામ આવ્યો. પહેલાં તો અચ્ચી ચોંકી ગઈ. પછી પોતાની જાત પર કાબૂ મેળવી એ પોતાના પતિ રામ ગડકરી તરફ ફરી અને બોલી, 'જી, મેં તમને કહ્યું નહોતું કે મેં એક ભાઈ બનાવ્યો છે?'

'ભાઈ? બનાવ્યો છે?'

'હા,' અચલા કહેવા લાગી, 'કેમ ભાઈ ન હોય?'

અને આમ રામ ગડકરીને પકડીને અચલા મોહન જામ સાથે પરિચય કરાવવા લઈ આવી. ડ્રોઇંગ રૂમમાં બંને પુરુષો એકબીજાને એ રીતે મળ્યા જાણે કશું સમજ્યા નથી. એવુંયે નહીં કે રામ ગડકરીએ મોહન જામને સરખી રીતે માન ન આપ્યું કે એની મહેમાનગતિમાં કશું બાકી રાખ્યું. એણે કર્યું તો બધું જ પણ જાણે એ રીતે કે એ કરતો હોય બધું પણ સમજતો કાંઈ જ ન હોય. સ્મિત બનાવટી હતાં. અને હસાહસ પણ.

અને અચલા તો આકાશપાતાળ એક કરી રહી હતી. એક વખત ભાઈ કહેતાંની સાથે જ બધી છૂટ મળી ગઈ હતી. એણે માત્ર ચા, ખટાઈ ધર્યાં એટલું જ નહીં, રોઝીને પણ ફરસાણ લેવા બજારમાં મોકલી. મોહન જામ આ બધુ સહન કરી રહ્યો હતો પણ મોહનના આવ્યા પછી અચ્ચી એને પોતાને જ કેમ ભૂલી જતી હતી એ એની સમજમાં આવતું નહોતું. એ પોતે પણ એનો પતિ હતો, ભાઈનો તો બનેવી! અને રામ ગડકરી જોઈ રહ્યો હતો કે એમ કરવા માટે એ કેટલી નિઃસહાય હતી!

જેવી કોઈ ચીજ લેવા અચલા અંદર જતી કે આ બંને પુરુષો વ્યવસ્થિત રીતે માંડ માંડ એકાદ મુદ્દા પર વાત કરતા. રામ ગડકરી કૉન્ફરન્સનો રુઆબ બતાવતા હતા અને એમણે હમણાં જ જે જાપાનથી મંગાવ્યું હતું. એ શિપ વિશે મોહન જામ કહી રહ્યો હતો. બંનેનું બોલવાનું ત્રુટક ત્રુટક હતું.

અંદરથી અચ્ચી આવી તો બદલાયેલી સાડીમાં. વાળમાં ફરીથી ક્રાઉન કર્યું હતું અને સુગંધથી જાણે કે બહાર આવી ગઈ. 'ભાભી નથી આવી, ભાઈસાહેબ?' અચલાએ પૂછ્યું અને રામ ગડકરી તરફ મોં ફેરવી કહ્યું, 'કાશ્મીર ગયેલી છે. હું મળી જ નથી પણ સાંભળ્યું છે કે ઘણી સારી છે.'

'સારી જ હશે,' રામ ગડકરીએ સંમતિમાં કહ્યું.

અને પછી રામે નવાઈભરી નજરે મોહન જામ તરફ જોયું.

બધું ખાઈ લીધા પછી અને આપસ આપસમાં હાથ મિલાવી લીધાં પછી મોહન

જામ ઊઠ્યો. 'હું આવી હં,' કહેતી અચલા દરવાજા લગી એને વળાવવા ગઈ અને પછી જાણે કશોક વિચાર આવતાં એ દરવાજાની બહાર નીકળી જઈ દાદરા પર આવી ગઈ. જ્યારે એનો પતિ તો મહેમાનને વળાવવા માત્ર ઊભો જ થયો હતો. આમેય સાળાબનેવીમાં સાળો તો નાનો જ ગણાય ને!

નીચે બજારમાં આવતાં પહેલાં અચલાને પ્યાર કરી લેવાનું મોહનને મન થયું. અચ્ચી કેટલી સુંદર લાગતી હતી! એ માત્ર એનો હાથ પકડી શક્યો એ એણે થોડા પ્રેમથી દબાવ્યો અને કહ્યું, 'અચ્ચી! ક્યારેક તુંયે મારે ત્યાં આવ ને!'

'આવીશ,' અચ્ચીએ કહ્યું 'એમને પણ લઈ આવીશ.'

ત્યાર પછી પણ અચલા મોહનની ગાડી લગી ગઈ. મોહન જામ જ્યારે રવાના થયા ત્યારે અચલા અને મોહન બંનેની પાંપણો ઝૂકેલી હતી!

અચલા તારાથી ઉપર આવી ગઈ.

રામ ગડકરીને અચલાએ વિચારવાની તક જ ન આપી. એ બોલવા જ લાગી, 'જોયા મારા ભાઈસાહેબ? -- સારા માણસ છે, લાખોમાં એક!'

રામ માથું હલાવતો ગયો. એના માથા પર એક તો ચિંતા, એમાં આ નકામો ભાઈ ક્યાંથી ફૂટી નીકળ્યો ? જરૂર શી છે એની ? એને કાંઈ જ સમજાતું નહોતું. એટલે જ એણે કહ્યું, 'જો સાચે જ તમારો ભાઈ બહેન જેવો સંબંધ હોય તો તું એને ભાઈસાહેબ શા માટે કહે છે ? - ભઈલો કેમ નહીં ?'

'લે, આ તે કેવી વાત ?'

અને અચલાએ મોહનનાં ગુણગાન ગાયા જ કર્યાં. એ દેવી સાથે ફરવા ગઈ ત્યારે કેવા કેટલાક મવાલી ને નોકર જેવા લોકો પાછળ પડી ગયા હતા અને મોહન જામ જો ત્યાં ન આવ્યા હોત તો શું થાત એ એને એવી અનેક વાતો અચલાએ કરી. પોતાના સંબંધની અચ્છાઈ અને સફાઈ બતાવવા એણે ઘણું જુઠ્ઠાણું ચલાવ્યું, જેની જરૂર પણ નહોતી. પરંતુ આ સંબંધ ભગવાને ક્યાં, માણસે બનાવ્યો હતો ને !

ત્યાર પછી પણ એકાદ બે વાર મોહન જામ આવ્યો અને અચલા એ જ રીતે વિવશ અને આત્મવિભોર સ્થિતિમાં રહી. મોહન જામના ગયા પછી ઘણી વાર સુધી રામ ગડકરી ચુપચાપ બેસી રહેતા. એ એટલે સુધી કે એમની પોતાની જ ખામોશી એમને માટે અસહ્ય બની રહેતી. સામે પડેલા ટ્રાન્ઝિસ્ટરની સોય ફેરવતાં રામે અચ્ચીને કહ્યું-

'જાણે છે ટ્રાન્ઝિસ્ટર કોને કહે છે ?'

'આને જ, આ સામે પડ્યો !'

'નહીં,' રામે નારાજી અને કંઈક હાસ્યના મિશ્રિત ભાવોથી કહ્યું, 'સિસ્ટર બહેનને કહેવાય અને ટ્રાન્ઝિસ્ટર એક એવી બહેન હોય છે જે સગી ન હોય...એમ જ ભાડે લઈને બનાવી હોય...અને એટલે જ તુંયે શોર મચાવતી હોય છે...'

અચલા એકદમ ગુસ્સે થઈ ગઈ, 'એટલે ? તમે ભાઈબહેનના સંબંધ પર કાદવ

ઉડાડો છો ? એમના પર શંકા લાવો છો ?'

'મારું કહેવાનું એમ છે કે...'

'હું જાણું છું,' અચ્ચીએ હાફતાં હાંફતાં કહ્યું, 'તમે પુરુષો નકામા છો. તમારી નજરોમાં ઠાંસી ઠાંસીને ગંદકી જ ભરી હોય છે...શું દુનિયામાં સ્ત્રીપુરુષો પતિપત્ની બનીને જ મળી શકે છે ? શું સંસારમાં...'ને અચ્ચીનું ગળું ભરાઈ આવ્યું અને એ રડતી રડતી કેબિનેટ પાસેની ભગવાનની છબી પાસે જઈને બેસી ગઈ. પછી બોલી, 'ભગવાન ! મેં કોઈ પાપ કર્યું હોય તો મારા શરીરમાં કીડા પડે...મને કોઢ થાય...'

રામને પસ્તાવો થયો. અને ભગવાનની સાક્ષી હતી. એણે પાછળથી આવીને બંને ખભા પકડીને અચલાને ઊભી કરી. અચલાએ એને એવા જોરથી ધક્કો માર્યો કે રામ દીવાલ જોડે અથડાઈ પડ્યો. માથામાં જરાક વાગ્યુંયે ખરું ! અચલા એટલી તંદુરસ્ત હતી કે રામ ગડકરી જેવા એકવડિયા માણસને માટે એને સંભાળવી એ મુશ્કેલ હતું. પછી એ અંદર ગઈ અને પોતાના શરીરને પલંગ પર પછાડી ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી.

રામ અત્યંત પસ્તાવા લાગ્યો. અને પસ્તાવા પુરુષની સિકલ કેવી હોય ? રામની આખી સાંજ અચ્ચીને મનાવવામાં ગઈ. એટલે સુધી કે બિરલા માતુશ્રી સભાગારમાં વિલાયતખાંની સિતાર સાંભળવા એ જવાનો હતો અને અચલા માટે પણ ટિકિટ લાવ્યો હતો એ એણે સુંદર છતાં ચિડાયેલી પત્ની સામે ફાડી નાખી. અને પછી એ ત્યાં ને ત્યાં પથારીમાં પડેલી ઘરની સિતારની કમરમાં હાથ ફેરવતો એના તાર સરખા કરવા લાગ્યો. જોકે એ ઉસ્તાદ હતો જ નહીં એટલે સૂર સરખા નીકળ્યા તો નહીં પણ એણે એટલું કહ્યું ખરું, 'હું તારા પર આટલો પણ શક ન કરું તો ગાય ખાધી સમજ, બસ ! ઊલટો હવે તો એમ કહું છું કે તારો પોતાનોયે કોઈક ભાઈ તો છે !'

'ક્યાં છે ?' અચલા બોલી, 'એક બેઠો છે કલકત્તા...ને બીજો બીજવાડા.'

'પણ પીછવાડામાં ભાઈ હોવો જરૂરી છે !'

'હા, જરૂરી છે,' અચ્ચીએ ફેંસલાની મુદ્રામાં મસ્તક ધુણાવ્યું અને કહ્યું, 'કોઈક તો હોય તમને પૂછનાર...રામ ગડકરી પણ એ કાંઈ સમજ્યો નહીં. બહુ જ નરમ અવાજે એણે કહ્યું, 'તારી મરજી, બાકી હું તો સમજું છું એની કાંઈ જ જરૂર નથી.'

'તમારી મૂછ રાખવાની શી જરૂર હતી ?'

દોઢેક મહિના પછી સુમિત્રા આવી.

એ હવે પહેલાં કરતાં ઘણી જ સારી થઈ ગઈ હતી. બાળકની તંદુરસ્તી પણ પહેલાં કરતાં સારી હતી. એ તો કાશ્મીરી બાનીના કેટલાક શબ્દો શીખી લાવ્યો હતો અને જ્યાં આવે ત્યાં સાચીખોટી રીતે પણ વાપરતો હતો. સુમિત્રા વારંવાર એને કહ્યા કરતી, ડેડીને આ સંભળાવ, તે સંભળાવ. પણ પેલો બદમાશ એકનું એક જ શીખેલું ચાહીને ફરી ફરીને સંભળાવતો. પાછળથી ખબર પડી કે એ કાશ્મીરી બાનીમાં ગંદી ગાળો જ હતી !

મોહન જામે અચલા જેવી મૂર્ખામી કરી નહીં. સુમિત્રાને એણે અચલાની મુલાકાત કરાવ્યાં પહેલાં જ કહી રાખ્યું હતું-પોતે એક બહેન બનાવી છે.

સુમિત્રા સાંભળી જ રહી. એને પોતાના મોહન પર સંપૂર્ણ વિશ્વાસ હતો ! ના...એ એવી સ્ત્રી હતી જે પુરુષની લાપરવાહી પસંદ કરતી હોય અથવા તો એનું સ્વાસ્થ્ય એટલી હદે ખરાબ થઈ ગયું હોય કે મહોબ્બતના તકાજા એ અને આ પ્રકારનું કહેતી રહે કે 'જખ મારવા દેવા,' 'ભગવાનને જવાબ એણે આપવાનો છે, મારે નહીં.'

અને રાત પડે કે એવા અવાજે રડતી હોય છે જે અવાજ એને પોતાને પણ સંભળાય નહીં.

સુમિત્રાએ કહ્યું તો એટલું જ, 'જરૂર શી હતી ?' તમારી પોતાની બહેન તો છે ! એના પર ન્યોછાવર કરો તમારો પ્રેમ...કે પછી એમ જ પ્રેમનો સાગર છલકાઈ ગયો ?'

'હા,' મોહને કડક અવાજે કહ્યું.

સુમિત્રા દબાઈ ગઈ. સ્વાસ્થ્ય બગડવાનું તો છે જ. અત્યારથી ક્યાં પંચાતમાં પડવું ! એણે જવાબ જેવા શબ્દોમાં સવાલ જ પૂછ્યો, 'રાધા કેમ છે ?'

'હું એને મળ્યો નથી.'

'હાય રામ ! હું ગઈ ત્યારના તમારી બહેનનેય નથી મળ્યા ?'

'સમય નહોતો.'

'અને એ લોકોયે ન આવ્યા ! રાધા ને કૈલાસપતિ !'

'આવ્યા'તાં, ત્રણચાર વખત. પણ હું ઘરે નહોતો.'

સુમિત્રા કહેવા માગતી હતી-મળો જ શાના ? એ તો સગી બહેન હતી, બનાવેલી ઓછી જ હતી ? પણ એ કશું ન બોલી. એની તબિયત જરાય સારી નહોતી.

અને પાછો મોહન જામ પણ કહેવા લાગ્યો,

'ચોવીસમીએ રક્ષાબંધનનો તહેવાર છે, જઈને મળી આવીશ.'

રક્ષાબંધનને દિવસે મોહન જામ પરેલ પોતાની બહેનને ઘેર ગયો. સાથે સુમિત્રા પણ હતી. રાધા તો એવી મળી જાણે વરસો પછી મળી હોય. એને પોતે સ્ત્રી છે એની ખબર ન રહી અને મોહનને પણ પોતાનું પુરુષપણું વીસરાઈ ચૂક્યું. એણે રાધાના ગાલે બચી ભરી, માથા પર પ્રેમથી હાથ ફરવ્યો અને બહેનની આંખોમાંનાં ફરિયાદનાં આંસુ લૂછી નાખ્યાં.

થોડી વાર પછી રાધા આનંદથી ઊઠી અને લાકડાની ડિશમાં મીઠાઈ લઈ આવી. પછી સામે ખુરશી ગોઠવીને ભાઈને બેસાડ્યો. એનું મુખ પૂર્વ તરફ ગોઠવ્યું. જાજૂ, મોહનનો દીકરો પણ બીજી ખુરશી ગોઠવી બેસી ગયો, જાણે આઠમનો ગોવિંદો !

'અરે ! રાધાએ જાજૂ તરફ જોતાં કહ્યું, 'પહેલાં તું રાખડી બંધાવવાનો છે ?'

'હા,' જાજૂએ ઘડૂલા જેવું માથું હલાવ્યું.

'પહેલાં તો હું મારા ભાઈને બાંધીશ !'

'ના, પહેલાં મને બાંધો.'

'આવો હુકમ ચલાવાય ?' રાધા પ્રેમથી બોલી, 'તું ભગવાનને પ્રાર્થના કર કે તને પણ એક નાનકડી બહેન લાવી આપે, જે દર વર્ષે તને રાખડી બાંધશે !'

એટલામાં તો જાજૂ, મોહન અને કૈલાસપતિ ત્રણેએ સુમિત્રા તરફ જોયું, અને સુમિત્રાએ શરમાઈને સાડીમાં મોં છુપાવી દીધું.

રાધાએ મોહનભૈયાના કાંડા પર એક સાદી છતાં સુંદર રાખડી બાંધી, મોંમા એક મીઠાઈનો ટુકડો મૂક્યો. મોહને ખિસ્સામાંથી દસ રૂપિયાની નોટ કાઢી અને રાધાની હથેળીમાં મૂકી. રાધાએ એ નોટ પોતાની આંખે અડાડી અને ભગવાનને પ્રાર્થના કરી :

'આવો દિવસ બધી બહેનોને આપજે, ભગવાન !'

અને એની આંખોમાં પ્યાર અને વિશ્વાસની પ્રતિમા હતી.

સુમિત્રા અને જાજૂને ઘરે મૂકી મોહન જામ અચલાને ઘેર જવા તૈયાર થયો. એ સુમિત્રાએ ફરી ક્યારેક લઈ જવાનો હતો, તે દિવસે તો નહીં. એનું એક ખાસ કારણ હતું. સ્ત્રીઓ કેટલીક વાતોમાં પુરુષોને વિના કારણે રોકટોક કરતી હોય છે-આ કરો, તે ન કરો...જેમ સ્ત્રીઓની કેટલીક વાતો પુરુષોને સમજાતી નથી, એમ જ પુરુષોની અમુક વાતો સ્ત્રીઓને પણ ભેજામાં ઊતરે નહીં.

મોહન બજારમાં કોઈ કપડાંની દુકાને ગયો. ખૂબ ઊલટસૂલટ તપાસ કર્યા પછી એને એક સોનાની કારીગરીવાળી બનારસી સાડી હાથ લાગી. સવા ત્રણસો રૂપિયા કિંમત. પૈસા ચૂકવી, એક આકર્ષક ગિફ્ટ પેપરમાં બંધાવી એણે માણસના માથા પર પોતાની સિગારેટની રાખ નાખવાનો પ્રયત્ન કરતો હતો. ત્યાં જ સામે મોહન જામની કાર આવીને અટકી.

અંદર જોઈને રામ ગડકરીએ બૂમ મારી-

'અચ્ચી !'

'જી,' અચ્ચીએ મીઠાશથી ઉત્તર આપ્યો.

'એ પેલો આવ્યો છે.'

'કોણ પેલો ?...ભઈલો ?'

'ભઈલો નહીં, મચલા.'

'મચલા ?'

'હા-તું અચલા છે ને પેલો મચલા-'

ત્યાં સુધીમાં મોહન બારણે આવી ગયો હતો. ઘંટડી વગાડી ચૂક્યો હતો. રોઝી દરવાજો ખોલી ચૂકી હતી !

રામ ગડકરીને હતું કે મોહન આજે નહીં આવે. જો એ રાખડી બંધાવવા આવશે

તો તો જાણે કશી ગરબડ થવાની નથી. તો તો બધું બરાબર જ હશે. અને મોહન આવી ગયો હતો જેના માટે અચ્ચી સવારની કોણ જાણે કેટલીય સુંદર વસ્તુઓ ભેગી કરીને રાખડી બનાવી રહી હતી. રાધા ગરીબીની સાદી રાખડી તો મોહને ક્યારની ઉતારીને ફેંકી દીધી હતી. અત્યારે એના કાંડા પર કાંઈ જ ન હતું. મોહનના આવતાં જ અચલા હમેશની જેમ ઝડપથી ઊઠી. ડ્રૉઇંગ રૂમમાં દોડી આવી અને એની એવી તો આગતાસ્વાગતા કરી જેવી કોઈ રાજાની કરે.

રામ ગડકરી હમેશની જેમ સમજતો પણ હતો અને નહોતો પણ સમજતો.

થોડી જ વારમાં મોહન જામ પૂર્વ તરફ મુખ કરીને બેઠો હતો અને ગડકરી આનાથી પર થઈને આ દૃશ્ય જોઈ રહ્યો હતો !

ત્યાં અચલા આવી. એ ચુસ્ત કમીજ અને સલવાર પહેરીને ઊભી હતી. ગળામાં કાંદાના પતીકા જેવો એક દુપટ્ટો હતો જેણે અચ્ચીની ગળાને અને એની છાતીને સ્વાસ્થ્યનો રંગ ચડાવ્યો હતો. કમીજે છાતી, કમર અને નીચેના ભાગની બરાબર હદો બાંધી આપી હતી. એના હાથમાં થાળી હતી અને એમાં રહેલી મીઠાઈ પર સોનાના વરખ કંપી રહ્યા હતા. એક તરફ રાખડી હતી જેમાં સાચાં મોતી ટાંક્યાં હતાં.

મોહને હિંમતભેર હાથ ધર્યો. અચલાએ જ્યારે મોહનના કાંડા પર રાખડી બાંધવા માંડી તો રામ ગડકરીને એના હાથ આનંદથી કંપી રહેલા જણાયા. પછી મોહને મીઠાઈના ટુકડા માટે મોં ખોલ્યું અને અચલાએ એના મોંમા એક ટુકડો મૂક્યો. ત્યારે મોહને ગિફ્ટ પેપર ખોલ્યું અને એમાંથી સાડી કાઢી. એના પર રૂપિયાની નોટ મૂકી અને બંને વસ્તુ અચલા તરફ ધરી.

રામ ગડકરીની આંખો ક્ષણ વાર માટે પહોળી થઈ ગઈ.

રક્ષાની આ વિધિ કરતાં કરતાં અચલા પણ ખામોશ હતી અને મોહન પણ ચૂપ. બંનેનાં શરીરમાં એકાએક ક્યાંક હાથ અડી જતો ને વીજળી પસાર થઈ જતી. પછી અચલા ધીમે રહી બોલી-

'આ દિવસ વારંવાર એમ ને એમ વાતવાતમાં મોહને રામ ગડકરી સાથે હાથ મિલાવ્યા. અચલાને નમસ્તે કર્યું અને ચાલવા લાગ્યો. દરવાજા તરફ જતાં એણે એક નિસાસો નાખ્યો અને બહાર નીકળી ગયો.'

અચલા હમેશની જેમ એને નીચે વળાવવા જવા માગતી હતી પણ આજ એના પગ અટકી પડ્યા !

'તારે ખુશ થવું જોઈએ, અચ્ચી !' રામે કહ્યું, 'ભાઈને રાખડી બાંધી છે.'

'હા,' અચ્ચીએ કહ્યું, 'પણ આજે સવારથી જ મારી તબિયત...'

'સવારથી જ તો આ બનાવતી રહી છે...એકઠું કરતી રહી છે...'

અચલાએ માથું હલાવી હા પાડી. રામે કહ્યું, 'મને તો એમ કે તું તારા ભાઇર.

આપેલી સાડી મને પહેરીને બતાવીશ...'

અચ્ચીએ ઉત્તર આપ્યો નહીં. એની આંખો બંધ થતી જોઈ રામ ગડકરીએ આવીને એને પકડી લીધી અને પ્રેમથી કહ્યું, 'શું થઈ ગયું મારી અચ્ચીને ?'

'કાંઈ નહીં,' અચ્ચીએ એક ધીમે અવાજે કહ્યું, 'મને પ્યાર કરો,' અને પોતાના હાથ રામની ચારે તરફ ભીંસી દીધા.

રામે અચ્ચીને છાતીએ લગાડીને ભીંસી દીધી.

'હજી વધારે,' અચ્ચીએ કહ્યું.

ત્યાર પછી અચ્ચીની આંખો બંધ થઈ ગઈ અને મોં ખુલ્લું રહી ગયું,

...ત્યાં સુધીમાં મોહન જામ અચલી અને રામ ગડકરીના મગજમાંથી નીકળી ગયો હતો.

# એક નાની અમથી વાત

ઈસ્મત ચુગતાઈ

'કેમ ? બરોબર સમજી ગયો ને ? એક જરા અમસ્તી વાત છે...' વકીલસાહેબે આગળ ઝૂકીને દૂબળાપાતળા છોકરાને પૂછ્યું.

ગોપાલસિંહના શૂન્ય (કિતાબી) ચહેરા ઉપર પીંઠીનો રંગ પથરાયો હતો. ખીલી જતી વયને કારણે ભૂરી દાઢી સરસવના દાણાની જેમ ફૂટી રહી હતી. કાનની બૂટ આગળથી પરસેવાના રેલા નીતરતા હતા એને એ હથેળીઓથી લૂછી રહ્યો હતો. થાકેલી આંખોને એણે અનેક મણના બોજાને ઉઠાવતો હોય એમ ઊંચી કરી.

એની આંખો જોઈ વકીલસાહેબ ચમકી ગયા. સોના જેવી પીળી હથેળીઓ ગુસ્સાથી કંપી રહી હતી...જાણે દૂધ ભરેલી કટોરીમાં સોનેરી તારા ચમકી રહ્યા હોય. અલ્લાપાકે કેટકેટલી રાત જાગીને એ આંખો બનાવી હશે !

'ના, વકીલસાહેબ,' ગોપાલે ઊંડો નિઃશ્વાસ મૂક્યો. એનું માથું વધારે નીચું ઢળી ગયું. સૂજી ગયેલી પાંપણોએ છલકતી કટોરીઓ ઉપર મોટો પડદો પાડી દીધો.

'અરે યાર, આટલીઅમથી વાત સમજાઈ નહીં ? રાખી જોડે તારો અયોગ્ય સંબંધ હતો. તમે બંને રાતમાં...'

'નહીં,' કોઈ અજાણ ફંદામાં ફસાઈ ગયેલી ગરદનને છોડાવવા માગતો હોય એ રીતે ગોપાળસિંહે પોતાનું માથું આમથી તેમ હલાવ્યું, 'એવું ના કહો, વકીલસાહેબ...ના કહો.'

'સરદારજી !' વકીલસાહેબે ટેબલ ઉપર જોસથી મુક્કો પછાડી કહ્યું, 'મારો સમય શા માટે બગાડો છો ? તમારો દીકરો મરવા જ માગતો હોય તો કોઇ વકીલ એનો જીવ નહીં બચાવી શકે...'

'વકીલસાહેબ,' ગોપાળસિંહના વૃદ્ધ પિતાએ આજીજી કરતાં કહ્યું, મારો એક જ પુત્તર છે, વકીલજી...ઈદી જાન બચાલોજી !'

'એમાં મારો શો વાંક છે, સરદારજી કે...તમારો એક જ પુત્તર છે ને એણે ફાંસીએ લટકવા જેવું કર્યું છે !'

'જો એને ફાંસી થશે તો...' વૃદ્ધ સરદાર ચિત્કાર કરી ઊઠ્યા.

'હું જેવું કહું એવું જ બયાન જો એ અદાલતમાં આપશે તો જ ફાંસીથી બચશે. આટલી અમથી વાત એને સમજાતી નથી. એના મગજમાં તો ભૂસું જ ભર્યું લાગે છે,

ભૂસું ! રાખી સાથે એનો સંબંધ હતો. જોગીંદરે એના રંગેલા હાથ પકડી લીધા. એના માથામાં લોહી ધસી આવ્યું. એ ડાંગ લઈને બંને ઉપર તૂટી પડ્યો. હુંસાતુંસીમાં ડાંગ જોગીંદરને વાગી અને એ ત્યાં જ ઢળી પડ્યો...'

'આ જુઠાણું છે. ડાંગ તો મારા હાથમાં હતી. હું જોગીંદરને મારવા માટે...'

'વળી પાછી અક્કલ વગરની એ જ વાત સરદારજી ! તમારો દીકરો એક નંબરનો બુદ્ધુ છે !'

'ગોપિયા ! મારી સામે જો તો, બેટા.....' વૃદ્ધ સરદારજીએ કહ્યું.

છોકરો ગભરાઈને વધારે ઝૂકી પડ્યો. એ જાણતો હતો કે એના વૃદ્ધ બાપની આંખો એવી વજનદાર છે કે એ એના મનને પકડી પાડશે અને પછી ક્યારેય નહીં છોડે એને.'

વકીલસાહેબે બંને હાથ વચ્ચે માથું પકડી લીધું. આવી લાચારી સાથે એમને ક્યારેય કામ પડ્યું નહોતું આ પહેલાં. વકીલસાહેબ જબરા દુન્યવી, કઠોર અને વ્યવહારુ માણસ હતા. કેટલાય ડાકુઓ, લૂંટારાઓ, ને ભયાનક માણસોને એમણે ફાંસીને માંચડેથી ઉતાર્યા હતા. કોઈ મુકદ્દમામાં એમણે લાગણીવશતાનો આશરો નહોતો લીધો. પરંતુ આ વૃદ્ધ સરદાર અને દૂબળાપાતળા છોકરાને જોઈ હૃદય ઉપર કોણ જાણે ક્યાંથી લાગણીનું પડ છવાઈ ગયું કે બિચારા લાચાર બની ગયા. કેવો ચહેરો હતો આ કમનસીબનો....ચંદનનો છોડ ભરીભાદરી માટીમાંથી તરફડીને બહાર ફૂટી નીકળ્યો હોય !

'ગોપાળસિંહ...ફાંસી જોઈ છે કદી ?'

'નહીં જી...'

'જાણે છે બચ્ચા, ફાંસી કેટલી ભયાનક હોય છે ? જીભ બહાર ખેંચાઈ જાય ને ગળચી હાથ જેટલી લાંબી થઈ જાય.' વકીલસાહેબ એકદમ ડરાવતા, દૃઢ અવાજે કહ્યું. એમની પીઠ ઉપર જ જાણે કાનખજૂરા દોડતા ન હોય ! ગોપાળસિંહના કોમળ હોઠ ધ્રૂજી ઊઠ્યા અને એણે હથેળીઓને દાંત વચ્ચે દબાવી દીધી. દૂધની કટોરીમાંથી તરતા સોનેરી તારનાં ફૂલોની પાંખડીઓ અહીં તહીં વીખરાઈ ગઈ.

'તું રાખીને નાનપણથી જાણે છે ?' વકીલસાહેબે વાત ફેરવી.

'હાજી. એ...એ લોકો સાથે જ રમતાં...' વૃદ્ધ સરદારે જમીન ખોતરતાં કહ્યું.

ગોપાળના ચહેરા ઉપર નિર્દોષ બાળપણ છવાઈ રહ્યું. વકીલસાહેબે ફરીથી ભગવાનની લીલા યાદ આવી ગઈ. દેવદૂતોએ કોણ જાણે કેટલા ચહેરીઓની માસૂમિયત ચોરીને આ છોકરા ઉપર ન્યોછાવર કરી હશે !

'એનો અર્થ એ કે નાનપણથી જ તમે એકબીજાને પ્રેમ કરો છો.'

'છોકરાંઓ તો વાંદરા જેવાં ! ઘડીમાં મળે, ઘડીમાં ઝઘડોય કરે. હમણાં લીલાછમ ઘાસમાં નાચકૂદ કરતાં હોય તો ઘડી પછી એકબીજાના વાળ ખેંચવા લાગી જાય. અને

રાખી તો સાવ તીખા મરચા જેવી હતી. કોઈની સાથે એને બે ઘડી પણ બનતું નહીં. બસ, એક ગોપાલ એની જોહુકમી સહી લેતો. ઘડપણની દોલત હતો ને ! એનું દિલ પણ ઉદાર હતું. રાખી તુંકારો કરતી ગુસ્સે ભરાતી ત્યારે માના ખોળામાં લપાઈ જતો. ને મનમાં આવે ત્યારે રાખી બોલાવતી ત્યારે એ દોડતો એની પાસે પહોચી જતો.'

થોડી વધારે મોટી થઈ ત્યારે બીજી છોકરીઓની ટોળીમાં જઈને કોણ જાણે શી શી વાતો કર્યા કરતી. અચાનક ગોપાળથી સાવચેત બની ગઈ.

'છોકરાઓ બહુ ખરાબ હોય છે. એમના મનમાં પાપ હોય છે. રાખીએ ગોપાળને સમજાવ્યું અને ગોપાળ સમજી ગયો. પછી એના મનમાં પાપ ઊભરાવા લાગ્યું અને પછી રાખીને પણ પાપમાં રુચિ થઈ ગઈ. ક્યારેક એ રિસાઈ જતી. ક્યારેક જાતે ને જાતે મનાઈ જતી.'

'એય ગોપી, જો...તેં મને કોઈ દિવસ પ્રેમબેમ કર્યો તો પરિણામ સારું નહીં આવે, ચાચીને કહીને ચંપલનો એવો સ્વાદ ચખાડીશ ને કે પાઘડી ઢીલી થઈ જશે-'

'જા જા ભૂત ! હડકાયો કૂતરો મને ઓછો જ કરડ્યો છે કે તારી સાથએ પ્રેમ કરુઠ ?' ગોપાળને લાગી આવતું.

'હટ્ટ પાજી, મારામાં કશી ખોડ છે ? કાળીકૂબડી છું ? લંગડી છું ? કાણી છું કે તું મને પ્રેમ ન કરે, બોલ ?' એ ઝઘડી પડી.

'બસ, મારી મરજી થશે તો કરીશ, ને મરજી નહીં થાય તો નહીં કરું.' ગોપાળ અકડતો.

'ઓહોહોહો. આવ્યો મોટો મરજીવાળો. હઠ, પડ ચૂલામાં,' એ ચિડાઈ જતી અને કેટલાય દિવસ નાક ફુલાવી ફરતી. ગોપાળની દુનિયામાં અંધકાર વ્યાપી જતો. એ ફિક્કા ચહેરા સાથે અહીંતહી ઘૂમતો. પણ પછી કોણ જાણે રાખીને શું થઈ આવતું કે એકદમ નરમ થઈ જતી.

'ઓય મા, ગોપી ! તારા વિના કેમ જીવીશ ? હું તો સોમલ ખાર લઈને સૂઈ જઈશ.'

ગોપાળના ચહેરા ઉપર રોનક પથરાઈ જતી. આંખો સળગતી કે તરત તે એકદમ મિજાજ બદલીને ફૂંફાડો મારતી.

'કેમ રે, તારા મનમાં તું સમજે છે શું રે ? ખબરદાર જો મીઠી મીઠી નજરે જોયું છે તો ! સોગનથી કહું છું, તારી આંખો ફોડી લઈશ.' એ એકદમ ધૂંધવાઈ ઊઠતી.

વાહ ! આ ભગવાનેય પુરુષસ્ત્રીની વચ્ચે કેવું તોફાન જોડી દીધું છે ? એક ઘૂંટ અમૃતનો તો બીજો ઘૂંટ ઝેરનો. ક્યારેક ગુસ્સામાં પ્રેમ તો ક્યારેક પ્રેમમાં ગુસ્સો–અને બંનેમાં એક લિજ્જત. બંનેમાં દુઃખ.

'ગોપી-રે ? અહીં હું નાહી રહી છું. તું બીજી તરફ મોં કરીને બેસજે અને આ તરફ

જો નજર કરી તો તારી આંખો જ ફોડી નાખીશ...'

પરંતુ જ્યારે ગોપાળ ખેરખર મોઢું ન ફેરવ્યું અને ઊઠીને બીજી બાજુ પથ્થરની આડશે ચાલ્યો ગયો ત્યારે રાખીને મનમાં ઓછું આવી ગયું !

જ્યારે રાખીની ચીસો સાંભળી એ બચાવવા પાણીમાં કૂદી પડ્યો ત્યારે ફૂલમાંથી કાંટો બની ગઈ. એનો આખો ચહેરો ઉઝરડી નાખ્યો. ખૂબ ગાળો દીધી. એના વાળ ખેંચ્યા. બિચારો ડૂબતાં માંડ બચ્યો.

'નાલાયક ! મને ડૂબવા દેવી હતી ને ! સુવ્વર, હું તારી કોણ છું ?'

ગોપાળે વિરોધ કર્યો ત્યારે એણે ખૂબ મહેણાંટોણાં કર્યાં પરંતુ ગોપાળ ખસિયાણો પડીને પાછો જવા લાગ્યો ત્યારે એ ઢીલી પડી ગઈ.

'ચાલ જનમના વેરી ! હવે તો તેં મને જોઈ જ લીધી છે અને તારાં કપડાં પણ ભીંજાઈ ગયાં છે. પેલા પથ્થર પર સૂકવી દે અને તુંયે નાહી લે. તારા શરીરમાંથી દુર્ગંધ આવે છે. હા ખબરદાર ! આ બાજુ આવીશ નહીં, પેલ્લી બાજુ નાહજે, હોં !'

પરંતુ ઘૂના બાજુ કોણ રહેવાનું હતું-ને પાછી આવી દૂરતા તો વધારે ખતરનાક પુરવાર થાય છે. એકદમ નિકટમાં પડદા વિના રહેવાનો ખતરો પણ દૂર થઈ જાય છે. શબરાતી પાણીની બહાર ને ઘણો દૂર હતો. એ જોઈ ગયો ને શોરબકોર કરી મૂક્યો. રાખીના બાપને જઈને ફરિયાદ પણ કરી દીધી.

જબરી હો-હા થઈ. જોકે વાત તો એટલી જ હતી કે ગોપાળના વાળમાં ફસાઈ ગયેલી રાખીની નથ એ કાઢતો હતો. પરંતુ શબરાતીએ જે હો-હા મચાવી એનાથી રાખીની નથણી તૂટતાં બચી. આખા ગામમાં હોબાળો મચી ગયો. રાખીના દારૂડિયા બાપે એને ચાર થપ્પડ લગાવી દીધી. વાળ ખેંચી એને આખા આંગણામાં ઘસડ્યો અને પછી ભૂખ્યોતરસ્યો કોટડીમાં પૂરી દીધો.

ગોપાળસિંહને મનમાં એવું હાડોહાડ વ્યાપી ગયું કે એને સખત તાવ આવ્યો. બીજા દિવસથી ટાઈફૉઇડની બીમારીમાં એનો જીવ જોખમમાં ન મુકાયો હોત તો માનસિંહે કુહાડીથી એની ગરદન ઉડાવી દીધી હોત.

બે મહિના એણે જીવનમરણ વચ્ચે ઝોલાં ખાધાં. જે દિવસે રાખીનાં લગ્ન જોગીંદર સાથે થયાં તે દિવસે વૈદ્યે ગોપાળની જિંદગી બચી જશે એમ જણાવ્યું. જ્યારે ધીમે ધીમે ચાલીને તડકામાં બેસવા જેટલો શક્તિમાન થયો ત્યારે લોકો તળાવવાળા કિસ્સાને ભૂલી ચૂક્યા હતા. આમેય ગામની તવારીખમાં આ કાંઈ એવી અસામાન્ય અને ભયાનક ઘટના નહોતી.

'બીમારીમાંથી સાજા થયા પછી તને રાખીનાં લગ્ન થઈ જવાને લીધે અફસોસ થયો હશે !' વકીલસાહેબે પૂછ્યું. ગોપાળ વિચારમાં પડી ગયો. માંદગીમાંથી ઊઠ્યા પછી તો ઘણા દિવસ સુધી એ ખાવા માટે ઝાંવાં નાખતો હતો. વૈદ્યજી કહેતા હતા કે માત્ર પાતળી દાળ આપો. અને ગોપાલને તો આખી દુનિયા ખાઈ જવાની ભૂખ

લાગતી. પછી એ જરા તગડો થયો ત્યારે કામ પર જવા લાગ્યો. રાખી બનીઠનીને સાહેલીઓ સાથે ઠઠ્ઠામશ્કરી કરતી અને ચળકતાં ઘરેણાં દેખાડતી ફર્યા કરતી. એ ચિડાઈ ગયો-'સ્ત્રીની જાત જ બદતર હોય છે' આ વિચારતાં એનું હૃદય થીજી જતું- 'ઘરેણાંકપડાં પહેરાવીને વહુ બનાવી દો-'

'મેરે તો ગિરિધર ગોપાલ , દૂસરા ન કોઈ.'

કેવા લહેકાથી ગાયા કરતી - હાય, ગોપિયા ! તારા વગર કઈ રીતે જીવીશ ? - ને તેમ છતાંય કેવી લહેરથી જીવન વિતાવતી હતી !

'જા જા, તું વળી ક્યાંથી ગિરધર બની બેઠો, મૂરખ ! તું તો ગોપાળ- અરે ભઈ, તું મારો કોઈ જ નથી…'

એક દિવસ સૂપડું માગવા આવી તો ગોપાળને ચીડવવા લાગી. કોણ જાણે કેમ ગોપાળની આંખો ભીની થઈ ગઈ. એ મશ્કરીમાં હસવા લાગી.

'હાય ! હું મરી ગઈ. અરે કોઈ દિવસ મરદ માણસ રડતો હશે ? એ તો બીજાને રડાવે…'

'જોગીંદર તને સારી પેઠે રડાવશે, જોજે ને !' એણે ટોણો માર્યો.

રડાવશે તો રડીશ, હસાવશે તો હસીશ. મારો સ્વામી ઠર્યો ને !'

ગોપાળને થયું કે રાખીના ગાલ પર એવી તો જોરથી થપ્પડ મારે કે એના સફેદ ચોખા જેવા કુમળા કુમળા બધાય દાંત એકીસાથે બહાર નીકળી આવે, પરંતુ એ સ્ત્રી ઉપર હાથ ઉગામવાનું શીખ્યો નહોતો. એ ઊઠીને જવા લાગ્યો ત્યારે રાખી મનોમન સમસમી ઊઠી.

'અરે ગોપાળ ! નારાજ થઈ ગયો ? ના, ના. ખોટું ના લગાડીશ.' એ એના પગમાં પડી ગઈ. 'અરેરે ! તું જો સાચેસાચ રિસાઈ જશે તો મારો જીવ નીકળી જશે, અરે, મારો ચોટલો ઝાલીને બે થપ્પડ મારી લે, પણ ગોપિયા, મારા પર રિસાઈશ નહીં, તું જ તો મારું સર્વસ્વ છે !' એણે ભારેખમ અવાજે કહ્યું, 'લગ્નની વાત તો જુદી છે…આપણો તો જનમ જનમનો સાથ છે, તું જ મારો ગિરિધર ગોપાળ નથી તો કોણ છે ? જો ગોપી, મારા પર કોઈ સંકટ આવી પડશે તો હું તને જ પોકારીશ. ને તો મારી રક્ષા માટે તું તારું ચક્ર ઘુમાવતો આવજે. આવીશ ને ? વચન આપ !'

ગોપાળ એને છોડીને ચાલ્યો ગયો. એણે રાખીને કોઈ વચન આપ્યું નહીં. પરંતુ વચન આપવું. ન આપવું એ શું એના હાથની વાત હતી ?

એ જ્યારે આવતી ત્યારે એના પતિના ગુણ ગાવા લાગતી, 'હાય રામ ! મને એટલો પ્રેમ કરે છે બસ…' એ આંખોમાં તોફાન લાવીને કહેતી, અને ગોપાળ ગુસ્સાથી લાલચોળ થઈ જતો ત્યારે એ ખડખડાટ હસી પડતી.

'અરે ગોપાળ ! તું માર વરની ઇર્ષ્યા કરે છે ?' એ ચીડવતી.

'અને તને ઢોરમાર મારે છે ત્યારે…?'

'હા મારે છે, પણ લાડ કેટલાં લડાવે છે ?' એ આંખો નચાવતી કહેતી, 'બધાય ભાયડા પોતાના બૈરાને મારે. તારી જોડે પરણી હોત તો તુંયે મને છોડવાનો હતો ? તુંયે મારપીટ કરતે...'

'હું ક્યારેય તને ન મારત.'

'ખરેખર ! કદીક પ્રેમથીયે ન પીટતે ?' પરંતુ રાખીને આ હાસ્ય થોડા દિવસનું જ હતું. વર્ષ પણ ન વીત્યું ત્યાં તો જોગીંદર કોઈ કોઈ દિવસે ઘરમાંથી અદશ્ય રહેવા લાગ્યો. નશામાં ચકચૂર હોય ત્યારે એટલી ભારે ધાંધલ મચાવતો કે આખા મહોલ્લામાં વાત ફેલાઈ જતી. ચારે બાજુથી ગાળો સંભળાતી અને પછી ચુપકીદી છવાઈ જતી. દર ત્રીજાચોથા દિવસે ફરી આવો તમાશો થતો અને આખરે તો આ રોજની ઘટના બની ગઈ. આ બાજુ રાત અડધી વીતે કે રાખીની ચીસો સંભળાય. મહોલ્લાવાળા પણ હવે ટેવાઈ ગયા હતા. ક્યારેક ભારે આફત મચી જતી ત્યારે થોડું ચોંકી જતા પણ ગોપાળના કાનમાં રાખીની ચીસો ગરમ સળિયાના ડામની જેમ ચંપાઈ જતી. રાખીનાં ઘરેણાં ધીરે ધીરે એના શરીર પરથી ગાયબ થવા માંડ્યાં. જોગીંદર હવે અઠવાડિયાંઓ સુધી અદશ્ય રહેવા લાગ્યો.એ નોકરીઓ પણ ઘણી બદલી ચૂક્યો હતો. રાખી ખૂબ બીમાર પડી ગઈ. ગર્ભપાત થયા પછી બીજી સ્ત્રીઓની ટકટક પણ શરૂ થઈ ગઈ. હવે એણે ઘરની બહાર નાકળવાનું પણ ઓછું કરી નાખ્યું હતું.

જ્યારે કોઈ પતિ પોતાની પત્નીને મારે, પીટે અથવા એનો અનાદર કરે ત્યારે લોકો હમેશાં પત્નીને જ ગુનેગાર ઠરાવે છે. બધા દોષ રાખીના જ ગણાવા લાગ્યા. લોકો પણ મોઢે જ સંભળાવવા લાગ્યા.

એક દિવસ એ તળાવેથી પાણી ભરીને આવતી હતી અને ગોપાળની સાથે ઝઘડી પડી. રાખીનાં કપડાં મેલાં અને ફાટેલાં હતાં. વાળ સૂકા અને ચહેરો પીળો પડી ગયો હતો. એ ડોલ ઊંચકીને આવતી હતી ત્યારે એના પગ જમીન પર સરખા પડતા નહોતા. ગોપાળનું લોહી ઊકળી ઊઠ્યું. એ એની સામે જઈને ઊભો રહ્યો.

'ગોપી, મારા રસ્તામાંથી દૂર થઈ જા,' એના શ્વાસ ઊંચા હતા છતાં હાથમાંથી ડોલ છોડ્યા વિના જ એ બોલી.

'કાલે રાતે તારા પતિના પ્રેમભર્યા અવાજો જોરશોરથી સંભળાતા હતા...' ગોપાળે તીણો કટાક્ષ કર્યો.

'ચલ, હટ્...તું કોણ...?'

'હું તારો કોઈ નહીં, રાખી ?'

'ના, આંખમાં ધસી આવતાં આંસુના ભયથી મોઢું ફેરવી લીધું.'

'ન ગિરધર, ન ગોપાળ...?'

'મને જવા દે, ગોપી...'

'મારાથી છુપાવીશ ?'

'કહેવાથી શો ફાયદો ? કોઈ શું કરી શકે એમ છે ?'

'હું એ હરામીનો ટોટો પીસી શકું એમ છું...'

'ઓ મા ! તું મને વિધવા બનાવશે...?'

'હા, હવે તારી ચીસો મારાથી સાંભળી જતી નથી...'

'તો તારા કાનમાં રૂ ઠાંસી દે...'

'હું એની છાતીમાં કિરપાણ ભોંકી દઈશ...' ગોપાળનો અવાજ ધ્રૂજી રહ્યો.

'હાય રામ ! હવે હું ચીસો નહીં પાડું. મોંએ તાળું લગાવીશ...'

'...તોયે તારી ચીસો મને સંભળાશે તો ?'

'હું પોકારું, ન પોકારું તોય ગોપાળને ચક્ર લઈને આવવું જ પડશે.' એ પાસેના પથ્થર પર બેસી ગઈ. હસવા લાગી અને પછી તરત ઉદાસ થઈ ગઈ.

'એ હવે જો તને મારશે ને તો હું એનો જાન લઈશ,' એ ગસ્સામાં ઊઠીને જવા લાગ્યો ત્યારે રાખી એના પગમાં પડી ગઈ. એના શરીરમાંથી બધી શક્તિ સરી ગઈ.

'ગોપી!' એ ધીરેથી બોલી. ગોપાળનો જીવ ઊંડો ઊતરી ગયો.

'શું છે?' એ ચિડાઈને બોલ્યો.

'તારો ચહેરો જોઈને જીવ ધરાતો નથી,' એ ભૂખી નજર એના ચહેરા પર માંડતા બોલી.

'મને જવા દે, રાખી!' ગોપાળે જવા માંડ્યું.

'અરે, હવે તું ભાગીને ક્યાં જવાનો હતો ગોપી?' એણે પગ છોડીને એનો હાથ પોતાના ખોળામાં લઈ લીધો — જે ખોળો થોડા દિવસ પહેલાં ઊના અંગારાથી ભર્યો હતો, 'મારો ને તારો સંબંધ આ હાથપગનો ઓછો છે કે સહેલાઈથી તૂટી શકે? તારા મનથી તું નીકળી જઈશ પણ મારા મનમાંથી કેવી રીતે છૂટી શકવાનો છે?'

ગોપાળસિંહ આગળ ઝૂક્યો. એણે માથું એવું તો આમતેમ હલાવ્યું કે જાણે એ કોઈ સાંકડી તરાડમાં ફસાઈ ગયું ન હોય!

'મુનશીજી! કાન ખોતરવામાંથી નવરાશ મળી હોય તો જરા પાછલા મુકદ્દમાની ફાઈલ સરકાવો તો,' વકીલસાહેબે એક ઠંડો શ્વાસ લીધો. 'સરદારજી, છોકરો બહાનાં કાઢે છે. એ વાતમાં તો કંઈ શંકા નથી કે રાખીએ આને ફસાવી દીધો હોય.'

'ના, વકીલસાહેબ ના!' ગોપાળ કંટાળી ગયો હતો.

'અરે ભાઈ! કેટલાય પુરુષો દારૂ પીએ છે અને પત્નીને મારઝૂડ કરે છે. પણ તેથી કાંઈ બીજાની ઊંઘ હરામ થાય નહીં...'

'પરંતુ એની ચીસો મને પાગલ બનાવી દેતી હતી, વકીલસાહેબ ! એટલે મેં સોગન લીધા કે જોગીંદરને હું ખતમ કરી દઈશ...પરંતુ હું ત્યારે કાયર નીકળ્યો...' ગોપાળસિંહે એનું માથું બંને હાથમાં લઈ ઢાળી દીધું.

ચીસો કાળી રાતની શાંતિનો ભંગ કરતી હતી. લોકો દિવસભરની મહેનતના

થક્વી દેતા નશામાં બેહોશ હતા. પરંતુ એક કમનસીબ જાગી રહ્યો હતો.

એણે દરવાજાની સાંકળ ખખડાવી. દરવાજો ઉઘાડો હતો અને એણે જોયું તો રાખી ખાટલાની ચારે બાજુએ દોડી રહી હતી. જોગીંદર એની પાછળ પડ્યો હતો. રાખીનું ચંદન જેવું શરીર ભૂરું પડી ગયું હતું — જાણે કેટલાય સાપે ફેણ ન મારી હોય! ગોપાળને જોઈ જોગીંદરે આંખો પટપટાવી.

'કોણ છે તું ભાઈ?' એણે પ્રેમથી પૂછ્યું.

'એને મારો નહીં,' ગોપાળે વિનંતી કરી.

'કેમ?' એને ખરાબ લાગ્યું. 'તું કોણ છે?' એનો પ્રેમી?'

'ના.'

'અરે, તું એનો પ્રેમી નથી? કેમ? ભાઈ, તું એનો પ્રેમી કેમ નહીં? હુંય એનો પ્રેમી નથી. મૂતર જેવી વાસ મારે છે. જરાય સુગંધ નહીં. જરા સૂંઘી જો. અરે, કહ્યું ને, જરા સૂંઘી જો, આને.'

'તું નશામાં છે જોગીંદર—'

'અચ્છા, એને પ્રેમ કર...સાવ ગંદી વાસ આવે છે, જો તુંયે મારો ભાઈ જ છે ને? તું એને પ્રેમ કરી લે! હું તને કહું છું ને...'

'બકવાસ બંધ કર,' ગોપાળનું લોહી ઊકળી ઊઠ્યું. એણે ધીમે રહીને જોગીંદરની ગળચી પકડી લીધી. પછી આંચકો આપવા લાગ્યો. પરંતુ એ એક ઇંચ પણ હાલ્યો નહીં. એ તો પહાડની જેમ ઊભો ઊભો હસતો રહ્યો અને ગોપાળ માખીની જેમ ગણગણતો રહ્યો. પછી જોગીંદરે ધીમે રહીને માખીને ઝાપટ મારી બહાર ફગાવી દીધી અને દરવાજો બંધ કરી દીધો. અને અંદરથી આવતી ચીસો પછી ગોપાળના મનમાં ઘનઘોર વાદળાંઓની જેમ વરસ્યા કરી.

આ જ દિવસોમાં ગોપાળને માટે ઇન્દોરથી માગું આવ્યું. એ પોતાના પિતા સાથે કન્યા જોવા ગયો. ત્યાં નિર્મલનું હાસ્ય હતું, રાખીની ચીસો નહીં. સગાઈ પછી એ પાછો ફર્યો ત્યારે સૌ વધાઈ દેવા આવ્યાં. રાખી તો ખૂબ આનંદમાં આવી ગઈ. એને આનંદમાં જોઈ ગોપાળ પણ ખુશ થઈ ગયો.

'કેવું લાગ્યું?' બધાં વીખરાઈ ચૂક્યાં ત્યારે રાખીએ ગોપાળને પૂછ્યું.

'સરસ.'

'નિર્મલ રાણી વિશે કહે — જાડી તો નથી ને?'

'ના, ઠીક છે.'

'ઊંચી છે કે ઠીંગણી?'

'મારી ચિબુક સુધી આવે.'

'આ ... હા! અને હાથપગ? ગોરા ગોરા? નાના નાના?'

'બહુ ગોરા તો નહીં, હા, નાનકડા બચુકડા...'

'ને કમર? કમર તો પાતળી હશે જ ને?'

'હવે એની મને કેમ ખબર પડે? પાતળી છે કે જાડી... મેં કાંઈ માપ નથી લીધું...'

'અરે ભોળાભાઈ, એનો જ તો ખરો ખેલ છે. હવે જાય તો આખું શરીર માપી આવજે, હાં...'

'તેં તારા પતિનું માપ લીધું તું?'

'હવે એની વાત અહીંયાં ક્યાં આવી?' એ છેડાઈ પડી, 'તારી વાત તો પૂરી કર. એને પ્રેમ કર્યો તેં?

ગોપાળે હા પાડી ને હસ્યો.

'મજા પડી હશે, નહીં? મારો પતિયે જ્યારે પ્રેમ કરતો ત્યારે જીવ હોઠ પર આવી જતો...'

'ને હવે પ્યાર નથી કરતો?' ગોપાળે ચીડવી.

'જવા દે, હું અભાગણ છું ને...!' એણે નિસાસો નાખ્યો.

'ગોપાળસિંહ! રાખી કોર્ટમાં એવું બયાન આપવા તૈયાર છે કે એનો તારી સાથે આડો સંબંધ હતો?—' વકીલસાહેબે ફરી પૂછ્યું.

'નાલાયક, સુવ્વરની બચ્ચી!' ગોપાળ બગડ્યો, 'જુઠ્ઠી કહીંની!' પોતાની રાખી પર આવડા મોટા પાપનો આરોપ નાખનારી એ બીજી રાખી પર એણે ગાળોનો વરસાદ વરસાવ્યો.

એ ચીસો પહેલાં કરતાંય વધુ ભયાનક બનતી ગઈ. રાતના સન્નાટાને ચીરતી ડાકણોની જેમ ચીસો પાડતી અને હીબકાંમાં ડૂબી જતી ને ફરી પાછી શરૂ થતી. આંખો મીંચતાં પણ હવે ગોપાળને ભય રહેતો કે કદાચ એ આંખો બીડે ને ફરી ચીસો શરૂ થાય તો? ઊંઘ હરામ થઈ જતી. ક્યારેક ચીસોની વાટે એ સવાર સુધી જાગતો ત્યારે ન તો ચીસ સંભળાતી કે ન ઊંઘ આવતી.

એ રાતે એણે કુહાડી ઉઠાવીને પથ્થર પર ઘસી, એની ધાર તેજ બનાવી.

રાત અરધી વહી ગઈ, પણ ચીસનો અવાજ સંભળાયો નહીં. કદાચ જોગીંદરની રંડી આજે ખુશ હશે. ગોપાળની આંખો ઘેરાવા લાગી. એ સૂવાની તૈયારી કરતો હતો.

પહેલી ચીસ જ્યારે એના કાને અથડાઈ ત્યારે એને ભ્રમ જેવું લાગ્યું. કદાચ કોઈ વીતી ચૂકેલી ચીસનો એ પડઘો હશે. પણ સતત અરધા કલાક સુધી રાખીની ચીસો ગોપાળના હૃદયને ચીરતી રહી. ઓહ, કોઈક હથિયારથી એણે પોતાનું જ માથું કાપી લીધું હોત તો ! ચીસોથી છુટકારો થાત.

પછી જે કંઈ બની ગયું એમાનું ગોપાળને કશું યાદ રહ્યું નહીં. હા, એટલું યાદ છે કે જોગીંદર રાખીને વાળ પકડીને કપડાંની જેમ ઝીંકી રહ્યો હતો. રાખીના શરીર પર એની ઉઝરડાઈ ગયેલી ચામડી સિવાય કશું નહોતું. નાકમાંથી લોહી દડીને છાતી

પરથી છેક ઘૂંટણ સુધી ટપકતું હતું. ક્યાંક લોહી સુકાઈને શરીર પર માંસના લોચાની જેમ બાઝી ગયું હતું. જોગીંદર એનું માથું જમીન પર પટકી રહ્યો હતો.

રાખીના જમણા હાથનું હાડકું તૂટીને બહાર નીકળી ગયું હતું. જ્યારે સહારો મેળવવા એ જમીનને પકડવા મથતી ત્યારે એનો લબડી ગયેલો હાથ પાછળ જ રહી જતો અને હાડકું કાચી માટીની જમીનમાં ઘૂસી જતું ! આ કાચી માટીની જમીન ગોપાળની ધડકતી છાતી હતી !

આ આખરી ચિત્ર એની આંખોની કીકીઓમાં જડાઈ ગયું હતું. ફાંસી મળ્યા પછી ચિતા ઉપર પણ આ ચિત્રને એનાથી દૂર કરી શકાય એમ નહોતું.

એના હાથની દસે આંગળીઓ દાતરડા જેવી બની ગઈ. જોગીંદરનું માથું પલંગ નીચે લબડી પડ્યું. લાત મારીને ગોપાળે એને બહાર કાઢ્યું અને જોસભેર પછાડ્યું.

ગોપાળના શ્વાસ એનાં ફેફસાં રુંધાઈ રહ્યા. દૂધની છલકતી કટોરીઓમાં કાળા કાળા તાર વીંટળાઈને તરતા રહ્યા. સોનેરી તારનો ઝણકાર મંદ પડી ગયો.

'મેં જ જોગીંદરને માર્યો છે, ને જનમોજનમ હું એનું ખૂન કરીશ...'

વકીલસાહેબની આંખો ઝૂકી ગઈ.

બૂઢા સરદારજીની ઉંમરમાં વીસ વરસ સૂકાં પાનની જેમ ખરી ગયાં. છાતી ફૂલી ગઈ.

'વકીલસાહેબ !' એના જવાબમાં ખાતરી હતી, 'મારા દીકરાનું બયાન બરાબર છે, એને બદલવાની કાંઈ જ જરૂર નથી...'

# ચોથની પહેરામણી

## ઈસ્મત ચુગતાઈ

માઢિયામાં આજે એક સ્વચ્છ જાજમ પાથરવામાં આવી હતી. નળિયાંના છાપરામાંથી આવતા તડકાની વાંકીચૂકી જાળી આખી ઓસરીમા પડી હતી. મહોલ્લાની સ્ત્રીઓ સૂનમૂન અને ઊભડક જીવે બેઠી હતી,જાણે કોઈ મોટો બનાવ બનવાનો ન હોય ! માવડીઓએ બાળુડાંને છાતીએ વળગાડ્યાં હતાં. ક્યારેક કોઈ ચીડિયું અને મોટું થઈ ગયેલું બાળક દૂધ ઓછું આવવાને લીધે રડારડ કરી મૂકતું કે તરત જ 'ના...ના...મારા લાડલા...' કહેતી દૂબળીપાતળી મા એને ગોઠણ પર સુવડાવતી, એને એવું તો હલાવતી કે જાણે સૂપડામાંથી ચોખા સાફ કરતી હોય. અને છોકરું હોકારાથી શાંત થઈ જતું !

આજે કેટલીય આશાભરી આંખો કુબ્રાની માનો ચિંતાતુર ચહેરો જોવા એના પર મંડાઈ હતી. કપડાંની લંબાઈના બે છેડા તો સંધાઈ ગયા હતા પણ હજી સફેદ ગજીનાં નિશાન વેતરતા કોઈને આવડતું નહોતું. કાપકૂપને ટાણે ઓઢણીઓ ઓઢાડી હતી, કેટલાંયની છઠ્ઠીઓ ઊજવીને ઝભલાં પહેરાવ્યાં હતાં, તો કેટલાયને કફન પણ ઓઢાડી દીધાં હતાં. શેરીમાં જ્યારે પણ કોઈ ઠેકાણે કપડું ઓછું પડે અને ગમે તેટલી મહેનતે એનું માપ બેસે નહીં ત્યારે કેસ કુબ્રાની મા પાસે જ લાવવામાં આવતો. કુબ્રાની મા કાન* કાઢી આપતી. ક્યારેક કાંજી તોડતી, ક્યારેક ત્રિકોણ કે ચોરસ બનાવતી અને મનમાં ને મનમાં કાતર ચલાવીને આંખના માપ ઉપર મલકી રહેતી.

'બાંય ને ઘેર તો આવી રહેશે. બટનપટ્ટી માટેનું કપડું મારી પોટલીમાંથી લઈ લેજો,' અને મુશ્કેલીમાંથી માર્ગ મળી જતો. કપડું કાપીને ટુકડાઓનો વીંટો વાળીને હાથમાં આપી દેતી. પણ આજે આ સફેદ ગજીનો ટુકડો તદ્દન નાનો હતો. બધાંને ખાતરી હતી કે આજે કુબ્રાની માનું માપ ચાલવાનું નથી. એટલે જ તો બધી સ્ત્રીઓ તેના મોં સામે તાકીને જોઈ રહી. પણ કુબ્રાની માના ધૈર્યશીલ ચેહરા પર ચિંતાનો અણસારો પણ નહોતો. ચારપાંચ ક્ષણ એણે આંખેથી ગજીને માપ્યું. લાલ કિનારની છાયા એના પીળા પડી ગયેલા ચહેરા પર ઉષાની જેમ ફૂટી રહી અને ઉદાસ ઉદાસ લાગતી ઊંડી કરચલીઓ અંધારી ગુફાની જેમ એકદમ જાગી ગઈ, જાણે ઘોર જંગલમાં આગ ન લાગી ગઈ હોય ! અને એણે મલકાઈને કાતર હાથમાં લીધી.

શેરીની સ્ત્રીઓએ છાતીના ઊંડાણમાંથી એક નિરાંતનો શ્વાસ લીધો. ખોળામાં રાખેલાં છોકરાંઓ ખેસવ્યાં. સમડી જેવી તીખી નજરવાળી કન્યાઓએ ઝડપથી

સોયદોરા પરોવ્યાં. નવી પરણેલી વહુઆરુઓએ આંગળીઓમાં વીંટીઓ પહેરી લીધી. કુબ્રાની માએ કાતર બરાબર ચલાવી હતી. માઢિયાના છેલ્લા ખૂણામાં પલંગ પર હમીદા બેઠી હતી. એના પગ નીચે લટકતા રાખીને એ હથેળી લમણે રાખી કશા વિચારમાં પડી હતી. બપોરનું જમવાનું પતાવીને મોટીબહેન માઢિયાના ઊમરામાં બેસી જતી અને પોટલું ખોલીને રંગબેરંગી કપડાંઓનો પથારો કરતી. ચોકડી પાસે બેસીને વાસણ માંજતી. કુબ્રાની મા ત્રાંસી આંખે લાલ લાલ કપડાના ટુકડા તરફ જોતી અને એક રાતી ઝલક એના ફિક્કા પડી ગયેલા પીળા ચહેરા ઉપર ઉપસતી આવતી. રૂપેરી કટોરીવાળો લેસ એ જ્યારે પોતાના હાથ લાંબા કરી ખોળામાં પાથરતી ત્યારે એનો કરમાયેલો ચહેરો અજબ અરમાનોના પ્રકાશથી ઝગમગ થઈ રહેતો. ઘેરી જરીઓ પર કટોરીનાં ટપકાં જાણે નાની નાની મશાલોની જેમ ઝગમગી ઊઠતાં! પ્રત્યેક ટાંકે જરીનો લેસ હલતો અને મશાલો કંપી ઊઠતી.

કોને ખબર એ શબનમી દુપટ્ટા પહેલાંયે કેટલાય દુપટ્ટા બનાવ્યા, પેટીઓ તૈયાર થઈ અને ભારે લાકડાની કબર જેવી પેટીના ઊંડાણમાં વિલીન થઈ ગયા. કટોરીની ભાત ઝાંખી પડી ગઈ. કોર ગળી ગઈ. પણ કુબ્રાની જાન આવી નહીં. જ્યારે એક પહેરામણી જૂની થઈ જતી ત્યારે એને ઘરમાં વાપરવાનાં કપડાં ગણી ચલાવી લેવાતી. પછી ફરીથી નવી પહેરામણી સાથે નવી આશાઓની શરૂઆત થતી. શોધખોળ ચાલતી ને નવો અતલસ બિછાવવામાં આવતો. માઢિયાની જમીન પર સાફસૂફ કરેલી જાજમ પથરાઈ જતી. શેરીની સ્ત્રીઓ મોંમાં પાન ને કાખમાં છોકરાં તેડીને ઝાંઝર ઝમકાવતી આવી લાગતી.

'નાના કપડાની ગોઠ તો કાઢી શકાશે પણ વચ્ચેનું કપડું નહીં નીકળે.'

'લ્યો બુવા, સાંભળો. છેડેય વચ્ચેનું કપડું મારું હાળું જોશે !'

અને બધાંના ચહેરા ચિંતાતુર થઈ જતા. કુબ્રાની મા ચુપચાપ ત્રાંસી આખં કપડાની લંબાઈપહોળાઈ માપતી અને વહુઆરુઓ અંદર અંદર નાના કપડા વિશે ગુસપુસ કરતી હસાહસ કરી ઊઠતી. એટલામાં કોઈ મનચલી વળી ફટાણું ગાવા માંડતી ને કોઈ એમાં આગળ આવીને માંડતી ગાળો દેવા ને ગાવા. પછી તો જેમ આવે તેમ ઢંગધડા વગરની મશ્કરીઓ શરૂ થઈ જતી. આવે સમયે કુંવારી કન્યાઓએ માઢિયાની બહારની ચાલીમાં માથે ઓઢીને બેસવાનો હુકમ થતો. અને જયારે જયારે માઢિયામાંથી હસાહસનો અવાજ બહાર આવતો ત્યારે નિસાસા નાખતી એ લોકો બેસી રહેતી, 'હે અલ્લા ! આવી મશ્કરી અમારે ભાગે ક્યારે આવશે !'

એ બધાંની દૂર કુબ્રા બિચારી શરમની મારી મચ્છરવાળી કોટડીમાં મોં છુપાવી બેસી રહેતી. અને ત્યારે કાતરકામ નાજુક પરિસ્થિતિએ પહોંચી જતું. કોઈ કળી ઊલટી કપાઈ જતી અને જોડે જોડે વહુઓનો મિજાજ પણ જતો. કુબ્રા અસ્વસ્થતાથી દરવાજાના આડમાંથી જોઈ રહેતી.

કોઈ પણ જોડી સુખેથી સિવાતી નહોતી એ જ એક મુશ્કેલ હતું ! જો કળી ઊલટી કપાઈ તો સમજી જ લેવું કે નવું માગું નાખ્યું હોય એમાં કંઈક ને કંઈક તકલીફ ઊભી થવાની જ. કાં તો વરની કોઈ રખાત નીકળે ને કાં તો છોકરીને ઘોડાની જગ્યાએ ગાડીએ જોતરીને વરની મા બાંધી લેશે. જો ગોઠમાં બરાબર ચાલ્યું તો મેહર ટાણે વાત તૂટી જાય ને નહીં તો પલંગ પર જ ઝઘડો થઈ જાય. ચોથનું શુકન ખૂબ જ નાજુક મનાય છે. માની બધી કુશળતા અને ચોખ્ખાઈ પણ કામ આવી જતી. કોણ જાણે ખરે ટાણે જ શું થઈ જતું કે વાત આગળ વધી જતી. નિશાળે બેસાડવાના દિવસથી માએ ટેભા તાણવા શરૂ કર્યા હતા. થોડું પણ કપડું બચ્યું હોત તો આભલાં ભરીને નાનકડું ફૂલ બનાવે. દીકરી તો ક્યારે મોટી થાય એની ખબરેય ન પડે. જાન આવશે ત્યારે આ જ કામ લાગશે. અને જ્યારથી પિતા ગયા છે ત્યારથી આ બધું એકદમ ભુલાઈ ગયું છે. હમીદાને એકદમ એના પિતા યાદ આવ્યા. એ કેટલા દૂબળા હતા. મહોરમના ઝંડાની જેમ ઊંચા. વાંકા વળતા ત્યારે ટટ્ટાર થવું ભારે પડતું. વહેલી સવારે ઊઠીને લીમડાનું દાતણ તોડી આવતા ને હમીદાને ખોળામાં બેસાડી વિચારમાં પડી જતા. ત્યારે દાતણની છાલ ગળામાં અટકી જતી ને ઉધરસ ચાલુ થઈ જતી. હમીદા ત્યારે ચિડાઈને નીચે ઊતરી પડતી. ઉધરસની ધક્કાથી થતી હલાહલ એને બિલકુલ પસંદ નહોતી. એના નાના અમથા ગુસ્સા પ્રત્યે એ હસી પડતા અને જાણે ગળું કાપી નાખવામાં આવેલું કબૂતર તરફડતું હોય એમ ઉધરસ છાતીમાંથી આવ્યા જ કરતી. પછી મા આવીને એમને સહારો આપતી. પીઠ પર ધપ ધપ હાથ થાબડતી.

'તોબા છે...હસવાની તે કંઈ રીત છે ?'

રાહત થતાં ફિક્કી આંખે પિતા અસહાયપણે હસવાનો પ્રયત્ન કરતા. ઉધરસ તો અટકી જતી પણ એ ક્યાંય સુધી હાંફ્યા કરતા.

'કંઈક દવાદારૂ કેમ નથી કરાવતા, કેટલી વાર કહ્યું છે તમને...?'

'મોટી હૉસ્પિટલના ડૉક્ટરો કહે છે કે સોય લગાવો. રોજ ત્રણ પાવ દૂધ અને અડધો છટાંક માખણ ખાઓ.'

'અરે, ધૂળ પડે એવા ડૉક્ટરોના માથામાં. એક તો ખાંસી ને એમાં પાછી ચીકાશ? કફ થઈ જશે. હકીમને બતાવો કોઈક...'

'બતાવશું.'

એ હુક્કો ગગડાવવા માંડતા ને પછી એમને થોડું સારું લાગતું.

'આગ લાગે એ મૂઆ હુક્કાને-એણે જ તો ઉધરસ વળગાડી છે. છોકરી જુવાન થઈ એ જોયું કે...?'

અને કુબ્રાની જુવાની તરફ રહેમની ભીખ માગતી નજરે પિતા જોઈ રહેતા. કુબ્રા જુવાન હતી ? કોણે કહ્યું કે એ જુવાન હતી ? એ તો નિશાળના દિવસોમાં જ પોતાના જવાન હોવાની વાત સાંભળીને સડક થઈ જતી, કોણ જાણે કેવી જુવાની આવી કે ન

એની આંખોમાં પરીઓ નાચી, ન એના ગાલ પર વાળનાં જુલફાં બેચેન બન્યાં, ન તો એની છાતીમાં તોફાન મચ્યું, ન તો એણે ક્યારેય શ્રાવણની ઘટાઓ પાસે પોતાના પ્રીતમની માગણી કરી. એ ઝૂકી ઝૂકી, ચુપચાપ જુવાની જાણે કે જે રીતે છાની છાની આવી એ જ રીતે ક્યારે જતી પણ રહી એનીય ખબર ન રહી, મીઠું વરસીને ખારું થઈ ગયું અને પછી કડવું થઈ ગયું.

પિતા એક દિવસ ચોકડીમાં પડી ગયા. એમને ફરી ઊભા કરવા કોઈ પણ હકીમ કે ડૉક્ટર કામ ન લાગ્યા. અને હમીદાએ પૂરણપોળી માટેની જીદ છોડી દીધી ને કુબ્રાને માટે આવનારું માંગું કોને ખબર રસ્તો જ ભૂલી ગયું. જાણે કે કોઈને ખબર જ ન હોય કે એક ઠેકાણે પડદા પાછળ કોઈની જુવાની છેલ્લા શ્વાસ લઈ રહી છે અને ત્યારે જ એક નવી જુવાની સાપની ફણાની જેમ ઊઠી રહી હતી. પણ માએ નિયમ બહુ સાચવ્યો હતો. એ પહેલાંની જેમ જ બપોર થાય કે માઢિયામાં રંગબેરંગી કપડાં પાથરીને ઢીંગલીના ખેલ કરતી. એમણે ક્યાંકથી જોડ જમાવીને શબરાત મહિનામાં ક્રેપનો દુપટ્ટો સાડા સાત રૂપિયામાં ખરીદી લીધો. ખરીદ્યા વિના ચાલે એમ પણ નહોતું, એવી કંઈક વાત હતી. વચલા મામાનો તાર આવ્યો હતો કે એમનો મોટો દીકરો રાહત પોલીસની ટ્રેનિંગ લેવા આવી રહ્યો હતો. માને તો બસ એકદમ તાણ વધી ગઈ. જાણે રાહત નહીં, ઊમરે જાન જ આવીને ઊભી ન હોય ! અને એમણે તો હજી વહુના સેંથામાં ભરવાની સોનેરીરૂપેરી જરી પણ તૈયાર નથી કરી. એકદમ એણે પોતાની માનેલી બહેન બંદોને બોલાવવા કહેણ મોકલ્યું, 'બહેન, જો હમણાં ને હમણાં ન આવે તો મને મરેલી જો.'

પછી તો બંને વચ્ચે ગુસપુસ શરૂ થઈ ગઈ. વચ્ચે વચ્ચે એ બંને કુબ્રા પર પણ નજર નાખી લેતી. એ ઊમરામાં બેઠી બેઠી ચોખા ઝાટકતી હતી. એને આ પ્રકારની વાતોની તરત ગંધ આવી જતી. એ જ વખતે માએ કાનનાં લટકણિયાં ઉતારીને ધરમની બહેનને આપ્યાં ને જેમતેમ કરીને સાંજ સુધીમા તોલાભાર ગોખરું વગેરે ઘણી ચીજો લઈ આવવા કહ્યું. બહારનો ઓરડો વાળીઝૂડીને સાફ કર્યો. ચૂનો લઈ આવીને કુબ્રાએ પોતે જ લગાવી દીધો. ઓરડો તો સરસ થઈ ગયો પણ એની હથેળીઓનો રંગ ઊડી ગયો અને સાંજે એ મસાલો બનાવવા બેઠી ત્યારે તેને ચક્કર આવી ગયાં.

આખી રાત પડખાં ફેરવતાં પસાર થઈ. એક તો હથેળીઓને લીધે અને બીજું સવારે જ રાહત આવવાના હતા.

'અલ્લાહ...મારા અલ્લામિયાં, આ ફેરે તો મારી બહેનનું નસીબ ખૂલે...મારી અલ્લાહ, હું સો રકઅત (નમાજની એક વિધિ) નફલ (કૃતજ્ઞતાની નમાજ) તારી દરગાહમાં પઢીશ,' હમીદાએ સવારમાં ઊઠતાવેંત દુવા માગી.

સવારે રાહતભાઈ આવ્યા ત્યારે કુબ્રા તો પહેલેથી જ મચ્છરોવાળી કોટડીમાં છુપાઈ ગઈ હતી. જ્યારે સેવપરોઠાનો નાસ્તો કરી એ દીવાનખંડમાં ગયા ત્યારે ધીમે

ધીમે નવી કન્યાની જેમ પગલાં ભરતી કુબ્રા કોટડીમાંથી એઠાં વાસણ લઈને બહાર આવી.

'લાવો હું ધોઈ કાઢું, બહેન !' હમીદાએ મજાક કરતાં કહ્યું.

'ના,' એ શરમથી ઝૂકી ગઈ.

હમીદાએ એને ચીડવ્યાં કરી. બહેન મલકાતી ગઈ. ક્રેપના દુપટ્ટા પર લેસ ટાંકતી રહી. જે રીતે લટકણિયાં ગયાં એ જ રીતે ચાંદીનાં ઝાંઝર ને પછી હાથની બબ્બે બંગડીઓય ગઈ, જે વચલા મામાએ રંડાપો ઉતારવા આપી હતી. પોતે લૂખુંસૂખું ખાય એને દર બીજે દિવસે રાહતને માટે પરોઠાં તળાય, કોફતા બફાય ને પુલાવ મહેરે પોતે તો પાણી પીને સૂકો કોળિયો ગળે ઉતારે ને ભાવિ જમાઈ રાહતને ગોસ્તના મજાના ટુકડા ખવડાવતી.

'જમાનો ખરાબ છે, બેટા-' હમીદાને મોઢું ફુલાવતી જોઈને એ કહેતી. પછી વિચારમાં પડી જતી-

'આપણે જાતે ભૂખ્યાં રહીને જમાઈને ખવડાવીએ છીએ. બહેન સવારે ઊઠીને જાદુઈ યંત્રની જેમ કામે લાગી જાય, નરણે કોઠે એકલું પાણી પીને રાહત માટે પરોઠાં તળે, દૂધ ઉકાળે કે જેથી ઝાઝી મલાઈ નીકળે. એ પોતાની જ ચરબી ઉતારીને એ પરોઠાંમાં ભરી દે એ તો શક્ય નહોતું. ને શા માટે ન ભરે ? એક દિવસ તો છેવટે એ એનો પોતાનો બની જશે ને ? જે કમાશે તે આવીને એના હાથમાં આપશે ને ? જ્યારે ફૂલ ખીલશે ત્યારે ફળથી ભરેલી ડાળ ઝૂકશે ને ત્યારે વાતો કરનારી સ્ત્રીઓનાં મોઢાં પર કેવા જૂતા પડશે !' આમ ને આમ બહેનના કરમાયેલા ચહેરા પર સૌભાગ્ય ખીલી ઊઠતું. કાનમાં શરણાઈઓ વાગવા લાગતી અને જ્યારે એ રાહતના ઓરડાને વાળવા આવતી ત્યારે એનાં કપડાં ગંદી વાસવાળા ઉંદર જેવાં મોજાં ધોતી, પરસેવાવાળાં ગંજીફરાક ને નાકના કચરાથી ભરેલા રૂમાલ સાફ કરતી. એના તેલથી લથપથ તકિયાને સાફ કરીને 'સ્વીટ ડ્રીમ' ભરતી. પણ ચારે કોરથી હજુ કશું જ બંધબેસતું આવતું નહોતું. રાહત સવારે ઈંડાંપરોઠાં દબાવીને ભાગતો ને સાંજે આવીને ગોસ્ત ખાઈ સૂઈ જતો ને મા અને ધરમની બહેન ગુસપુસ કર્યા કરતા-

'બહુ શરમાળ છે, બિચારો,' મા વાત છુપાવતી હોય એમ કહેતી.

'હા, એ તો ખરું. પણ ભાઈ, કંઈક તો ખબર પડે ને રંગઢંગથી-કંઈક આંખોથી.'

'અરે ખુદા ન કરે, મારી છોકરી આંખો મેળવે. એની તો પાયલ પણ નથી જોઈ કોઈએ,' મા ગર્વથી કહેતી ને માસી મારી પાછળ પડતી.

'હું શું કરું, માસી ?'

'રાહતમિયાં જોડે વાત કેમ નથી કરતી, મૂરખ ?'

'ભઈ, મને તો શરમ આવે છે. ને બીજું એની બીક પણ લાગે છે !'

'હા, હા. એ તને ફાડી ખાશે એમ ?' મા ચીડાઈ ગઈ.

'ના, એવું તો નહીં, પણ...' ને હું નિરુત્તર બની જતી.

અને એક દિવસ ફારસ થયું. ખૂબ વિચારી વિચારીને અંતે ખોળનો કબાબ બનાવ્યો, બનેવીની મજાક ખાતર. એ દિવસે બહેન કેટલીયે વાર હસ્યા કરી.

ધીમે સાદે બોલી, 'જોજે હસતી નહીં, નહીં તો આખી બાજી બગડી જશે.'

'નહીં હસું,' મેં ખાતરી આપી.

'જમી લો,' મેં ખાવાનું છીબું ટેબલ પર મૂક્તાં કહ્યું.

ને પછી જ્યારે બાજુમાં રાખેલો લોટો લઈ હાથ ધોતાં ધોતાં રાહતે મારી તરફ પગથી માથા લગી જોયું કે હું એકદમ ત્યાંથી ભાગી. મારું દિલ ધડકવા લાગ્યું.

'અલ્લાહ તોબા...શું મારકણી આંખો છે એની...'

'જા. પીટયી ! મર. જોવું તો હતું એનું મોં કેવું થાય છે ! બધી મજા બગાડી નાખી.' માએ ટોકી પણ હું કાંઈ ગઈ નહીં.

બહેને એક વાર મારી સામે જોયું. એની આંખોમાં આરજૂ હતી, પાછી આવેલી જાનોની ડમરી હતી. અને ચોથની પહેરામણી જેવી ઉદાસી હતી. હું નીચી નજરે થાંભલા પાસે જઈને ઊભી રહી ગઈ.

રાહત ચુપચાપ ખાતા રહ્યા. મારા તરફ જોયું નહીં. ખોળનો કબાબ જમતા જોઈ મારે મશ્કરીમાં કંઈક બોલવું જોઈએ, જેવું કે -'વાહ જી, વાહ, દુલ્હાભાઈ !'

'ખોળ ખાવ છો ?' - પણ જાણે કોઈએ મારી મશ્કરી કરવાની શક્તિ જ હરી લીધી.

માએ સમસમીને મને બોલાવી અને ચિડાયેલી જ રહી. એને કહેવુંયે કેમ કે પેલો તો મજાથી ખાય છે. કમબખ્ત ક્યાંક મનેય ન ખાઈ જાય.

'રાહતભાઈ, જમવાનું ભાવ્યું ?' આખરે માએ શિખવાડ્યું તેમ પૂછવું પડ્યું. જવાબ ન આપ્યો.

'કહો ને ?'

'અરે સરખી રીતે જઈને પૂછ,' માએ મને પાછી મોકલી.

'તમે આપ્યું નેં મેં ખાધું. મજેદાર જ હશે ને ?' ભાઈ બોલ્યા.

'વાહ રે જંગલી ?' માથી રહેવાયું નહીં. તે બોલી, 'તમને ખબરેય ન પડી,' ખોળાનો કબાબ મજાથી ખાઈ ગયા ?

'ખોળનો ? અરે, તો રોજ, વળી શેનો હોય છે ? હું તો ખોળ ને ભૂંસું ખાવા ટેવાઈ ગયો છું, હવે...'રાહતે ધીમે રહીને સંભળાવી દીધું.

માનો ચહોરો ઊતરી ગયો. બહેનની ઝૂકેલી પાંપણ પાછી ઊઠી નહીં. બીજે દિવસે બહેને આખો દિવસ રોજ કરતાં ડબલ સીવ્યા કર્યું ને સાંજે હું જમવાનું લઈને ગઈ તો બોલ્યા,

'કહો, આજે શું લાવ્યા છો ? લાકડાનો વહેરનો હવે તો વારો છે...'

'શું અમારા હાથનું જમવાનું તમને નથી ભાવતું ?' મેં પૂછ્યું.

'ના. એવું નથી. કંઈક અજબ જેવું છે. ક્યારેક ખોળાનો કબાબ તો ક્યારેક ભૂસાની ભાજી !'

મને પગથી માથા સુધી આગ વ્યાપી ગઈ. એક તો અમે સૂકી રોટલી ખાઈને એને હાથી જેટલો ખોરાક દઈએ, ઘીમાં બોળીને પરોઠાં ધરીએ. મોટી બહેનને છાશનું પાણી નસીબમાં નથી, એને દૂધમલાઈ ઓગાળાવીએ. હું ધૂંધવાઈને જતી રહી.

માની ધરમની બહેનનો નુસખો કામ લાગ્યો ને રાહતે દિવસનો મોટો ભાગ ઘરે રહેવા માંડ્યું. બહેન ચૂલે બેસી રહે અને મા કપડાં સીવ્યા કરે. ને રાહતની મારકણી આંખ તીરની જેમ મારા અંતરમાં ખૂંચ્યા કરે. વાતવાતમાં ટીખળ. જમતી વખતે ક્યારેક પાણી તો ક્યારેક મીઠાને બહાને મને બોલાવે ને પછી જીભાજોડી. હું ભડકીને બહેન પાસે જઈ બેસતી. મનમાં થતું કે કહી દઉં-કોની બકરી ને કોણ નાખે દાણાઘાસ ? ઓ બહેન, મારાથી આ તારો બળદ નાથી શકાય એમ નથી. પણ બહેનનાં ઊડતાં જુલફાંઓ પર ઊડતી ચૂલાની રાખ...ના...ના...મારું કાળજું ફફડી જતું. મેં એના સફેદ વાળની લટ છુપાવી દીધી. ક્યાંક પેલો કમબખ્ત છટકીને ભાગે નહીં. બિચારીના વાળ પાકવા લાગ્યા.

પાછી રાહતે કોઈક બહાને બોલાવી.

'ઊંહ-' હું ચિડાઈ પણ બહેને કપાયેલી મુર્ગીની જેમ વળીને જોયું તો મારે જવું જ પડ્યું.

'આપ મારાથી ખફા છો ?' રાહતે પાણીનો લોટો લઈ મારું કાંડું ઝાલી લીધું. મારો શ્વાસ અધ્ધર થઈ ગયો. હાથ છોડાવી હું ભાગી.

'શું કહેતા હતા ?' બહેને શરમથી ભરાયેલા અવાજે કહ્યું. હું ચુપચાપ એમના તરફ જોઈ રહી. શું કહું ?

'કહે...કોણે બનાવ્યું છે આ ખાણું...વાહ વાહ...મને તો થાય છે કે ખાધા જ કરું...ખાધા જ કરું...બનાવનારનો હાથ ખાઈ જાઉં...ના...ના...ચૂમી લઉં-' મેં કહેવા માંડ્યું અને બહેને હળદરના ખીરાથી ખરડાયેલો હાથ ગાલ પર મૂકી દીધો. મારી આંખમાં આંસુ આવી ગયાં.

'આ હાથ-' મને થયું, 'જે સવારથી સાંજ સુધી કામમાં બાંધેલા રહે છે એની કમનસીબી ક્યારે દૂર થશે ? એનો તારણહાર કોઈ નથી ? શું એને કોઈ ક્યારેય પ્યારથી ચૂમશે નહીં ? શું એમાં ક્યારેય મેંદી નહીં રચાય ? શું એના સૌભાગ્યનું આવવાનું ક્યારેય નહીં બને ? મનમાં થયું કે જોરથી રડી દઉં.'

'બીજું શું કહેતા હતા ?'

બહેનના હાથ ગમે તેવા ખરડાયેલા હતા, પણ અવાજ એટલો રસિક ને મીઠો હતો કે રાહતના કાન તો...પણ રાહતને કાન નહોતા, નાક પણ નહીં; બસ, જરખ

જેવું પેટ હતું.

'બીજું એમ કહેતા હતા કે તારી બહેનને કહે કે આટલું કામ ન કરે ને છાશ પીધા કરે...'

'ચલ જુઠ્ઠી...'

'અરે વાહ ! જૂઠા છે તમારા એ...?'

'અરે, ચૂપ ! મૂરખ,' એણે મારું મોં બંધ કરી દીધું.

'જો સ્વેટર ગૂંથાઈ ગયું છે. એમને આપી આવ. પણ જો તને મારા સમ છે મારું નામ લીધું છે તો.'

'નહીં. બહેન, એને સ્વેટર ન આપો...તમારા આ હાડકાંપાંસળાંના શરીરને સ્વેટરની કેટલી જરૂર છે ?' મને કહેવાનું મન થઈ આવ્યું પણ મેં કાંઇ કહ્યું નહીં.

'બહેન, તમે શું પહેરશો ?'

'અરે, મને શી જરૂર છે ? ચૂલા પાસે આમેય હૂંફ જ રહે છે ને ?'

સ્વેટરે જોતાં જ રાહતે મશ્કરીમાં ભમ્મર ચડાવીને જોયું ને પછી કહે,

'આ સ્વેટર તમે બનાવ્યુ છે ?'

'ના...'

'તો ભઈ, આપણે નથી પહેરવું.'

મને થયું , એને લાફો લગાવી દઉં. કમીના, માટીના ઢેફા ! એ સ્વેટર જીવતાજાગતા ગુલામ હાથોએ ગૂંથ્યું છે. એના એક એક ટેભામાં કમનસીબીથી જલતી કુંવારી કન્યાની કામના ફસાયેલી છે. આ એ હાથોએ ગૂંથ્યું છે જે પારણું ઝુલાલવા માટે જન્મ્યા છે, તૂટ્યાં બટન ને ફાટેલા દામન રફૂ કરવા જન્મ્યા છે, એ હાથ પકડી લે, ગધેડા ! એ હલેસું ભલભલાં તોફાનોની થપાટોથી તારી જીવનનૈયાને બચાવીને પાર લગાવી દેશે. ભલે સિતાર નહીં વગાડી જાણે, મણિપુરી નૃત્ય કે ભરતનાટ્યમ નહીં કરી શકે ! એને પિયાનો પર નાચ કરતાં નથી શિખવાડવામાં આવ્યું. એના નસીબમાં ફૂલો જોડેની રમત પણ નથી, પણ એ હાથ તારા શરીરમાં ચરબી વધારવા સવારથી સાંજ સુધી સિલાઈ કરી રહ્યા છે. સાબુ ને સોડામાં ડૂબકી લગાવે છે. ચૂલાની ગરમીમાં બફાઈ રહ્યા છે. તારી ગંદકી ધોઈ ધોઈને તને આ ઊજળી બગભક્તિનો ઢોંગ કરવાની સગવડ આપે છે. મહેનતમજૂરીથી એ ઘવાઈ ચૂક્યા છે. એમાં ક્યારેય બંગડી રણકતી નથી, એને પ્યારથી કોઈએ ઝાલ્યા નથી.

પણ હું કાંઈ બોલી નહીં. મા કહે છે મારું મગજ તો નવી નવી ઓળખીતીઓએ બગાડીને ઠેકાણે કરી દીધું છે-'મને જાતજાતની વાતો કરે છે. કેટલી ભયંકર છે મૃત્યુની વાત, ભૂખ ને દુકાળની વાત ! ધડકતા દિલોના ધબકાર અચાનક બંધ થઈ જવાની વાત !'

'આ સ્વેટર તો તમે જ પહેરી લો...જુઓ ને તમારું ખમીસ કેટલું પાતળું છે ?'

જંગલી બિલાડીની માફક હું એનાં મોં, નાક, ગળું ને વાળ તરફ એક વાર જોઈ મારા પલંગ તરફ જતી રહી.

બહેન છેલ્લી રોટલી પતાવી જલદી જલદી હાથ ધોઈને સાડલાથી લૂછતી મારી પાસે આવીને બેસી ગઈ.

'શું બોલ્યા ?' એનાથી રહેવાયું નહીં એટલે ધબકતા હૃદયે પૂછ્યું.

'બહેન, આ રાહતભાઈ એકદમ વિચિત્ર માણસ છે,' મને હતું કે આજે બધું કહી દઉં.

'કેમ ?' એ મલકી ઊઠી.

'મને એ જરાય ગમતા નથી...આ જુઓ મારી બધી બંગડી ચૂરેચૂરા થઈ ગઈ,' મેં કંપતા સ્વરે કહ્યું.

'ભારે પાજી છે,' એણે રોમાંચિત સ્વરે કહ્યું ને પછી શરમાઈ ગઈ.

'બહેન - સાંભળો - બહેન, આ રાહત સારો માણસ નથી.' મેં રાષપૂર્વક કહ્યું, 'આજે માને બધું કહી દઈશ.'

'શું થયું,' માએ નમાજનું પાથરણું પાથરતાં પૂછ્યું.

'આ જુઓ, મારી બંગડીની દશા !'

'રાહતે તોડી...?' મા ખુશ થતાં બોલી.

'હા !'

'સારું કર્યું. એને સતાવે છે ને બહુ, આટલું કર્યું એમાં ચિડાઈ ગઈ ? બહુ મીણની બનેલી છો ? જરા હાથ લગાડ્યો કે પીગળી ગઈ ?' પછી બુચકારો કરતાં બોલી - 'ખેર, તુંયે ચોથને દિવસે બદલો લેજે. એવા તો સીધા કરજે કે યાદ રહી જાય, મિયાંજી...'

માએ તો આટલું જ કહ્યું !

ધરમની બહેન જોડે ફરી ચર્ચાઓ થઈ ત્યારે મામલો હકારાત્મક રસ્તે વધતો જાણી ખૂબ ખુશ થયાં ને હસાહસ કરી.

એ તો મને બનેવીની છેડછાડ કરવાના રસ્તાઓ સૂચવવા લાગી. એણે પોતે પણ કઈ રીતે ટીખળમશ્કરી કરી પોતાની બે બહેનોનાં લગ્ન કરાવ્યાં હતાં, એ કહ્યું. એમાનાં એક તો હતા હકીમજી, જ્યાં બિચારાને છોકરીવાળી સ્ત્રીઓ ચીડવતી કે શરમાઈ જતા ને કંપવા મંડી જતા. એક વાર તો મામા પાસે જઈ શરણું માગી લીધું હતું.

બીજા હતા વાઈસરૉયની કચેરીમાં કારકુન. છોકરીઓ એમને જોતાંવાર જ મશ્કરી શરૂ કરી દેતી. ક્યારેક મરચાં ખવડાવતી તો ક્યારેક સેવમાં મીઠું ભરી દેતી.

"એ લો, એ તો રોજ આવવા લાગ્યા. છોકરીઓ એમને જોતાંવાર જ આવે, પણ એ તો આવે જ. એક દિવસ કહેવડાવ્યું કે એમને ત્યાં લગ્ન કરાવી આપો."

"પૂછ્યું-'કોની જોડે' ?"

"તો કહે-'કોઈની પણ સાથે' - અને ખુદા ખોટું ન બોલાવે તો - મોટી બહેનનું તો બરાબર નહીં, પણ નાની બહેન સુબ્બાનઅલ્લાહ. એક આંખ પૂરવ તો બીજી પશ્ચિમ. પંદર તોલા સોનું દીધું બાપાએ અને મોટા સાહેબની કચેરીમાં નોકરીએ લગાડ્યા એ જૂદું !"

'હા ભઈ, જેની પાસે પંદર તોલા સોનું હોય ને મોટા સાહેબની નોકરી-એને છોકરો મળતાં વાર કેટલી ?' માએ નિસાસો નાખતાં કહ્યું.

'એમ નહીં, બહેન ! આજકાલના છોકરાઓનું મન તો થાળીમાંનાં રીંગણાં જેવું હોય છે. જે તરફ ઝુકાવો એ તરફ સરી પડે.'

'પણ રાહત રીંગણું નથી, મોટો પહાડ છે ! થાળી ઝુકાવવા જાઉં ને ક્યાંક હું જ સરકી ના પડું.'

મેં ફરી બહેન તરફ જોયું. એ ચુપચાપ ચોકડી પર બેસીને લોટ બાંધતી હતી. એ બધું સાંભળતી હતી. એનું ચાલે તો જમીનની છાતી ચીરીને પોતાના કુંવારાપણાની લાનત સાથે એમાં સમાઈ જાય.

શું મારી બહેનને પુરુષની ભૂખ છે ? ના, એ ભૂખના અણસાર પહેલાં જ એ ધ્રૂજી ગઈ છે. પુરુષની કલ્પના એને એવા કોઈ ઉમંગથી નહીં પણ રોટીકપડાંનો સવાલ બનીને આવી છે. એ એક સ્ત્રી ઉપરનો બોજો છે, એને દૂર તો કરવો જ રહ્યો.

પણ ઇશારા અને ગુપચુપ વાતો સિવાય રાહતમિયાં ન પોતાના મોઢામાંથી કાંઈ ફાટ્યા કે ન એમના ઘેરથી કોઈ માગું આવ્યું. થાકીહારીને માએ પગનાં કડાં ગિરવે મુકાવ્યાં. પછી મહાંમહેનતે કુશાની નિયાજ (ભેટની પૂજા) કરી. આખી બપોર મહોલ્લાની છોકરીઓ ને સ્ત્રીઓએ રાગડા તાણ્યા. બહેન તો શરમાઈને મચ્છરોની કોટડીમાં પોતાના લોહીના છેલ્લા ટીપાને ચુસાવવા માટે બેસી રહી. એ માઢિયાના ઊમરામાં બેઠી બેઠી કપડાંને છેલ્લા ટાંકા મારતી હતી. આજ એના ચહેરા પર મંજિલનાં ચિહ્નો હતાં. આજે બધું ઠીક થઈ જશે. બસ જરાક જેટલી તકલીફ રહી ગઈ છે. એ પણ સહન કરી લેવાય એટલે પત્યું. જરીઓની મશાલ ફરીથી ઝગમગી રહી હતી. બહેનની સખીઓ એની જોડે મજાક કરવા લાગી, ને એ લોહીના છેલ્લા બિંદુને છેડતી રહી. આજે કેટલાય દિવસથી એનો તાવ ઊતર્યો નહોતો. ઝાંખા દીપકની જેમ એનો ચહેરો ટમટમતો હતો અને ફરી ફરી ઝાંખો પડી જતો હતો. ઇશારો કરીને એણે મને બોલાવી. પોતાનો પાલવ ઊંચો કરી નિયાજની સામગ્રી એણે મારા હાથમાં પકડાવી.

'આના પર મૌલવી સાહેબે દમ (બરકત માટે કરેલી પ્રાર્થના) કર્યો છે.' એના તાવથી ધગધગતા ગરમ શ્વાસ મારા કાનમાં આવ્યા.

હાથમાં સામગ્રી લઈ હું વિચારવા લાગી - 'મૌલવી સાહેબે દમ કર્યો છે. આ પવિત્ર નારી હવે રાહતના હાથમાં ગઈ. એ રાહત છ મહિનાથી અમારું લોહી પીને

તગડો થયો છે. ને આ દમ કરાયેલી સ્ત્રીયે હવે પોતાની ઇચ્છા પૂરી કરશે...' મારા કાનમાં લગ્નગીતો ને વાજિંત્રોના સ્વરો ગુંજવા લાગ્યા. હું બારીમાંથી જાનને જોવા ભાગતી આવી. દુલ્હાના ચહેરા પર લાંબો સહેરો લટકતો હતો. એ ઘોડાની કેશવાળીને અડકતો હતો. પહેરામણી પહેરીને ફૂલોથી લદાયેલી, શરમથી ઝૂકી ગયેલી, ધીમાં ડગલાં ભરતી બહેન ચાલી આવે છે. એનાં વસ્ત્રોમાંથી જરી ચમકી રહી છે. ફૂલની જેમ એનો ચહેરો ખીલેલો છે. શરમથી ભારે આંખો એક વાર ઉપર ઊઠે છે ને કૃતજ્ઞતાનાં આંસુ આંખને ખૂણે કુમકુમની જેમ શોભી ઊઠે છે.

'આ બધું તારી મહોબ્બતનું ફળ-' બહેનની આંખ જાણે કે કહી રહી હતી. હમીદાનું ગળું ભરાઈ આવ્યું.

'જાગ ને મારી બે'ની - ' એણે ઊકળી ઊઠેલા દિલ પર કાબૂ રાખતાં કહ્યું. એના પગ કાંપતા હતા, જાણે કે સાપના દરમાં ફસાઈ ગઈ હોય ને પહાડ હટી જાય. રાહતે મોં ખોલ્યું. એ એકદમ પાછી હટી પણ દૂર કોઈ જાનની શરણાઈઓ વાગી રહી. જાણે કોઈ એનું ગળું દબાવી રહ્યું હતું. કાંપતે હાથે એણે પવિત્ર પૂજાની સામગ્રીનો મલીદો બનાવી રાહતની મોં તરફ ધર્યો. એક જ ઝાટકે એનો હાથ પહાડની ખીણમાં ડૂબી ગયો...નીચે...એકદમ નીચે...અથાગ અંધકારની ઊંડી ગર્તામાં. એક બીજી મોટી ચટ્ટાને એનું ગળું રહેસીં નાખ્યું.

નિયાજની મલીદાની રકાબી હાથમાંથી ઊછળીને લાલટેન પર પટકાઈ. લાલટેને જમીન પર પછડાઈને એકબે ઝબકારા કર્યા ને પછી બુઝાઈ ગયું. બહાર શેરીની સ્ત્રીઓ આંગણામાં 'મુશ્કિલ-કુશા'ના માનમાં ગીતો ગાઈ રહી હતી.

સવારની ગાડીમાં રાહત મહેમાનગતિનો આભાર માનતો રવાના થઈ ગયો. એના લગનની તારીખ નક્કી થઈ ગઈ હતી અને એને ઉતાવળ હતી. ત્યાર પછી ઘરમાં ન તો ઇંડા તળાયાં કે ન પરોઠાં બન્યાં. અને સ્વેટર પણ ગૂંથાયું નહીં. એક અરસાથી જે દુર્ભાગ્ય બહેનની પાછળ પડ્યું હતું તેણે એક જ છલાંગમાં બહેનને ભરખી લીધી અને બહેને પણ માથું ઝુકાવીને પોતાના નામુરાદ અસ્તિત્વને એને હવાલે કર્યું.

પછી માઢિયામાં સ્વચ્છ જાજમ બિછાવવામાં આવી. મહોલ્લાની વહુદીકરીઓ એમાં જોડાઈ. કફનનો સફેદ પટ્ટો મૃત્યુના આંચલની જેમ માની સામે ફેલાઈ ગયો. સહનશક્તિની હદને લીધે એમનો ચહેરો કંપી રહ્યો હતો. જમણી ભમર ફરકી. ગાલના ખાડા ફફડતા હતા. એમના ચહેરા પર ભયાનક શાંતિ હતી. મૃત્યુ આવવાનું જ હોય એવો વિશ્વાસ હતો.

કફનના પટ્ટાના કાન કાઢીને એમણે સરખું કર્યું તો દિલ પર અનેક કાતરો ચાલી. એમના ચહેરા પરની ભયાનક શાંતિ અને મૃત્યુના ભણકારાની જેમ જાણે ખાતરી હતી કે બીજાં કપડાંની જેમ આ ચોથની જોડ પણ સિવાશે નહીં.

એકદમ માઢિયામાં બેઠેલી કન્યાઓ કોયલની જેમ ટહુકવા લાગી. પાછલી યાદો ને દિવસોને આઘાં રાખી હમીદા પણ એમના ટોળામાં જોડાઈ ગઈ. લાલ પર સફેદ નિશાનો હતાં. એની રતાશમાં કોણ જાણે કેટલીયે માસૂમ કન્યાઓની કામના છુપાઈ છે અને આ સફેદીમાં કેટકેટલી કુમારિકાઓનાં કફનની ધોળાશ ચીતરાઈ છે. અચાનક બધાં ખામોશ થઈ ગયાં. માએ છેલ્લો ટાંકો લીધો ને તોડ્યો. બે મોટાં આંસુઓ એમના રૂ જેવા ગાલ પરથી ટપકી પડ્યાં. એમના ચહેરાની રેખાઓમાંથી ઉજાસનાં કિરણો ફૂટી નીકળ્યાં. ને એમના ચહેરા પર સ્મિત ઊપસી આવ્યું. જાણે આજે એને પણ ખાતરી થઈ ગઈ કે આ વખતે તો કુબ્રાની પહેરામણીની જોડી તૈયાર થઈ જ છે અને હવે કોઇ પણ ક્ષણે શરણાઈઓ ગુંજી ઊઠે !

# અમરવેલ

**ઈસ્મત ચુગતાઈ**

મોટી મામીના અવસાનને હજુ થોડા દિવસ પણ નહીં થયા હોય એટલામાં તો કુટુંબને શુજાઅત મામાના લગ્નની ચિંતા ડંખવા લાગી. જ્યારે ને ત્યારે વહુની તપાસ થવા લાગી. ખાવાપીવાનું આટોપી ઘરની સ્ત્રીઓ છોકરાછોકરીઓનાં કપડાં સીવવા બેસતી ત્યાં પણ મામા માટે વહુની તપાસ કરવા મંડી પડતી.

'અરે, આપણી કનીજ ફાતિમા કેમ રહેશે ?'

'અરે એય ! ભાંગ તો નથી પીધી ને ? કનીજ ફાતિમાની સાસુ સાંભળશે તો નાક કાપી લેશે. જુવાનજોધ દીકરી મરી ત્યારની એ ચૂંક ચૂંડલો ઉતારીને બેઠી છે. આગણાની બહાર પગ મૂક્યો નથી. હા, પિયરમાં કોઈ મરે કે જન્મે તો જવા-આવવાનું થાય.'

'અને ભઈ શુજ્જનભાઈને કુંવારી ન મળે તો એ શું રસ્તામાં બેઠા છે ? લોકો તો સામેથી છોકરીઓ લઈને આવે છે. ને ચાળીસ વરસના હોય એવા એ ક્યાં લાગે છે...?' અસગરી બેગમ બોલી.

'ભગવાન બચાવે. પાછો એ એક દસકો વધારે કરશે ને ભગવાન કરે તો ખાલી (અગિયારમાં)* મહિનામાં પૂરાં પચાસ પણ કરે...'

'હે ભગવાન !' બિચારી ઈમ્ત્યાજી ફોઈ તો બોલીને પસ્તાઈ. શુઆજત મામાની પાંચ બહેનો એક બાજુ અને પોતે બિચારી એકલી. આ પાંચે બહેનોની જીભ લાંબીલચક. કંઈક થાય કે તરત પાંચે જણી મોરચો બાંધી બેસી જતી. પછી તાકાત હતી કોઈ મોગલ કે પઠાણની કે મેદાનમાં ટકી રહે ? બિચારા શેખાની ને સૈયદાનીઓની વાત જ ન પૂછો, ભલભલી હિંમતવાળીઓનુંયે પાણી ઊતરી જતું.

એમ તો ઈમ્ત્યાજી ફોઈ પણ આ પાંચ પાંડવો સામે તો કૌરવો કરતાં વધું હતી. તીણો અવાજ એ એનું સૌથી ખતરનાક હથિયાર. બોલવા માંડે ત્યારે તો જાણે મશીનગનમાંથી છૂટેલી ગોળીઓ એક કાનમાં જઈ બીજા કાને આરપાર નીકળી બહાર આવતી લાગે. એ તો કોઈની જોડે તકરાર કરે એટલી જ વાર હોય. આખા મહોલ્લામાં જાણ થઈ જાય કે ઈમ્ત્યાજબાઈ ઝઘડ્યાં છે. સ્ત્રીઓ ઘરમાંથી, ઓટલા પરથી ને ઊમેરો વટાવીને આ ઝઘડો જોવા દોડતી આવી પહોંચે.

પણ અહીં તો પાંચે બહેનોએ એને સપાટામાં લીધી કે એ ગરીબ ગાય જેવી થઈ ગઈ. એની વચલી દીકરી ગોરી ખાનમ હજું કુંવારી હતી. છત્રીસ થયાં તોયે નસીબ

આડેથી પાંદડું હલ્યું પણ નહોતું. કુંવારો કોઈ મળતો નહોતો અને કોઈ રાંડતુંયે નહોતું. એક જમાનામાં તો દરેક પુરુષ ત્રણચાર વાર લગ્ન કરતો પણ જ્યારથી આ હૉસ્પિટલો અને ડૉક્ટરો પેદા થયા ત્યારથી પત્નીઓએ મરવાના સોગંદ લીધા જાણે. હવે તો જ્યાં જુઓ ત્યાં મરવાનાં પોટલાં બાધીને રાહ જોવી પડે. મોટી મામી માંદી હતી જ્યારે ઇમ્ત્યાજ કોઈએ માનતા માની હતી પણ દેવદૂતોનેય ખબર નહોતી કે એને લઈ જતાં નાકે દમ આવશે !

શુજાઅત મામાની ઉંમરનો પ્રશ્ન નાજુક બની ગયો. કમર આરા ને નૂર ખાલાને તો એ છોકરડા જેવો જ લાગે. ડરનાં માર્યાં તેઓ એનાં વરસની ગણતરી વખતે ગોટાળો કરતી કારણ એની ઉંમરનો સાચો ખ્યાલ આવે તો ખુદ એની માશીઓની ઉંમરમાં શંકા ઊભી થાય. પાંચે બહેનો નિતનવી દિશામાંથી હુમલાઓ કરવા લાગી. એમણે ઈમ્ત્યાજી ફોઈના જમાઈની વાત કાઢી. એના ઉલ્લેખ માત્રથી ફોઈનું માથું ભમી જતું કારણ એણે એક શોક રાખી હતી.

પણ ફોઇ અસલ મોગલાણી હતી. એના પિતા લશ્કરના ઉચ્ચ અધિકારી હતા. એ ઓછી હાર ખાય એમ હતી ? એકદમ ત્વરાથી એણે પેંતરો બદલ્યો અને શાહજાદી બેગમની પૌત્રી પર ઊતરી પડી. આખા કુળને એણે તો જાહેરમાં બદનામ કર્યું.એ રોજ ઘનકોટની સ્કૂલમાં ભણાવવા જવા લાગી હતી. આજના જમાનામાં જેમ ફિલમમાં કામ કરવું એ ખરાબ છે તેમ જ એ જમાનામાં સ્કૂલમાં જવા વિશે હતું.

શુજાઅત મામા સારા માણસ હતા. એમનો ઘાટ, સુંદર ચહેરો, મધ્યમ કદ એ ખરેખર પ્રમાણસર હતું. ઇમ્ત્યાજી ફોઈ તો ગામમાં એમ જ કહેતી ફરતી કે એ કલપ લગાડે છે પણ આજ લગી કોઈએ ધોળો વાળ એના માથામાં જોયો નથી. એટલે કલપ લગાડવાનું એમણે ક્યારે શરૂ કર્યું એ કળવું મુશ્કેલ હતું. ચાળીસના તો દેખાય જ નહીં. અને ભારે કોરથી જ્યારે પૂછપરછ શરૂ થઈ ગઈ ત્યારે એમણે મામલો બહેનોના હાથમાં સોંપી દીધો. એટલું કહ્યું કે એમની પોતાની દીકરી જેવી એ છોકરી ન લાગે એ ખાસ જોવું અને એટલી મોટીયે નહીં કે મા જેવી લાગે !

ખૂબ તપાસને અંતે રુખ્સાના બેગમ પર પસંદગી ઊતરી.

'બાપ રે, બીક લાગે એવું તો નામ છે !' ઈમ્ત્યાજી ફોઇને કંઈ ન સૂઝ્યું એટલે નામમાં વાંધો લાગ્યો. પણ બહેનોએ એવી તો વાત ચલાવી કે એનું કાંઈ ચાલ્યું નહીં.

'સોળ વરસથી એક દિવસેય મોટી હોય તો તમારું ખાસડું ને મારું મોં...'

એ પોતાની ગોરી બેગમની નામ પર ઉતારવા માગતી હતી પણ એનું કોઈએ સાંભળ્યું નહીં.

રુખ્સાના બેગમને જોતાં જ આંખ ચક્કર ખાઈ જાય. જાણે એકમનો નાજુક ચાંદ કોઈએ જમીન પર ઉતારી લીધો હોય. મોં જોતાં આંખો ધરાય નહીં. એનું વજન કરવા જાઓ તો પાંચ ફૂલથી વધું એનું વજન ન થાય. રંગ તો જાણે સોનું. જરા કડક

મેંદાના પિંડ પર ચોપડેલા માખણ જેવું શરીર. ક્યાંય હાડકાંનું નિશાન પણ નહીં. એકી સાથ ડઝન સ્ત્રીઓનું સત્ત્વ જાણે કે એની એકલીમાં જ. તેજના ફુવારા નીકળતા. ફોઈના કહેવા મુજબ એ સોળની હોય છતાંય દેખાવમાં ઓગણીસવીસની લાગે. બહેનોએ મામાનાં પચીસ વર્ષ કહ્યાં હતાં. એ થોડા ખચકાયાં પણ પછી થયું ઉંમર ઓછી હોય એ કંઈ ગુનો છે ?

દુઃખની વાત તો એ હતી કે એ એક ગરીબ ઘરમાં ભારરૂપ હતી. બંને ઘરનો ખર્ચ મામાએ જ કર્યો. લગ્ન પછી રુખ્સાના મામી આવી તો એમને જોઈને જ મામાને પરસેવો વળી ગયો, 'અરે, આ તો સાવ છોકરી જેવી છે !' એ થોડા નારાજ થઈ ગયા.

'અરે, ભગવાન ભલું કરશે. તેલ જો, તેલની ધાર જો ! પુરુષ મજાનો હોય ને પત્ની પાતળી. બેચાર છોકરાં થશે ને બધું બરાબર થઈ જશે. રૂપ ઊતરી જશે. છોકરાંઓની ગંદકીમાં આ બધો શણગાર ક્યાંયે ઊડી જશે. આ પાતળી કમર કે હાથની નાજુકતા કશું નહીં રહે. એટલે પછી જો બરાબર ન લાગે તો મને મારજે, બસ ! મને તો ત્યાં સુધી કહેવાનું મન થાય છે કે દસ વરસમાં તો આ મોટી ભાભી જેવી જ લાગવા માંડશે.'

'નહીંતર પછી આપણા બીરન માટે સાડા બાર વરસની લાવશું,' નૂર ખાલા ટપકી પડી.

'હટ્...' મામા શરમાઈ ગયા.

'બીજી ન જીવી એટલે ત્રીજી,' શબીહ બેગમ બોલી.

'શું બક બક કરે છે ?'

'હા, ભાઈ, બાપદાદાઓ કહેતા કે બીજી તો ત્રીજાની બલિ હોય છે, એટલે જ એ જમાનામાં લોકો બીજું લગ્ન ઢીંગલી જોડે કરતા, કે પછી જે વહુ આવે તે ત્રીજી ગણાય...'

બહેનોએ મામાને જેમ તેમ કરીને સમજાવ્યા. પછી રુખ્સાના બેગમને પણ સમજાવી. બેત્રણ વરસમાં જ સારું ખાવાપીવાનું, કપડાં અને પ્રેમથી મિયાંએ એને એવી તો નવરાવી દીધી કે એ જાદુઈ લાકડીથી એકમનો ચાંદ ચૌદશનો લાગવા માંડ્યો. ચાંદની એ રીતે ઝરવા લાગી કે જોનારની આંખ અંજાઈ જાય. રૂંવેરૂંવે કિરણો ફૂટ્યાં. શુજાઅત મામા નશામાં ચૂર થઈ ગયા. પેન્શન મળવાનું હતું એ સારું હતું, નહીંતર ઑફિસમાંથી ગુટલીઓ મારવા માંડી હોત.

બહેનોનો આ એક જ ભાઈ હતો. મોટી મામી તો આવી ત્યારથી જ એના પર કોઈને લાગણી નહીં. જીવી ત્યાં સુધી પતિનો ચહેરો જોવા તરફડ્યા કરી. ભગવાને ગોદ પણ ભરી નહીં કે એમાં જીવ પરોવી શકે. ને બહેનોને તો આ એકના એક ભાઈનું મોં ન જુએ ત્યાં સુધી જમવાનું પચે નહીં. એ પણ ઑફિસેથી સીધો બહેનને ત્યાં જઈ જમતો. ઘરે મોડો મોડો પાછો ફરતો. છતાં પલંગ શણગારીને મોડી રાત

સુધી એની રાહ જોવાતી. કોઈ વાર વળી એ ભૂલથી અહીં જમે તો જીવન ધન્ય થઈ ગયેલું લાગતું ! પણ પછી બહેનોને ઘેર પણ ધમાલ થવા લાગી. કોઈ કોઈ વારે લોકો ભાભીને બોલાવતી પણ એને ત્યાં પોતે આગંતુક જેવી જ લાગતી. છેવટે એને બોલાવવાનુંયે બંધ થયું. શુજાઅત મામા ક્યારેક મિત્રોને પાર્ટી આપતા અથવા તો નાચગાણાંની મહેફિલમાં પહોંચી જતા. પત્નીને કશી ખબર ન પડતી. બધો બંદોબસ્ત બહેનો જ કરી લેતી. એ રૂપિયા પણ બહેનોના હાથમાં જ રાખી દેતા.

મામીને કોઈએ પતિને વશ કરવાનો ઉપાય બતાવ્યો. એવું જમાડો કે બીજાના ઘરે એક બટકું પણ એને ભાવે નહીં. પછી તો પૂછવું જ શું ? મામીએ પાકશાસ્ત્રની ચોપડીઓ મંગાવી. લસણની ખીર, બદામની મીઠાઈ, મટન અને માછલીનો કબાબ બનાવતી જ રહી. મામાએ આ બધું ખાઈને ઊલટો એમ વિચાર કર્યો કે એ ઝેર આપીને મારી નાખવા માગે છે.

પછી મામી લોહી ઓકી ઓકીને મરણ પામી.

પણ આ નવી વહુ તો આવતાવેંત જ જાદુ કરી ગઈ. ન ક્યાંય જવું, ન ક્યાંય આવવું. કોઈ આવે એય ગમે નહીં. બસ હતો અને હતી ! વનમાં વસંત આવી ગઈ. પણ ચપટી વગાડતાંમાં જ પાનખરની જેમ દુનિયા વેરાન થઈ ગઈ. આપણે હાથે કરીને જ પગ પર કુહાડો માર્યો ને ! ગોરી બેગમ સાથે જો લગ્ન કર્યાં હોત તો ભાઈ આમ વિખૂટો ન પડી જાત.

'એ ભાભી ! ક્યાં સુધી આમ ભાઈને વશમાં રાખશો ? એ પુરુષ છે, કોઈ રમકડું નથી કે જ્યારે જુઓ ત્યારે સાથે ન સાથે...'

આવા તો કેટલાય કટાક્ષ કર્યા પણ વહુ ખી-ખી કરીને હસી કાઢે અને મિયાં મૂરખની જેમ વાત કર્યા કરે. આખરે એ પોતાની પત્ની જ છે, પારકી તો નથી ! શા માટે એની સામે ટગર ટગર જોવું નહીં...?

મામા મામા રહ્યા નહીં. હવે કવ્વાલી, મુજરાની વાત જ ઊડી ગઈ. પત્નીના ઈશારા પર નાચે.

'એ બધુંયે થોડા દિવસ માટે છે. પગ ભારે થાય એટલી વાર છે ને ! કોક દિવસ તો ભાઈ કંટાળશે જ ને...?' બધાએ મન મનાવ્યું.

ને દિવસો જતાં રુખ્સાના બેગમનો પગ ભારે થઈ ગયો. ન ઊલટી થઈ કે ન બગડી તબિયત ! ચહેરાનું રૂપ ને તેજ તો ઊલટું વધી ગયું. સુસ્તી કેવી ને વાત કેવી ! નવોઢા જેવી જ અદા, એવા જ હાવભાવ...અને મામાનું હજીયે કાંઈ ચાલે નહીં. એને જ ઉપાડીને નજરમાં ભરી રાખે. હૃદય એનાં ચરણોમાં મૂકી દે. એ હૃદયમાંથી ઊતરવાને બદલે મન પર સવાર થઈ ગઈ.

પૂરા દિવસોમાં પણ રુખ્સાના મામીનું રૂપ એનું એ જ રહ્યું, આત્મા વિકસ્યો પણ ચંદ્ર ચમક્યા કર્યો. ન પગે સોજા કે ન આંખે કાળાશ. ઊઠવાબેસવામાં પણ જરાય

તકલીફ નહીં. અને સુવાવડ પૂરી થઈ કે તરત ઊભી થઈ ગઈ. સ્ત્રીઓના વાળ ખરે પણ આનું તો માથું ધોવું ભારે પડે એમ વાળ વધી ગયા.

હા, એને બદલે મામા સહેજ દૂબળા પડ્યા. બાળકને જાણે એમણે જણ્યું. જરાક ફાંદ વધી. ગાલ પર કરચલીઓ દેખાઈ. વાળ પહેલાં કરતાં વધારે સફેદ થયા. એમાંય દાઢી ન કરે ત્યારે કીડીઓનાં સફેદ ઈંડાં ચહેરા પર મુકાઈ જતાં.

બે વર્ષ પછી બેબી આવી. મામાની ફાંદ જરા વધી. આંખ આગળ ચામડી લબડી ગઈ. નીચેની દાઢ ખૂબ દુખી અને પડાવવી પડી. અને એક ઈંટ ખસી એટલે આખી ઈમારત પડવા તૈયાર થઈ.

એ દિવસોમાં મામીને ડહાપણની દાઢ આવી.

શુજાઅત મામાની બત્રીસી અસલી દાંત કરતાં વધુ સુંદર હતી. ઉંમરની વાત આવી કે દોષ બધો બીજાનો.

ઈમ્ત્યાજી ફોઈને હિસાબે રુખ્સાના મામીની ઉંમર છવ્વીસની થઈ, પરંતુ એ જ્યારે બાળકો સાથે તોફાન કરવાના મૂડમાં આવી જતી ત્યારે સોળ વરસની થઈ જતી. કેટલાં વરસથી એની ઉંમર વધતી અટકી ગઈ હતી ! અડિયલ ટટ્ટુની જેમ જાણે એની ઉંમર એકની એક જગ્યાએથી ચસકી નથી. નણંદોનાં દિલમાં ઉત્પાત મચી ગયો. આમેય આપણા હાથપગ થાકવા લાગે ત્યારે જુવાનિયાઓની ચંચળતા ઘોડાની લાતની જેમ આપણને વાગે છે. મામી બળતામાં ઘી હોમી રહી હતી. શરાફત અને ભલમનસાઈ એનામાં એટલી ઠાંસીને ભરી હતી કે એ પોતાની પતિને જગતનો ઈશ્વર સમજી બેઠી. ગમે ત્યારે એ એને સાથ આપતી. એમ નહીં કે એ થાક્યાપાક્યા હોય અને પોતે ચાદર ઓઢીને સૂઈ જાય !

'એ ભાભી ! ભગવાન તમને સદ્દબુદ્ધિ આપે. આમતેમ દોડ્યાં કરો છો તે તમને કંઈ ભાન છે...?'

'તો શું કરું ખાલી ? મૂઈ બિલ્લી...?'

'એ...લ્લે, સાંભળો ભાભીજી, હું તમારી ખાલા(માસી) ક્યારની થઈ ? શુજ્જનભાઈ મારાથી ચાર વરસ મોટા છે, હે ભગવાન ! મોટાભાઈ તો પિતા સમાન. તુંયે મારાથી મોટી ગણાય, ખબરદાર ફરી કોઈ વાર ખાલા કહી છે તો !'

'ભલે, સારું...' લગ્ન પહેલાં રુખ્સાના મામીની મા એની દુપટ્ટાબદલ બહેન કહેવાતી.

શુજાઅત મામાને ગુલામ બનાવી દેનાર એ રૂપ અને ઉંમર હવે આંખોમાં તીવ્રતાથી ખટકવા માંડ્યાં હતાં. અપંગ બાળક જ્યારે બીજાંઓ સાથે દોડી શકે નહીં ત્યારે એમ કહે છે કે મારી સાથે બેઈમાની કરો છો ! મામી એ લોકો સાથે દગો કરતી હતી. ક્યારેક તો એ પણ છોકરીઓની જેમ મામીને હસતી ને દોડતી જોઈને બળી બળીને રાખ થઈ જતા.

'બીજાઓને આકર્ષવા કેવી નખરાળી થઈને ફરે છે...' મામા ઝેર ઓકવા માંડ્યા, 'હા, હવે કોઈ જુવાન પઠ્ઠાને શોધી કાઢ...'

મામી પહેલાં તો શરમાઈ જતી. હસીને વાત ઢાળી દેતી. એથી મામા વધારે વીફરી જતા. આરોપ પર આરોપ લગાવતા :

'ફલાણા સામે જોઈ રહી છે...ઢીંકણા જોડે તારો સંબંધ...'

અને મામી સ્તબ્ધ થઈ જતી. આંખોમાં ઝળઝળિયાં આવી જતાં. વળગણી પરથી દુપટ્ટો ખેંચી શરીરે વીટીં દઈ એ અંદરના ઓરડામાં નીચે જતી રહેતી. મામાનું કાળજું બળીને રાખ થઈ જતું. એમના પગ નીચેથી જમીન સરકી જતી. પછી તો એ એના પગ ચૂમતો...માથું નમાવતો...નાક ઘસીને રડતો...

'હું જ નાલાયક છું...હરામખોર છું...મને જોડા લઈને માર...પ્રિય, તું મારું જીવન છે...મારી રાણી...'

રુખ્સાના મામી પોતાના રૂપાળા હાથ એના ગળા ફરતે વીંટી ધ્રુસકે ધ્રુસકે રોઈ પડતી.

'તારા વિના જીવતર ઝેર છે, મારું...પણ ઈર્ષા ને દ્વેષથી હું કેમ ઝડપાઈ જાઉં છું? તું જ્યારે નાનકડાને ખોળામાં લે છે ત્યારે મને થાય છે કે એના કટકા કરીને ચાવી જાઉં...મને માફ કર...'

એ તરત જ માફ કરતી. શુજાઅત મામાની આંખો હલકી થઈ જતી ને ઘણી વાર સુધી એ થાકેલા ખચ્ચરની જેમ હાંફી જતા.

પછી તો એવા દિવસો આવ્યા કે પોતે માફી માગી શક્યા નહીં. કેટલાય દિવસો સુધી રિસાઈને પડી રહેતા. બહેનોની આશા બંધાવા લાગી.

'ભાઈ તો હવે ભાભીને બાળી બાળીને ખલાસ કરી રહ્યા છે. સવાર પડે ને નવા જ રંગ દેખાય છે...'

મામી કલાકો લગી છાની છાની રડ્યા કરતી. રોવાથી લાલ બનેલી આંખો વધારે જુલમ કરતી. એનો ચહેરો કોઈ બેઈમાન સોનીએ સોનામાં ચાંદી ભેળવી દીધી હોય એવો ફિક્કો પડી ગયો હતો. ફિક્કા ફિક્કા હોઠ અને વેદનાની એક વીખરાયેલી લટ, એના માથા પર ફરકતી. જોનારનો જીવ બળી જતો. રૂપનો એ ધ્વંસ જોઈ મામા ઢીલા થઈ ગયા. એમની આંખોની વિરાની ઓર વધી ગઈ.

એક વેલ હોય છે અમરવેલ. એના લીલા લીલા સાપોલિયા જેવા ગાંઠા. મૂળિયા વિનાની. ને આ લીલા ગાંઠા કોઈ પણ ઝાડ પર નાખીએ કે એનો રસ ચૂસીને એ વેલ ફેલાઈ જાય. જેટલી વેલ પ્રસરે એટલું ઝાડ સુકાય.

જેમ જેમ રુખ્સાના બેગમનો બાગ ખીલતો ગયો તેમ તેમ મામા સુકાઈ જવા લાગ્યા. બહેનો ગુસપુસ કરવા લાગી. દિવસે દિવસે ભાઈની તબિયત જોઈ એમનું કાળજું ફફડવા લાગ્યું. ખૂબ દૂબળા પડી ગયા. સાંધાની ફરિયાદ તો હતી જ એમાં

શરદીની બીમારી. ડૉક્ટરોએ કહ્યું કે કલપ જરા પણ કામમાં નહી આવે એટલે મેંદીનો પ્રયોગ શરૂ કર્યો.

બિચારી રુખ્સાના જે આવે તેને વાળ સફેદ કરવાનો ઈલાજ પૂછતી. કોઈએ કહ્યું કે સુગંધી તેલ નાખવાથી વાળ સફેદ થતા હશે. એણે પ્રયોગ કર્યો. પણ મામાને જેવી સુગંધ આવી કે ઊલટા આક્ષેપો શરૂ થયા. જો નાનું બાળક ન હોત તો મામીએ ચોક્કસ જ કૂવો પૂર્યો હોત. સફેદ બનવાને બદલે એના વાળ વધારે મુલાયમ અને ચમકદાર બની ગયા.

મામીની આ યુવાનીને હાંકી કાઢવા મામાએ એક નંબરના હકીમોની તમામ દવાઓ, દરેક ચીજો અને તેલ વગેરેનો ઉપયોગ કરી જોયો. થોડા દિવસ તો એમની ભાગતી યુવાની અટકી ગઈ. યુવાની પાછી આવી ગઈ. જ્યારે મામીએ તો દુનિયાદારીના દાવપેચ શીખ્યા જ નહોતા. પોતાની મેળે જ એ તો મોટી થતી આવી હતી. કોઈએ એને ઝીણવટથી કાંઈ સમજાવ્યુંયે નહોતું. અઠ્ઠાવીસ વરસની હોવા છતાંય અઢાર વરસની યુવાન હતી. અણસમજુ અને છોકરમતથી ભરેલી.

જેમ વધારે મોટર ચલાવો તેમ તેમ વધારે બળે. ઊલટીસૂલટી દવાઓના સેવનથી મામા એકદમ પટકાઈ પડ્યા. વૃદ્ધત્વ ઊતરી આવ્યું. એણે રૂપ પાછળ આટલું મગજ ન ચલાવ્યું હોત તો બાસઠમે વરસે આ હાલત થાત નહીં. એ પોતાની મૂળ ઉંમર કરતાંય મોટા દેખાવા લાગ્યા.

બહેનો રોવા લાગી. હકીમો, ડૉક્ટરો બધા ખસી ગયા. યુવાન બનવા માટે એમની પાસે ઘણા નુસખા હતા પણ ઉંમર કરતાં વહેલા વૃદ્ધ થવાની એમની પાસે કોઈ દવા નહોતી, જે મામીને આપી શકાય. ચોક્કસ કોઈ સદાબહાર જાતનું જીન કે પીર એનામાં પેસેલાં હતાં. એટલે જ એની યુવાની મૂઠ મારવા છતાં કે માદળિયાં બાંધવા છતાં ગઈ નહીં. કારણ કરવાવાળાયે હાર્યા.

અમરવેલ ફેલાતી રહી !

વડલાનું ઝાડ સુકાતું ગયું !

ફોટો હોય તો કોઈ ફાડી નાખે, મૂર્તિ હોય તો કોઈ ભાંગીને ભુક્કો કરે, પણ ભગવાનને હાથે બનાવાયેલું આ માટીનું પૂતળું રૂપાળું પણ રહ્યું ને જીવતુંયે રહ્યું. એના શ્વાસોચ્છ્વાસમાં યૌવન ધબકતું હતુ. એ ચડતા સૂરજને ઉતારવાનો એક જ ઉપાય હતો. ખાવાપીવા પર સંયમ મૂકવામાં આવે. ઘી, માંસ, ઈંડાં, દૂધ બિલકુલ બંધ થયાં. શુજાઅત મામા ખાઈ નહોતા શક્તા ત્યારથી જ બાળકો માટે જ મામી માંસ મંગાવતી. કોઈક વાર એકાદ ટુકડો એ ચાખી લેતી. પણ હવે એય એણે બંધ કર્યું હતું. ભગવાન કરે તો હવે કદાચ મામી ઘરડી થાય.

'એ ભાભી ! આ શું ઉછાંછળી છોકરીઓની જેમ સલવારકમીજ પહેરીને ચાલી નીકળ્યાં, એનાથી તો સાવ નાનાં લાગો છો !' નણંદો કહેવા લાગી, 'જરા સરખાં

કપડાં તો પહેરો કે ભારમાં લાગો, તમારી ઉંમરનાં તો લાગો !'

મામી ટાંકેલો દુપટ્ટો ને પાયજામો પહેરવા લાગી.

'ક્યા યારની સાથે જવા તૈયાર થઈ ?' મામાએ ટોણો માર્યો અને મામીને કપડાંની પણ નફરત થઈ ગઈ.

'એક જ વખત નમાજ કેમ પઢે છે ? પાંચેય વાર પઢવાની.'

મામી પાંચેય વાર નમાજ પઢવા લાગી. જ્યારથી મામાને ઊંઘ ઓછી આવવા લાગી હતી ત્યારથી એ છેલ્લી નમાજ વખતે પણ જાગતા પડ્યા રહેતા.

'મારી શુકરાનાની (મરવાની) નમાજ પઢે છે ?' મામા એને પૂછતા.

દૂબળી તો હતી જ રોજની ખટપટથી થોડી વધારે દૂબળી પડી ગઈ. ઘીમાંસના સંયમથી તો એનો રંગ ઓર ખીલી ઊઠ્યો. પારદર્શક કાચ જેવી એની ચામડી સાફ અને ચમકદાર બની ગઈ. ચહેરા પર અજબનો પ્રકાશ ચમકી રહ્યો. પહેલાં તો એને જોનારને મોમાં પાણી જ આવતું પણ હવે ગળું કાપી આપવા તૈયાર થઈ જતું. સવારમાં એ જ્યારે નમાજ પઢીને કુરાન વાંચતી ત્યારે હજરત મરિયમનું ઓજ એના મુખ પર દીપી ઊઠતું. મુક્તિ આપનારું રૂપ પ્રગટતું. ફાતિમા અને જોહરાની પવિત્રતાથી એનું વ્યક્તિત્વ છલકાઈ જતું. એ હજી વધારે નાની અને કુંવારી દેખાતી હતી.

મામાની કબર અહીં વધુ ને વધુ નજીક આવવા માંડી હતી. એ ધરાઈ ધરાઈને મેહેણાં મારતા, ગાળો આપતા અને કહેતા કે ભાણેજભત્રીજાઓ પછી હવે એ દેવદેવતાઓને પણ ખુશ કરવા ચાલી છે ! વ્રત-એકટાણાં ને ઉપવાસ કરીને હવે સાધના લગાવી છે. અને એમની પાસેથી જડીબુટ્ટી માગીને ખાય છે !

હવે તો મેંદીના પ્રયોગથી પણ મામા કંટાળ્યા હતા. એમને મેંદી લગાવતાં જ છીંકો આવતી. ઊથલો મારતો. અને વૃદ્ધત્વને લીધે મેંદી પ્રત્યે ધૃણા થવા લાગી. ગમે તેટલું સંભાળીને રુખ્સાના મામી એમના વાળમાં મેંદી લગાડતી તોપણ એના હાથામાં મેંદીનો રંગ દીપકની જ્યોતની માફક ઝળહળી ઊઠતો અને શુજાઅત માનાને થતું કે આ હાથ જાણે રુખ્સાનાએ એમના હૃદયના લોહીમાં બોળી દીધો છે. એ જ હાથને એ ચમેલીની ગભરુ કળી કહીને ચૂમતા અને આંખે અડાડતા. આજે એ બાજ પક્ષીની જેમ શિકારી જેવા જાણે એની આંખમાં ખૂંચી રહ્યા હતા.

એમની જડીબુટ્ટી જેટલી જમીન પર ઘસાતી એટલી મામી ચંદનની જેમ મહેંકી ઊઠતી.

ભાભી ક્યાંક ઝેર ન ખવડાવી દે એ માટે સારી સારી વાનગીઓ ભાઈને માટે બનાવીને બહેનો જ લાવતી. એ પોતાના જ હાથે પોતાની સામે ખવડાવતી છતાં મામા દૂબળા જ રહેતા. જૂના હરસને લીધે લોહી એટલું બધું જતું રહેતું કે એણે જે પુરુષત્વ માટે લીધેલી દવા હતી એ જ શરીરમાં બાકી રહી ગઈ હતી. આમ તે એ દવા એવી હતી કે મડદું પણ ખાઈને બેઠું થઈ જાય પણ મામાના શરીરે ફોલ્લા ઊઠ્યા.

દુખિયારી મામી હજાર વાર ઘી અને પાણીએ એને ધોયા કરતી, ગંધક વાટીને એમાં કેટલીય દવાઓ નાખતી, મલમનાં લપેડા કરતી, કડવા લીમડાના રસથી રસી સાફ કરતી ને તોય ફોલ્લા તદ્દન તો ગયા જ નહીં. મામાને ઝાળ થતી.

એક દિવસ અંધકાર વ્યાપી ગયો. મામા અશક્ત થઈ ગયા. બહેનો ભેગી થઈને ભાભીના દુ:ખ પર રડવા લાગી. એવામાં નિજજી ડોસી ભગવાન જાણે ક્યાંથી ટપકી પડી ! પહેલાં તો શુજાઅત મામાને દાદા સમજી એમની જોડે વાતો કરવા લાગી. કોઈ એક જમાનામાં દાદા એના પર દયાભાવ રાખતા. ડોસીની બુદ્ધિ હવે નાસી ગઈ હતી. દાદાના મૃત્યુને પણ હવે વીસ વરસ થઈ ગયાં હતાં. એ પોતાની ઝીણી આંખોમાં જૂના સ્વપ્નાં પાછાં લઈ આવી. ખૂબ વાતો થઈ અને સાચી વાત સમજાઈ ત્યારે એ મરેલી મામીને લઈને રોવા માંડી.

'હાય, હાય, મરતાં મરતાંય કોને ખબર કેવા શાપ દેતી ગઈ ?' એટલામાં એની નજર રુખ્સાના મામી પર પડી. આંગણામાં બેસીને એ કબૂતરાંને ચણ નાખતી હતી. જાણે ફોટો પડાવતી હોય તેમ ગોઠણ પર માથું નાખીને પછી એ બેસી રહી. એની દર્પણ જેવી હથેળીમાં કબૂતરાં ચાંચ મારતાં હતાં. એ વિવશતાથી હસતી હતી.

'બાપ રે બાર,' ડોસીએ રોટલી જેવું ગોળ મોં કરતાં મામી સામે જોઈને હવામાં હાથા ઊંચા કરીને દુખણાં લીધાં.

'ભગવાન બચાવે તને હલકી નજરોથી, દીકરી તો ચાંદનો ટુકડો છે. અઢારમું બેઠું ?' અને પછી મામા પાસે નજીક જઈને કહે, 'એ મિયાં–સોદાગરનો વચલો છોકરો વિલાયતથી ભણીને આવ્યો છે...ભગવાનના સમ ચાંદસૂરજની જોડી જામી જશે...'

એ વખતે ડોસીઓ માગાં નાખતી. હવે એય થતું નથી. ચોટલા ધોળા થયા ને હાથેપગે કાયર થઈ એટલે રોટલાનો ટુકડો માગીભીખીને ગાડું ગબડાવતી.

થોડી વાર તો ડોસીનો આ બકવાસ કોઈએ કાને ધર્યો નહીં પણ સોદાગરના વચલા છોકરા વિશે બધાં જાણતાં હતા. આ બદમાશ ડોસી રુખ્સાના મામીને વિશે વાત કરતી હતી ?

'ઈમામહુસેનના સોગંદ મિયાં, હું તો કંગનની જોડ લઈશ. વાત મૂકવી છે બોલો?'

અને રહસ્ય છતું થયું ત્યારે જાણે કોઈએ મધપૂડા પર પાણી ફેંક્યું ! ચારે બાજુથી તોપ ધણધણી ઊઠી !

'મને અભાગણીને શી ખબર ?' પછી ડોસી ચંપલ પહેરતી ચાલવા લાગી. જતાં જતાં શંકાશીલ આંખે જોતી જોતી કહેતી ગઈ, ''મોઢા પરથી તો કુંવારી લાગે છે...'

એ દિવસે શુજાઅત મામાએ હાથમાં કુરાન લઈને બધાની એને ખૂબ યાદ આવી. એના વાળ સમય પહેલાં જ સફેદ થઈ ગયા હતા, એની યુવાની, એનું પત્નીત્વ આંસુઓ દ્વારા વહી રહ્યું. વફાદારી અને પવિત્રતાની પૂતળી એનું પોતાનું વૃદ્ધત્વ એણે

લઈ લીધું હતું. અને શરીફ પત્નીઓની જેમ પ્રભુશરણ થઈ હતી. આજે એ હયાત હોત ! આ દર્દ, આ ઝાળ, મેંદી લગાડેલા સફેદ વાળ, આ રોગ, આ સમગ્ર અંધકારમાં એ ભાગીદાર બની રહેત. દિલાસો આપી શકત. મારા દુઃખને સમજી લેત.

અમરવેલ રાતે ન વધે એટલી દિવસે વધતી ગઈ અને વડલો ખોખરો થઈ ગયો. ડાળીઓ તૂટવા માંડી. પાન ખરવા માંડ્યા અને વેલ પાસેના જ લીલા ઘટાદાર ઝાડ તરફ વીંટળાવા લાગી...

કેટલું આત્મદાહનું વાતવરણ હતું ! શુજાઅત મામાની નનામી આંગણામાં બંધાઈ. બહેનો બેઠી બેઠી પછડાટ ખાતી હતી. મામાએ પોતાની બધી જ મિલકત બહેનોને નામે કરી દીધી હતી.

રુખ્સાના મામી બધાથી દૂર દરવાજાએ અઢેલીને બેસી રહી હતી. કહેવાવાળા કહેતા હતા કે આટલી સુંદર સ્ત્રીને વિધવા વેષે કોઈએ જિંદગીમાં જોઈ નહોતી.

સફેદ વસ્ત્રોમાં એ એક અજબ મોહક સ્વપ્ન જેવી લાગતી હતી. રડી રડીને એની આંખો ભારે થઈ ગઈ હતી. પીળો ચહેરો ઘરેણાંની જેમ ચમકી રહ્યો હતો. મૈયતમાં આવેલા લોકો બધું ભૂલીને એના તરફ જ તાકી રહ્યા હતા. મરનારના ભાગ્ય પર એમને ઈર્ષા આવતી હતી.

મામી પર નિરાધારપણાની છાયા હતી. દુઃખ અને હતાશાથી પણ એનો ચહેરો ભોળો લાગતો હતો.

બંને બાળકો એની સોડમાં બેઠાં હતાં. એ એમની મોટી બહેન લાગતી હતી.

એવી ગૂમસૂમ એ બેઠી હતી જાણે સૃષ્ટિના વિશ્વકર્માએ પોતાની અજોડ કલમથી એક અપૂર્વ ચિત્રકૃતિ સરજી હોય !

# બે હાથ

ઈસ્મત ચુગતાઈ

રામૌતાર મોરચેથી પાછો ફરી રહ્યો હતો. વૃદ્ધા ભંગિયણ મારા અબ્બામિયાં પાસે કાગળ વંચાવવા આવી હતી. લડાઈ પૂરી થઈ ચૂકી હતી એટલે રામૌતારને રજા મળી ગઈ અને એ હવે પાછો આવતો હતો. આ સમાચાર જાણીને વૃદ્ધા ભંગિયણની આંખમા ઝળઝળિયાં આવી ગયાં. કૃતજ્ઞતાના ભાવથી એ વૃદ્ધા ચારે બાજુ દોડતી, સૌને પગે પડતી, ઝૂકી ઝૂકીને સલામો ભરતી હતી. કેમ જાણે એ બધાએ જ એના એકના એક માત્ર પુત્રને લડાઈમાંથી સહીસલામત પાછો આણ્યો ન હોય !

વૃદ્ધાની ઉંમર તો પચાસની હશે પણ દેખાવ પરથી એ સિત્તેરની જણાતી હતી. દસબાર કાચાપાકાં બાળકોને એણે જન્મ આપ્યો, તેમાંથી ફકત એક રામૌતાર અનેક માનતાઓ માન્યા પછી માંડ બચી ગયો હતો. રામૌતારની શાદી થયે માંડ એક વર્ષ પણ પૂરું થયું નહોતું ત્યાં તો એને જંગ પર બોલાવતું લશ્કરી તેડું આવી પહોંચ્યું હતું. બુઢ્ઢી ભંગિયણે ખૂબ ધાંધલ મચાવ્યું પણ એનું ચાલે શું ? પણ જ્યારે એનો પુત્ર વિદાય વેળાએ લશ્કરી વરદી પહેરીને પોતાની માને ચરણસ્પર્શ કરવા આવ્યો ત્યારે એની શાન અને એની શૌકત જોઈને બુઢ્ઢી ભંગિયણની છાતી ગજ ગજ ફૂલી ગઈ. જાણે એનો છોકરો લશ્કરનો મોટો કર્નલ બની ગયો હોય એવા ગર્વનો એણે અનુભવ કર્યો.

શાગિર્દ પેશા (નોકરોને રહેવાની ચાલ) માં નોકરોના મુખ પર મશ્કરીભર્યું હાસ્ય ફરકતું હતું. રામૌતાર પાછો આવ્યા પછી જે નાટક ભજવવાની આશા હતી એના પર જ સૌની મીટ હતી. જોકે રામૌતાર લશ્કરમાં કંઈ તોપ કે બંદૂક ચલાવવા નહોતો ગયો, તે છતાં સિપાઈઓનાં મળમૂત્ર ઉપાડતાં ઉપાડતાં સિપાઈ જેવી થોડી અક્કડતા ને જુસ્સો એનામાં આવ્યાં જ હશે એમ સૌ ધારતા હતા. લશ્કરી વરદી પહેર્યા પછી એ જૂનો રામૌતાર તો ખરેખર જ નહોતો રહ્યો. સ્વગૃહે પાછા ફરીને એની પત્ની ગૌરીનાં કરતૂતો સાંભળ્યા બાદ એનું જુવાન લોહી બદનામીને લીધે ઉકળી ન ઊઠે એ વાતમાં શો માલ હતો?

ગોરી જ્યારે પરણીને સાસરે આવી ત્યારે તો લજામણીના છોડ જેવી હતી. જ્યાં સુધી રામૌતાર ગામમાં હતો ત્યાં સુધી એણે લાંબો ઘૂમટો તાણી જ રાખ્યો હતો. મજાલ હતી કોઈની કે એના રૂપરંગ, એનો ચહેરો કોઈ જોઈ શકે ? પતિએ જ્યારે વિદાય લીધી ત્યારે એ એવી તો હીબકે હીબકે રડી હતી કે સાંભળનારને લાગે કે જાણે એનું સૌભાગ્ય

જ નષ્ટ ન થયું હોય ! થોડા દિવસ રડી રડીને લાલ બની ગયેલી આંખો સાથે માથું નીચું રાખીને ગંદકીના ટોપલા ઊંચકતી ગઈ. પછી ધીમે ધીમે એના ઘૂમટાની લંબાઈ ઓછી થવા લાગી.

કોઈએ કહ્યું કે એ બધો વસંતઋતુનો પાપી પ્રતાપ છે, તો કોઈક ઉઘાડે છોગે બોલવા લાગ્યું કે ગોરી પહેલેથી જ હતી છિનાળ. રામૌતાર ગયો ને આફતે આભ છોડયું. આખો દિવસ હીહી કરતી ને લચકાતીઘૂમતી ગોરી કમરમાં ગંદકીની ટોપલી દબાવીને એના હાથમાં પહેરેલ કાંસાની બંગડીઓ એવી તો ખણખણાવતી ને ફરતી રહેતી કે જોનારાના હોશોહવાસ ગુમ થઈ જતા. ધોબીના હાથમાંથી સાબુ છટકીને હોજમાં ડૂબી જતો. રસોઈયાની નજર તાવડી પર શેકાતી રોટલીની ગરમી લઈને ત્યાંથી ઊપડી જતી. પાણી ભરતો ભિસ્તી કૂવામાં પડેલી બાલદીને ડુબાડતા ડુબાડતાં કૂવાના તળિયાનુ માપ પાતાળે પહોંચાડી દેતો. ચપરાસીઓના માથા પરની બિલ્લા લગાડેલી પાઘડીઓ પણ માથા પરથી અવતરણ કરતી ખભાને ટોડલે કબૂતર બનીને બેસી જતી... અને આ આફતના અસબાબ જેવી ગોરી એની આંખોની તીર ફેંકતી એક અદા દેખાડીને સરકી જતી ત્યારે આખાય શાગિર્દ પેશામાં સન્નાટો છવાઇ જતો. જાનમાં જાન આવ્યાપછી ધોબી, રસોઇયો, ભિસ્તી ને બીજા બધા એકબીજા પર કાદવ ઉછાળવા માંડતા. ધોબણ ગુસ્સામાં ને ગુસ્સામાં પાણી ભરેલી કૂંડી ઢોળી નાખતી. બાળકને ધવડાવતી નોકરાણી અકારણ એના બાળકને મારવાનું શરૂ કરી દેતી. રસોઇયાની પત્ની પર તો આ ગોરીને જોયા પછી હિસ્ટીરિયાનો હુમલો આવતો.

નામ એનું ગોરી પણ હતી કમજાત કાળી ડિબાંગ અંધારા જેવી. ચપટું નાક, પહોળા હોઠ અને ગંદા મેલા દેખાઈ આવતા દાંત. કાજળ આંજતી તોય એની એક આંખના ખૂણામાં રહેલ વળાંક સંતાડી શકાતો નહોતો. અને આવી હોવા છતાં કોણ જાણે એની ત્રાંસી આંખને ખૂણેથી એવાં તો તીર ફેંકતી કે સીધાં નિશાન પર જ જતાં...! કમર પણ કંઈ લચકદાર નહોતી. એ ખાસ્સી ભરાવદાર હતી. એઠું ખાઈ ખાઈને પેટ પણ ફૂલી ગયું હતું. શરીર અને રંગ જુઓ તો જાણે ભાદરવાની ભેંસ, જ્યાંથી પસાર થાય ત્યાં કડવા તેલ જેવી વાસ ફેલાઈ જતી. એના અવાજમાં મીઠાસ જરૂર હતી. ઉર્સ, મેળો કે ઉત્સવ પ્રસંગે કજરી ગાતી ત્યારે એનો અવાજ બધાજી જુદો જ તરી આવતો.

એની સાસુ બુઢ્ઢી ભંગિયણ દીકરો ગયા પછી ગોરી વિશે ખૂબ જ શંકાશીલ બની ગઈ હતી. કાંઈ ન સૂઝતું ત્યારે એ ગોરીને ગાળો દેતી. એના પર નજર રાખવા એની પાછળ પાછળ જતી. પણ બિચારી બુઢ્ઢીની કાયા હવે તૂટી રહી હતી. ચાળીસ ચાળીસ વરસ ગંદકીની વરસ ગંદકીની ટોપલી ઉઠાવીને એની કમર બેવડ વળી ગઈ હતી. એ અમારી જૂની ભંગિયણ હતી. અમે જન્મ્યા ત્યારે એણે જ ફરજ બજાવી હતી. અમ્મીને દર્દ ઊપડે કે તરત જ એ અમારા ઘરના ઓટલે આવીને બેસતી અને ક્યારેક તો લેડી ડૉક્ટરને મફતમાં જરૂરી સલાહ પણ આપી દેતી. અમારી રક્ષા માટે ક્યારેક મંતરેલ

માદળિયું લાવીને પટ્ટીથી બાંધી આપતી. ટૂંકમાં એ ભંગિયણ જાણે કે અમારા ઘરની એક વડીલ વ્યક્તિ જ હતી.

અમારી આવી માનીતી ભંગિયણની પુત્રવધૂ અચાનક લોકોની આંખમાં કણાની જેમ ખૂંચવા લાગી. નોકરાણી અને રસોયણની વાત બાજુએ મૂકીએ તોય અમારા ઘરની સ્ત્રીઓ પણ ગોરીને આમ બેફામ બનેલી જોઈને શરમથી માથું ઝુકાવી દેતી. પતિરાજોની હાજરી હોય અને એમના ઓરડામાં ગોરી ઝાડુ કાઢવા જતી દેખાય તો તરત મારી ભાભીઓ છાતીએ વળગાડેલ બાળકને બાજુએ મૂકીને ભાગતી એના ઓરડામાં દોડી જતી. મૂઈ ચુડેલ પતિ પર કાંઈક જાદુ કરી ન બેસે એનો એમને હમેશાં ડર રહેતો.

ગોરી તો જાણે કે માતેલો સાંઢ હતી, જેમ મનમાં આવે તેમ ફરી શકે અને કાચનાં વાસણ જેવાં નાજુક જીવન જીવતા અમારી વસ્તીના લોકોનાં મન ભાંગફોડની બીકે અધ્ધર થઈ જતાં. વાત ખૂબ વણસી હતી. શાગિર્દ પેશાની મહિલાઓનું એક પ્રતિનિધિમંડળ અમ્મીના દરબારમાં એક દિવસ આવી પહોંચ્યું. આવનારી આફત ને એનાં ગંભીર પરિણામો પર ગજબની ચર્ચાઓ થઈ. પતિરાજોના રક્ષણ માટે એક સમિતિ રચાઈ અને એમાં મારી ભાભીઓએ જુસ્સાભેર મતદાન કર્યું. અમ્મીને એ સમિતિના માનદ અધ્યક્ષપદની સોંપણી થઈ. બધી સ્ત્રીઓ પોતપોતાને સોંપાયેલ સ્થાને ઠાઠથી બેઠી. પાનસોપારી વહેંચાયાં. પછી બુઢ્ઢી ભંગિયણને બોલાવવામાં આવી. ભંગિયણ બિચારી હાજર થઈ. રડીને સભામાં ખલેલ ન પડે એટલે બાળકોનાં મોંમાં દૂધની શીશીઓ પરોવી દેવાઈ હતી. મુકદ્દમો શરૂ થયો.

'કેમ રે ચુડેલ !' અમ્મીએ રુઆબથી કહેવા માંડયું, 'અમારી છાતીઓ પર નાચવા માટે તેં તારી વહુને બહુ છૂટ આપી છે ? શો ઈશારો છે ? શું મોઢું કાળું કરાવવું છે?'

ગંભીરપણે બેસી રહેલી ભંગિયણ મનમાં ને મનમાં ધૂંધવાઈ રહી હતી. એ બોલી, 'શું કરું બે'ન ! મેં એ હરામખોરને કેટલીયે વાર મારીઝૂડી, ખાવા-પીવાનું બંધ કરાવ્યું પણ ગાંઠતી જ નથી રાંડ મને...

'અરે, એને ખાવાપીવાની કાંઈ અછત છે?' રસોયણે મમરો મૂક્યો. સહારનપુરની ખાનદાન રસોયણ. ને ત્રીજી વારની પરણેલી. શું એનો રોફ હતો! ને ગુસ્સો... ભગવાન બચાવે. ને પેલી નોકરાણી, માલણ ને ધોબણે મળીને કેસને વધારે ગૂંચવી દીધો. બિચારી ભંગિયણ બધાંના ટોણા સાંભળતી ખરજવાવાળા પગને ખંજવાળતી હતી.

'બેગમસાહેબ, તમે જેમ કહેશો તેમ કરીશ, હું તો તૈયાર જ છું. બોલો, ટોટો પીસી નાખું હું એનો?'

'ટોટો પીસ નાખુ' એવા શબ્દો સાંભળતાં જ બધી સ્ત્રીઓ રાજી રાજી થઈ ગઈ. આવા સરસ વિચાર માટે બધાને ભંગિયણ માટે સહાનુભૂતિ થઈ.

અમ્મીએ કહ્યું, 'મૂઈને પિયર જ મોકલી દે ને.'

'અરે બેગમસાહેબ, એવું તે કઈ રીતે બને?'

ભંગિયણે સમજાવ્યું કે વહુ એમ ને એમ મફતમાં ઓછી જ મળે છે? આખી જિંદગીની કમાણીના બસો રૂપિયા આપ્યા પછી તો વહુ હાથ આવી હતી. આટલા પૈસામાં તો બે ગાય આવી જાય, મજાની કળશ ભરીને દૂધ આપે એવી... પણ આ કાળમુખી તો બે લાત મારે એવી છે એને જો પિયર મોકલીએ તો એનો બાપ તરત જ એને બીજા ભંગીને પરણાવી દે ને પૈસા પેદા કરે. વહુ કાંઈ દીકરાના પલંગની શોભા નહોતી. બે હાથ છે,પણ ચાર માણસનું કામ આટોપે છે. રામૌતારના ગયા પછી આ વૃદ્ધા એકલે હાથે કામને પહોંચી શકતી જ નહોતી. આ બુઢાપો હવે તો વહુને સહારે જ પસાર થઈ રહ્યો હતો...

સમિતિની સ્ત્રીઓ કંઈ અણસમજુ નહોતી. અત્યાર સુધી મામલો સામાજિક પ્રકારનો હતો તે હવે આર્થિક સ્તરે પહોંચી ગયો. ખરેખર વૃદ્ધા માટે વહુ ખૂબ જ જરૂરની હતી. બસો રૂપિયામાં આણેલ 'માલ' - કોણ મૂરખ એવું હોય કે સામે ચાલીને રસ્તામાં ફેંકી દે! એ બસો ઉપરાંત યજમાનોને જમાડવાનો ખર્ચેય અલગ કર્યો હતો. એ માટે વાણિયા પાસેથી વ્યાજે નાણાં લીધાં હતાં અને એવું દેવું કરીને પણ બિરાદરીને ખુશ કરી હતી. રામૌતારનો જે પગાર આવતો એ આ કરત ને એનું વ્યાજ ચૂકવવામાં જ ખલાસ થઈ જતો. ને આ મોંઘવારીના જમાનામાં આવી સરસ વહુ તો પૂરા ચારસો રૂપિયા મળે તો જ દઈ શકાય એવી સ્થિતિ હતી. આટલી કીમતી વહુ આખીયે કોઠી ને એની આસપાસની વસ્તીનું કામ સંભાળી લેતી, ને રાંડ કામનીયે કેટલી કાળજીવાળી હતી!

છતાં અમ્મીએ અલ્ટિમેટમ આપી દીધું, 'જો એ લુચ્ચીનો કંઈ બંદોબસ્ત નહીં કરે તો તનેય આ કોઠીના લત્તામાંથી હાંકી કાઢીશું...'

વૃદ્ધાએ તરત જ ખૂબ રોકકળ શરૂ કરી દીધી. ઘરે જઈને વહુને પુષ્કળ ગાળો દીધી. ચોટલો ઝાલીને ખૂબ મારી. વહુ એણે ખરીદેલી વસ્તુ હતી. વૃદ્ધા એને મારઝૂડ કરતી જ ગઈ, ગાળો દેતી ગઈ અને બીજે દિવસે એનું પરિણામ ચોખ્ખું દેખાઈ આવ્યું. બધા જ બનાવોના સરવાળા રૂપે રસોઈયો, ભિસ્તી, ધોબી અને ચપરાસીઓના હાથમાં ખજવાળ ઊપડવી શરૂ થઈ ગઈ. એના ઈલાજ માટે એમની પત્નીઓને મેથીપાક મળ્યો. એટલેથી મામલો અટક્યો નહીં. મારાં ભાઈભાભીઓ વચ્ચેય આ બનાવોને કારણે ઝઘડા ઊભા થયા. ભાભીઓને પિયરે તાર મોકલાયા. ઘરની શોભા જેવી ગૃહલક્ષ્મીઓ જાણે એકાએક કાંટાની જેમ ખૂંચવા લાગી.

પણ બેચાર દિવસ પછી વૃદ્ધાના દિયરનો છોકરો રતિરામ કાકીને મળવા આવ્યો હતો તે ગામમાં જ રહી ગયો. બેચાર વધારે ઘરોનું કામ આવ્યું હતુઠ તે એણે સંભાળી લીધું. એના પોતાના ગામમાં તો એ આવારા જેવો રખડયાં કરતો. લગ્ન થયાં હતાં પણ વહુ હજી નાની હતી એટલે આણું થયું ન હતું.

રતિરામના આવ્યા પછી વાત બદલાઈ ગઈ, જેમ પવન ફૂંકાય ને ઘનઘોર વાદળાં

એકદમ વીખરાઈ જાય એમ. વહુનો ઉત્પાત શમી ગયો. કાંસાનાં કડાં ખામોશ થઈ ગયાં. જેમ ફુગ્ગામાંથી હવા નીકળી જાય ને એ ઢીલો થઈ લટકી રહે તેમ વહુનો ઘૂમટો ચહેરા પર ફરી લટકવા લાગ્યો. આખલાની જેમ ભકટતી ગોરી ફરી એક વાર શરમાળ વહુ બની ગઈ. શાર્ગિદ પેશાની બધી સ્ત્રીઓના શ્વાસ હેઠા બેઠા. સ્ટાફનો કોઈ મરદ કશી હરકત કરવા જતો તો તરત જ ગોરી એના ઘૂમટો ઉઠાવી વાંકી આંખ કરી ડોળા કાઢતી ને રતિરામ તરફ સંકેત કરતી કે તરત રતિરામ બેદરકારીથી હાથ ખંજવાળતો એની બાજુમાં આવીને ઊભો રહી જતો. વૃદ્ધા એની પરસાળમાં બેઠી બેઠી શાંત ચિત્તે આ સુખાન્ત નાટક જોયા કરતી ને હુક્કો ગગડાવ્યા કરતી. ચારે કોર શાંતિનું સામ્રાજ્ય છવાયેલું હતું.

હવે શાગિર્દ પેશાના મરદોનો વારો હતો. ગોરીની વિરુદ્ધ બધાએ એક સંયુક્ત મોરચો રચ્યો. એક સમયે ગરમ ગરમ પરોઠાં બનાવીને આગ્રહપૂર્વક ગોરીને ખવડાવનાર રસોઈયાને હવે ચોકડી સાફ કરવામાં ગોરીની ભૂલ દેખાવા માંડી. ધોબીની ફરિયાદ હતી કે એણે વળગણી પર સૂકવેલાં કપડાંને ગોરી ધૂળ ઉડાડીને બગાડતી હતી. દસ દસ વાર ઝાડું વળાવવા છતાં નોકરને કચરો રહી જતો દેખાયો. ગોરીને હાથ ધોવડાવવા સદાય તત્પર એવા ભિસ્તીમિયાં ફળિયામાં પાણી છાંટવા માટેની ગોરીની વિનંતી પર દાદ ન આપતા. કદાચ એમના મનમાં એમ પણ હોય કે સૂકી જમીન પર ગોરી ઝાડુ કાઢે તો ધૂળ ઉડાડવાને બહાને એને સારી પેઠે ધમકાવી શકાય.

પણ ગોરી તો બધાંની ગાળો ખાતી નીચી નજરે પોતાનું કામ કર્યે જતી. કોને ખબર ઘેર જઈને સાસુને એ શુંયે સમજાવતી કે સાસુ સામે ચાલીને એ લોકોને ગાળો ભાંડતી એની નજરમાં તો હવે વહુ અણીશુદ્ધ ને નેક બની ચૂકી હતી.

પણ એક દિવસ બધા જ નોકરોના સરદાર અને અબ્બાજાનના સલાહકાર દારોગાજી એમની દાઢી પસરાવતા આવ્યા અને રતિરામ અને ગોરીના અનૈતિક સંબંધોને કારણે આખાયે શાગિર્દ પેશામાં ફેલાઈ રહેલી ‘ગંદકી’ માટે રોદણાં રોવા લાગ્યા. અબ્બાજાને પ્રથમ સુનાવણી બાદ આખોયે મુકદ્દમો સેસન્સ કમિટ કરી દીધો - એટલે કે અમ્મીજાનને હવાલે કર્યો. વળી એક બેઠક મહિલા મંડળની મળી ને ફરી એક વાર બુઢ્ઢી ભંગિયણને દરબારમાં હાજર થવા ફરમાન થયું.

‘અરે બેવકૂફ! તને ખબર છે, તારી વહુએ શું પરાક્રમ કર્યું છે તે?’

ભંગિયણે આ પ્રશ્ન સામે એ રીતે જોયું જાણે એ ગરીબ બિચારી એનો અર્થ જ સમજી શકી ન હોય. અને જ્યારે એને શુદ્ધ ભાષામાં કહેવામાં આવ્યું કે નજરે જોનારાઓએ જોયું છે કે રતિરામ અને ગોરીના સંબંધો ધૃણાસ્પદ કક્ષાએ પહોંચી ગયા છે અને એ બેઉ કઢંગી હાલતમાં પકડાયાં છે ત્યારે એણે આ સ્ત્રીઓએ એનું ભલું ઇચ્છયું એ માટે આભાર માનવાને બદલે ઊલટી જ વાત કરી.

રોતી રોતી એ તો એમ જ કહેવા લાગી કે એનો દીકરો રામૌતાર જો આજે હાજર

હોતો તો એની પુત્રવધૂ પર આમ કાદવ ઉડાડવાની કોઈ હિંમત જ ન કરત. બિચારી વહુ હવે તો રામૌતારની યાદમાં રડી રડીને દિવસો પસાર કરે છે. કામકાજ પણ કેટલા દિલથી કરે છે. કોઇને કંઈ દાદ નહીં, ફરિયાદ નહીં. તોફાનમસ્તી કશું જ નહીં. લોકો જ અમથા અમથા એની પાછળ પડી ગયા છે. એ વૃદ્ધા તો રડવા જ લાગી. ગમે તેટલી સમજાવી પણ એનું એ આક્રંદ ચાલુ જ રહ્યું. છેવટે આ વહુએ અને ડોસીએ દુનિયાનું એવું તે શું બગાડયું હતું કે એની પાછળ એ આદું ખાઈને પડી હતી ! એ લોકો નથી કોઈની પંચાતમાં પડતા, કોઈની ખાનગી વાતોની નથી એમને કાંઈ ખબર કે નથી આજ લગી એ બેઉએ કોઈનો ભાંડો ફોડયો. ને એમ કરવાની એમને જરૂરેય શી? નહીં તો કોઠીઓના પડછાયાની આડમાં શું શું બની રહ્યું છે તે એઓ શું નથી જાણતી? એ ભંગિયણ છે. ને ભંગિયણ પાસે કોઈની ગંદકી છૂપી રહી શકતી જ નથી. એના વૃદ્ધા હાથોએ કોઠીના રઈસ લોકોનાં પાપો કબરને હવાલે કર્યાં છે.

એક ભંગિયણના બે હાથ... ધારે તો રાણીઓના તખ્તા ઉડાવી દે. પણ ના, એને કોઈની દુશ્મની નથી. એના ગળા પર છૂરી અડાડીને પણ એને પૂછવામાં આવે તોયે આ ભંગિયણ કદી કોઈની છાની વાત બહાર નહીં કાઢે.

ભંગિયણના આ જબરજસ્ત ને લાગણીશીલ બયાનના શબ્દે શબ્દે એના ગળા પર છરી દબાવનારાઓના હાથ ઢીલા પડવા માંડ્યા. બધી સ્ત્રીઓએ વૃદ્ધના પક્ષે પાટલી બદલી નાખી. વહુ જેવી હોય તેવી પણ વૃદ્ધા તો નિષ્કલંક હતી ને? તો પછી એની સામે આ ફરિયાદ શા માટે? તે દિવસ પછી થોડા જ દિવસમાં વહુના પ્રેમપ્રકરણની વાતો બંધ પડી ગઈ. ધીમે ધીમે એ ભુલાઈ ગઈ. પણ જાણકારોને એટલી તો ખબર પડી જ કે દાળમાં કંઈ કાળું જરૂર છે, ને તેમાંય વહુનો ભારે પગ પણ દાળની કાળાશનો ખ્યાલ આપવા લાગ્યો હતો. લોકો વૃદ્ધાને ખૂબ સમજાવવા લાગ્યા. પણ આ નવી જ વાત વિશે વૃદ્ધા જાણે કાનમાં બહેરાશ હોય તેમ સાંભળવામાં નીરસ જ રહેવા લાગી એ ખાટલા પર બેઠી બેઠી વહુ અને રતિરામને હુકમો આપ્યા કરતી અને ક્યારેક ઉધરસ કે છીંક ખાતી ખાતી એ બહાર તડકામાં આવીને બેસી રહેતી એટલે રતિરામ અને વહુ દોડી આવતાં ને એની સેવાચાકરી કરવા મંડી જતાં. વૃદ્ધા મહારાણીની અદાથી બેઠી બેઠી બંને જણાની સેવા માણતી.

સમજુ સ્ત્રીઓએ વૃદ્ધાને સમજાવી કે જેમ બને તેમ જલદી રતિરામને રવાના કરીને રામૌતાર આવે તે પહેલાં વહુના પેટનો કંઈ ‘ઇલાજ’ કરી નાખો. લગભગ બધાએ આમ સમજાવ્યું પણ વૃદ્ધાએ એનો જવાબ આપવાને બદલે આડીઆવળી બીજી જ ફરિયાદો ગણાવી. ઘૂંટણનું દર્દ વધી ગયું છે. લોકોએ વાયડી ચીજો ખાવાનું શરૂ કર્યું છે. ને કોને ખબર એમ પણ કહ્યું કે જ્યાં જાય ત્યાં સંડાસો ભરેલાં જ હોય અને એકેય ઘર ગંદકી વગરનું રહ્યું જ ક્યાં છે ! વાતને ન ગણકારવાની વૃદ્ધાની આ રીત થી લોકો ત્રાસી ગયા. માનો કે વહુ સ્ત્રીની જાત છે, નાદાન છે, ભોળી પણ છે, મોટી મોટી

ખાનદાન ઓરતો પણ ભૂલ કરી બેસે તો આ ગોરીનો શો વાંક ? પણ ખાનદાન વહુઓ આવી ભૂલ કરે તો એની સાસુઓ શું આંખ આંડા કાન કરે? પણ કોણ જાણે આ ડોસીને શું થઈ ગયું હતું કે જે બલાને એ અહીંથી ખાળકૂંડીઓમાં દફનાવી શક્તી હતી તેને જ આંખ સામે ફાટીને ધુમાડે જવા દેતી હતી...

રામૌતારની રાહ જોવાતી હતી. એ રોજ ધમકીઓ આપતી કે રામૌતાર આવે એટલી વાર છે, હાડકાં નરમ કરાવી નાખું.

ને રામૌતાર જંગમાંથી જીવતો પાછો આવ્યો હતો. આખુંયે વાતાવરણ સ્તબ્ધ હતું. ભયંકર તોફાનની આગાહી જેવી આ સ્તબ્ધતા હતી.

અને જ્યારે ગોરીએ દીકરો જણ્યો ત્યારે તો લોકો દંગ થઈ ગયા. આવી નાપાક ઓરતને ઝેર દઈ દેવાને બદલે વૃદ્ધા તો ખુશખુશાલ થઈ ગઈ. રામૌતાર આવે એટલી વાર છે, હાડકાં નરમ કરાવી નાખું.

ને રામૌતાર જંગમાંતી જીવતો પાછો આવ્યો હતો. આખુંયે વાતાવરણ સ્તબ્ધ હતું. ભયંકર તોફાનની આગાહી જેવી આ સ્તબ્ધતા હતી.

અને જ્યારે ગોરીએ દીકરો જણ્યો ત્યારે તો લોકો દંગ થઈ ગયા. આવી નાપાક ઓરતને ઝેર દઈ દેવાને બદલે વૃદ્ધા તો ખુશખુશાલ થઈ ગઈ. રામૌતાર બે બે વરસથી બહાર રહ્યો છતાં આ પૌત્ર કેમ જન્મ્યો એની એને લગારે ચિંતા નહોતી. ઘેર ઘેર જઈને એ તો વધાઈની રકમ અને ફાટેલાં લૂગડાં મેળવતી રહી. એના હિતેચ્છુઓએ એને હિસાબ લગાવીને સમજાવ્યું કે આ છોકરો રામૌતારનો હોઈ જ ન શકે. પણ એ વૃદ્ધાએ બધુમ સમજયા છતાંયે ન સમજવાનો જ દેખાવ કર્યો. એનું કહેવું હતું કે રામૌતાર મોરચા પર ગયો ત્યારે આષાઢ મહિનો ચાલતો હતો. ને એ અરસામાં જ પોતે પીળી કોઠીની અંગ્રેજી પદ્ધતિના સંડાસમાં લપસી પડી હતી. હાલ ચૈત્ર મહિનો ચાલે છે ને જેઠ મહિનામાં એને લૂ લાગી જવાથી એ બીમાર પડી હતી અને એક ઘાતમાંથી પાછી એ સાંગોપાંગ ઊગરી ગઈ હતી. એનાં ઘૂંટણમાં દર્દ વધ્યું ત્યારે વૈદ્યની દવા લાવી હતી ને વૈદ પણ કેવો વિચિત્ર માણસ હતો કે દવા બરોબર આપતો નહોતો, અને આમતેમ કરીને ઊંધીચત્તી વાતો કરવા મંડી જતી. પછી કોની મજાલ હતી કે જે વાત ન જ સમજવાનો એ વૃદ્ધાએ પાકો મનસૂબો કરી લીધો હતો એ વાત એને સમજાવવાનું એ બીડું ઝડપે!

દીકરો જન્મ્યો એટલે એણે રામૌતાર પર એક કાગળ લખાવ્યો : '. . . રામૌતારને માની પ્રેમભરી યાદ સાથે લખવાનું કે અહીં બધું બરાબર છે ને તારી તબિયતની કુશળતા ઇચ્છું છું. ને તારે ઘેર પુત્રજન્મ થયો છે માટે આ કાગળને તાર સમજીને જલદીથી ઘેર આવી જા ...'

લોકો માનતા હતા કે આ કાગળથી રામૌતાર નારાજ થશે, પરંતુ રામૌતારનો આનંદ વ્યક્ત કરતો કાગળ આવ્યો અને એમાં લખ્યું હતું કે દીકરા માટે એ મોજાં અને

બનિયાન લાવશે ત્યારે લોકોની આશા પર પાણી ફરી વળ્યું. લડાઈ તો પૂરી થઈ ગઈ હતી અને એ આવવાનો હતો. વૃદ્ધા એના પૌત્રને ખોળામાં લઈ ખાટલામાં બેઠી હતી. જ્યારે બધી કોઠીઓનું કામ બરાબર થઈ રહેતું હોય, વાણિયાનું વ્યાજ સમયસર ચુકવાઈ જતું હોય અને ખોળામાં પૌત્ર ખિલખિલાટ કરતો રમી રહ્યો હોય ત્યારે વળી એનાથી વધુ સારું કયું ઘડપણ હોઈ શકે ?

ખેર, લોકોએ વિચાર્યું કે રામૌતાર આવશે, ને ખરી સ્થિતિની જાણ એને પણ થશે ને ત્યારે જોયું જશે. રામૌતાર જંગ જીતીને આવી રહ્યો હતો -- આખરે એય સિપાઈ હતો! એનું લોહી ગરમ કેમ નહીં થાય? લોકોનાં દિલ ધડકી રહ્યાં હતાં. વહુની નજરને લીધે શાગિર્દ પેશાનું વાતાવરણ ઠંડું પડી ગયું હતું. તેમાં બેચાર ખૂન ને કોઈનું તો નાક જ કપાવાની આશંકા થતાં ગરમી આવી ગઈ.

છોકરો એકાદ વર્ષનો થઈ ગયો ત્યારે રામૌતાર પાછો આવ્યો, શાગિર્દ પેશામાં ખળભળાટ મચી ગયો. રસોઈયાએ હાંડીમાં પુષ્કળ પાણી ભરી રાખ્યું જેથી બનાવની મજા નિરાંતે માણી શકાય. ધોબીએ ઉપરનાં વાસણ નીચે મૂકી દીધાં ને ભિસ્તીઓ બાલદી કૂવાની ધારે લટકાવી દીધી.

રામૌતારને જોતાં જ વૃદ્ધા એની કમર પકડીને રડવા લાગી ને પછી બીજી જ ક્ષણે પૌત્રને રામૌતારના ખોળામાં દઈને એવી રીતે હસવા લાગી જાણે એ ક્યારેય રડી જ ન હોય !

રામૌતાર બાળકને જોઈ એ રીતે શરમાવા લાગ્યો જાણે એ બાળકનો સાચો બાપ હોય! ઝડપથી પેટી ખોલી ને એમાંથી એ વસ્તુઓ કાઢવા લાગ્યો. લોકો સમજ્યા કે ચાકુ કે છરી કાઢે છે. પણ જ્યારે એણે પેટીમાંથી લાલ બનિયન અને પીળાં મોજાં કાઢયાં ત્યારે તમામ નોકરોની મર્દાનગી પર ચોટ લાગી ગઈ.

'હત્ત તેરેકી!... સાલો સિપાઈ બન્યો... નપુંસક નહીં તો!'

અને વહુ તો જાણે લજ્જાની પૂતળી! નવી પરણેલી દુલ્હન જ જોઈ લો. કાંસાની થાળીમાં પાણી ભરીને એણે રામૌતારના લશ્કરી બૂટ ઉતારી પગ ધોયા ને ચરણામૃત પીધું!

લોકોએ રામૌતારને સમજાવ્યું. એના પૌરુષને લલકાર્યું. ન કહેવા જેવા શબ્દો કહ્યા પણ એ તો જાણે કાંઈ સાંભળ્યું જ ન હોય એમ હસતો રહ્યો. રતિરામની વહુનું આણું વાળવાનું હતું એટલે એય જતો રહ્યો.

રામૌતારના આ વર્તનથી નવાઈ પામવાને બદલે લોકો ગુસ્સે થયા. મારા અબ્બાજાન આમ તો નોકરોની બાબતમાં કંઈ ખાસ રસ લેતા નહીં પણ આ મામલાથી તો એમને પણ મૂંઝવણ થઈ. પોતાના તમામ કાનૂની જ્ઞાનને હોડમાં મૂકી એ રામૌતારને સમજાવવા તૈયાર થયા.

'તું ત્રણ વરસે પાછો આવ્યો કે નહીં?' અબ્બાએ પૂછયું.

'બસ, લગભગ એટલો જ સમય થયો હશે, સરકાર!' રામૌતારે જવાબ દીધો.

'અને તારો પુત્ર એક વરસનો થયો, ખરું?'

રામૌતાર શરમાઈ ગયો.

'તો પછી લગાવ હિસાબ...'

'હિસાબ?' આશ્ચર્યથી રામૌતાર બોલ્યો, 'હિસાબ કેવો, સરકાર?'

'અરે, ઉલ્લુના પઠ્ઠા!' અબ્બાએ ભારથી કહ્યું, 'મેં કહ્યું તે સમજ્યો કે નહીં?'

'હું શું જાણું સરકાર!' રામૌતાર બોલ્યો, 'આ તો ભગવાનની દેણ છે...'

'કપાળ તારું ભગવાનની દેણ છે! આ પુત્ર તારો ન હોઈ શકે...'

અબ્બાજાને એને ચારે કોરથી ઘેરી લઈને સમજાવવા પ્રયત્ન કર્યો કે આ બાળક હરામનું છે. એટલે એકદમ ઢીલો બની ગયો ને ઘોઘરા અવાજે એ બેવકૂફની જેમ બોલ્યો, 'તો એમાં હું શું કરું, સરકાર! મેં એ હરામજાદીને ખૂબ મારી તો હતી એ માટે...'

'તું તો સાવ મૂરખની સરદાર છે...એને ઘરમાંથી કાઢી કેમ નથી મૂકતો?'

'ના... ના, સરકાર! એવું તે કેમ બને?' દયાથી ભરાઈ રહેલા અવાજે રામૌતાર બોલ્યો.

'કેમ ન બને?' અબ્બાએ સામું જ પૂછ્યું.

'હજૂર, બીજી સગાઈના અઢીસો-ત્રણસો રૂપિયા હું ક્યાંથી કાઢું? બિરાદરીને જમાડવા બીજા સોબસો પણ જોઈએ ને?'

'એમાં તારે બિરાદરીને શેની જમાડવી? વહુની બદમાશી માટે દંડ તારે કાં ભરવો?'

'એ હું ન સમજું ... અમારામાં રિવાજ છે...'

'પણ આ છોકરો તારો નહીં, હરામી રતિરામનો છે...' અબ્બાજાને ચિડાઈને કહ્યું.

'તેથી શું થયું, સરકાર! મારો ભાઈ છે ને? ઓછો પારકો છે? અમારું જ લોહીનું ટીપું છે...'

'સાવ ઉલ્લુ છે... ઉલ્લુ...' અબ્બા ખિજાઈ ગયા.

'સરકાર...' દયામણા સ્વરે રામૌતાર બોલ્યો, 'છોકરો મોટો થશે ને મને કામમાં સાહરો દેશે. એના બે હાથ કામે લાગશે ને મારો બુઢાપો સુધરી જશે... '

રામૌતારનું માથું શરમથી ઝૂકી ગયું. ને કોણ જાણે એની જોડે અબ્બાજાન પણ ઝૂકી ગયા. જાણે એમની આસપાસ લાખો, કરોડો હાથ પથરાઈ ગયા. એ હાથો ન હરામી હતા, ન હલાલી... એ તો બસ જીવતાજાગતા હાથ હતા... જે દુનિયાના ચહેરા પરથી ગંદકી ધોઈ રહ્યા હતા, એના બુઢાપાનો બોજ ખેંચી રહ્યા હતા.

એ નાનકડા ભૂલકાના ધૂળમાટીથી ખરડાયેલા હાથ જાણે ધરતીના સેંથામાં સિંદૂર પૂરી રહ્યા હતા.

# બચ્છો ફોઈ

ઇસ્મત ચુગતાઇ

મેં એને પહેલી વાર જોઈ ત્યારે એ રહેમાનભાઈના મકાનના પહેલે માળે બારી પાસે બેસી જતાઆવતા લોકોને મસમોટી ગાળો ભાંડતી હતી. આ બારી બિલકુલ અમારી ઓસરી તરફ પડતી હતી. કાયદેસાર રીતે એ બંધ જ રાખવામાં આવતી, કારણ કે તેમ ન થાય તો પરદાનશીન બાનુઓનો ઝઘડો વહોરી લેવો પડે તેમ હતું. શાદીવિવાહ, સુન્નત કે પછી કોઈ બિસ્મિલ્લાહ રસમ્ હોય, રહેમાનભાઈ ગમે તે રીતે રંડીને ફટકારી મારતા. એ રીતે ગરીબ ઘરમાં પણ વહીદજાન, મુશ્તરીબાઈ અને અનવરી કહરવા નાચી જતી.

પણ એક બીજી વાત હતી. મહોલ્લાની બધી છોકરીઓ અને સ્ત્રીઓ રહેમાનને મન સગી માબહેનો હતી. એના નાના ભાઈ બુન્દુ અને ગેંદાએ જ્યારે ને ત્યારે ચોરીછૂપીથી આજુબાજુ નજર કરવાનું વધારી દીધું હતું. જોકે મહોલ્લાવાળાની નજરમાં રહેમાનભાઈ બહુ ઊંચી ઇજ્જત ધરાવતા નહોતા. પત્નીની હયાતીમાં જ રહેમાનભાઈએ એની સાળી સાથે સંબંધ વધારી દીધા હતું. જોકે મહો. આ સાળીને તેની બહેન સિવાય બીજું કોઈ સગું કે વહાલું હતું નહીં એટલે બહેનને ત્યાં પડી રહેતી. એનાં છોકરાં સાચવતી. એમની એટલી તો કાળજી રાખતી કે માત્ર છાતીએ વળગાડીને દૂધ પિવડાવવાનું જ બાકી રહેતું. બાકી બાળકોના દસ્તપેશાબથી બગડેલી જમીન અને કપડાં પણ એ જ સાફ કરતી. ત્યાં વળી એક દિવસ એક ચાડી ખાનાર સ્ત્રીએ પોતાની બહેનના બાળકને છાતીએ વળગાડતાં તેને જોઈ લીધી. બધો ભંડો ફૂટી ગયો. બધાંને ખબર પડી ગઈ કે અડધોઅડધ બાળકોની સિકલ તો એમની માસી પર ગઈ છે. ઘરમાં ભલે રહેમાનની પત્ની તેની બહેનની શોક બની, પણ પંચ સમક્ષ તેની પત્નીએ એવું કદી કબૂલ્યું નહીં. એ બધાને કહેતી, 'જે લોકો કુંવારી છોકરીને એલફેલ બોલશે તેમની આંખો ગોઠણે ઊતરી આવશે.' એ હમેશાં એના વરની પ્રતિક્ષા કર્યા કરતી પણ એ જલદી આવતો નહીં. એની એક આંખમાં મોટી ફોલ્લી પડી હતી. એક પગ પણ જરા ટૂંકો હતો. ફૂલો દબાવીને ચાલવું પડતું.

આખો મહોલ્લો રહેમાનનો એક જુદી જ રીતે બહિષ્કાર કરે છે. જે લોકોને એનું કામ પડે તે રોફથી એને કહેતા કે મહોલ્લામાં રહેવાની છૂટ આપી છે એ કાંઈ ઓછો ઉપકાર છે? રહેમાન પોતે પણ એમ જ માનતો કે મહોલ્લામાં રહેવા મળે છે એય શું

ઓછું છે?

રહેમાનભાઈની બારીએ બેસીને એ લાંબીચોડી ગાળો દે છે તેની પાછળ આ જ કારણ રહેલું છે. કારણ કે મહોલ્લાના લોકો પિતાજીથી ડરતા હતા. મેજિસ્ટ્રેટનો ગુસ્સો વહોરી લેવા કોણ તૈયાર થાય ? અમારી એકમાત્ર સગી ફોઈ એક બાદશાહી ઠાઠની સ્ત્રી છે એવું મને તે દિવસે પહેલી જ વાર જાણવા મળ્યું. અને જે મસમોટી ગાળો એ બોલતી હતી તે બીજા કોઈને નહીં પણ અમારા ખાનદાનને ઉદ્દેશીને જ બોલતી હતી.

માનો ચહેરો ફિક્કો પડી ગયો હતો અને એ અંદરની ઓરડીમાં ભયથી ધ્રૂજતી હતી. જાણે બચ્છો ફોઈનો અવાજ એના પર વીજળીની જેમ તૂટી પડવાનો ન હોય! ક્યારેક ક્યારેક એ બાદશાહી બેગમ રહેમાનભાઈની બારીએ બેસી લવારો કરતી. પિતાજી બચ્ચો ફોઈની થોડી આડ લઈને આરામખુરશી પર મજાથી લંબાવી છાપુ વાંચ્યા કરતા. અને ક્યારેક કોઈ છોકરા મારફત બચ્છો ફોઈને એવું કંઈક કહેવડાવતા કે બિચારી બચ્છો ફટાકડાની જેમ ફાટી પડતી ને ફરી આગ ઓકવા માંડતી. અમે બધા રમત ને ભણવાગણવાનું છોડી ઘરની બહાર અલગ અલગ જૂથમાં ઊભા રહી જતા, અને છુપાઈને અમારી વહાલી ફોઈની ભાંડણલીલા સાંભળતા. જે બારીએ એ બેઠી હોય તે બારી એની વિશાળ અને જાડી કાયાને કારણે ઢંકાઈ જતી. એના રૂપરંગ પિતાજીને એટલા મળતા આવતા કે જાણે મૂછ ઉતારી દુપટ્ટો પહેરીને પિતાજી જ બારીએ બેસી ગયા હોય એમ લાગે. એમની ભાંડણલીલા ને ગાળો સાંભળ્યા પછી પણ અમે તેમને ખૂબ આરામથી નિહાળ્યા કરતા.

સાડા પાંચ ફૂટનું કદ, ચાર આંગળ પહોળુ કાંડું, સિંહ જેવું જડબું બગલા જેવા સફેદ વાળ, મોટા કાન, લાંબા લાંબા દાંત, લચી પડેલી દાઢી અને અવાજને શું કહેવું? પિતાજીના અવાજથી ભાગ્યે જ એક સૂર નીચો હશે.

બાદશાહી ફોઈ હમેશાં સફેદ કપડાં પહેરતી. જે દિવસે મસૂદઅલી ફૂઆએ ભંગિયણ સાથે દિલ્લગી કરવી શરૂ કરી તે દિવસે ફોઈએ હાથમાંની બધી બંગડીઓ તોડી નાખી, રંગીન દુપટ્ટાનેય રજા આપી દીધી. અને એ દિવસથી બચ્છો ફોઈ મારા ફુઆને 'મરહૂમ' અથવા મરી ગયેલા સમજવા લાગી. ભંગિયણને અડેલો એ હાથ પછી ફોઈએ ક્યારેય પોતાના શરીરને અડવા દીધો નહીં.

આ ઘટના એમના જુવાનીના દિવસોમાં જ બની હતી. ત્યારથી એ રંડાપો વેઠતી આવી છે. મારા ફુઆ મારી માના કાકા થતા હતા. રામ જાણે અમાં શી ગરબડ હતી? મારા પિતાજી મારી માના કાકા થતા હતા. લગ્ન પહેલાં મા જ્યારે ખૂબ નાની હતી ત્યારે પિતાજીને જુએ કે તરત જ એને પેશાબ થઈ જતો. પણ પછી માને જ્યારે ખબર પડી કે એના વિવાહ એ જ ભયંકર દેવ સાથે થવાના છે ત્યારે એણે પોતાની દાદી અર્થાત્ પિતાજીની ફોઈના પટારામાંથી અફીણ ચોરીને ખાઈ લીધું હતું. અફીણ વધારે નહોતું લીધું એટલે મારી મા થોડા દિવસ પીડાઈને સારી થઈ ગઈ હતી. એ દિવસોમાં પિતાજી

અલીગઢ કૉલેજમાં ભણતા. માની બીમારીની જાણ થતાં એ પરીક્ષા આપ્યા વિના કૉલેજ છોડીને ભાગી આવ્યા. મહામહેનતે અમારા નાનાએ તેમને સમજાવી પટાવીને પરીક્ષા આપવા પાછા મોકલ્યા. નાના પિતાજીના માસિયાઈ ભાઈ અને દોસ્ત પણ હતા. માની તબિયત જોવા જેટલો વખત રોકાયા તેટલો સમય પિતાજીએ કશું ખાધુંપીધું નહીં. અધનીચી આંખે મારી માએ પડદાની પાછળ એક લાંબો પહોળો પડછાયો ચિંતાતુર ને અધીરો થઈ તડપતો જોયો.

'ઉમરાંવભાઈ, જો એને કંઈ થઈ ગયું તો…'

દેવનો અવાજ ખૂબ ધ્રૂજતો હતો. નાના તો ખૂબ હસ્યા.

'અરે, ભાઈ મારા! ભરોસો રાખ… કાંઈ થવાનું નથી.'

બાળક જેવી મારી મા એ દિવસથી એક પ્રૌઢ સ્ત્રી બની ગઈ. એના મનમાંથી પેલા લાઁબાચોડા આકારનો ડર ભાગી ગયો. એટલે તો બચ્છો ફોઈ કહેતી કે મારી મા જાદુના કીમિયા જાણે છે. ને એટલે જ તેમના ભાઈ જોડે મારી માની શાદી થયા પહેલાં જ મારી માને મહિના રહી ગયા હતા ! મારી મા તેનાં યુવાન બાળકોની હાજરીમાં આ ગાળો સાંભળતી ત્યારે પોસપોસ આંસુએ રડી પડતી. અમે પણ માએ ટાણેકટાણે અમને મારેલા મારના વેરને ભૂલી જઈ એની છાતીએ વળગી પડતાં. પણ નવાઈની વાત તો એ હતી કે આ ગાળો સાંભળીને પિતાજીને આંખમાં મસ્તીભરી ચમક ઊપસી આવતી. નાના ભાઈ મારફત પિતાજી ફોઈને ખૂબ પ્રેમથી પુછાવતા,

'ફોઈ, તમે આજે શું ખાધું?'

'તારી માનું કાળજું.'

આવો અણઘડ જવાબ વાળીને ફોઈ પોતે જ બળીને ખાખ થઈ જતી. પિતાજી ફરી જવાબ મોકલતા, 'એટલે જ તો ફોઈ, તમને હરસનો રોગ થઈ ગયો છે… જુલાબ લો, જુલાબ.'

બચ્છો ફોઈ મારા જુવાન ભાઈની સડેલી લાશને કાગડા અને કીડાઓને ચૂંથી નાખવાનું આમંત્રણ આપતી. મારી ભાભી, જે બિચારી કોણ જાણે ક્યાંય બેઠી બેઠી પોતાના પતિના પ્રેમમાં ખોવાઈ હશે, એના રંડાપાની આલબેલ પોકારતી. મા બિચારી કાનમાં આંગળી નાખી રડમસ સ્વરે કશુંક બબડતી – 'જલ તું જલાલ તું, આવી બલાને ટાળ તું.'

પછી પિતાજી અકળ તોરમાં નાના ભાઈને પૂછતા – 'બાદશાહી ફોઈનું મગજ તો ઠેકાણે છે ને?' આ સાંભળી અમને એવી તો બીક લાગતી ને કે ક્યાંક બારીએથી કૂદી ન પડે, ફોઈ !

'અરે, જા ને મગતરા! મનેં વધારે બોલાવ નહીં, નહીં તો મસળી નાખીશ. ઘરડો ડોસો ત્યાં બેઠો બેઠો છોકરાઓને આવું ભણાવે છે? શરમાતો નથી? ખરો મોગલ બચ્ચો હોય તો અહીં સામે આવીને બોલ…'

'રહેમાનભાઈ, એ... રહેમાનભાઈ, આ હડકાયેલી કૂતરીને ઝેર કેમ નથી આપી દેતા?'

પિતાજી જેમ શિખવાડતા તેમ મારા નાના ભાઈઓ બોલતા. નાનાં છોકરાં વળી શેનાં ગભરાય ? ને એ તો બંધાય જાણતાં હતાં કે અવાજ ભલેને નાના છોકરાઓનો હોય, શબ્દો તો પિતાજીના જ હતા ને ! છતાંય બરાબર પિતાજી જેવી જ મુખાકૃતિવાળી બચ્છો ફોઈને ચીડવવા જે કંઈ બોલવા જાય તે બોલતાં નાના ભાઈઓને પરસેવો વળી જતો.

અમારા દાદા અને નાનાના કુળ વચ્ચે આભજમીનનું અંતર હતું! નાનાનું ઘર હકીમોની ગલીમાં હતું અને દાદાનું ઘર ગાડીવાળાઓના લત્તામાં. નાનાનું કુળ સલીમ ચિશ્તીના ખાનદાનમાંથી ઊતરી આવેલું, જેને મોગલ બાદશાહોએ ગુરુની ઉપાધિ આપી હતી. હિંદુસ્તાનમાં વસ્યે એમને એક જમાનો થઈ ગયો હતો. એ ખાનદાનના લોકોનો વાન જરા શ્યામ થઈ ગયો હતો. નાકનકશા જ ઠરી ગયા હતા. મિજાજ નરમ થઈ ગયો હતો.

બહારથી આવનારાં ખાનદાનોમાં સૌથી છેલ્લું ખાનદાન દાદાનું હતું. એમનું મગજ તો એવું હતું કે જાણે હજીયે ઘોડા પર સવાર થઈને રસ્તો કાપતા હોય. લોહીમાં લાવા ધબકતો હતો. ચમકતી તલવાર જેવા રૂપરંગ, લાલ ફિરંગીઓ જેવાં મોં. શરીરની ઊંચાઈ ગોરીલા જેવી. અવાજ સિંહની ગર્જના જેવો. લોખંડી કડા જેવા હાથપગ.

આ બાજુ નાનાના ખાનદાનવાળાઓના હાથપગ નાજુક. શાયરના મિજાજવાળા ને બોલે ધીમા અવાજે. એ લોકો મોટે ભાગે હકીમ, પંડિત કે મૌલવી હતા. એટલે તો મહોલ્લાનું નામ 'હકીમોની ગલી' પડી ગયું હતું. એમાંના કેટલાક હવે કારોબાર ને વેપારમાં રસ લેવા માંડ્યા હતા. કેટલાક શાલ, કાપડ, સોના-ચાંદીના વેપારી કે ગાંધી-કરિયાણાની દુકાન સંભાળતાયે થઈ ગયા હતા. આમ જુઓ તો મારા દાદાના ઘરના એવા લોકોને હલકા વરણના શાકવાળા કે કસાઈ જ કહેતા. કારણ એવા લોકો મોટે ભાગે ફોજમાં જોડાયેલા હોય. ને વાતેય સાચી હતી. એમનો લડાઈ-ઝઘડાનો શોખ હજુય ઓછો થયો નથી. કુસ્તી, પહેલવાની, તરવાની હોડ, પંજા લડાવવા ને તલવારબાજી ને પટ્ટાબાજી તથા ચોપાટ એ જ નાનાના કુળની પ્રિય રમતો હતી. દાદાના કુળના લોકો આવી રમતોને હીજડાના ખેલ સમજતા.

કહે છે કે જ્વાળામુખીના પહાડ જ્યારે ફાટે છે ત્યારે પર્વતની તળેટીમાં લાવા રસ પથરાઈ જાય છે, કદાચ એ જ કારણે મારા દાદાના કુટુંબીજનો નાનાના કુળ તરફ આપમેળે જ ખેંચાઈ આવ્યા હશે. આ મેળ ક્યારથી ને કઈ રીતે થયો એ સઘળાનો ઇતિહાસ વંશવૃક્ષમાં લખ્યો છે ને મને એ બધું ખાસ કાંઈ યાદ નથી. એટલી ખબર છે કે મારા દાદા હિંદુસ્તાનમાં જન્મ્યા નહોતા. દાદી પણ એમના જ વંશની હતી. દાદીની એક નાની બહેન અપરિણીત હતી. કોણ જાણે કેમ એ છોકરીને શેખ જોડે પરણાવી

દેવાઈ! કદાચ એમ પણ હોય કે મારી માના દાદાએ મારા દાદા પર એવું જાદુ કર્યું હોય કે એમણે પોતાની બહેન બાદશાહી ફોઈના કહેવા મુજબ શાકવાળા કે કસાઈઓને સોંપી દીધી હોય! પોતાના સદ્‌ગત પતિને ગાળો આપતાં બચ્છો ફોઈ પોતાના બાપને પણ કબરમાં ચેન ન મળે એવો અભિશાપ આપતી. કારણ ચુગતાઈ ખાનદાનની આબરૂ એમણે ધૂળ ભેગી કરી હતી.

ફોઈના ત્રણ ભાઈ હતા. મારા મોટા કાકા, મારા પિતાજી ને મારા નાના કાકા. પહેલા બે એમનાથી મોટા હતા. ત્રણ ભાઈ વચ્ચે એક જ લાડકી બહેન કાયમની ટંટાખોર ને તેજ સ્વભાવની. એ હંમેશા ત્રણેય ભાઈઓ પર રોફ જમાવતી. એ છોકરાની જેમ જ ઊછરેલી. ઘોડેસવારી, ધનુર્વિદ્યા ને તલવાર-બાજી પણ શીખી હતી. આમ તો શરીર સારું એવું ફૂલી ગયેલું લાગતું તોયે પહેલવાનની માફક છાતી કાઢીને એ ચાલતી. ચાર સ્ત્રીઓ જેટલી એની છાતી પહોળી હતી!

પિતાજી માને ઘણી વાર મજાકમાં કહેતા, 'બાદશાહી બેગમ સાથે કુસ્તી લડવી છે?'

'તોબા મારી મા!' આલિમ ફાજિલ (વિદ્વાન) બાપની દીકરી, મારી મા કાને હાથ દઈ જવાબ આપતી. પણ પિતાજી નાના ભાઈ મારફત ફોઈને એલાન મોકલતા, 'ફોઈ, મારી મા સાથે કુસ્તી લડવી છે?'

'હા, હા, મૂઆ! બોલાવ તારી માને. હું તો તૈયાર છું — જાંઘ ઠોકીને. મારી મારીને એની કચુંબર ન બનાવું તો હુંયે મિર્ઝા કરીમ બેગની ઓલાદ નહીં! બાપનું ખૂન હો તો બોલાવ કુલટાને...'

મારી મા એના મોટા પાયચાવાળા લખનવી પાયજામાને સમેટી ખૂણામાં લપાઈ જતી. 'બાદશાહી ફોઈ, દાદામિયાં મૂરખ હતા ને? નાના કાકા એમને હિસાબકિતાબ શીખવતા...'

અમારા પરનાનાના દાદાએ ક્યારેક દાદાને કંઈક શીખવ્યું હશે, પિતાજી એ વાતને આવી ક્રૂર રીતે કહી ચીડવતા.

'અરે એ કાળમિંઢ અક્કલનો ઓથમીર મારા બાપને શું ભણાવવાનો હતો? સાલો મુજાવિર (કબરનો રક્ષક) અમારા ટુકડા પર તો જીવતો.' ને પછી તો સલીમ ચિશ્તી અને અકબર બાદશાહના સગપણનો ઇતિહાસ પેશ થતો. અમે લોકો -- ચુગતાઈઓ અકબર બાદશાહના ખાનદાનમાંથી ઊતરી આવેલા, જેમણે મારા નાનાના કુળના સલીમ ચિશ્તીને પિર-ઓ-મુરશિદ (ગુરુ)નું બહુમાન આપ્યું હતું.

પણ ફોઈ કહેતી, 'રહેવા દે, રહેવા દે. પીર-ઓ-મુરશિદની તો અડબાંગો છે, મુજાવિર હતા, મુજાવિર!'

ફોઈના ત્રણ ભાઈ હતા. પણ ત્રણે સાથે એ ઝઘડી ચૂકેલી. એ જ્યારે ગુસ્સે થતી ત્યારે ત્રણે ભાઈઓની ખેર ન રહેતી. મોટાભાઈ સાધુસંતોમાં ખૂબ માનનારા. ફોઈ

એમને ધૃણાપૂર્વક બાવા, ફકીર ને ભિખારી જ કહેતી. મારા પિતાજી સરકારી નોકરી કરતા એટલે એ ગદ્દાર અને અંગ્રેજોના ગુલામ બની જતા ! અંગ્રેજોએ મોગલ સલ્તનતને ખતમ કરી નાખી, નહીંતર પાતળી પાણી જેવી દાળ ખાતા મારા ફુઆને બદલે એ લાલ કિલ્લામાં બેસી જેબલનિસાંની માફક ગુલાબજળમાં સ્નાન કરી બીજા કોઈ દેશના શેહેનશાહની મલ્લિકા બની ફરતી હોત! ત્રીજા નંબરના મારા કાકા એક નંબરના બદમાશ હતા. સિપાઈ બિચારો ડરતો ડરતો મૅજિસ્ટ્રેટ ભાઈના ઘેર એમની હાજરી લેવા રોજ આવતો. એમણે કેટલાંય ખૂન કર્યાં છે, ધાડો પાડી છે, શરાબ ને રંડીબાજીમાં તો એમનો જોટો ન જડે. ફોઈ એમને ડાકુ કહેતી એ બધી રીતે યોગ્ય જ હતું.

પરંતુ એ જ્યારે એના મરહૂમ પતિની સાથે ઝઘડી પડતી ત્યારે કહેતી, 'કાળમૂઆ, હું કાંઈ અભાગી કે અનાથ નથી. ત્રણ ત્રણ ભાઈની એકની એક બહેન છું. મારા ભાઈઓને જો ખબર પડી ને તો તારી હસ્તી નહીં રહેવા દે. બીજા બધા તો ઠીક પણ નાનકડાને જો કહીશ તો તારાં આંતરડાં કાઢીને હાથમાં પકડાવી દેશે. ડાકુ છે ડાકુ -- ને એનાથી જો બચ્યો તો બીજો મૅજિસ્ટ્રેટ બેઠો જ છે, તને જેલમાં સડાવીને ઠેકાણે લાવવા. જિંદગીભર ચક્કી પીસવી પડશે. એનાથી પણ જો તું બચ્યોને તો મોટો તો અલ્લાનો જ બંદો છે. તારો પરલોક રોળી નાખશે. જોજે હોં મોગલબચ્ચી છું. તારી માની જેમ શેખાની નથી!'

પણ મારા ફુઆ સારી પેઠે જાણતા હતા કે બચ્છોના ત્રણે ભાઈઓ એની દયા ખાતા હતા. ને આઘા રહીને માત્ર મજાક જ કરતા હતા; એ જ મીઠી ઝેરીલી મજાક જેને લીધે મારા નાનાનું કુટુંબ દાદાના કુટુંબને વર્ષોથી જલાવે છે.

પ્રત્યેક ઈદના પ્રસંગે પિતાજી છોકરાઓને લઈને ઈદગાહથી સીધા ફોઈને ત્યાં ગાળો અને ફિટકાર સાંભળવા પહોંચી જતા. એ તરત જ પરદો કરીને અંદરની ઓરડીમાંથી મારી કામણગારી મા અને બીજાંઓને જેમ આવે તેમ ભાંડવા માંડતી. નોકરને બોલાવી એ ખીર મોકલતી પણ સાથે કહેવડાવતી કે આ પાડોશીએ મોકલ્યું છે.'

'આમાં ઝેર તો નથી નાખ્યું ને...?' પિતાજી મજાકભર્યા અવાજે કહેતા, એટલામાં તો નાનાના બાપદાદાઓની ઇજ્જતનાં મૂળિયાં ઊખડી જવા શરૂ થઈ જતાં! ખીર ખાઈને પિતાજી ઈદની બક્ષિસ આપતા પણ બચ્છો ફોઈ એ બક્ષિસ તરત જ જમીન પર પછાડતી ને કહેતી, 'તારા સાળાઓને આપ. એ લોકો જ તારી રોટી પર જીવે છે -- અમે નહીં!' ને પિતાજી ચુપચાપ ઘેર ચાલ્યા આવતા. એ જાણતા હતા કે બાદશાહી ફોઈ એ રૂપિયા આંખે લગાવી કલાકો સુધી રડતી રહેશે. પછી ભત્રીજાઓને એ છાનામાના બોલાવીને ઈદની ભેટ આપતી...

'હરામખોરો, જો તમારાં માબાપોને કહ્યું છે ને તો ખેર નથી! રાઈ રાઈ જેવડા ટુકડા કરીને કૂતરાને નીરી દઈશ, સમજ્યા ને?' પણ માબાપને ખબર હોય જ કે છોકરાઓને કેટલી ઈદી મળી. ને કદાચ જો કોઈ ઈદપ્રસંગે પિતાજી સંજોગવશાત્ ફોઈને ત્યાં જઈ ન

શકે તો તેડાં આવવા લાગે -- 'નુસરત બેગમ રાંડી, ચાલો સારું થયું, મને તો નિરાંત થઈ ગઈ!' સાંજ સુધીમાં તો અનેક માઠી ખબરોનો વરસાદ વરસતો. ને પછી તો એ પોતે જ રહેમાનભાઈના કોઠે ગાળો ભાંડવા આવી પહોંચે.

એક દિવસ ઈદની ખીર ખાતાં ખાતાં પિતાજીને અકળામણ થઈ ને ઊલટી થઈ ગઈ.

'લે, બાદશાહી ખાનમ! બોલ્યુંચાલ્યું ભૂલી જજે. હું તો આ ચાલ્યો...' પિતાજી મુડદાલ અવાજે બોલ્યા કે તરત ફોઈ તો પડદા હટાવી હાંફળીફાંફળી થતી આવી ને છાતી કૂટવા લાગી, પણ પિતાજીને મશ્કરીમાં હસતા જોઈ ભોંઠી પડીને પાછી ફરી ગઈ.

'બાદશાહી ખાનમ, તું આવી એટલે યમદૂત પણ ગભરાઈને ભાગી ગયા. તું ન આવી હોત તો હું આજે વગર મોતે મરી ગયો હોત.'

ને પછી તો બચ્છો ફોઈએ શું શું સંભળાવી એની વાત જ ના પૂછશો. પિતાજીને નિશ્ચિત જોતાં જ એ બોલી, 'ઉપરવાળો ધારે તો તો વીજળીયે પડે ને કાં તો તું ગંદા નાળામાં પડીનેય મરે, કોઈ કાંધ દેનારુયે ન મળે!'

ને પછી પિતાજી એને વધારે ચીડવવા બે રૂપિયા મોકલતા.

'ભઈ અમારી ખાનદાની સ્ત્રી ગાળો બોલે તો એને પુરસ્કાર તો મળવો જોઈએ ને!'

ફોઈ તરત ઘોઘરા સાદે કહેતી, 'પુરસ્કાર આપ તારી માબહેનને...' ને પછી કપાળ કૂટતાં સ્વગત જ બોલતી, 'ઓ ખુદા, એના મોં પર મેશ કેમ નથી ચોપડતો? શા માટે એ પોતાની જ ઘોર ખોદે છે?'

વાસ્તવમાં ફોઈને તેના ભાઈઓ જોડે મેળ ન હતો. ભાઈઓનું નામ પડતાં એ સળગી ઊઠતી. મા ક્યારેક પિતાજીની ગેરહાજરીમાં એને ભેટી જતી તો એ વહાલથી એને વળગી પડતી. પ્રેમથી 'નચ્છો' 'નચ્છો' કહેતી ને પૂછતી કે 'છોકરાંઓ મજામાં છે ને?' એ ભૂલી જતી કે આ છોકરાંઓ પોતાના નીચ ભાઈની જ પેદાશ છે, જેને એ સૃષ્ટિના ઉદ્ભવથી જ ગાળો દેતી આવી છે અને જીવનના અંતકાળ સુધી એ સંભળાવ્યા કરવાની છે.

મારા દાદા અને નાનાના પરિવારના સંબંધે એ મારી માની બહેન પણ થાય. એ રીતે મારા પિતાજી મારા દૂરના ભાઈ પણ થાય! મારા દાદાના ઘરનાંઓએ મારા કુટુંબના લોકોને ઘણા દુઃખી કર્યા છે. ને જ્યારે મારી ફોઈની છોકરી મસ્સરત મારા જફરમામાને દિલ દઈ બેઠી ત્યારે તો હદ થઈ ગઈ!

બન્યું એવું કે મારી માની દાદી એટલે કે પિતાજીની ફોઈ છેલ્લા શ્વાસ લઈ રહી હતી. બંને પક્ષે દેખરેખ ચાલતી હતી. મારા મામા પણ એની દાદીની તબિયત જોવા ગયા. તે મસ્સરત ખાનમ પણ મરણપથારીએ પડેલી એની ફોઈને જોવા પોતાની મા જોડે આવી હતી.

બાદશાહી ફોઈને તે કશો ડર હતો જ નહીં. એ તો જાણતી હતી કે નાનાના પક્ષવાળાઓ માટે પોતે છોકરાંઓમાં ધૃણાનું કેટલું ઝેર રેડ્યું હતું. ને પંદર વરસની મસ્સરત ખાનમની વળી ઉંમર શી? માના પડખામાં વળગીને સૂતી ને સાવ દૂધ પીતી બાળકી જેવી હતી!

ને જ્યારે મામાએ એમની ભૂખરી ને મસ્તીભરી આંખે મસ્સરતના બદન પર ઉપરથી નીચે સુધી નજર ફેરવી કે મસ્સરત હોશ ખોઈ બેઠી.

આખો દિવસ સેવાચાકરી કરીને વડીલો ને ડોસાડગરાઓ થાકી જતા ને વહેલાં પથારી ભેગા થઈ જતા ત્યારે આ આજ્ઞાંકિત છોકરાંઓ એકબીજાની નજીક બેસીને રોગી પર નજર રાખવાને બદલે પોતાના પર વધુ ધ્યાન આપતાં. મોટી બહેનના માથા પર ઠંડા પાણીનું પોતું બદલવા મસ્સરત જ્યારે હાથ લંબાવતી ત્યારે જફરમામાનો હાથ ત્યાં એની પ્રતીક્ષામાં હાજર જ રહેતો.

બીજે દિવસે મોટી બહેને પટ કરતી આંખો ખોલી નાખી. ધ્રૂજતા-લથડતા શરીરે એ તકિયાના સહારે બેઠી થઈ. ઘરના બધા જ જવાબદાર લોકોને બોલાવ્યા. બધા જ્યારે આવી પહોંચ્યા ત્યારે એણે હુકમ કર્યો, ‘કાજીને બોલાવો.’ બધાને ચિંતા થઈ કે આ બુઢ્ઢીનું શું ચસકી ગયું? એકાએક કાજી બોલાવવાની એને ક્યાંથી સૂઝી? મરવાટાણે હવે પરણવાનું તો નથી સૂઝ્યું ને? પણ ડોસીને પ્રશ્ન કરવાની કોઈની હિંમત નહોતી.

‘બંનેના નિકાહ પઢાવો,’ બધા સ્તબ્ધ થઈ ગયા. કોણ બંને? ત્યાં તો મસ્સરત અચાનક બેહોશ થઈ ગઈ ને જફરમામા ચુપચાપ બહાર સરકી ગયા. ચોર પકડાઈ ગયા. નિકાહ પઢાઈ ગઈ. ને બાદશાહી ફોઈ ત્યારથી ભડકી ગઈ.

જોકે એવી કોઈ જોખમકારક ઘટના બની નહોતી. બંનેએ માત્ર હાથ જ પકડયા હતા. પણ મોટી બહેનને માટે આની પણ ઓછી ભયંકરતા નહોતી.

ને પછી તો બાદશાહી ફોઈને જે હુમલો આવ્યો કે વગર ઘોડાતલવારે એમણે લાશો પર લાશો પછાડવા માંડી. દીકરીજમાઈને ઊભાઊભ તગડી મૂક્યાં. થાકીને પિતાજી બંને વરકન્યાને અમારે ઘેર લઈ આવ્યા. મા તો ચંદ્રના ટુકડા સમાન કન્યાને જોઈ વારી ગઈ. ખૂબ ધામધૂમથી સગાવહાલાંને ‘દાવત’ આપી.

બાદશાહી ફોઈએ તે દિવસથી મોં ફેરવી લીધું. ભાઈથી પડદો કરી લીધો. પતિ સાથે તો પહેલેથી જ બન્યું નહીં. દુનિયાથી પણ વિરક્તિ લઈ લીધી ને તિરસ્કારનું ઝેર એના દિલદિમાગ પર છવાઈ ગયું. સાપની ફણાની જેમ જીવન એને ડસવા લાગ્યું.

‘બુઢ્ઢીએ પોતાના સ્વાર્થ માટે મારી દીકરીને ફસાવી.’

ફોઈ આમ જ કહેતી. કેમ કે નિકાહ પછીયે ડોસી તો વીસ વરસ જીવી કદાચ ફોઈ સાચુંયે બોલી હોય!

છેલ્લી ક્ષણ સુધી ભાઈબહેન વચ્ચે મેળ થયો નહીં. ને પિતાજીને પક્ષાઘાતનો ચોથો હુમલો જ્યારે આવ્યો ને મૃત્યુ સાચે જ એકદમ નજીક આવી પહોંચ્યું ત્યારે એમણે

બાદશાહી ફોઈને બોલાવવા કહેણ મોકલ્યું, ‘બાદશાહી ખાનમ! હવે મારો અંતિમ સમય આવી લાગ્યો છે. તારા મનના અરમાન પૂરા કરવા હોય તો આવતી રહે…’

કોણ જાણે એ સંદેશામાં ક્યા સંકેત હશે. એ શબ્દોનાં તીર બહેનના અંતરમાં એવાં તો ઊતરી ગયાં કે તરતોતરત હૈયાફાટ રડતીકકળતી, સફેદ પહાડની જેમ ભૂકંપ મચાવતી એ બાદશાહી ફોઈ પિતાજીને જે ઓરડામાં સુવાડ્યા હતા ત્યાં આવી પહોંચી. આજ લગી એ આ ઓરડામાં આટલી અંદર આવી નહોતી.

‘લ્યો, બાદશાહી ખાનમ, તારી મનોકામના પૂરી થાય છે…’ પિતાજી તકલીફમાં પણ હસતા હતા. એમની આંખમાં ચમક હતી.

બાદશાહી ફોઈના વાળ ધોળા થઈ ગયા હોવા છતાં અત્યારે એ બચુકડી ‘બચ્છો’ જેવી લાગી. નાનપણમાં ભાઈઓ જોડે રિસામણાં મનામણાં કરીને પોતાની જીદ પૂરી કરનાર બચ્છો જેવી! સિંહ જેવી ચમકતી આંખ અત્યારે માસૂમ ઘેટાના બચ્ચા જેવી ફફડતી હતી. મોટાં મોટાં બોર જેવાં આંસુ એના સંગેમરમરના પથ્થર જેવા ગૌરવશાળી ગાલ પરથી સરતાં રહ્યાં.

‘બચ્છો બે’ની, મને કડવાં વચનો નહિ કહે?’ પિતાજીએ પ્રેમથી કહ્યું. મારી માએ ધ્રુસકાં ભરતી બાદશાહી ખાનમને ગુસ્સે થવા, કડવાં વચનો કહેવા ને રોષ ઠાલવવા વીનવી.

‘યા અલ્લાહ…યા અલ્લાહ…’ ફોઈએ ચીસ પાડવા પ્રયત્ન કર્યો પણ એ ધ્રૂજી ઊઠી. ‘યા… અ…લ્લાહ મારી ઉંમર ભાઈને આપી દે…મૌલા… તારા પયગંબરનું દાન…’ ને પછી પાઠ ભૂલી ગયેલા બાળકની જેમ બચ્છે ફોઈ જોરજોરથી રડી પડી.

બધાનાં મોં ખુલ્લાં રહી ગયાં. પગમાંથી શક્તિ હણાઈ ગઈ. રે, ખુદા! આજે એના મોંમાંથી એના ભાઈ માટે કડવો શબ્દયે ન નીકળ્યો!

માત્ર પિતાજી હસી રહ્યા હતા. બચ્છો ફોઈની કડવીતીખી ગાળો સાંભળીને હસતા એ રીતે જ અત્યારે પણ હસી રહ્યા હતા.

બહેનનાં કડવાં વેણ ભાઈને કદી સ્પર્શતાં નથી એ કેટલું સાચું છે ! એ માના દૂધમાં ઝબોળેલાં હોય છે!

# લેખક પરિચય

### કૃશ્ન ચંદર

કૃશ્ન ચંદર ઉર્દૂના એક અત્યંત વિખ્યાત વાર્તાકાર છે અને એમની મોટી સંખ્યાની વાર્તાઓની ગણના પ્રથમ પંક્તિમાં થાય છે. કૃશ્ન ચંદર જીવનઆસ્થા અને માનવીય સહાનુભૂતિના કથાકાર છે. એમની કથનશૈલીમાં એક અજબ પ્રવાહિતા અને પકડ છે. એમાં મીઠાશ છે, પ્રકાશ છે, સુગંધ છે. આ જ સ્તરેથી તેઓ જીવનની કાળી બાજુઓ પણ ચીતરે છે.

### રાજેન્દ્રસિંહ બેદી

રાજેન્દ્રસિહ બેદી પણ ઉર્દૂના એક બહુ જ મહત્ત્વના વાર્તાકાર છે. એમની કલા ઘણી જ અલંકારી અને પુષ્ટ છે. એમની વાર્તાઓમાં સાદગી અને ઊંડાણનો પરિચય થાય છે. બેદી પ્રથણ શ્રેણીના વાસ્તવવાદી છે અને એમની શૈલી ને કલા એમની આ પ્રકૃતિને અનુસરે છે. તેઓ માનવીના વાસ્તવિક જીવનનું વિશ્લેષણ અત્યંત કલાત્મક રીતે કરી જાણે છે.

### ઇસ્મત ચુગતાઇ

ઇસ્મત ચુગતાઇ એક ઉચ્ચ કોટિના વાર્તાલેખિકા છે. ઉર્દૂ ભાષાને એમણે ઘણી જ સુંદર વાર્તાઓ આપી છે. જીવનની વાસ્તવિકતા અંગેનો એમનો અભ્યાસ ખૂબ ઊંડો છે અને માનવમનની ગૂંચોથી તેઓ અત્યંત પરિચિત છે. ઇસ્મતની શૈલીમાં ભારે કુશળતા છે અને સ્ત્રીઓની દુનિયા અને બાનીને રજૂ કરવામાં તેઓ અજોડ છે.

કૃશ્ન ચંદર, બેદી અને ઇસ્મત ઉર્દૂ વાર્તાની વાડીનાં સુંદર પુષ્પો છે. આ સંગ્રહમાં સંકલિત થયેલી એમની વાર્તાઓ આપણાં ઉર્દૂના વાણી અને વાતાવરણના પ્રતિનિધિરૂપ પ્રથમ પંક્તિના કાલકારોને રજૂ કરે છે.

Laser typeset by Mahalaxmi Graphics, Ahmedabad-380007 and
Printed at Tarang Printers, New Delhi